| જમીન ખરીદી | ૩૦.૧૦ | ૩૦.૧૦ |
| બિલ્ડીંગ હાઉસીંગ,વેહીકલ પુલ | ૧૭.૭૬ | ૨૭.૬૩ |
| ડ્રેનેજ | ૧૫.૧૭ | ૨૭.૧૦ |
| પાણી પુરવઠા | ૨૭.૮૬ | ૨૪.૩૧ |
| વરસાદી ગટર | ૧૨.૩૦ | ૨૩.૦૦ |
| પાર્કસ અને ગાર્ડન | ૯.૭૧ | ૧૩.૫૨ |
| આરોગ્ય, માર્કેટ અને જન્મ-મરણ | ૩.૧૮ | ૬.૮૩ |
| અગ્નિ શામક | ૨.૩૫ | ૪.૭૦ |
| કોમપ્યુટરાઈઝેશન | ૦.૬૭ | ૨.૫૨ |
| સ્ટ્રીટ લાઈટ | ૩.૪૬ | ૨.૫૧ |
| કુલ | **૨૭૩.૭૦** | **૩૧૮.૩૭** |




ડ્રાફ્ટ અંદાજમાં રિવાઈઝ અંદાજની સરખામણીમાં રૂ. ૪૪.૬૭ કરોડનો વધારો (૧૬.૩૨ %)

A302

# સર્વિસ પ્રમાણે કેપીટલ ખર્ચ (તમામ ફંડ) ૨૦૧૮-૧૯

| વિગત | ૨૦૧૮-૧૯ રીવાઇઝ્ડ અંદાજ | ૨૦૧૯-૨૦ ડ્રાફ્ટ અંદાજ |
|---|---|---|
| બિલ્ડીંગ હાઉસીંગ,વેહીકલ પુલ | ૨૮૫.૩૩ | ૪૧૧.૮૪ |
| રોડ, પુલો તથા નાળા | ૧૬૨.૩૨ | ૨૩૩.૫૫ |
| પાણી પુરવઠા | ૧૧૪.૫૮ | ૨૧૪.૩૩ |
| ડ્રેનેજ | ૧૦૨.૩૩ | ૧૯૮.૦૦ |
| વરસાદી ગટર | ૩૭.૩૦ | ૮૪.૨૧ |
| અન્ય વિકાસ ખર્ચ | ૮૩.૫૫ | ૭૯.૫૮ |
| સેવા સદનનો ફાળો | ૯૫.૦૦ | ૬૦.૦૦ |
| સોલીડ વેસ્ટ મેનેજમેંટ | ૨૦.૧૪ | ૫૦.૧૭ |
| કુવા, તલાવ | ૩૬.૯૦ | ૪૭.૦૫ |
| પાર્કસ અને ગાર્ડન | ૨૫.૭૧ | ૩૩.૫૨ |
| જમીન ખરીદી | ૩૦.૧૦ | ૩૦.૧૦ |
| અગ્નિ શામક | ૧૭.૬૭ | ૨૯.૭૦ |
| સ્ટ્રીટ લાઈટ | ૩૩.૪૬ | ૨૭.૫૧ |
| આરોગ્ય, માર્કેટ અને જન્મ-મરણ | ૩.૧૮ | ૬.૮૩ |
| કોમપ્યુટરાઈઝેશન | ૦.૬૭ | ૨.૫૨ |
| કુલ | ૧૦૪૮.૨૪ | ૧૫૦૮.૯૦ |



# વિકાસના કામોનો ખર્ચ–તમામ ફંડ (૨૦૦૮–૦૯ થી ૨૦૧૭–૧૮)

(રૂ. કરોડ માં)

| કેપીટલ ખર્ચની વિગત | ૨૦૦૮–૦૯ થી ૨૦૧૭–૧૮ (ખરેખર) | ૨૦૧૮–૧૯ રિવાઈઝ અંદાજ | ૨૦૧૯–૨૦ ડ્રાફ્ટ અંદાજ |
|---|---|---|---|
| હાઉસીંગ બિલ્ડીંગ | ૧૨૭૮.૦૦ | ૨૮૫.૩૩ | ૪૧૧.૮૪ |
| પુલો–રોડ | ૧૩૭૨.૪૨ | ૧૬૨.૩૨ | ૨૩૩.૫૫ |
| અન્ય કેપીટલ ખર્ચ | ૬૯૪.૬૦ | ૧૫૦.૫૫ | ૧૫૬.૭૩ |
| પાણી પુરવઠા | ૫૨૧.૧૨ | ૧૧૪.૫૮ | ૨૧૪.૩૩ |
| ડ્રેનેજ | ૪૭૬.૪૧ | ૧૦૨.૩૩ | ૧૯૮.૦૦ |
| વી.એમ.સી. ફાળો/ ઈ–ગવર્નન્સ તથા જી.આઈ.એસ. | ૪૮૯.૧૭ | ૯૫.૬૭ | ૬૨.૫૨ |
| વરસાદી ગટર | ૩૦૩.૯૭ | ૩૭.૩૦ | ૮૪.૨૧ |
| સ્ટ્રીટ લાઈટ/અગ્નિ શામક | ૮૨.૧૮ | ૫૧.૧૩ | ૫૭.૨૧ |
| બગીચા | ૭૦.૯૫ | ૨૫.૭૧ | ૩૩.૫૨ |
| ઘન કચરા વ્યવસ્થા | ૨૦.૭૧ | ૨૦.૧૪ | ૫૦.૧૭ |
| આરોગ્ય,જન્મ–મરણ અને માર્કેટ | ૨૬.૫૨ | ૩.૧૮ | ૬.૮૩ |
| **કુલ** | **૫૩૩૬.૦૫** | **૧૦૪૮.૨૪** | **૧૫૦૮.૯૦** |

**A304**

# વર્ષ પ્રમાણે કેપીટલ ખર્ચ (તમામ ફંડ)




A305

# સર્વિસ પ્રમાણે શહેરી ગરીબો માટેનો કેપીટલ ખર્ચ

(રૂ. કરોડ માં)

| | |
|---|---|
| એફોર્ડેબલ હાઉસીંગ | ૭૫.૨૮ |
| પાણી પુરવઠા | ૬.૦૦ |
| રોડ તથા સ્ટ્રીટ લાઈટ | ૫.૬૦ |
| ડ્રેનેજ | ૪.૫૦ |
| વરસાદી ગટર | ૨.૦૦ |
| કુલ | ૯૩.૩૮ |




A306

# વિવિધ કર અંગેની માહિતી

(રૂ. કરોડ માં)

| વિગત | ૨૦૧૮-૧૯ નો બજેટ લક્ષ્યાંક | તા. ૩૦-૧૧-૧૮ સુધીની વસુલાત | ૨૦૧૮-૧૯ નો રીવાઈઝ લક્ષ્યાંક | ૨૦૧૯-૨૦ નો ડ્રાફ્ટ બજેટ લક્ષ્યાંક |
|---|---|---|---|---|
| સામાન્ય કર | ૧૭૬.૦૦ | ૧૪૯.૮૪ | ૧૭૬.૦૦ | ૧૭૬.૦૦ |
| પાણી કર/ ચાર્જ | ૮૮.૬૦ | ૭૮.૪૫ | ૮૮.૬૦ | ૮૮.૬૦ |
| કન્ઝરવન્સી અને સુએરેઝ કર | ૫૩.૦૩ | ૪૪.૫૯ | ૫૩.૦૩ | ૫૩.૨૫ |
| ફાયર ટેક્ષ | ૨.૦૦ | ૧.૯૫ | ૨.૧૦ | ૨.૨૫ |
| સફાઇ ચાર્જ | ૩૭.૬૯ | ૩૩.૮૩ | ૩૭.૬૯ | ૩૮.૦૦ |
| વ્યવસાય વેરો | ૪૧.૫૫ | ૩૩.૩૦ | ૪૫.૦૦ | ૪૫.૦૦ |
| આજીવન વાહન કર | ૨૫.૦૦ | ૧૫.૬૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ |
| વેરાનું વ્યાજ | ૬.૦૦ | ૮.૧૩ | ૯.૦૦ | ૯.૦૦ |
| શિક્ષણ ઉપકર | ૩૦.૦૦ | ૩૨.૬૮ | ૩૨.૦૦ | ૩૨.૦૦ |
| | **૪૫૯.૮૭** | **૩૯૮.૩૭** | **૪૬૮.૪૨** | **૪૬૯.૧૦** |

**વિષય : ૨**

**સને ૨૦૧૮–૨૦૧૯ નું રીવાઇઝ્ડ અંદાજપત્ર તથા ૨૦૧૯–૨૦૨૦ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે સમગ્ર સભા ઠરાવ અંક : ૧૮૬/તા. ૨૦–૦૨–૨૦૧૯**

કામના કાગળો જોયા. ચર્ચા વિચારણા કરી.

વડોદરા મહાનગરપાલિકાના સને ૨૦૧૮–૨૦૧૯ ના રીવાઇઝ્ડ બજેટ અને સને ૨૦૧૯–૨૦૨૦ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે સ્થાયી સમિતિની ભલામણ નીચેના ફેરફાર સહ મંજૂર કરવાનુ ઠરાવવામાં આવે છે. અને તે મુજબ સને ૨૦૧૯–૨૦૨૦ માં કર–દર લેવાનું ઠરાવવામાં આવે છે.

**સને ૨૦૧૮–૨૦૧૯ નું રીવાઇઝ્ડ અંદાજપત્ર**

સને ૨૦૧૮–૨૦૧૯ના સ્થાયી સમિતિએ મંજુર કરેલ વડોદરા મહાનગરપાલિકાના રીવાઇઝ્ડ અંદાજપત્ર મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. મહાનગરપાલિકાનું સને ૨૦૧૮–૨૦૧૯ નું રીવાઇઝ્ડ બજેટ નીચે મુજબનું રહેશે.

**સને ૨૦૧૮–૨૦૧૯ રેવન્યુ જમા બાજુ :–**

**(₹લાખમાં)**

| અ. નં. | આવકનું સદર | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | મ્યુનિસિપલ કર અને દર | ૪૩૭૭૯.૮૧ | ૪૩૭૭૯.૮૧ |
| ૨ | ખાસ કાયદા મુજબ | ૧૧૭૩૬.૫૦ | ૧૧૭૩૬.૫૦ |
| ૩ | મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ | ૬૭૦૯.૯૫ | ૬૭૦૯.૯૫ |
| ૪ | સરકાર મદદ | ૪૮૩૧૨.૫૦ | ૪૮૩૧૨.૫૦ |
| ૫ | અન્ય આવક | ૪૨૦૨.૨૦ | ૪૨૦૨.૨૦ |
| | **કુલ** | ૧૧૪૭૪૦.૯૬ | ૧૧૪૭૪૦.૯૬ |

**સને ૨૦૧૮–૨૦૧૯ રેવન્યુ ખર્ચ બાજુ :–**

| અ. નં. | ખર્ચનું સદર | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | મહેકમ | ૬૦૦૨૦.૭૮ | ૬૦૦૨૦.૭૮ |
| ૨ | કન્ટીજન્સી | ૪૧૬.૮૦ | ૪૧૬.૮૦ |
| ૩ | નિભાવણી | ૩૧૬૨૭.૧૭ | ૩૧૬૨૭.૧૭ |
| ૪ | પ્રાથમિક શિક્ષણ | ૧૪૭૫૦.૦૦ | ૧૪૭૫૦.૦૦ |
| ૫ | લોન ચાર્જિસ | ૪૫૩૫.૮૦ | ૪૫૩૫.૮૦ |
| | **કુલ** | ૧૧૧૩૫૦.૫૫ | ૧૧૧૩૫૦.૫૫ |

## સને ૨૦૧૮–૨૦૧૯ રીવાઇઝડ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થીતિ

| અ. નં. | સદર | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | **ખુલતી સિલક** | ૪૧૪૩.૪૬ | ૪૧૪૩.૪૬ |
| ૨ | આમદાની | ૧૧૪૭૪૦.૯૬ | ૧૧૪૭૪૦.૯૬ |
| | **કુલ આવક (પુરાંત સહ)** | ૧૧૮૮૮૪.૪૨ | ૧૧૮૮૮૪.૪૨ |
| ૩ | રેવન્યુ ખર્ચ | ૧૧૧૩૫૦.૫૫ | ૧૧૧૩૫૦.૫૫ |
| | **બાકી સિલક /ખાધ** | ૭૫૩૩.૮૭ | ૭૫૩૩.૮૭ |
| | કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | **ચોખ્ખી બાકી સિલક /ખાધ** | ૨૫૩૩.૮૭ | ૨૫૩૩.૮૭ |

## સને ૨૦૧૮–૨૦૧૯ રીવાઇઝડ રેવન્યુ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થીતિ

**(₹લાખમાં)**

| અ. નં. | સદર | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | **ખુલતી સિલક** | ૩૬.૦૩ | ૩૬.૦૩ |
| ૨ | રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૨ | કેપીટલ આમદાની | ૧૨૮૬૪.૦૦ | ૧૨૮૬૪.૦૦ |
| ૩ | આંતરીક ભંડોળ/લોન | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| | **કેપીટલ આવકનું કુલ** | ૨૭૮૬૪.૦૦ | ૨૭૮૬૪.૦૦ |
| | **કુલ આવક (પુરાંત સહ)** | ૨૭૯૦૦.૦૩ | ૨૭૯૦૦.૦૩ |
| ૪ | કેપીટલ ખર્ચ | ૨૭૩૬૯.૭૧ | ૨૭૩૬૯.૭૧ |
| | **બાકી સિલક /ખાધ** | ૫૩૦.૩૨ | ૫૩૦.૩૨ |

**સને ૨૦૧૯–૨૦૨૦ નું ડ્રાફ્ટ અંદાજપત્ર**

સને ૨૦૧૯–૨૦૨૦ ના સ્થાયી સમિતિએ મંજુર કરેલ વડોદરા મહાનગરપાલિકાના ડ્રાફ્ટ અંદાજપત્રનો અભ્યાસ કરી તેને કેટલાક ફેરફાર સહ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. સ્થાયી સમિતિએ મંજુર કરેલ મહાનગરપાલિકાના જમા તથા ખર્ચના જણાવેલ સદરોમાં ફેરફાર કરવામાં આવતા નથી. જે અંદાજપત્રમાં સંબંધીત બજેટ સદરોની સામે સમગ્ર સભાએ મંજૂર કરેલ કોલમોમાં દર્શાવવામાં આવેલા છે. સને ૨૦૧૯–૨૦૨૦ નું ડ્રાફ્ટ બજેટ નીચે મુજબનું રહેશે.

**સને ૨૦૧૯–૨૦૨૦ રેવન્યુ જમા બાજુ :–** **(₹લાખમાં)**

| અ. નં. | આવકનું સદર | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | મ્યુનિસિપલ કર અને દર | ૪૩૮૧૯.૮૧ | ૪૩૮૧૯.૮૧ |
| ૨ | ખાસ કાયદા મુજબ | ૧૨૭૩૬.૫૦ | ૧૨૭૩૬.૫૦ |
| ૩ | મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ | ૭૨૮૦.૯૫ | ૭૨૮૦.૯૫ |
| ૪ | સરકાર મદદ | ૫૦૨૬૨.૫૦ | ૫૦૨૬૨.૫૦ |
| ૫ | અન્ય આવક | ૪૪૩૬.૨૦ | ૪૪૩૬.૨૦ |
| | **કુલ** | ૧૧૮૫૩૫.૯૬ | ૧૧૮૫૩૫.૯૬ |

**સને ૨૦૧૯–૨૦૨૦ રેવન્યુ ખર્ચ બાજુ :–** **(₹લાખમાં)**

| અ. નં. | ખર્ચનું સદર | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | મહેકમ | ૬૧૪૧૯.૯૬ | ૬૧૪૧૯.૯૬ |
| ૨ | કન્ટીજન્સી | ૪૪૯.૨૩ | ૪૪૯.૨૩ |
| ૩ | નિભાવણી | ૨૯૧૧૧.૨૩ | ૨૯૧૧૧.૨૩ |
| ૪ | પ્રાથમિક શિક્ષણ | ૧૫૬૩૫.૦૦ | ૧૫૬૩૫.૦૦ |
| ૫ | લોન ચાર્જિસ | ૫૬૩૫.૮૦ | ૫૬૩૫.૮૦ |
| | **કુલ** | ૧૧૨૨૫૧.૨૨ | ૧૧૨૨૫૧.૨૨ |

**સને ૨૦૧૯–૨૦૨૦ ના ડ્રાફ્ટ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થીતિ**

| અ. નં. | સદર | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | ખુલતી સિલક | ૨૫૩૩.૮૭ | ૨૫૩૩.૮૭ |
| ૨ | આમદાની | ૧૧૮૫૩૫.૯૬ | ૧૧૮૫૩૫.૯૬ |
| | **કુલ આવક (પુરાંત સહ)** | ૧૨૧૦૬૯.૮૩ | ૧૨૧૦૬૯.૮૩ |
| ૩ | રેવન્યુ ખર્ચ | ૧૧૨૨૫૧.૨૨ | ૧૧૨૨૫૧.૨૨ |
| | **બાકી સિલક /ખાધ** | ૮૮૧૮.૬૧ | ૮૮૧૮.૬૧ |
| | કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| | **ચોખ્ખી બાકી સિલક /ખાધ** | ૪૮૧૮.૬૧ | ૪૮૧૮.૬૧ |

**સને ૨૦૧૯–૨૦૨૦ ના ડ્રાફ્ટ રેવન્યુ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થીતિ**

**(₹લાખમાં)**

| **અ. નં.** | **સદર** | **સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ** | **સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ** |
|---|---|---|---|
| ૧ | ખુલતી સિલક | ૫૩૦.૩૨ | ૫૩૦.૩૨ |
| ૨ | રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| ૩ | કેપીટલ આમદાની | ૧૬૯૭૩.૦૦ | ૧૬૯૭૩.૦૦ |
| ૪ | આંતરીક ભંડોળ/લોન | ૧૦૫૦૦.૦૦ | ૧૦૫૦૦.૦૦ |
| | **કેપીટલ આવકનું કુલ** | ૩૨૦૦૩.૩૨ | ૩૨૦૦૩.૩૨ |
| ૫ | કેપીટલ ખર્ચ | ૩૧૮૩૬.૯૫ | ૩૧૮૩૬.૯૫ |
| | **ચોખ્ખી બાકી સિલક /ખાધ** | ૧૬૬.૩૭ | ૧૬૬.૩૭ |

**પરીશિષ્ટ ૧૦ : લાગત**

સને ૨૦૧૯–૨૦૨૦ માટે લેવા પાત્ર જુદી જુદી લાગતોના સ્થાયી સમિતિએ ભલામણ કરેલ પરીશિષ્ટ–૧૦ લાગતોને વધુ મતે મંજુર કરવામાં આવે છે . અને તે મુજબ સને ૨૦૧૯–૨૦૨૦ માટે લાગતો લેવાનું ઠરાવવામાં આવે છે.

## ઠરાવ નંબર : ૧૮૭/તા.૨૦-૦૨-૨૦૧૯

સ્થાયી સમિતિએ સને ૨૦૧૯-૨૦ નું રજુ કરેલ ડ્રાફ્ટ બજેટમાં નીચે મુજબનો સુધારો સર્વાનુમતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૧) પાણી કર / ચાર્જ :**

સ્થાયી સમિતિએ મંજુર કરેલ પાણી ચાર્જ / કરનો ત્રીજો વિકલ્પ સને ૨૦૧૯-૨૦ થી શહેરમાં આવેલ તમામ કોર્મશીયલ / બિનરહેણાંક મિલકતો માટે ૩/૪" અને તેનાથી મોટી સાઇઝના પાણી કનેક્શનો પર વોટર મીટર બેસાડી મહાનગરપાલીકા દ્વારા નિયત કરેલ નીચે દર્શાવ્યા કોષ્ટક મુજબ વસુલ ન કરવાનું ઠરાવવામાં આવે છે.

| પ્રતિમાસ પાણીનો વપરાશ | | કોર્મશીયલ કનેક્શનો માટે ૧૦૦૦ લી. દીઠનો રેટ (રૂપિયામાં) | |
|---|---|---|---|
| | | બિન રહેણાંક (ઔદ્યોગીક હેતુ સિવાય) વપરાશ માટે | ઔદ્યોગીક વપરાશ માટે |
| ૧ | ૦ થી ૨૦ કિ.લી. સુધી પ્રતિ માસ | ૧૩.૫૦ | ૩૬ |
| ૨ | ૨૦.૦૧ થી ૩૦ કિ.લી સુધી | ૧૫.૦૦ | ૪૦ |
| ૩ | ૩૦.૦૧ થી ૪૫ કિ.લી | ૧૯.૫૦ | ૫૦ |
| ૪ | ૪૫.૦૧ થી ૬૦ કિ.લી | ૨૨.૫૦ | ૫૫ |
| ૫ | ૬૦.૦૧ થી ૯૦ કિ.લી | ૨૪.૦૦ | ૬૦ |
| ૬ | ૯૦.૦૧ થી વધુ | ૨૫.૫૦ | ૬૫ |

પરંતુ જો રહેણાંક સિવાયની ઉપર જણાવ્યા પ્રમાણેની મિલકતના પાણી ચાર્જની રકમ તથા પાણી કરની ટકાવારી મુજબ થતી કરની રકમ ત્રણ પૈકી જે વધુ થતી હશે તે કર / ચાર્જ વસુલ કરવાનું સ્થાયી સમિતિ એ ઠરાવ્યુ છે તેને ના મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. શહેરની તમામ કોર્મશીયલ / બિનરહેણાંક મિલકતો પર મિટર બેસાડી ચાર્જ વસુલ લેવો તે નિતી વિષયક બાબત છે. અને તે માટેની વોટર મીટર પોલીસીની દરખાસ્ત હાલમાં મુલતવી છે. વધુમાં સ્થાયી સમિતિએ પણ તેના ઠરાવમાં ઠરાવ્યું છે કે વોટરમીટર પોલીસીની દરખાસ્ત પર સામાન્ય સભાનાં ઠરાવ પછી જ સંપૂર્ણપણે અમલ કરવાનો છે તેથી પણ તમામ ૩/૪" નાં બિનરહેણાંક / ઔદ્યોગીક મિલકતો પર મીટર બેસાડી ચાર્જ વસુલ કરાય નહી તેથી પણ આ નામંજુર / રદ્ધ સર્વાનુમતે કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં જ્યાં જુના મીટરો લગાડેલા છે અને પાણી ચાર્જ / કર વસુલ કરવામાં આવે છે ત્યાં ગત્ વર્ષનાં ધારાધોરણ પ્રમાણે વસુલ કરાવાનું ઠરાવવામાં આવે છે.

પાણી પુરવઠા પ્રોજેક્ટ દ્વારા તા.૨૬-૦૩-૨૦૧૮ ના રોજ વોટર મીટર પોલીસી મંજુરી માટેની પુરવણી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરતા સ્થા.સ.ઠ.અં.૭૩/તા.૧૭-૫-૧૮ થી આખરી નિર્ણય

માટે સામાન્ય સભામાં સાદર કરવામાં આવે છે. આ પોલીસીનો સંપૂર્ણ પણે અમલ સામાન્ય સભાના ઠરાવ બાદ જ કરવાનો રહેશે.

**(૨) કામોની ચાદી**

સને ૨૦૧૯–૨૦૨૦ની સ્થાયી સમિતિએ રજુ કરેલી કામોની ચાદી કેટલાક સુધારા સહ મંજુર કરવામાં આવે છે અને તે મુજબ સને ૨૦૧૯–૨૦૨૦ ની કામોની ચાદી પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

સને ૨૦૧૮–૧૯ ના કેપીટલ બજેટની મંજુર કરેલ જોગવાઇ પૈકે વર્ષ આખર સુધી જેટલી રકમનો ખર્ચ નહી પડેલ હોય તેટલી રકમથી સને ૨૦૧૯–૨૦૨૦ની જોગવાઇ ઉમેરીને વધારે ગણવાની રહેશે. તેમજ સને ૨૦૧૮–૧૯ દરમ્યાન અપાયેલ નાણાંકીય સમર્થન સને ૨૦૧૯–૨૦૨૦ માટે ચાલુ રાખવાનું ઠરાવવામાં આવે છે. પગાર, પેન્શન, નિવૃતિ/મૈયત બાદના ચુકવણાં, લાઇટ બિલ, સરકારી ચુકવણા માટે બજેટ જોગવાઇ અપુરતી રહે ત્યારે માઇનસમાં ખતવણી કરી ચુકવણા કરવા ઠરાવવામાં આવે છે.

**(૩) લોન**

અગાઉ મંજૂર કરાયેલ રૂ.૩૦૦ કરોડની લોન સામે મહાનગરપાલિકા દ્વારા રૂ.૩૦૦ કરોડની લોન મેળવાયેલ છે. જે સામે ફક્ત રૂ.૧૨૦ કરોડ ચૂકવવાના બાકી રહે છે. બજેટના વર્ષ દરમ્યાન પણ લોન મેળવવી જરૂરી બનતી હોઇ અને આવનાર અમ્રૂત યોજના ના ગેપ ફંડીંગ માટે રૂ. ૧૦૦ કરોડ જેટલી રકમ બોંડ થકી ઉગવાના હોઇ હાલ બાકી રહેલ રકમ ઉપરની વધુ રૂ.૪૦૦ કરોડ ની લોન / બોંડ થકી મેળવવાની જરૂરીયાત અંગે રજુઆત ધ્યાને લિધેલ છે. છે. વધુમાં બી.એસ.યુ.પી. યોજના અંતર્ગત ફેઝ–૧ હેઠળ લાભાર્થી ફાળા પેટે અગાઉ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા થકી લાભાર્થીઓ ના નામે લોન મેળવવા પ્રયત્ન કરેલ પરંતુ KYC કારણે ફક્ત ૧૫૦ જેટલા લાભાર્થીઓ ની લોન મંજૂર થયેલ હતી. સદર બાબતે મા. કમિશનરશ્રી ના અધ્યક્ષ સ્થાને એક કમીટી ની રચના કરવામાં આવી અને કમીટી દ્વારા મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ડીપોઝીટ ફંન્ડ માંથી લાભાર્થી ના નામે લોન મેળવી, લાભાર્થીઓની સ્લીપ છપાવી, લોનની વસુલાત કરવા બાબતનો નિર્ણય લેવામાં આવેલ. આમ સદર નિર્ણય મુજબ હાલ ફેઝ–૧ ના લાર્થીઓ ના નામે આંતરિક ભંડોળથી લોન મેળવી લોનની વસુલાતની કાર્યવાહી હાથ ધરેલ છે. ફેઝ–૩ હેઠળ હુડકો સંસ્થા પાસેથી મહાનગરપાલિકાના ફાળાની ગેપ ફન્ડીગ લોન અને લાભાર્થી ફાળાની લોન મેળવેલ છે, જેની વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં બી.એસ.યુ.પી. ફેઝ–૨ હેઠળ તમામ મકાનોના અલોટમેન્ટ થઇ ગયેલ હોય ફેઝ–૧ મુજબ ભવિષ્યમાં આંતરિક ભંડોળ ઉપલબ્ધ થયેથી કાર્યવાહી કરવા તથા બી.એસ.યુ.પી. ફેઝ–૪ અને ફેઝ–૫માં હુડકો સંસ્થા તથા અન્ય સંસ્થા પાસેથી મહાનગરપાલિકાના ફાળાની ગેપ ફન્ડીગ લોન અને લાભાર્થી ફાળાની લોન મેળવવા અને કેટલાક કિસ્સાઓમાં જે તે સાઇટનું કામ અને એલોટમેન્ટ પુર્ણ ન થયેથી વિકાસ ની કામગીરી વિલંબ ન થાય તે માટે લોન લોવાની ફરજ પડે છે તે માટે હુડકો અને/અથવા અન્ય સંસ્થા /બેંક/આંતરીક ભંડોળ માંથી લોન મેળવવા તથા તેના સંલગ્ન કરાર કરવા, પ્લોટસ ગીરો મુકવા વિગેરે તથા રૂ.૧૦૦ કરોડ ના બોંડ અને રૂ.૩૦૦ કરોડ લોન મળી કૂલ ૪૦૦ કરોડ લોન જરૂરી આનુસાંગિક તમામ કાર્યવાહી કરવાની તમામ સત્તા મા. કમિશ્નરશ્રી ને આપવામાં આવે છે તથા લોન ના હપ્તાની વસુલાત સંપૂર્ણ અલોટમેટ થયેથી શરૂ કરવા જરૂરી મંજૂરી આપવામાં આવે છે.

**(૪)** બજેટ ઉપર આવેલ દરખાસ્તો પૈકી નિર્ણય થયા સિવાયની દરખાસ્તો મેયરશ્રીની સંમતિથી સભાસદશ્રીઓ દ્વારા પરત ખેંચી લેવામાં આવે છે.

## બજેટના સૂચનો

## ઠરાવ નં : ૧૮૮/ તા.૨૦-૦૨-૨૦૧૯

**બજેટ અંગેના નીચે જણાવ્યા મુજબના સૂચનો સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.**

(૧) વડોદરા મહાનગરપાલિકા હસ્તકની બિલ્ડીંગોના રૂફટોપ ઉપર સોલાર પેનલ લગાવી વિજળી ખર્ચમાં બચત કરવા સૂચન છે.

(૨) વડોદરા મહાનગરપાલિકામાં ચૂંટાયેલા સભાસદશ્રીઓના ૨૦૧૦ થી આજદિન સુધીના ક્વોટા અને ફોડવારીના બચત નાણાં કેરીફોરવર્ડ કરી ચાલુ સાલના બજેટમાં સમાવેશ સમાવેશ કરવો તેમજ સભાસદશ્રીને ફાળવેલી રકમ વ્યક્તિગત સૂચનથી કામગીરી કરવા સૂચન છે.

(૩) હયાત ડામર રોડને મીક્ષીંગ અને રીસાયકલીંગ કરી રીકાર્પેટ કરવા મીક્ષીંગ મશીન નંગ.૧ ખરીદ કરવા સૂચન છે.

(૪) લાલબાગ અને વડસર રેલ્વે ઓવરબ્રીજ નીચે બ્યુટીફીકેશન કરવા સૂચન છે.

(૫) વડોદરા મહાનગરપાલિકા હસ્તકના બાગ બગીચાના રીપેરીંગ / સિવીલ કામની જવાબદારી જે તે ઝોનને આપવી તથા તેના માટે દરેક ઝોનમાં રૂ.૫૦,૦૦૦/- હજારની મર્યાદામાં રકમ ફાળવવા સૂચન છે.

(૬) મસીયા તળાવમાં આવતું ડ્રેનેજનું પાણી કામચી ધોરણે બંધ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચન છે.

**વિષય : 3**

## નગર પ્રથામિક શિક્ષણ સમિતિ સને ૨૦૧૯–૨૦૨૦ ના અંદાજપત્ર સામાન્ય સભા ઠરાવ અંક: ૧૮૯ / તા. ૨૦–૦૨–૨૦૧૯

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ એ તેના સામાન્ય સભા ઠરાવ અંક – ૫૨/તા. ૨૩–૦૧–૨૦૧૯ અન્વયે સને ૨૦૧૯–૨૦૨૦ના રજુ કરેલ અંદાજપત્રને કેટલાંક ફેરફાર સહ (સામેલ પત્રક મુજબ) સર્વાનુંમતે મંજુર કરવાનું ઠરાવામાં આવે છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સને ૨૦૧૯–૨૦૨૦ ના ડ્રાફટ બજેટ અંગે સામાન્ય સભાએ મંજુર કરેલ ખર્ચનું પત્રક :

| અ.નં. | ખર્ચ | સને ૨૦૧૯–૨૦૨૦ના વર્ષની સમિતિની ભલામણ પ્રમાણે ખર્ચ | સને ૨૦૧૯–૨૦૨૦ના મહાનગરપાલિકાએ મંજુર કરેલ ખર્ચ |
|---|---|---|---|
| **અ** | આવર્તક ખર્ચ (સરકારી ૮૦ % તથા મહાનગરપાલિકા ૨૦% ) | | |
| અ–૧ | કચેરી મહેકમનો પગાર ખર્ચ | ૧૭૭૩૦૦૦ | ૧૭૭૩૦૦૦ |
| અ–૨ | કચેરી અંગે થનાર ખર્ચ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| અ–3 | સાર્વજનિક કેળવણી | ૧૨૬૬૫૮૭૦૦૦ | ૧૨૯૮૩૨૭૦૦૦ |
| અ–4 | શાળા સંચાલન અંગે આવર્તક ઈતર ખર્ચ | ૧૧૭૦૦૦૦૦ | ૧૧૭૦૦૦૦૦ |
| અ–૫ | ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ. | | |
| | **અ –૧,૨,૩,૪,૫,નું કુલ** | **૧૨૮૦૭૬૦૦૦૦** | **૧૩૧૨૫૦૦૦૦૦** |
| **બ** | આવર્તક ખર્ચ (મહાનગરપાલિકા ૧૦૦% ) | | |
| બ–1 | કચેરી મહેકમનો પગાર ખર્ચ | ૧૦૧૧૬૦૦૦ | ૧૦૧૧૬૦૦૦ |
| બ–૨ | કચેરી અંગે થનાર ખર્ચ | ૭૧૭૬૦૦૦ | ૭૧૭૬૦૦૦ |
| બ–3 | સાર્વજનિક કેળવણી | ૨૧૯૨૩૮૦૦૦ | ૧૭૧૭૪૮૦૦૦ |
| બ–4 | શાળા સંચાલન અંગે આવર્તક ઈતર ખર્ચ | ૬૧૯૬૦૦૦૦ | ૬૧૯૬૦૦૦૦ |
| બ–5 | ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ. | | |
| | **બ–૧,૨,૩,૪,૫,નું કુલ** | **૨૯૮૪૯૦૦૦૦** | **૨૫૧૦૦૦૦૦૦** |
| | **અ + બનું કુલ** | **૧૫૭૯૨૫૦૦૦૦** | **૧૫૬૩૫૦૦૦૦૦** |

## સને ૨૦૧૯–૨૦૨૦નું મહાનગરપાલિકાએ મંજુર કરેલ ખર્ચનું ફાળવણી પત્ર

| વિગત | | સરકારી ફાળો | મહાનગરપાલિકાનો ફાળો | | | કૂલ |
|---|---|---|---|---|---|---|
| | | ૮૦% | ૨૦% | ૧૦૦% | ૨૦% તથા ૧૦૦% નું કૂલ | |
| **અ** | આવર્તક ખર્ચ (સરકારી ૮૦ % તથા મહાનગરપાલિકા ૨૦% ) | | | | | |
| અ–૧ | કાયમી મહેકમનો પગાર ખર્ચ | ૧૪૧૮૪૦૦ | ૩૫૪૬૦૦ | | ૩૫૪૬૦૦ | ૧૭૭૩૦૦૦ |
| અ–૨ | કાયમી અંગે થનાર ખર્ચ | ૫૬૦૦૦૦ | ૧૪૦૦૦૦ | | ૧૪૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| અ–૩ | સાર્વજનિક કેળવણી | ૧૦૩૮૬૬૧૬૦૦ | ૨૫૯૬૬૫૪૦૦ | | ૨૫૯૬૬૫૪૦૦ | ૧૨૯૮૩૨૭૦૦૦ |
| અ–4 | શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ | ૯૩૬૦૦૦૦ | ૨૩૪૦૦૦૦ | | ૨૩૪૦૦૦૦ | ૧૧૭૦૦૦૦૦ |
| અ–૫ | ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ. | | | | | |
| | **અ –૧,૨,૩,૪,૫,નું કુલ** | **૧૦૫૦૦૦૦૦૦૦** | **૨૬૨૫૦૦૦૦૦** | **૦** | **૨૬૨૫૦૦૦૦૦** | **૧૩૧૨૫૦૦૦૦૦** |
| **બ** | આવર્તક ખર્ચ (મહાનગરપાલિકા ૧૦૦% ) | | | | | |
| બ–૧ | કાયમી મહેકમનો પગાર ખર્ચ | | | ૧૦૧૧૬૦૦૦ | ૧૦૧૧૬૦૦૦ | ૧૦૧૧૬૦૦૦ |
| બ–૨ | કાયમી અંગે થનાર ખર્ચ | | | ૭૧૭૬૦૦૦ | ૭૧૭૬૦૦૦ | ૭૧૭૬૦૦૦ |
| બ–૩ | સાર્વજનિક કેળવણી | | | ૧૭૧૭૪૮૦૦૦ | ૧૭૧૭૪૮૦૦૦ | ૧૭૧૭૪૮૦૦૦ |
| બ–૪ | શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ | | | ૬૧૯૬૦૦૦૦ | ૬૧૯૬૦૦૦૦ | ૬૧૯૬૦૦૦૦ |
| બ–૫ | ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ. | | | | | |
| | **બ–૧,૨,૩,૪,૫,નું કુલ** | **૦** | **૦** | **૨૫૧૦૦૦૦૦૦** | **૨૫૧૦૦૦૦૦૦** | **૨૫૧૦૦૦૦૦૦** |
| | **અ + બનું કુલ** | **૧૦૫૦૦૦૦૦૦૦** | **૨૬૨૫૦૦૦૦૦** | **૨૫૧૦૦૦૦૦૦** | **૫૧૩૫૦૦૦૦૦** | **૧૫૬૩૫૦૦૦૦૦** |

વડોદરા મહાનગરપાલિકાની અગાઉ નક્કી થયેલ નીતી અનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ૧૦૦ ટકા ખર્ચવાળા કામો કમિશનરશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા બાદ વડોદરા મહાનગરપાલિકા ચીફ ઓડીટરની કચેરીએથી ઓડીટ પધ્ધતીથી મંજુર કરાવીને ચુકવણાં કરવાના રહેશે. આ ઉપરાંત કોઇપણ સદરેથી રકમ વર્ગફિર કરવાની જરૂરીયાત ઉભી થયેથી સમગ્રસભાની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બજેટ ઉપર આવેલી સુધારા દરખાસ્તો, મેયરશ્રીની સંમતિથી દરખાસ્ત મુકનાર ભાસદશ્રીઓ દ્વારા પરત ખેંચી લેવામાં આવે છે.

## સને ૨૦૧૮–૧૯ ના રીવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૨૦૧૯–૨૦ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે સ્થાયી સમિતિ ઠરાવ અંક: ૩૮૬ /તા.૦૨.૦૨.૨૦૧૯

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ના ધોરણ અનુસાર સને ૨૦૧૯–૨૦ માટે કરવેરા માટે કમિશનરશ્રી એ સુચવેલ કર દરની દરખાસ્ત નીચે જણાવેલ ફેરફાર સહ મંજૂર કરી અમલમાં મુકવા અભિપ્રાય છે.

- **આકારણી :**

**કર દર**

વડોદરા મહાનગર પાલિકા દ્વારા ક્ષેત્રફળ અધારિત આકારણી પધ્ધતિનો અમલ સને ૨૦૦૩–૦૪ ના વર્ષથી કરવામાં આવેલ છે જેના અમલીકરણ ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧(બી) ની જોગવાઈ અનુસાર હાલમાં સામાન્ય કરના દર, રહેણાક મિલકત માટે પ્રતિ ચો. મી. દીઠ ₹ ૧૬/– તથા રહેણાક સિવાયની મિલકત માટે પ્રતિ ચો. મી. દીઠ ₹ ૩૦/– છે. જે યથાવત રાખવા અભિપ્રાય છે.

સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે રહેણાંક મિલક્ત માટેના ભોગવટા પરિબળમાં નીચે જણાવ્યા મુજબનો સુચિત સુધારો રજુ કરેલ છે જે મંજુર કરવા અભિપ્રાય છે.

**ભોગવટાનું પરિબળ**

| રહેણાંક મિલક્ત માટે | | |
|---|---|---|
| **ભોગવટાનું પરિબળ** | **હાલનો ભારાંક** | **સુચિત ભારાંક** |
| માલીક | ૧.૦૦ | ૧.૦૦ |
| ભાડુઆત | ૧.૫૦ | ૧.૦૦ |

માલીક અને ભાડુઆતનો ભારાંક એકસરખો થયા બાદ ભોગવટામાં નામ દાખલ કરવા માટે લીઝ એગ્રીમેન્ટ, ભાડા કરાર ભાડા પાવતી અને મકાન માલીકની સંમતિ બાદ જ નામ દાખલ કરવાની કાર્ય પધ્ધતિને મંજૂરી આપવા અભિપ્રાય છે. જેના કારણે ભોગવટામાં ખોટા નામ દાખલ થવાની તેમજ તે અંગેની ફરિયાદો દૂર થશે. વારસાઇના કિસ્સામાં ભોગવટેદાર માં નામ દાખલ કરવા ભોગવટામાં ચાલતા કબ્જેદારનું મરણનો દાખલો પેઢીનામું અને નામ દાખલ કરવા માટેની જેની માંગણી છે તે સિવાયના અન્ય વારસદારોનું નોટરાઇઝ સંમતિ રજુ કરવાની રહેશે.

જે મિલકત ભાડે આપેલી હશે તે મિલક્ત માટે ભોગવટામાં ટેનન્ટ દાખલ કરીને ઈલાયદા બિલ આપવાનું રહેશે.

- **પાણી કર :**

**પરિશિષ્ટ–ક**

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ની કલમ–૪૫૫(૧) અંતર્ગત અનુસચિ "ક" ના પ્રકરણ–૮ અંતર્ગત કલમ ૧૪૧ એએ(એ) અનુસારના કાર્પેટ એરિયા આધારિત લઘુત્તમ પાણી કરની વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલી છે.
શહેરમાં આવેલી રહેણાંક ઈમારતો માટે સામાન્ય કરના ૩૦% (ત્રીસ ટકા) તેમેજ રહેણાંક સિવાયની ઈમારતો માટે પાણી કર, સામાન્ય કરના ૪૦% (ચાલીસ ટકા) પ્રમાણે લેવામાં આવશે.

પરંતુ જે મિલ્કતો પાણી કનેક્શન સાથે જોડાયેલી હશે તેવી મિલ્કતો માટે નીચે જણાવ્યા મુજબ પાણી કરની ઓછામાં ઓછી રકમ મંજૂર કરવાની ભલામણને રાજ્ય સરકારશ્રીએ મંજૂરી આપેલી છે. જે ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે યથાવત રાખવા અભિપ્રાય છે.

| અ. નં. | મિલકતનો પ્રકાર | મીનીમમ (લઘુત્તમ) પાણી કર ₹ |
|---|---|---|
| ૧ | તમામ પ્રકારની રહેણાંક મિલ્કતો માટે | |
| | ૧) તમામ પ્રકારના ઝુંપડા, ચાલી અને ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૮૫૦/– |
| | ૨) ૩૦.૦૧ થી ૫૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૦૦૦/– |
| | ૩) ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૨૦૦/– |
| | ૪) ૧૦૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૫૦૦/– |
| ૨ | તમામ પ્રકારની બિનરહેણાંક મિલ્કતો માટે | |
| | ૧) ૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૦૬૩/– |
| | ૨) ૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૨૦૦૦/– |
| | ૩) ૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે | ₹ ૩૦૦૦/– |
| ૩ | તમામ પ્રકારની ઔદ્યોગિક મિલકતો માટે | |
| | ૧) ૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૫૦૦/– |
| | ૨) ૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૨૫૦૦/– |
| | ૩) ૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે | ₹ ૩૦૦૦/– |

પરંતુ જો, જે તે મિલ્કતમાં ૧/૨" ઉપરાંતનું પાણી કનેક્શન આપવામાં આવેલ હશે તો પાણી કર નીચે જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકમાં ગણવામાં આવશે.

| પાણી કનેકશનની સાઈઝ | વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકની ગણત્રી |
|---|---|
| ૧/૨" | ૧ |
| ૩/૪" | ૨.૨૫ |
| ૧" | ૪ |
| ૧.૫" | ૯ |
| ૨" | ૧૬ |
| ૩" | ૩૬ |
| ૪" | ૬૪ |
| ૫" | ૧૦૦ |
| ૬" | ૧૪૪ |
| ૭" | ૧૯૬ |
| ૮" | ૨૫૬ |
| ૯" | ૩૨૪ |
| ૧૦" | ૪૦૦ |
| ૧૨" | ૫૭૬ |

પરંતુ એપાર્ટમેન્ટ, બહુમાળી મકાનોમાં આપેલ પાણી કનેક્શનના પાણી કરની રકમ ઉપરોક્ત ગણત્રી પ્રમાણે ગણતાં જે તે મિલ્કતના કુલ યુનીટ સાથે ભાગાકાર કરતાં જો પ્રતિ યુનીટ પાણી કરની રકમ ઓછી થતી હશે તો, મીનીમમ પાણી કરની રકમ મુજબ વસુલ કરવામાં આવશે.

પરંતુ જો મિલ્કત ધારક ૧/૨" ઉપરાંતનું પાણી કનેક્શનમાં વધારો કે ઘટાડો કરાવશે તો તેવા કિસ્સામાં જે તે પાણી કનેક્શનની સાઈઝની વોલ્યુમેટ્રીક ગણત્રી મુજબ ગણવામાં આવશે અને તે મુજબ પાણી કર વસુલ કરવાનો અધિકાર કોર્પોરેશનને રહેશે

ઉપરોક્ત વિગતોને બાદ આવ્યા સિવાય કોર્પોરેશન કોઈપણ મિલ્કત ધારકને મીટરથી પાણી કનેક્શન ફાળવશે(જો મિલ્કત ધારકની માંગણી અધારે અથવા તે સિવાય) તો તેવા સંજોગોમાં વપરાશ મુજબ નક્કી થનાર ચાર્જ આધારે તેમજ ઠરાવેલ શરતોને આધિન પાણીનો ચાર્જ કોર્પોરેશન વસુલ કરી શકશે.

## ➢ પાણી ચાર્જ :

ધી જી.પી.એમ.સી. એક્ટ–૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ (એ) મુજબ પાણી કર દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલો છે જેના અનુસંધાને સરકારશ્રી તરફથી આપેલ મંજૂરી અનુસાર લઘુતમ દર મુજબ પાણી કર વસુલ કરવામાં આવશે જ્યારે રહેણાંક સિવાયની ઈમારતો, ઓદ્યોગિક વપરાશ માટેની મિલકતો અને કોલેજ, હોસ્ટેલ, શાળા, બાલમંદિર, ધર્મસ્થાનો, અનાથાશ્રમ વિગેરે માટે, આવી મિલકતો જે પાણી કનેકશન સાથે જોડાયેલી હોય તેવી મિલકતો માટે પાણી ચાર્જ નીચે દર્શાવેલ ધોરણે લેવા અભિપ્રાય છે.

| અ. નં. | કનેકશનની સાઈઝ | બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમ વિગેરે માટે (રકમ ₹) | કોલેજ, હોસ્ટેલ, શાળાઓ વિગેરે માટે (રકમ ₹) | બિનરહેણાંક (ઔદ્યોગિક હેતુ સિવાય) વપરાશ માટે (રકમ ₹) | ઔદ્યોગિક વપરાશ માટે (રકમ ₹) |
|---|---|---|---|---|---|
| ૧ | ૧/૨" | ૩૯૦૦/– | ૪૮૭૫/– | ૮૦૦૦/– | ૧૬૦૦૦/– |
| ૨ | ૩/૪" | ૮૭૭૫/– | ૧૦૯૬૮/– | ૧૮૦૦૦/– | ૩૬૦૦૦/– |
| ૩ | ૧" | ૧૫૬૦૦/– | ૧૯૫૦૦/– | ૩૨૦૦૦/– | ૬૪૦૦૦/– |
| ૪ | ૧.૫" | ૩૫૧૦૦/– | ૪૩૮૭૫/– | ૭૨૦૦૦/– | ૧૪૪૦૦૦/– |
| ૫ | ૨" | ૬૨૪૦૦/– | ૭૮૦૦૦/– | ૧૨૮૦૦૦/– | ૨૫૬૦૦૦/– |
| ૬ | ૩" | ૧,૪૦૪૦૦/– | ૧૭૫૫૦૦/– | ૨,૮૮૦૦૦/– | ૫૭૬૦૦૦/– |
| ૭ | ૪" | ૨,૪૯૬૦૦/– | ૩૧૨૦૦૦/– | ૫,૧૨૦૦૦/– | ૧૦૨૪૦૦૦/– |
| ૮ | ૫" | ૩૯૦૦૦૦/– | ૪૮૭૫૦૦/– | ૮૦૦૦૦૦/– | ૧૬૦૦૦૦૦/– |
| ૯ | ૬" | ૫૬૧૬૦૦/– | ૭૦૨૦૦૦/– | ૧૧૫૨૦૦૦/– | ૨૩૦૪૦૦૦/– |
| ૧૦ | ૮" | ૯૯૮૪૦૦/– | ૧૨૪૮૦૦૦/– | ૨૦૪૮૦૦૦/– | ૪૦૯૬૦૦૦/– |
| ૧૧ | ૯" | ૧૨૬૩૬૦૦/– | ૧૫૭૯૫૦૦/– | ૨૫૯૨૦૦૦/– | ૫૧૮૪૦૦૦/– |
| ૧૨ | ૧૦" | ૧૫૬૦૦૦૦/– | ૧૯૫૦૦૦૦/– | ૩૨૦૦૦૦૦/– | ૬૪૦૦૦૦૦/– |
| ૧૩ | ૧૨" | ૨૨૪૬૪૦૦/– | ૨૮૦૮૦૦૦/– | ૪૬૦૮૦૦૦/– | ૯૨૧૬૦૦૦/– |

સને ૨૦૧૯–૨૦ થી શહેરમાં આવેલ તમામ બિનરહેણાંક – કોમર્શીયલ/ઔદ્યોગિક મિલકતો માટે ૩/૪" અને તેનાથી મોટી સાઈઝના પાણી કનેક્શનો પર વોટર મીટર બેસાડી મહાનગરપાલિકા દ્વારા નિયત કરેલ નીચે દર્શાવ્યા મુજબના દરો વસુલવામાં આવશે.

| | **કોમર્શીયલ કનેકશનો માટેના ૧૦૦૦ Lit. દીઠના રેટ (રૂપિયામાં)** | |
|---|---|---|
| **પ્રતિ માસ પાણીનો વપરાશ** | **બિનરહેણાંક (ઔદ્યોગિક હેતુ સિવાય) વપરાશ માટે** | **ઔદ્યોગિક વપરાશ માટે** |
| ૧. ૦ થી ૨૦ કિ.લી. સુધી પ્રતિ માસ | ૧૩.૫૦ | ૩૬ |
| ૨. ૨૦.૦૧ કિ.લી. થી ૩૦ કિ.લી. | ૧૫.૦૦ | ૪૦ |
| ૩. ૩૦.૦૧ કિ.લી. થી ૪૫ કિ.લી. | ૧૯.૫૦ | ૫૦ |
| ૪. ૪૫.૦૧ કિ.લી. થી ૬૦ કિ.લી. | ૨૨.૫૦ | ૫૫ |
| ૫. ૬૦.૦૧ કિ.લી. થી ૯૦ કિ.લી. | ૨૪.૦૦ | ૬૦ |
| ૬. ૯૦.૦૧ કિ.લી. થી વધુ | ૨૫.૫૦ | ૬૫ |

પરંતુ જો રહેણાંક સિવાયની ઉપર જણાવ્યા પ્રમાણેની મિલકતના પાણી ચાર્જની રકમ તથા પાણી કરની ટકાવારી મુજબ થતી કરની રકમ, ત્રણ પૈકી જે વધુ થતી હશે તે કર /ચાર્જ વસુલ કરવામાં આવશે.

- **વોટર મીટર પોલીસી :**

પાણી પુરવઠા પ્રોજેક્ટ દ્વારા તા.૨૬–૦૩–૨૦૧૮ ના રોજ વોટર મીટર પોલીસી મંજૂરી માટેની પુરવણી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરતા સ્થા.સ.ઠરાવ અંક–૭૩/તા.૧૭–૦૫–૧૮ થી આખરી નિર્ણય માટે સામાન્ય સભામાં સાદર કરવામાં આવેલ છે. આ પોલીસીનો સંપૂર્ણ પણે અમલ સામાન્ય સભાના ઠરાવ બાદ જ કરવાનો રહેશે.

- **વડોદરા શહેરની હદ બહાર આપેલ બિન રહેણાંક હેતુ માટેના પાણી કનેક્શનો અંગેનો દર :**

હદ બહારના બિન રહેણાંક હેતુ માટેના કનેક્શનો માટેના પાણીના દરો શહેરમાંના ઘંઘાકીય હેતુ અંગેના કનેકશનો માટેના સૂચિત પાણીના દરોના ત્રણ ગણા લેવાનું હાલનું ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે તેમજ હદ બહાર આવેલ કોલેજ, હોસ્ટેલ, શાળાઓ, બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમોને અપાયેલા કનેક્શનો માટેના પાણીના દરો શહેરમાંના આવી સંસ્થાઓ અંગેના કનેક્શનો માટેના પાણીના દરોના દોઢ ગણા લેખે લેવાનું હાલનું ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે .

- **વડોદરા શહેર હદ બહાર અપાયેલ પાણી કનેકશન માટે :**

વડોદરા શહેરની હદ બહાર આપેલ રહેણાંક હેતુ માટે પાણી કનેકશનના દર:

| **કનેકશન સાઈઝ** | **મીનીમમ ચાર્જની રકમ** |
|---|---|
| ૧/૨" | ૨૬૦૦ |

૧/૨" થી વધુની સાઈઝ માટે ઉપર જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતિના ગુણાંકમાં થતી રકમ મુજબ પાણી ચાર્જ વસુલ કરવામાં આવશે.

## ➢ વડોદરા શહેરની હદ બહાર આવેલ રહેણાંક સિવાયના હેતુ માટે કનેક્શન દર :

વડોદરા શહેર હદ બહાર રહેણાંક હેતુ સિવાયના હેતુ માટેના કનેક્શનનો દર, શહેરમાં રહેણાંક સિવાયની ઈમારતો માટેના દરના ત્રણ ગણા લેખે વસુલ કરવા અભિપ્રાય છે.

## ➢ કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષ :

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમન/૮૦૨૦૦૭/૪૪૨૪/પી તા.૧૬–૫–૨૦૦૮ થી કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષના દરોને સરકારશ્રીની મંજુરી મળેલ છે.

ગુજરાત એકટ નં.૨/૨૦૦૭ ની કલમ ૧૪૧ એએ (બી) અન્વયે કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ નીચે મુજબના ધોરણોએ બજેટના વર્ષે લેવા મંજુરી મળવા અભિપ્રાય છે. આ દરો ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે યથાવત રાખવા અભિપ્રાય છે.

| અ. નં. | કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ પાત્ર મિલ્કત | સામાન્ય કર પર ટકાવારી |
|---|---|---|
| ૧. | ઝુંપડા | વાર્ષિક ઓછામાં ઓછા દર |
| ૨. | ૨૫ મીટર સુધીના રહેઠાણની મિલ્કત અને ચાલી | ૧૫ % |
| ૩. | ઉત્પાદન તેમજ ઔદ્યોગિક હેતુ માટે ઈમારત, બેન્ક, પેટ્રોલ–ડીઝલ પંપ, ગેસ સ્ટેશન, રાજ્ય/કેન્દ્ર સરકારની ઓફીસ, કોમર્શીયલ ઓફિસ, મોબાઈલ ફોન ટાવર, પેજર એન્ટેના, ડીશ એન્ટેના તદઉપરાંત તમામ પ્રકારની દુકાન, તમામ પ્રકારના માર્કેટ, ગોડાઉન, વેરહાઉસીસ, તમામ પ્રકારની હોટેલ, રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન, ગેરેજ, શો–રૂમ, હેલ્થ સેન્ટર, જીમ્નેશીયમ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ, ટ્રેનીંગ અને વોકેશનલ ગાઈડન્સ, સંસ્થાઓ, આનંદ–પ્રમોદ અને મનોરંજન ના હેતુ માટે વપરાતી ઈમારત, મેરેજ હોલ, કોમ્યુનીટી હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ક્લબ પ્લોટ, પ્રદર્શન મેદાન, સિનેમાગૃહ, ક્લબ હાઉસ, મલ્ટીપ્લેક્ષ થીયેટર, ઓપન એર થીયેટર, જીમખાના, સ્પોર્ટસ સ્ટેડીયમ વિગેરે | ૩૫% |
| ૪. | ૨૫ મીટરથી વધુ ક્ષેત્રફળવાળા રહેઠાણની મિલ્કત અને ઉપર જણાવ્યા સિવાયની બિન રહેઠાણની તમામ મિલકત | ૨૫ % |
| ૫. | ઓછામાં ઓછા વાર્ષિક દર (એકટમાં નિર્દિષ્ટ કર્યા મુજબ) | ₹ ૨૪/– |

**વડોદરા શહેરની હદ બહાર અપાયેલા ડ્રેનેજ કનેકશનો ઉપર લેવાપાત્ર કન્ઝરવન્સી સુઅરેઝ ટેક્ષ અંગેનું ધોરણ :**

મહાનગરપાલિકા હદ બહારના મકાનો માટે ડ્રેનેજ કનેકશન માટે ડ્રેનેજ કનેકશન દીઠ વાર્ષિક ₹ ૧૦૦૦/– લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ધોરણ ગ્રાહ્ય રાખવા અભિપ્રાય છે. બહુમાળી મકાનોનાં કેસમાં દર યુનીટ દીઠ ચાર્જ ગણવા અભિપ્રાય છે.

**હદ બહારના આપેલ બિનઘરગથ્થું ડ્રેનેજ કનેકશનો અંગેનું ધોરણ :**

મ્યુનિસિપલ હદ બહારના બિનઘરગથ્થું મકાનો માટે પ્રતિ કનેકશન દીઠ વાર્ષિક હાલના દરે ₹ ૩૫૦૦/– લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ધોરણ મંજૂર કરવા અભિપ્રાય છે.

**વડોદરા શહેરીની હદ બહારના આપેલ સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો અંગેનું ધોરણ :**

હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો માટેના દરો પ્રતિ કનેકશન દીઠ હાલના દરે ₹ ૫૦૦૦/– લેખે લેવાનું ધોરણ મંજુર રાખવા અભિપ્રાય છે.

## ફાયર ટેક્ષ :

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૬–૭–૦૫ના ઠરાવ ક્રમાંક વમન–૮૦૨૦૦૦–૫૦૭૪– પી. થી ફાયર ટેક્ષના નિયમોની મંજુરી મળેલ છે.

સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર નીચે જણાવ્યા મુજબના દરે યથાવત રાખવા અભિપ્રાય છે.

| અ.નં. | વિગત | દર |
|---|---|---|
| ૧. | ફેકટરીની ઈમારતો અને જમીન તેમજ અન્ય મિલકત અને જમીનો કે જે ઔધોગિક હેતુ માટે વપરાતી હોય | સામાન્ય કરના ૫% |
| ૨. | હાઈરાઈઝ ઈમારતો કે જેની ઉંચાઈ ૧૮ મીટરથી વધુ હોય તેવી જમીન અને ઈમારતો | સામાન્ય કરના ૭% |

## ➢ શિક્ષણ ઉપકર (સરચાર્જ) :

તા.૧૬ માર્ચ, ૨૦૦૬ના ગુજરાત રાજ્ય પત્ર (અસાધારણ)ના પ્રસિધ્ધ થયેલા સને ૨૦૦૬ના ગુજરાત વિધેયક ક્રમાંક –૧૩ અનુસાર શિક્ષણ ઉપકર (સરચાર્જ) વસૂલ કરવાનું ઠરાવેલું છે. શિક્ષણ ઉપકર (સર ચાર્જ)ની ગણતરી નીચે મુજબ કરવાની છે. તે મુજબ ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે હાલનું ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે.

૧) ક. કોઈ મકાન અથવા જમીનનો રહેણાંકના હેતુ માટે અથવા વેપાર, વાણિજ્ય અથવા ઉધોગ અથવા વ્યવસાય અથવા ધંધો ચલાવવા સિવાયના કોઈ હેતુથી ઉપયોગ થતો હોય ત્યારે –

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના પાંચ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દશ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના પંદર ટકા ના દરે.

૧) ખ. કોઈ મકાન અથવા જમીનનો વેપાર, વાણિજ્ય અથવા ઉધોગના અથવા વ્યવસાય અથવા ધંધો કરવાનો હેતુ માટે ઉપયોગ થતો હોય ત્યારે–

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દસ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના વીસ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના ત્રીસ ટકાના દરે.

૨) કોઈ જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ ઉપર અલગ સામાન્ય કર આકારવામાં આવ્યો હોય, પણ પેટા કલમ (૧) માં જણાવેલા બે અથવા વધારે હેતુઓ માટે એકી સાથે

ઉપયોગમાં લેવાતા હોય ત્યારે આ કલમ હેઠળનો સરચાર્જ તે જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ જે હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા હોય તે પૈકી કોઇ હેતુઓ સંબંધમાં લાગુ પડતા ઉંચા દરે લેવાનો રહેશે.

## ➢ સફાઇ ચાર્જ :

ભારત સરકારશ્રી ના પર્યાવરણ જાળવણી અધિનિયમના પ્રકરણ –૨૫ ના ફકરા ક્રમાંક ૫.૩.૪.૨૫ માં કોસ્ટ રીકવરી અને ૪.૩.૪ લેવી ઓફ સેનીટિશન ટેક્ષ મીટ એડ કોસ્ટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસીઝ અંતર્ગત સોલીડ વેસ્ટની જે સર્વિસ પુરી પાડવામાં આવે છે. સદર નિયમ અંતર્ગત સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે સફાઇ ચાર્જ નીચે મુજબના ધોરણે વસુલ લેવા અભિપ્રાય છે.

| અ.નં. | સફાઈ ચાર્જ | હાલનો દર | |
|---|---|---|---|
| ૧. | રહેણાંક મિલકતો માટે | (૧) ૫૦.૦૦ ચો.મી. થી ઓછુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૨૫૦–/ |
| | | (૨) ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો.મી. સુધીનું માપ ધરાવતી મિલકત માટે | ₹ ૫૦૦/– |
| | | (૩) ૧૦૦.૦૧ થી વધુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૭૫૦/– |
| ૨. | રહેણાંક સિવાયની મિલકતો માટે | ૧) ૫૦.૦૦ ચો.મી. થી ઓછુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૧૦૦૦/– અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે |
| | | (૨) ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો.મી. સુધીનું માપ ધરાવતી મિલકત માટે | ₹ ૧૮૦૦/– અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે |
| | | (૩) ૧૦૦.૦૧ થી વધુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૨૫૦૦/– અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે |

## ➢ દિવાબત્તી વેરો :

વડોદરા મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં આવેલ ઇમારતો અને મિલ્કતો ઉપર લાઇટીંગ ટેક્ષ નાખવાં કરવામાં આવેલી દરખાસ્તને સમગ્ર સભા ઠરાવ અંક ૩૪૨/ તા. ૧૯–૨–૨૦૦૩ થી મંજુરી મળેલી છે સદર મંજુરી અન્વયે લાઇટીંગ ટેક્ષ નાખવા અંગે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલી જેને સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ અંક વમન ૮૦૨૦૦૩/૧૮૭૩/પી. તા. ૨૫–૯–૨૦૦૩ થી મંજુરી મળેલી છે. સદર મંજુરીમાં "લાઇટીંગ ટેક્ષ" ના બદલે "દિવાબત્તી વેરો" (સ્ટ્રીટ લાઇટ ટેક્ષ) એ મતલબના સુધારા સહિત મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને કામચલાઉ મંજુરી મળેલી છે.

સદર મંજુરી આધારે વડોદરા મહાનગર પાલિકા હદમાં આવેલ ઇમારતો અને મિકલ્કતો ઉપર દિવાબત્તી વેરો નાંખવા અંગેના નિયમોને સમગ્ર સભા. ઠરાવ અંક ૨૨૩/તા ૨૦–૩–૧૩ થી મંજુરી મળેલી સદર મંજુરી આધારે ધી જી.પી. એમ. સી. એક્ટની કલમ ૪૫૫ (૧) મુજબ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી વાંધાસુચનો મંગાવવામાં આવેલા હતા અને સદર વાંધા સુચનો ઉપર આખરી નિર્ણય કરવા અંગેની દરખાસ્ત

મુક./સંકલન/આકારણી/એસ./ જી.બી/૨૫/૨૦૧૩–૧૪ તા. ૧૦/૦૪/૨૦૧૩ થી રજુ કરવામાં આવેલી છે. જેના વાંધા સુચનોની સુનાવણી ખાસ સમીતી દ્વારા કરવામાં આવેલી છે પરંતુ તે અંગેનો ઠરાવ અનિર્ણીત છે. જેનો નિર્ણય થયે રાજ્ય સરકારશ્રીની છેવટની મંજુરી મેળવી અમલીકૃત કરવાનો રહેશે.

## ➢ વાહન ઉપરનો કર (આજીવન વાહન કર) :

આજીવન વાહન કર હાલ ઘી જી.પી.એમ.સી એકટ ૧૯૪૯ હેઠળ વસુલ કરવામાં આવે છે. તે સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે નીચે મુજબના હાલના દર યથાવત રાખવા અભિપ્રાય છે.

| અ. નં. | વિગત | દર |
|---|---|---|
| ૧. | સ્કુટર, મોટર સાયકલ, અને થ્રીચક્રી વાહનો (બેટરી ઓપરેટેડ સહિત) | બેઝીક પ્રાઇઝના ૧.૨૫% |
| ૨. | ઓટોરીક્ષા | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |
| ૩. | લોડીંગ રિક્ષા | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |
| ૪. | મોટરકાર તથા જીપ માટે (બેઝીક પ્રાઇઝ) | |
| | (એ) ₹ ૨,૯૯,૯૯૯/– સુધી | બેઝીક પ્રાઇઝના ૧.૨૫% |
| | (બી) ₹ ૩,૦૦,૦૦૦ /– થી ₹ ૪,૯૯,૯૯૯/– સુધી | બેઝીક પ્રાઇઝના ૧.૭૫% |
| | (સી) ₹ ૫,૦૦,૦૦૦/– થી ₹ ૯,૯૯,૯૯૯/– સુધી | બેઝીક પ્રાઇઝના ૨.૦૦% |
| | (ડી) ₹ ૧૦,૦૦,૦૦૦/– થી ₹ ૨૪,૯૯,૯૯૯/– સુધી | બેઝીક પ્રાઇઝના ૨.૨૫% |
| | (ઇ) ₹ ૨૫,૦૦,૦૦૦/– થી ઉપર | બેઝીક પ્રાઇઝના ૨.૫૦% |
| ૫. | મેટાડોર, મીનીબસ | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |
| ૬. | ટ્રક તથા મોટી બસ (તમામ પ્રકારની) તથા અન્ય તમામ પ્રકારના વાહનો જેનો સમાવેશ અનુક્રમ નં. ૧ થી ૫ માં ના હોય | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |

આ ઉપરાંત વાહન દીઠ ટોકન ₹. ૧૦૦/– વસુલ કરવાનું યથાવત રાખવા અભિપ્રાય છે.

## ➢ થીયેટર ટેક્ષ :

ગુજરાત સરકારના પંચાયત અને આરોગ્ય ખાતાના ઠરાવ અંક–બી.એમ.સી/૪૪૭૪/૨૦૮૬/પી./ તા.૨૧–૩–૧૯૭૫ થી મંજુર કરેલા થીયેટર ટેક્ષ અંગેના નિયમો મુજબ અને ગુજરાત સરકારનાં પંચાયત હાઉસીંગ અને અર્બન ડેવલપમેન્ટના ઠરાવ અંક–બી.પી.એમ.સી./૪૪૭૬/૪૫૭૬/પી./ તા.૧૨–૦૮–૧૯૭૬ અને બી.પી.એમ.સી./૪૪૭૬/૬૫૬૭/પી./૧૮–૧૦–૧૯૭૬ થી વી.એમ.એન. /૧૯૭૯/ ૭૧૫૧/પી./તા.૨૭–૧૨–૧૯૭૯ થી મંજુર કર્યા પ્રમાણે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : જીએફસી ૧૧૨૦૦૦/૨૫૦૫/૨/તા.૯–૨–૨૦૦૧ અનુસાર તેમજ સ.સ.ઠ.અંક: ૧૪૯/તા. ૧૭–૮–૨૦૦૧ મુંજબ સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે લેવા અભિપ્રાય છે.

## ➢ પાર્કીંગચાર્જ :

પાર્કીંગ ચાર્જ (જમીન વાપર પરવાના ફી) ભારે વાહનો (ટ્રક, ટ્રેઇલર, લકઝરી બસ વિગેરે) વાર્ષિક રૂ. ૧૦૦૦/ વાહન દીઠ ચાર્જ લેવામાં આવે છે તે ચાલુ રાખવા અભિપ્રાય છે. તે સિવાયના વાહનો ઉપર ચાર્જ લેવાનો નથી.

## ➢ **વ્યવસાય વેરો :**

વડોદરા મહાનગરપાલિકાની હદમાં વ્યવસાય કરતાં નીચે જણાવેલ પરિશિષ્ટ મુજબના વ્યવસાયકારો તથા પરિશિષ્ટ–૧ ની એન્ટ્રી–૧ માં દર્શાવેલ વેતનદારો પૈકી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, પંચાયત, કેન્ટોનમેંન્ટ વિસ્તાર તથા જાહેર સાહસના એકમના વેતનદાર સિવાયના વેતનદારોએ ભરવાપાત્ર વ્યવસાય વેરો વસુલ કરવાની સત્તા રાજ્ય સરકારશ્રી તરફથી તથા નોટીફીકિશન નં. GHN(૯) PFT-૨૦૦૮–S.૨(aa)(૧)–TH તા.૧–૪–૨૦૦૮ થી વડોદરા મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલી છે. તેમજ કાયદાની જોગવાઈ અનુસાર લઘુતમ અને મહત્તમ દરની મર્યાદા મુજબ દર નક્કી કરવાની સત્તાઓ સુપ્રત થયેલી છે.

સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે વ્યવસાય વેરાના દર નીચે જણાવેલ અનુસુચિ–૧ મુજબ હાલના દરે લેવા અભિપ્રાય છે.

અનુસૂચિ–૧
[જુઓ કલમ ૩ અને કલમ ૫ની પેટા કલમ(૩)]
વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર ઉપરના વેરાનો દર.

| **અ. નં.** | **વ્યક્તિઓનો વર્ગ** | | **વ્યવસાય વેરાનો માસિક દર ₹.** |
|---|---|---|---|
| **(૧)** | **(૨)** | | **(૩)** |
| ૧. | (ક) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, રાજ્ય અને કેન્દ્ર સરકારના જાહેરક્ષેત્રના ઉપક્રમો અને ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓ સિવાયના પગારદારો અને વેતનદારો જેનો માસિક પગાર અથવા વેતન– | | |
| | ૧. | ₹.૬૦૦૦/– થી ઓછો | શુન્ય |
| | ૨. | ₹.૬૦૦૦/– અથવા તેથી વધુ પણ ₹.૯૦૦૦/– થી ઓછો | ₹ ૮૦/– |
| | ૩. | ₹.૯૦૦૦/– અથવા તેથી વધુ પણ ₹.૧૨૦૦૦/– થી ઓછો | ₹ ૧૫૦/– |
| | ૪. | ₹.૧૨૦૦૦/– અથવા તેથી વધુ | ₹ ૨૦૦/– |
| | સ્પષ્ટીકરણ ૧– કોઇ મહિના સિવાયની કોઇ મુદત માટે કોઇ પગાર અથવા વેતન આપવાનું હોય ત્યારે, માસિક પગાર અથવા વેતન, આ નોંધના હેતુ માટે કોઇ મહિના માટે આપેલ અથવા આપવાના પગાર અથવા વેતનની ખરેખર રકમના આધારે ગણવામાં આવશે. | | |
| | સ્પષ્ટીકરણ ૨– કોઇ વ્યક્તિ કોઇ મહિનાના અંત પહેલાં પગાર અથવા વેતન મેળવનાર તરીકે બંધ થાય, ત્યારે તે મહિનાનો વેરો ભરવાની તેની જવાબદારી પ્રમાણસર રીતે ઘટાડવામાં આવશે. | | |
| | | | **વ્યવસાય વેરાનો વાર્ષિક દર ₹.** |
| ૨. | (ક) | સોલીસીટરો અને નોટરી પબ્લીક સહિત કાયદા વ્યવસાયીઓ | ₹ ૨૦૦૦/– |
| | (ખ) | તબીબી સલાહકારો (કન્સલ્ટન્ટો) અને દંત ચિકિત્સકો (ડેન્ટીસ્ટો) સહિત તબીબી વ્યવસાયીઓ. | ₹ ૨૦૦૦/– |
| | (ગ) | આર્કીટેકટો, એન્જીનીયરો, આરસીસી કન્સલ્ટન્ટો, ટેક્ષ કન્સલ્ટન્ટો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, વીમાશાસ્ત્રીઓ અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટો સહિત ટેકનિકલ અને પ્રોફેશનલ કન્સલ્ટન્ટો. | ₹ ૨૦૦૦/– |
| | (ઘ) | વીમા અધિનિયમ, ૧૯૩૮(સન ૧૯૩૮ના ૪થા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા લાઇસન્સ ધરાવતા ચીફ એજન્ટો, પ્રિન્સીપલ એજન્ટો, સ્પેશિયલ એજન્ટો, ઇન્સ્યોરન્સ એજન્ટો અને સર્વેયરો | ₹ ૨૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| | | અથવા લોસ એસેસરો. | |
| | (ચ) | બિલ્ડીંગ કોન્ટ્રાકટરો સિવાયના તમામ કોંટ્રાકટરો. | ₹ ૨૦૦૦/– |
| | (છ) | કમિશન એજન્ટો, દલાલો અને એસ્ટેટ બ્રોકરો સિવાયના બ્રોકરો. | ₹ ૨૦૦૦/– |
| | (જ) | ઓટોમોબાઈલ બ્રોકર્સ | ₹ ૨૦૦૦/– |
| | (ઝ) | ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજન્ટ | ₹ ૨૦૦૦/– |
| | (ટ) | કેબલ ટી.વી. ઓપરેટર્સ | ₹ ૨૦૦૦/– |
| | (ઠ) | ફિલ્મ વિતરકો | ₹ ૨૦૦૦/– |
| | (ડ) | વિજ્ઞાપન એજન્સીઓના માલિકો | ₹ ૨૦૦૦/– |
| | (ઢ) | ટ્યુશન ક્લાસીસ અથવા ટ્યુટોરીયલ ઈન્ટીટ્યુશન્સના માલિકો | ₹ ૨૦૦૦/– |
| | (ત) | કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક મારફત ઓનલાઈન ઈન્ફોર્મેશન અને ડેટા બેઝ સર્વિસમાં રોકાયેલી સંસ્થાના માલિકો અથવા સેવા પુરી પાડનારાઓ. | ₹ ૨૦૦૦/– |
| | (થ) | ડ્રાઈવીંગ સ્કુલના માલિકો | ₹ ૨૦૦૦/– |
| | (દ) | મેરેજ હોલ અને પાર્ટી પ્લોટના માલિકો | ₹ ૨૦૦૦/– |
| | (ધ) | આંગડીઆ અથવા કુરીયર સેવા પુરી પાડનારા | ₹ ૨૦૦૦/– |
| | (ન) | હેલ્થ ક્લબ અને મનોરંજન ક્લબના માલિકો. | ₹ ૨૦૦૦/– |
| ૩. | (૧) | વાયદા–સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૨ (સને ૧૯૫૨ના ૭૪ મા) હેઠળ માન્ય થયેલા એસોસીએશનનાં સભ્યો. | ₹ ૨૦૦૦/– |
| | (૨) | સીક્યોરીટી સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ (સને ૧૯૫૬ના ૪૨મા) હેઠળ માન્ય થયેલા સ્ટોક એક્સચેન્જ સભ્યો. | ₹ ૨૦૦૦/– |
| | (૩) | ઓઈલ પમ્પો અને સર્વિસ સ્ટેશનોનાં માલિકો અને કોઈપણ તેવા પટે લેનારાઓ.૦.૦૧ થી વધુ ચો.,મીટર સુધીની મિલકત માટે. | ₹ ૨૦૦૦/– |
| | (૪) | મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના ૬૯મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે લાઈસન્સ ધરાવતા વિદેશી દારુ વેચનારા અને નિવાસી હોટલો અને થિયેટરોના માલિકો. | ₹ ૨૦૦૦/– |
| | (૫) | ચીટ ફંડોનું સંચાલન કરતી વ્યક્તિઓ અથવા સંસ્થાઓ | ₹ ૨૦૦૦/– |
| | (૬) | બેંકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯ (સને ૧૯૪૯ના ૧૦મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની બેંકિંગ કંપનીઓ. | ₹ ૨૦૦૦/– |
| | (૭) | ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) હેઠળ રજીસ્ટર થયેલી અથવા રજીસ્ટર થયેલ હોવાનું ગણાતી સહકારી સોસાયટીઓ. | ₹ ૨૦૦૦/– |
| | | (ક) કોઈપણ વ્યવસાય, વ્યાપાર ધંધામાં રોકાયેલી રાજ્ય સ્તરની મંડળીઓ અને જીલ્લા સ્તરની મંડળીઓ. | ₹ ૨૦૦૦/– |
| | | (ખ) સહકારી સુગર ફેક્ટરીઓ અને સહકારી સ્પીનીંગ મિલો. | ₹ ૨૦૦૦/– |
| | (૮) | એસ્ટેટ એજન્ટો અથવા એસ્ટેટ બ્રોકર્સ અથવા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો | ₹ ૨૦૦૦/– |
| | (૯) | વિડીયો પાર્લર્સ અથવા વિડીયો લાઈબ્રેરી અથવા તે બન્નેના માલિકો અથવા તે બન્ને ભાડા પટે આપેલ હોય ત્યારે તેને ભાડા પટે રાખનાર. | ₹ ૨૦૦૦/– |
| ૪ | કોઈપણ વ્યવસાય, વ્યાપાર આવા ધંધામાં રોકાયેલી ભારતીય ભાગીદારી | | ₹ ૨૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| | અધિનિયમ, ૧૯૩૨ (સને ૧૯૩૨ના ૯મા) હેઠળ રજિસ્ટર થયેલી પેઢીઓ. | | |
| ૫ | કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના ૬૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કંપનીનાં ભોગવટેદારો. | | ₹ ૨૦૦૦/– |
| ૬ | મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના આશરે પાંચથી વધુ કર્મચારીઓ કામે રાખેલા હોય તેવી સંસ્થાના માલિકો. | | ₹ ૨૦૦૦/– |
| ૭ | ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને ૨૦૦૫ના ૧લા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓનું કૂલ વાર્ષિલ ટર્ન ઓવર – | | ₹ ૨૦૦૦/– |
| | (૧) | ₹ ૨,૫૦,૦૦૦/– થી વધુ ન હોય તો | શૂન્ય |
| | (૨) | ₹ ૨,૫૦,૦૦૦/– થી વધુ હોય પણ ₹ ૫,૦૦,૦૦૦/– થી વધુ ન હોય તો. | ₹ ૫૦૦/– |
| | (૩) | ₹ ૫,૦૦,૦૦૦/– થી વધુ હોય પણ ₹ ૧૦,૦૦,૦૦૦/– થી વધુ ન હોય તો. | ₹ ૧૨૫૦/– |
| | (૪) | ₹ ૧૦,૦૦,૦૦૦/– થી વધુ હોય તો. | ₹ ૨૪૦૦/– |
| | સ્પષ્ટીકરણ : આ નોંધના હેતુ માટે, "વર્ષ" એ શબ્દનો અર્થ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને–૨૦૦૫ ના ગુજરાતના ૧લા) ની કલમ ૨ના ખંડ(૩૬) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વર્ષ એવો થશે. | | |
| ૮ | મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સને ૧૯૮૮ના ૫૯મા) હેઠળ ભાડાની અથવા બદલાની રકમ લઈને વપરાતા અથવા વાપરવા માટે અનુકુળ બનાવેલા ટ્રાન્સપોર્ટ વાહનો, બસો, ટેક્ષીઓ, ટ્રકો અથવા ત્રણ પૈંડાવાળા મોટર વાહનોની પરમીટ ધરાવતી હોય ત્યારે. | | ₹ ૨૦૦૦/– |
| | સ્પષ્ટીકરણ :– એકજ કુટુંબના સભ્યો તરીકે સાથે રહેતી અને અલગ પરમીટો ધરાવતી વ્યક્તિઓ, આ નોંધના હેતુઓ માટે એક જ વ્યક્તિ તરીકે ગણાશે. | | |
| ૯ | મુંબઈ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ,૧૯૪૬ કરનારાઓ (સને ૧૯૪૭ના ૩૧મા) હેઠળ લાયસન્સ આપેલા નાણાંની ધીરધાર | | ₹ ૨૦૦૦/– |
| ૧૦ | આગળની કોઈ નોંધમાં ઉલ્લેખેલી ન હોય તેવી, વ્યવસાય, વ્યાપાર, ધંધો અથવા રોજગાર કરતી અને કલમ ૩ની પેટા કલમ(૨) ના ચોથા પરંતુક હેઠળ જેના સંબંધમાં જાહેરનામું બહાર પાડેલું હોય તેવી વ્યક્તિઓ. | | ₹ ૨૦૦૦/– |

**સને ૨૦૧૮–૨૦૧૯ રીવાઇઝ્ડ અંદાજપત્ર :–**

સને ૨૦૧૮–૨૦૧૯નું મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ રીવાઇઝ્ડ અંદાજપત્ર જમા તથા ખર્ચનો અભ્યાસ કરતા સ્થાયી સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલ છે જે અંદાજપત્રમાં સંબંધીત બજેટ સદરોની સામે સ્થાયી સમિતિની ભલામણના કોલમોમાં દર્શાવવામાં આવેલા છે. જમા તથા ખર્ચના સદરોમાં કરેલી વધ–ઘટ અને ફેરફારોના કારણે મહાનગરપાલિકાનું સને ૨૦૧૮–૨૦૧૯નું રીવાઇઝ્ડ અંદાજપત્ર નીચે મુજબ રહેશે.

**સને૨૦૧૮–૨૦૧૯ રેવન્યુ જમા બાજુ :–**

**(₹લાખમાં)**

| **અ. નં.** | **સદર** | **મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ** | **સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ** |
|---|---|---|---|
| ૧ | મ્યુનિસિપલ કર અને દર | ૪૩૭૭૯.૮૧ | ૪૩૭૭૯.૮૧ |
| ૨ | ખાસ કાયદા મુજબ | ૧૧૭૩૬.૫૦ | ૧૧૭૩૬.૫૦ |
| ૩ | મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ | ૬૭૦૯.૯૫ | ૬૭૦૯.૯૫ |
| ૪ | સરકાર મદદ | ૪૮૩૧૨.૫૦ | ૪૮૩૧૨.૫૦ |
| ૫ | અન્ય આવક | ૪૨૦૨.૨૦ | ૪૨૦૨.૨૦ |
| | **કૂલ** | **૧૧૪૭૪૦.૯૬** | **૧૧૪૭૪૦.૯૬** |

**સને૨૦૧૮–૨૦૧૯ રેવન્યુ ખર્ચ બાજુ :–**

**(₹લાખમાં)**

| **અ. નં.** | **સદર** | **મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ** | **સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ** |
|---|---|---|---|
| ૧ | મહેકમ | ૬૦૦૨૦.૭૮ | ૬૦૦૨૦.૭૮ |
| ૨ | કન્ટીજન્સી | ૪૧૬.૮૦ | ૪૧૬.૮૦ |
| ૩ | નિભાવણી | ૩૧૫૭૮.૧૭ | ૩૧૬૨૭.૧૭ |
| ૪ | પ્રાથમિક શિક્ષણ | ૧૪૭૫૦.૦૦ | ૧૪૭૫૦.૦૦ |
| ૫ | લોન ચાર્જિસ | ૪૫૩૫.૮૦ | ૪૫૩૫.૮૦ |
| | **કૂલ** | **૧૧૧૩૦૧.૫૫** | **૧૧૧૩૫૦.૫૫** |

**સને ૨૦૧૮–૨૦૧૯ રીવાઇઝ્ડ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થીતિ**

**(₹લાખમાં)**

| **અ. નં.** | **સદર** | **મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ** | **સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ** |
|---|---|---|---|
| ૧ | ખુલતી સિલક | ૪૧૪૩.૪૬ | ૪૧૪૩.૪૬ |
| ૨ | આમદાની | ૧૧૪૭૪૦.૯૬ | ૧૧૪૭૪૦.૯૬ |
| ૩ | રેવન્યુ ખર્ચ | ૧૧૧૩૦૧.૫૫ | ૧૧૧૩૫૦.૫૫ |
| | બાકી સિલક /ખાધ | ૭૫૮૨.૮૭ | ૭૫૩૩.૮૭ |
| | કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | ચોખ્ખી બાકી સિલક /ખાધ | ૨૫૮૨.૮૭ | ૨૫૩૩.૮૭ |

## સને ૨૦૧૮–૨૦૧૯ રીવાઇઝ્ડ રેવન્યુ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થીતિ

(₹લાખમાં)

| અ. નં. | સદર | મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | ખુલતી સિલક | ૩૬.૦૩ | ૩૬.૦૩ |
| | રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૨ | કેપીટલ આમદાની | ૧૨૮૬૪.૦૦ | ૧૨૮૬૪.૦૦ |
| | આંતરીક ભંડોળ/લોન | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| | કૂલ આવક | ૨૭૯૦૦.૦૩ | ૨૭૯૦૦.૦૩ |
| ૩ | કેપીટલ ખર્ચ | ૨૭૩૭૪.૭૧ | ૨૭૩૬૯.૭૧ |
| | કૂલ બાકી સિલક /ખાધ | ૫૨૫.૩૨ | ૫૩૦.૩૨ |

## સને ૨૦૧૮–૨૦૧૯ના રીવાઇઝ્ડ બજેટ સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા– ઘટાડાનું પત્રક

(₹લાખમાં)

| અ.નં. | બજેટ કોડ | સદર | મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|
| **રેવન્યુ બજેટ ભાગ–૧ (રેવન્યુ ખર્ચ)** | | | | | | |
| ૧ | પરિશિષ્ટ નં – ૬ | કન્ઝરવન્સી | ૨૭૨૦.૩૧ | ૨૭૬૯.૩૧ | ૪૯.૦૦ | ૦.૦૦ |
| | | **કૂલ વધ–ઘટ** | ૨૭૨૦.૩૧ | ૨૭૬૯.૩૧ | ૪૯.૦૦ | ૦.૦૦ |
| **રેવન્યુ બજેટ ભાગ–૨ (કેપીટલ ખર્ચ)** | | | | | | |
| ૧ | D ૧૩૦૧૬૪૬ | રોડ સાઇડ ફર્નિચર તૈયાર કરવા તથા સુશોભન કરવા | ૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ |
| | | **કૂલ વધ–ઘટ** | ૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ |



A329

**સને ૨૦૧૯–૨૦૨૦ ડ્રાફ્ટ અંદાજપત્ર :–**

સને ૨૦૧૯–૨૦૨૦નું મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ ડ્રાફ્ટ અંદાજપત્ર જમા તથા ખર્ચનો અભ્યાસ કરતા સ્થાયી સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલ છે જે અંદાજપત્રમાં સંબંધીત બજેટ સદરોની સામે સ્થાયી સમિતિની ભલામણના કોલમોમાં દર્શાવવામાં આવેલા છે. જમા તથા ખર્ચના સદરોમાં કરેલી વધ–ઘટ અને ફેરફારોના કારણે મહાનગરપાલિકાનું સને ૨૦૧૯–૨૦૨૦ નું ડ્રાફ્ટ અંદાજપત્ર નીચે મુજબ રહેશે.

**સને૨૦૧૯–૨૦૨૦ રેવન્યુ જમા બાજુ :–**

**(₹ લાખમાં)**

| **અ. નં.** | **સદર** | **મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ** | **સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ** |
|---|---|---|---|
| ૧ | મ્યુનિસિપલ કર અને દર | ૪૩૮૧૯.૮૧ | ૪૩૮૧૯.૮૧ |
| ૨ | ખાસ કાયદા મુજબ | ૧૨૭૩૬.૫૦ | ૧૨૭૩૬.૫૦ |
| ૩ | મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડું તથા વ્યાજ | ૭૨૮૦.૯૫ | ૭૨૮૦.૯૫ |
| ૪ | સરકાર મદદ | ૫૦૨૬૨.૫૦ | ૫૦૨૬૨.૫૦ |
| ૫ | અન્ય આવક | ૪૪૩૬.૨૦ | ૪૪૩૬.૨૦ |
| | **કૂલ** | **૧૧૮૫૩૫.૯૬** | **૧૧૮૫૩૫.૯૬** |

**સને ૨૦૧૯–૨૦૨૦ રેવન્યુ ખર્ચ બાજુ**

**(₹ લાખમાં)**

| **અ. નં.** | **સદર** | **મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ** | **સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ** |
|---|---|---|---|
| ૧ | મહેકમ | ૬૧૪૧૯.૯૬ | ૬૧૪૧૯.૯૬ |
| ૨ | કન્ટીજન્સી | ૪૪૯.૨૩ | ૪૪૯.૨૩ |
| ૩ | નિભાવણી | ૨૯૦૭૧.૧૩ | ૨૯૧૧૧.૨૩ |
| ૪ | પ્રાથમિક શિક્ષણ | ૧૫૬૩૫.૦૦ | ૧૫૬૩૫.૦૦ |
| ૫ | લોન ચાર્જિસ | ૫૬૩૫.૮૦ | ૫૬૩૫.૮૦ |
| | **કૂલ** | **૧૧૨૨૧૧.૧૨** | **૧૧૨૨૫૧.૨૨** |

**સને ૨૦૧૯–૨૦૨૦ ડ્રાફ્ટ રેવન્યુ બજેટ સમગ્ર પરિસ્થીતિ**

**(₹ લાખમાં)**

| **અ. નં.** | **સદર** | **મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ** | **સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ** |
|---|---|---|---|
| ૧ | ખુલતી સિલક | ૨૫૮૨.૮૭ | ૨૫૩૩.૮૭ |
| ૨ | આમદાની | ૧૧૮૫૩૫.૯૬ | ૧૧૮૫૩૫.૯૬ |
| ૩ | રેવન્યુ ખર્ચ | ૧૧૨૨૧૧.૧૨ | ૧૧૨૨૫૧.૨૨ |
| | બાકી સિલક /ખાધ | ૮૯૦૭.૭૧ | ૮૮૧૮.૬૧ |
| | કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| | **બાકી સિલક (મહેસૂલી)** | **૪૯૦૭.૭૧** | **૪૮૧૮.૬૧** |

## સને ૨૦૧૯–૨૦૨૦ ડ્રાફ્ટ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થીતિ

**(₹ લાખમાં)**

| અ. નં. | સદર | મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|---|
| ૧ | ખુલતી સિલક | ૫૨૫.૩૨ | ૫૩૦.૩૨ |
| ૨ | રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| ૩ | કેપીટલ આમદાની | ૧૬૯૭૩.૦૦ | ૧૬૯૭૩.૦૦ |
| ૪ | આંતરીક ભંડોળ/લોન | ૧૦૫૦૦.૦૦ | ૧૦૫૦૦.૦૦ |
| ૫ | કૂલ આવક | ૩૧૯૯૮.૩૨ | ૩૨૦૦૩.૩૨ |
| ૬ | કેપીટલ ખર્ચ | ૩૧૯૧૩.૯૫ | ૩૧૮૩૬.૯૫ |
| **૭** | **બાકી સિલક /ખાધ** | **૮૪.૩૭** | **૧૬૬.૩૭** |

## સને ૨૦૧૯–૨૦૨૦ના ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા– ઘટાડાનું પત્રક

**(₹ લાખમાં)**

| અ. નં. | બજેટ કોડ | સદર | મ્યુનિ. કમિશનરશ્રીએ સુચવેલ અંદાજ | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|
| **રેવન્યુ બજેટ ભાગ–૧ (રેવન્યુ ખર્ચ)** | | | | | | |
| ૧ | પરિશિષ્ટ નં – ૬ | કન્ઝરવન્સી | ૨૯૯૦.૫૫ | ૩૦૩૩.૬૫ | ૪૩.૧૦ | ૦.૦૦ |
| ૨ | B ૦૫૦૧૩૦૧ | ઓઇલ તથા ઓજારો વિગેરે ખરીદવા | ૫.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ | ૩.૦૦ |
| | | **કૂલ વધ–ઘટ** | **૨૯૯૫.૫૫** | **૩૦૩૫.૬૫** | **૪૩.૧૦** | **૩.૦૦** |
| **રેવન્યુ બજેટ ભાગ–૨ (કેપીટલ ખર્ચ)** | | | | | | |
| ૧ | D ૧૦૦૧૬૦૪ (પરિશિષ્ટ –૫) | ~~કબ્રસ્તાનમાં~~ સુવિધા વધારવા | ૨.૦૦ | ૧૦.૦૦ | ૮.૦૦ | ૦.૦૦ |
| ૨ | D ૧૨૦૪૬૨૫ (પરિશિષ્ટ –૫) | ખુલ્લી જમીનો તથા કોર્પોરેશનની ઇમારતોને કમ્પાઉન્ડ વોલ કરવા | ૩૦.૦૦ | ૫૦.૦૦ | ૨૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | D ૧૩૦૧૬૪૬ | રોડ સાઇડ ફર્નિચર તૈયાર કરવા તથા સુશોભન કરવા | ૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ |
| ૪ | D ૧૮૦૧૬૧૮ | ફ્યુચરીસ્ટીક પ્રોજેક્ટ | ૨૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | | **કૂલ વધ–ઘટ** | **૨૩૭.૦૦** | **૧૬૦.૦૦** | **૨૮.૦૦** | **૧૦૫.૦૦** |

□

સને ૨૦૧૯–૨૦ માટેની કામોની યાદી/પરિશિષ્ટ–૧૦(લાગત) સ્થાયી સમિતિએ સુચવેલ સુધારા–વધારા– સહ મંજુર રાખવા અભિપ્રાય છે.

## બજેટનાં સુચનો

(૧) માંજલપુર, ઈન્દ્રપુરી, સુભાનપુરા તથા અકોટા અતિથિગૃહ સિવાયના અન્ય તમામ અતિથિગૃહોને ખાનગી એજન્સી મારફતે ચલાવવા સંદર્ભે નિતીવિષયક અલાયદા દરખાસ્ત મંજુરી અર્થે સામાન્ય સભામાં રજુ કરવી.

(૨) સરદારબાગ, લાલબાગ અને રાજીવ ગાંધી સ્વીમીંગ પુલની નિભાવણી ફકત ખાનગી એજન્સી દ્વારા કરાવવાનું આયોજન કરવુ.

(૩) વડોદરા મહાનગરપાલિકા દ્વારા સંચાલિત નગરગૃહો (સર સયાજીરાવ નગરગૃહ, મહાત્મા ગાંધી નગરગૃહ, પંડિત દિનદયાલ ઉપાધ્યાય નગરગૃહ)ને ખાનગી એજન્સી મારફતે ચલાવવા સંદર્ભેની નિતી વિષયક દરખાસ્ત મંજુરી અર્થે સામાન્ય સભામાં રજુ કરવી.

(૪) વડોદરા શહેરના વિવિધ બાગોને મેઈનટેઈન કરવા માટે વડોદરાની આસપાસ આવેલી કંપનીઓને CSR અંતર્ગત મેઈનટેઈન કરવા માટે આપવા સંદર્ભે કાર્યવાહી કરવા સુચન છે.

(૫) વડોદરા શહેરના મુખ્ય રસ્તા પૈકી નકકી કરવામાં આવેલા રસ્તાઓ ઉપર લારી, ગલ્લા ઉભા ના રહે અને બેનરો લાગે નહી તે માટે ઈલાયદા સ્કોડ બનાવી કામગીરી કરવા સુચન છે.

(૬) શહેરના તળાવોને પણ PPP ના ધોરણે મેઈનટેઈન કરવા આપવા સંદર્ભેની દરખાસ્ત મંજુરી અર્થે સામાન્ય સભામાં રજુ કરવી.

(૭) તળાવોની વેલોને કેમીકલ નાંખીને ચોખ્ખી કરવામાં આવે છે તે જ આધારે શહેરના અન્ય તળાવોમાં પણ કેમીકલ નાંખીને તળાવો સાફ કરવાનુ આયોજન પ્રાયોગીક ધોરણે હાથ ધરવા સુચન છે.

(૮) શહેરનાં મુખ્ય પ્રવેશદ્વાર સમાન મુખ્ય રસ્તાઓને તથા સર્કલોને વિવિધ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા CSR માં વિકસાવવા/બ્યુટીફાય કરવાનું આયોજન કરવા સુચન છે.

## ઠરાવ

મ્યુનિસિપલ સભાસદશ્રીઓએ તેઓની કવોટા–ફોડવારીની રકમમાંથી મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા–જુદા વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના જીમ્નેશીયમ, મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર, મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના સીટી સીવીક સેન્ટર, મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકનાં સ્વીમીંગ પુલ, મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના હેલ્થ સેન્ટર, મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના બિલ્ડીંગો, મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્મશાનગૃહો અને મ્યુનિસિપલ કોર્પોરેશનના બગીચાઓ તથા ધાર્મિક સંસ્થાઓ વગેરેમાં (૧) જાહેર જનતાના હિતમાં મ્યુ. મિલ્કતમાં વોટર કુલર મુકવાના કામ. (૨) જાહેર જનતાના હિતમાં મ્યુ. મિલ્કતમાં વોટર પ્યુરીફાયર મુકવાના કામ તથા (૩) સોસાયટી, ચાલી વિસ્તારના નાકે બોર્ડ મુકવા બજેટ ફાળવી શકશે તેવું ઠરાવવા અભિપ્રાય છે.

# વડોદરા મહાનગરપાલિકા

## સને ૨૦૧૯–૨૦નું

**કમિશનરશ્રીનું નિવેદન**

A333

# વડોદરા મહાનગરપાલિકા

## સને ૨૦૧૮-૧૯ ના રીવાઇઝ અને સને ૨૦૧૯-૨૦ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે કમિશનરશ્રીનું નિવેદન

**સ્થાયી સમિતિના માનનીય ચેરમેનશ્રી અને સભાસદશ્રીઓ :**

જી.પી.એમ.સી એક્ટની કલમ ૯૫ હેઠળ વડોદરા મહાનગરપાલિકાનું સને ૨૦૧૮–૧૯ નું રિવાઇઝ તથા સને ૨૦૧૯–૨૦ નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતાં મને ઘણો આનંદ થાય છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલ વિકાસના કાર્યોની ધૂરા જેમના સક્ષમ હાથોમાં છે તેવા આ શહેરના માનનીય મેયરશ્રી ડૉ. જીગીશાબેન શેઠ, ડેપ્યુટી મેયરપદે બિરાજેલ માનનીયશ્રી જીવરાજભાઇ ચૌહાણ તથા સ્થાયી સમિતિના માનનીય અધ્યક્ષશ્રી સતીષભાઇ પટેલ, સ્થાયી સમિતિનાં માનનીય સભ્યોશ્રીઓ તથા અન્ય તમામ મ્યુનિસિપલ સભાસદશ્રીઓ સહિત આપ સૌને હું અભિવાદન સહ આવકારુ છુ.

સને ૨૦૧૮–૧૯ નું વર્ષ વડોદરા શહેર અને મહાનગરપાલિકા માટે ઘણું અગત્યનું સાબિત થયુ છે. સરદાર સરોવર કે જે વડોદરા શહેરથી ૯૦ કિ.મી ના અંતરે આવેલ છે જ્યાં હમણાં જ સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના અનાવરણ બાદ વડોદરા શહેરનું નામ વધુ જાણીતુ બન્યું છે. આ પ્રતિમા સુધી પહોંચવા માટે વડોદરા રેલવે, રોડ અને એર કનેક્ટીવીટી ધરાવતુ આદર્શ અને સુલભ સ્થળ બન્યું છે. મુંબઇ અને દિલ્હી ઉપરાંત ઇંદોર, બેંગ્લોર, હૈદારાબાદ, અને જયપુર જેવા સ્થળોને જોડતી સીધી હવાઇ મુસાફરી શક્ય બની છે. જે વડોદરાનું મહત્વ દર્શાવે છે. આજવા બાગ ખાતે શરૂ કરવામાં આવેલ વિશ્વ કક્ષાનો "અતાપી વંડર લેન્ડ થીમ પાર્ક" દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષવા માટેનું ઉત્તમ સ્થળ બની રહેશે એવી આશા છે. વડોદરા તેના ભવ્ય ભૂતકાળ, વૈભવી વર્તમાન અને સમૃધ્ધ વારસાનું અગત્યનું શહેર છે.

તળાવો, બગીચાઓ અને સંસ્કાર નગરી તરીકેની વડોદરાની છબીને જીવંત રાખવા વર્ષ દરમિયાન ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છે. તથા સાથે સાથે સ્વચ્છતા અભિયાન અંતરગત અસરકારક કામગીરી કરવામાં આવી છે. સ્માર્ટ સીટી અંતરગત વાઇ–ફાઇ અને આઇ પોલ્સ નું નિર્માણ, ઇ–ટોઇલેટ તથા વોટર ATM અને શહેરી બસ સેવા જેવા કામોને આવરી લેવામાં આવ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા તળાવોનું બ્યુટીફિકેશન તેમજ શહેરની ઓળખ સમાન ચાર દરવાજાઓ તથા માંડવીના રીસ્ટોરેશનની નોંધપાત્ર કામગીરી પણ કરવામાં આવી છે. શહેરના પૂર્વ વિસ્તારના નગરજનો માટે પંડિત દીનદયાળ નગરગૃહ તથા સરદાર એસ્ટેટ કોમ્યુનીટી હોલ નગરજનોને અર્પણ કરવામાં આવ્યા છે. અકોટા વિસ્તારમાં ટેનિસ કોર્ટ તથા સમા વિસ્તારમાં બેબી સ્વીમિંગ પુલ ની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ સયાજીપુરા તથા વાસણા ખાતેની આવાસ યોજના પૂર્ણ કરવામાં આવી છે. તો સાથે સાથે શહેરના કેટલાક વિસ્તારોમાં માઇક્રો ટનલીંગ પધ્ધતિથી નવિન ડ્રેનેજ ગ્રેવીટી લાઇનના કામો પણ સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. નગરજનોના આરોગ્ય સંદર્ભે વિશેષ રૂપે હેંગીંગ ટવીન ડસ્ટબીન તથા ઓન સાઇટ કંપોસ્ટીંગ મશીન કાર્યરત કરવામાં આવ્યા અને શહેરના વિવિધ બગીચાઓમાં ફિઝીકલ ફીટનેસના સાધનો પણ મૂકવામાં આવ્યા જેને નગરજનો તરફથી હકારાત્મક પ્રતિભાવ મળ્યો છે.

વડોદરા શહેર વિકાસનો સતત અપડેટ થતો નક્શો છે. વિકાસની આ ગતિ મંદ ન પડે અને નાગરીકોની સુખાકારી જળવાઇ રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ ઘણાં બધા કાર્યો હાલ પ્રગતિ હેઠળ છે અને આવનાર આગામી વર્ષમાં પૂર્ણ થશે.

છેલ્લા કેટલાક વર્ષોમાં નાણાકીય સ્થિતિ સંદર્ભે આવક અને જાવક વચ્ચેનું અંતર વધ્યુ છે. સાતમાં પગાર પંચના અમલીકરણને કારણે થયેલ મહેકમ ખર્ચમાં વધારો તથા વર્ષ દરમિયાન અંદાજીત રૂ. ૫૦૦ થી રૂ. ૬૦૦ કરોડના વિકાસલક્ષી કામોને કારણે તેની નિભાવણી પેટે પણ ખર્ચમાં ઘણો વધારો થયો છે. નાણાંકીય પરિસ્થિતીને સંતુલિત કરવા ચાલુ વર્ષે સ્વભંડોળનાં કામને નિયંત્રિત કરી પાણી, ડ્રેનેજ, વરસાદી ગટર, જાહેર આરોગ્ય જેવા અતિ મહત્વનાં અને શહેરીજનોની દૈનિક જરૂરિયાત સાથે સંકળાયેલા કામો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ છે.

શહેરનાં વિકાસની ગતિ પર પ્રતિકૂળ અસર ન પડે તે હેતુસર કેપિટલ બજેટ હેઠળનાં  મહત્વનાં મોટા પ્રોજેક્ટસ સરકારશ્રીની ગ્રાંટ હેઠળ અથવા પીપીપી ધોરણે કરવાનો અભિગમ અપનાવવામાં આવેલ છે. જેની નાણાંકીય  પરિસ્થિતી પર સકારાત્મક અસર જોવા મળેલ છે. આજ  વ્યવસ્થા આગામી વર્ષે પણ યથાવત રાખી નાગરિક સુખાકારી તથા વિકાસની પ્રાથમિકતા વાળા નીચે જણાવેલ કાર્યો ગ્રાંટ અથવા પીપીપી ધોરણ હેઠળ આવરી લેવામાં આવશે.

- આજવા સરોવરમાં પાણીનું લેવલ ઓછું થાય ત્યારે પણ નગરજનોને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે સરોવરના ડેડ સ્ટોરેજ પાણી ને પમ્પીંગ કરી મેળવવા હયાત પાણીની લાઇનો બદલવાની કામગીરી, રાયકા ખાતે WTP બનાવવાની કામગીરી, પોઇચા ખાતે નવિન ફિડર લાઇન નાંખવાની કામગીરી તથા શહેરની મુખ્ય પાંચ ટાંકીઓ જેવી કે આજવા, પાણીગેટ, નાલંદા, ગાજરાવાડી અને બાપોદ ટાંકીના કમાન્ડ એરિયામાં નેટવર્ક સુધારવાની કામગીરી આગામી સમયમાં હાથ ધરવામાં આવશે. ઉપરાંત, આગામી વર્ષોમાં રીસાઇકલ વોટરનો ઉપયોગ વધે તે દિશામાં પણ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વોટર મીટર પોલીસી પણ ટૂંક સમયમાં અમલમાં મૂકવામાં આવનાર છે.
- વિશ્વવામિત્રી નદીમાં જતા મલિન જળને રોકવા તથા મલિન જળ શુદ્ધિકરણની ક્ષમતા વધારવાના હેતુસર છાણી ખાતે ૫૦ MLD ક્ષમતાનો, ભાયલી અને તલસટ ખાતે નવિન સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા નાગરવાડા બ્રીજ નજીક નવિન સુવેઝ પંપીંગ સ્ટેશન બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. ઉપરાંત કેટલાક વિસ્તારોમાં નવિન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાની કામગીરી તથા હયાત STP ની ક્ષમતા વધારવાની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે.
- રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર પોલીસી અંતરગત IOCL, GSFC, RELIANCE Industries જેવા ઔદ્યોગિક એકમોને ટ્રીટેડ વોટર આપવા માટે પ્રોજેક્ટ રીપોર્ટ રાજ્ય સરકારશ્રીમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના અમલીકરણને લીધે પર્યાવરણની જાળવણી થશે તથા આવકનો નવિન સ્ત્રોત ઉભો થશે.
- શહેરનાં પશ્ચિમ વિસ્તારનાં નાગરીકો માટે અગ્નિશમન તેમજ આકસ્મિક સેવાઓના લાભ મળી રહે તે માટે વાસણા–ભાયલી ખાતે નવિન ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.
- સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતરગત સીટી બસ સર્વિસ અંગેની તમામ માહિતી ઓનલાઇન તેમજ મોબાઇલ એપ ઉપર મળી રહે તે હેતુસર તમામ બસોને Integrated Traffic System થી સુસજ્જ કરવામાં આવશે તેમજ પ્રાયોગિક ધોરણે બે ઇલેક્ટ્રીક સીટી બસ શરૂ કરવામાં આવનાર છે જેથી નાગરીકોને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે.
- વડોદરા શહેરના ફરતે અને આસપાસ વિકસિત થઇ રહેલ વિસ્તારો તેમજ ઇન્ડઝટ્રીયલ એરીયાનો શહેર સાથે કનેકટીવીટી આપવા માટે માસ ટ્રાન્સ્પોર્ટ સિસ્ટમ ડેવલપ કરવા માટેનો માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
- વુડામાં સમાવિષ્ટ વિસ્તારોને આવરી લઇ શેરખી ગામ ખાતે ૮૦ હેક્ટર જમીન પર વેસ્ટ ટુ એનર્જીના નવિન પ્રોજેક્ટનું આયોજન પણ હાથ ધરવામાં આવનાર છે.

- રેઇન વોટર હાર્વેસ્ટીંગ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, રેઇન વોટર રીસાઇકલીંગ તેમજ સોલર એનર્જી ઇન્સ્ટોલેશન અને જનરેશન અંતરગત વિવિધ કામગીરી હાથ ધરી ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવશે.
- શહેરનાં કેટલાક મુખ્ય રસ્તાઓ ઉપર સ્માર્ટ રોડ અને યુટીલીટી ડક્ટ બનાવવાનું આયોજન પણ હાથ ધરેલ છે. જે અંતરગત ફૂટપાથ, સાઇકલ ટ્રેક, સ્ટ્રીટ ફર્નિચર, ગાર્ડનીંગ જેવા સ્માર્ટ એલીમેન્ટ્સ નો સમાવેશ કરવામાં આવશે. શહેરનાં ચાર મુખ્ય પ્રવેશદ્વારનાં રસ્તા પર યુટીલીટી ડક્ટ બનાવવાથી રસ્તાને થતા નુક્શાનને અટકાવી શકાશે.
- શહેરનાં પશુધન માટે ગોચરની જમીન પર પીપીપી ધોરણે પશુધન કેર સેન્ટરના નિર્માણની જોગવાઇ પણ કરવામાં આવનાર છે.
- શહેરમાં પ્રતિદિન વધતી જતી ટ્રાફીકની સમસ્યાનાં નિરાકરણ હેતુ શહેરનાં પશ્ચિમ વિસ્તારમાં અલકાપુરી ખાતે આગામી વર્ષે મલ્ટી લેવલ પાર્કીંગની સુવિધા ઉભી કરવાનું આયોજન છે.
- વડસર ખાતે નવનિર્મિત ટ્રી–મ્યુઝીયમ ની જગ્યામાં નવિન સાયકલ ટ્રેક નગરજનોને ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

વિશેષમાં, કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા સુચિત પ્રમાણમાં મોટા કહી શકાય તેવા કેટલાક વિકાસલક્ષી અને અત્યાધુનિક પ્રોજેક્ટ્સ માટે જરૂરી નાણાં ઉપલબ્ધ કરવા ગેપ ફન્ડીંગ સ્કીમ હેઠળ બોન્ડ બહાર પાડી નાણાકીય સ્ત્રોત ઉભો કરવા કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે. આથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા પણ આગામી સમયગાળામાં અમૃત યોજના માટે પોતાના ફાળાની રકમ માટે રૂ. ૧૦૦ કરોડનાં બોન્ડ બહાર પાડી નાણાકીય સ્ત્રોત ઉભો કરવાનું આયોજન છે.

**બજેટની સમીક્ષા :**

ચાલુ વર્ષે ૨૦૧૮–૧૯ માં મિલ્કત વેરા તથા અન્ય વેરામાં સઘન વસુલાત ઝુંબેશ ચલાવી વેરાની આવકમાં વધારો મેળવેલ છે. જેના કારણે મહેકમ તથા નિભાવણીનાં વધતા ખર્ચને પહોંચી વળી શકાયુ છે. તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ સમયાંતરે ફાળવેલ ગ્રાંટના કારણે મહાનગરપાલિકા વિકાસની ગતિને એક નવા શિખરે લઇ જવા સફળ રહ્યું છે. અને આ ગતિ ચાલુ રહે તેના ઉદ્દેશ સાથે સને ૨૦૧૮–૧૯ નું રિવાઇઝ તથા સને ૨૦૧૯–૨૦ નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતા મને ઘણો આનંદ થાય છે.

સને ૨૦૧૮–૧૯ ના રિવાઇઝ તથા સને ૨૦૧૯–૨૦ ના ડ્રાફ્ટ અંદાજો, રેવન્યુ બજેટ પત્રક–અ તથા કેપીટલ બજેટ પત્રક–બ નીચે મુજબ છે.

## પત્રક– અ રેવન્યુ બજેટ

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૮–૧૯ નો મંજુર અંદાજ | ૨૦૧૮–૧૯ નો રીવાઇઝ અંદાજ | ૨૦૧૯–૨૦ નો ડ્રાફ્ટ અંદાજ |
|---|---|---|---|---|
| અ. | પુરાંત બાકી | ૨૩.૬૮ | ૪૧.૪૩ | ૨૫.૮૩ |
| બ. | રેવન્યુ આવક | ૧૦૯૫.૩૫ | ૧૧૪૭.૪૧ | ૧૧૮૫.૩૬ |
| | સુચિત વધારો | ૨૧.૩૪ | ૦.૦૦ | ૦.૦૦ |
| ક. | રેવન્યુ ખર્ચ | ૧૦૭૦.૭૮ | ૧૧૧૩.૦૨ | ૧૧૨૨.૧૧ |
| કેપીટલ બજેટમાં લઈ જવા | | ૩૦.૦૦ | ૫૦.૦૦ | ૪૦.૦૦ |
| **સિલક** | | **૩૯.૬૦** | **૨૫.૮૩** | **૪૯.૦૮** |

## પત્રક – બ. કેપીટલ બજેટ

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૮–૧૯ નો મંજુર અંદાજ | ૨૦૧૮–૧૯ નો રીવાઇઝ અંદાજ | ૨૦૧૯–૨૦ નો ડ્રાફ્ટ અંદાજ |
|---|---|---|---|---|
| અ. | પુરાંત બાકી | ૦.૪૫ | ૦.૩૬ | ૫.૨૫ |
| બ. | રેવન્યુ બજેટ માંથી તબદીલ | ૩૦.૦૦ | ૫૦.૦૦ | ૪૦.૦૦ |
| ક. | કેપીટલ આવક | ૩૨૭.૨૮ | ૧૨૮.૬૪ | ૧૬૯.૭૩ |
| ડ. | આંતરીક ભંડોળ/લોન | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૫.૦૦ |
| | કુલ કેપીટલ જમા | ૪૫૭.૨૮ | ૨૭૯.૦૦ | ૩૧૯.૯૮ |
| | કેપીટલ ખર્ચ | ૪૫૨.૩૬ | ૨૭૩.૭૫ | ૩૧૯.૧૪ |
| | **સિલક** | **૫.૩૬** | **૫.૨૫** | **૦.૮૪** |

**સને ૨૦૧૮–૧૯ ના રીવાઇઝ બજેટની સમીક્ષા :**

**અ.) રેવન્યુ બજેટ :**

વડોદરા મહાનગરપાલિકા મહેકમ નિભાવણી અને વિકાસ કામો માટે સ્વભંડોળ પર જ આધારીત છે. ગત વર્ષોની ઓક્ટ્રોયની આવક અને તેમા વર્ષો વર્ષ થતો વધારો પાલિકાને ઘણો લાભદાયી રહેલ હતો. અત્રે સ્વભંડોળમાંથી જોઇતી મદદ મળી રહેતી હતી. જો કે વર્ષ ૨૦૧૪ તથા ૨૦૧૬ ની ઓક્ટ્રોયની વળતર ગ્રાંટમાં થોડોક વધારો મળવા પામેલ છે. જો કે તે પુરતો રહેતો નથી.

સને ૨૦૧૮–૧૯ ના રેવન્યુ આવકના રૂ. ૧૧૧૬.૬૯ કરોડના અંદાજ સામે રીવાઇઝ અંદાજ રૂ. ૧૧૪૭.૪૧ કરોડ થવા જઇ રહેલ છે. જેની સામે રેવન્યુ ખર્ચ રૂ. ૧૦૭૦.૭૮ કરોડના અંદાજ સામે રૂ. ૧૧૧૩.૦૨ કરોડ જેટલો થવા પામશે. તેમ છતાં કેપિટલ બજેટમાં લઇ જવા રેવન્યુ સરપ્લસ રૂ. ૫૦.૦૦ કરોડ મળી રહેવા સંભવ છે.

**બ.) કેપિટલ બજેટ :**

સને ૨૦૧૮–૧૯ માં કેપિટલ ખર્ચ રૂ. ૪૫૨.૩૬ કરોડ અંદાજેલ હતો પરંતુ રીવાઇઝ કેપિટલ ખર્ચ રૂ. ૨૭૩.૭૫ કરોડ નો થવા સંભવ છે. લોનનો અંદાજ જે રૂ. ૧૦૦.૦૦ કરોડ હતો જે યથાવત રાખેલ છે. સને ૨૦૧૭–૧૮ ના ખરેખર કેપિટલ ખર્ચ રૂ. ૧૫૮.૬૬ કરોડ થયેલ છે. જેની સામે સને ૨૦૧૮–૧૯ નો રીવાઇઝ કેપિટલ ખર્ચ રૂ. ૨૭૩.૭૫ કરોડ થવા સંભવ છે. જે સને ૨૦૧૭–૧૮ ના ખરેખર ખર્ચની સરખામણી એ રૂ. ૧૧૫.૦૯ કરોડ નો વધારો થવા સંભવ છે.

**સને ૨૦૧૯–૨૦ ના ડ્રાફ્ટ બજેટની સમીક્ષા :**

**અ.) રેવન્યુ બજેટ :**

સને ૨૦૧૯–૨૦ માં રેવન્યુ આવક સને ૨૦૧૮–૧૯ ના રીવાઇઝ અંદાજની સરખામણી એ રૂ. ૧૧૪૭.૪૧ કરોડ થી વધીને રૂ. ૧૧૮૫.૩૬ કરોડ થવા અંદાજ છે. સાથે સાથે રેવન્યુ ખર્ચ પણ સને ૨૦૧૮–૧૯ ના રીવાઇઝ અંદાજ રૂ. ૧૧૧૩.૦૨ કરોડ થી વધીને રૂ. ૧૧૨૨.૧૧ કરોડ થવા સંભાવના છે. જેથી રેવન્યુ સરપ્લસ રૂ. ૪૦.૦૦ કરોડ થવાનો અંદાજ છે.

**બ.) કેપિટલ બજેટ :**

ગત વર્ષોની વિકાસની ગતિ ચાલુ રહે તથા તેને વેગ મળે તે હેતુથી જમીન વેચાણથી આવક મેળવી સને ૨૦૧૯–૨૦ માં કેપિટલ આવક રેવન્યુ સરપ્લસ સહીત રૂ. ૩૧૪.૭૩ કરોડ થવા અંદાજ છે. અને

કેપિટલ ખર્ચ રૂ. ૩૧૯.૧૪ કરોડ નો થવાનો અંદાજ છે. આ કેપિટલ ખર્ચ ને પહોચી વળવા રૂ. ૧૦૫.૦૦ કરોડ જેટલી લોન લેવાનો અંદાજ છે.

**સને ૨૦૧૯–૨૦ માં કેપિટલ ખર્ચનું નીચે મુજબનું મુખ્ય અંદાજાયેલ આયોજન :**

| | | |
|---|---|---|
| રોડ અને પૂલો | રૂ. | ૬૩.૬૦ કરોડ |
| જુદી જુદી યોજના ના ફાળાની રકમ | રૂ. | ૬૦.૦૦ કરોડ |
| અન્ય વિકાસ ખર્ચ | રૂ. | ૩૩.૬૦ કરોડ |
| જમીન વળતર | રૂ. | ૩૦.૧૦ કરોડ |
| હાઉસીંગ/બીલ્ડીંગ | રૂ. | ૨૭.૪૩ કરોડ |
| ડ્રેનેજ | રૂ. | ૨૭.૧૦ કરોડ |
| પાણી પૂરવઠા | રૂ. | ૨૪.૩૧ કરોડ |
| વરસાદી ગટર | રૂ. | ૨૩.૦૦ કરોડ |
| બાગ–બગીચા | રૂ. | ૧૩.૫૨ કરોડ |
| આરોગ્ય/માર્કેટ/જન્મ–મરણ | રૂ. | ૬.૭૫ કરોડ |
| અગ્નિશમન | રૂ. | ૪.૭૦ કરોડ |
| કોમ્પ્યુટરાઇઝેશન | રૂ. | ૨.૫૨ કરોડ |
| સ્ટ્રીટ લાઇટ | રૂ. | ૨.૫૧ કરોડ |

## ➢ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :

માનનીય મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અન્વયે નગરોના સંકલિત વિકાસ માટે એક વિઝન સાથે વિકાસની વિસ્તૃત પરિભાષા રજુ કરી રાજ્યના નગરોમાં હાથ ધરવાના કામો માટે જે સુચનો કરેલ હતા. તેના આધારે શહેરી કરણના તમામ પાસાઓનેઆવરી લેતુ વિસ્તૃત અને લાંબા ગાળાનું આયોજન નજર સમક્ષ રાખી "સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" નો અમલ કરવામાં આવેલ છે.

### ❖ યુડીપી–૫૭ (વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪) :

"સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" અંતર્ગત યુડીપી–૫૭ વર્ષ ૨૦૧૨–૧૩ પેટે કુલ ૧૨૦ કામો માટે ૩૩૫.૦૪ કરોડના કામોને મંજૂરી મળેલ છે, તે પૈકી બધા કામો પૂર્ણ થયેલ છે, યુડીપી–૫૭ વર્ષ ૨૦૧૩–૧૪ પેટે ૪૧ કામો સંદર્ભે સરકારશ્રી દ્વારા ફાળવેલ ૮૪ કરોડ ગ્રાંટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે.

### ❖ યુડીપી–૭૮ :

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૨–૧૩ પેટે ૫૮ કામો સંદર્ભે સરકારશ્રી દ્વારા ૭૫.૦૦ કરોડ ફાળવેલ ગ્રાન્ટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે અને વર્ષ ૨૦૧૩–૧૪ પેટે ૧૬૮ કામો સંદર્ભે સરકારશ્રી દ્વારા ૭૨.૦૦ કરોડ ફાળવેલ ગ્રાન્ટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ પેટે વિવિધ પ્રોજેકટ્સ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૧૯૨ કામો માટે રૂ. ૪૭૪.૧૦ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ છે, જેની સામે વડોદરા મહાનગરપાલિકાને વર્ષ ૨૦૧૪–૧૫ પેટે ૨૩૭.૦૦ કરોડનુ અનુદાન

અને વર્ષ ૨૦૧૫–૧૬ પેટે ૧૪૯.૦૦ કરોડનું અનુદાન ફાળવવા ઠરાવવામાં આવેલ છે. જેમાં, તમામ કામો પૂર્ણ થયેલ છે તથા ફાળવેલ ગ્રાન્ટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે.

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ પેટે રોડ રીસર્ફેસીંગ યોજના પેટે રૂ. ૪૫.૦૦ કરોડ ની ફાળવણી ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા કરવામાં આવેલ જેમાં કુલ ૩૩૮કામોનો સમાવેશ કરવામાં આવેલ, જેમાં કુલ ૩૩૧ કામો પૂર્ણ કરેલ છે, જેમાં કુલ રૂ. ૩૪.૫૨ કરોડનો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ પેટે વિવિધ પ્રોજેક્ટસ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૧૫ કામો માટે રૂ. ૨૩૦.૭૪ કરોડની વહીવટી મંજૂરી ની દરખાસ્ત તા.૨૩–૦૬–૨૦૧૬ નાં રોજ ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ, જેની સામે વડોદરા મહાનગરપાલિકાને રૂ. ૧૫૩.૦૦ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ છે. જેમાં કુલ ૧૦ કામો પૂર્ણ થયેલ છે તેમજ ૫ કામો પ્રગતિ હેઠળ છે, જેમાં કુલ ૧૨૨.૧૪ કરોડ નો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ યોજના અંતર્ગત શહેરી સડક યોજના પેટે (યુડીપી–૭૮, વર્ષ ૨૦૧૬–૧૭) માં ૨૯.૦૦ કરોડ ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા ૨૯.૦૦ કરોડ ની ફાળવણી કરેલ, જેમાં કુલ ૧૭ કામોનો સમાવેશ કરવામાં આવેલ, તમામ ૧૭ કામો પૂર્ણ થયેલ છે તથા ફાળવેલ ગ્રાન્ટનો ૧૦૦% ખર્ચ પૂર્ણ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ યોજના અંતર્ગત આઉટ ગ્રોથ વિસ્તારનાં વિકાસ માટે રૂ. ૭૯.૦૦ લાખ ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ છે, જેમાં સમાવિષ્ટ પાણી પૂરવઠાનું કામ પ્રગતિ હેઠળ છે અને ૬૦ લાખ નો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮ પેટે વિવિધ પ્રોજેક્ટસ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૧૧૭ કામો માટે રૂ. ૧૮૪.૧૩ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત તા.૨૬–૦૯–૨૦૧૭ નાં રોજે ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ છે, જેની સામે વડોદરા મહાનગરપાલિકા ને રૂ. ૧૪૫.૦૯ કરોડનું અનુદાન ફાળવવા ઠરાવવામાં આવેલ છે. હાલ સદર ગ્રાન્ટને રીવાઇઝ કરવાની જરૂરીયાતને સંદર્ભે સદર ગ્રાન્ટમાં નવીન કામોનું સમાવેશ કરી અગાઉની ગ્રાન્ટ રૂ. ૧૮૪.૧૩ કરોડને વધારી રૂ. ૨૫૫.૫૨ કરોડની દરખાસ્ત ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડમાં રજુ કરેલ છે. સદર રીવાઇઝ દરખાસ્ત રૂ. ૨૫૫.૫૨ કરોડની ગ્રાન્ટમાં કુલ ૩૭ કામો પૂર્ણ થયેલ છે તથા કુલ ૭૫ કામો પ્રગતિ હેઠળ છે અને રૂ. ૧૪૭.૦૬ કરોડનો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮ માં શહેરી સડક યોજના પેટે (યુડીપી–૭૮, વર્ષ ૨૦૧૭–૧૮) માં ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા ૨૯.૦૦ કરોડની ફાળવણી કરેલ, જેમાં કુલ ૧૫ કામોનું સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૧ કામો પૂર્ણ થયેલ છે તેમજ ૪ (ચાર) કામો પ્રગતિ હેઠળ છે. સદર ગ્રાન્ટમાં કુલ ૨૫.૩૦ કરોડનો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯ પેટે વિવિધ પ્રોજેક્ટસ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૯૩ કામો માટે રૂ. ૨૨૬.૨૩ કરોડની વહીવટી મંજૂરી ની દરખાસ્ત તા.૨૮–૦૮–૨૦૧૮ નાં રોજે ગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ, જેની સામે વડોદરા મહાનગરપાલિકાને રૂ. ૧૭૯.૨૮ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ છે. કુલ જેમાં મહદઅંશેના કામો પ્રગતિ હેઠળ છે, જેમાં કુલ ૨૦.૫૬ કરોડ નો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી–૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯ યોજના અંતર્ગત વિવિધ રસ્તાઓ નાં કુલ ૧૭ કામો માટે રૂ. ૩૬.૩૩ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત

તા.૨૮–૦૮–૨૦૧૮ નાં રોજેગુજરાત મ્યુનીસીપલ ફાયાનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ, જેની સામે વડોદરા મહાનગરપાલિકાને રૂ. ૨૭.૧૬ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ છે. જેમાં મહદઅંશે ના કામો પ્રગતિ હેઠળ છે.

❖ **આગવી ઓળખનાં કામો :**

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખના કુલ ૧૦ કામો પેટે રૂ. ૨૩૧.૦૦ કરોડના કામોને મંજૂરી મળેલ છે. જે પૈકી ૪ કામો પ્રગતિ હેઠળ છે, તથા ૬ કામ પૂર્ણ થયેલ છે, સરકારશ્રી દ્વારા સદર યોજના હેઠળ કુલ રૂ. ૧૮૬.૦૦ કરોડની ગ્રાન્ટ સામે રૂ. ૧૪૨.૦૯ કરોડનો ખર્ચ થયેલ છે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખના કુલ ૬ કામો પેટે રૂ. ૨૩.૪૫ કરોડના કામોને મંજૂરી અર્થે ગુજરાત મ્યુનીસીપલ ફાયનાન્સ બોર્ડ સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

❖ **ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી થી કરવાપાત્ર લોક ઉપયોગી કામો :**

- સ્વર્ણિમ જયંતી ઉજવણી હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી થી રસ્તા, સ્ટ્રીટલાઇટ, ડ્રેનેજ તથા પાણીની નળીકાના લોક ઉપયોગી કામો માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ રૂ. ૨૦૪.૧૯ કરોડ (૭૦%ફાળો) ફાળવવામાં આવેલ છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૧૦% ફાળો આ સુવિધાઓ માટે આપવાનો હોય છે. જ્યારે બાકીના ૨૦% ખાનગી સોસાયટીઓએ ફાળો આપવાનો રહે છે. આ યોજના હેઠળ અંદાજીત ૩૭૪૨ ખાનગી સોસાયટીઓ લાભાન્વીત થયેલ છે. જેનાં કારણે સોસાયાટીઓમાં સ્વચ્છતાનું પ્રમાણ વધેલ છે. તથા શહેરીજનોની સુખાકારીમાં પણ વધારો થયેલ છે.

❖ **આંગણવાડી :**

- આ ઉપરાંત કુલ ૩૦૦ આંગણવાડી માટે ૧૬.૭૭ કરોડની ગ્રાંટ મંજુર કરેલ છે. કુલ ૩૦૦ આંગણવાડી પૈકી ૨૧૪ આંગણવાડીઓનાં કામો પૂર્ણ થયેલ છે અને ૦૩ આંગણવાડીઓ ના કામો પ્રગતિ હેઠળ છે.

## ➢ વડોદરા સ્માર્ટ સીટી :

- ના ૯૮ શહેરો ને સ્માર્ટ સીટી બનાવવનાં ભાગરૂપે વડોદરા શહેર નો સમાવેશ બીજા રાઉન્ડમાં થયેલ છે.
- વડોદરા શહેર ની સમૃધ્ધી, સંસ્કૃતિ અને સ્થાપત્ય (વારસો) ના સંરક્ષણ અને તેના સંવેદનશીલ પરિવર્તન દ્વારા વડોદરા શહેર ને વાયબ્રન્ટ શહેર તરીકે વિક્સવવા માટે અને સમાન તથા ઝડપી વિકાસ દ્વારા શહેર ના નાગરિકો માટે, આંતરરાષ્ટ્રીય કક્ષાની જીવનશૈલી પુરી પાડવાનો દ્રષ્ટિકોણ સાથે વડોદરા શહેર ના નાગરિકો, નામાંકિત બુદ્ધિજીવીઓ, એન.જી.ઓ. વિગેરે સાથે ના સૂચન/અભિપ્રાયો મેળવી અત્યારે રૂ. ૨૩૯૭.૫૭ કરોડ નાં કુલ–૬૦ Project GOI માં મોકલવામાં આવ્યા છે. જેમાં SCM ફંડ – 976 કરોડ, CON–367.54 કરોડ, PPP 1054.03 કરોડ નો ફાળો સામેલ છે.
- પ્રોજેકટ ની ગાઈડલાઈન પ્રમાણે ૯૭૬ કરોડ ના ૫૦% ફંડ GOI, ૨૫% ફંડ GOG, ૨૫% ફંડ VMC/ULB આપશે.

**૧) ABD પ્રોજેક્ટ્સ :**

ABD એટલે Area Based Development, જે City ના કોઈ એક વિસ્તારમાં પ્રોજેકટ કરવાથી મળેલ ફાયદાને ધ્યાનમાં રાખી આગળ જતાં સમગ્ર શહેર માટે Project કરી શકાય. સીટી સ્કેવેરનું બાંધકામ, સ્થાપત્યોના પુનઃ ઉત્થાન, પાણી પુરવઠા માટેના સ્માર્ટ સોલ્યૂશન, સીવેઝ માટેના સ્માર્ટ સોલ્યૂશન, સોલિડ વેસ્ટ માટેના સ્માર્ટ સોલ્યૂશન, પાણીના સ્તોત્રોના રિચાર્જ માટેના સ્માર્ટ સોલ્યૂશન, પુનઃ પ્રાપ્ય

(રિન્યૂએબલ) ઉર્જા માટેના સ્માર્ટ સોલ્યૂશન સહ સ્ટ્રીટ લાઇટીંગ, નોન મોટોરાઈઝ્ડ પરિવહન (NMT) સુવિધાઓ માટેના સ્માર્ટ સોલ્યૂશન, સ્લમ–ફ્રી વિસ્તાર, સુરક્ષિત શહેર.

## ૨) PAN CITY પ્રોજેક્ટ્સ :

PAN CITY પ્રોજેક્ટસ એટલે સમગ્ર શહેર માટે થનારા પ્રોજેકટસ જે નીચે દર્શાવેલ છે.

૧) ઈન્ટીગ્રેટેડ ઓપેરશન સેન્ટર – કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર
૨) સ્માર્ટ પબ્લિક વાહન વ્યવહાર સહીત ના સ્માર્ટ બસ ટર્મિનસ
૩) વન વડોદરા મોબાઈલ એપ્લિકેશન
૪) સિટી વાઇ–ફાઈ
૫) હેલ્થ મેનેજમેન્ટ અને ઈન્ફોરમેશન સિસ્ટમ (HMIS) અને હેલ્થ કાર્ડ
૬) Geographical Information System (On surface & underground)
૭) ERP-Enterprise resource planning common integrated system.
૮) Water SCADA – Water Management System.

### ❖ પૂર્ણ થયેલ કામો :

- સ્માર્ટસિટી અંતર્ગત Citi Wi-fi & Intelligent Poles નો PPP ધોરણે પ્રોજેકટ કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ તબક્કા માં કુલ ૨૦૦ પોલ લગાવવા માં આવશે તથા બીજા તબક્કામાં વધુ ૨૫૦ પોલ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. હાલમાં ૫૦ પોલ ઈન્સટોલ થઈ ચુકયાં છે.
- વડોદરા શહેરની સુરક્ષા તેમજ તથા ટ્રાફીક નિયમન માટે સી.સી.ટી.વી લગાડવા તેમજ તેનુ સેન્ટ્રલી મોનીટરીંગ અને કન્ટ્રોલિંગ કરવા માટે બદામડી બાગ ખાતે નવીન સિટી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર બનાવવાનું કામ (કુલ પ્રોજેક્ટ કોસ્ટ : રૂ. ૮૮.૮૭ કરોડ) પુર્ણ થયેલ છે.
- My Vadodara, Mobile Application જેમાં "Croud sourcing", Panic Button, Live Heritage તથા અન્ય સર્વિસ નો સમાવેશ થયેલ છે. જે કામ PPP ધોરણે પુર્ણ કરેલ છે.
- શહેરના મુલાકાતીઓ, દેશ–વિદેશના પર્યટકો તેમજ પ્રવાસીઓ વડોદરા શહેરનો મહત્વ પૂર્ણ વારસો તથા તેના પર્યટન સ્થળોની માહિતી એક જ સ્થળે સરળતાથી અને સહજ રીતે મળી શકે તે સિટી ઈન્ફોરમેશન સેન્ટર બનાવવાનું કામ પુર્ણ થયેલ છે.
- સ્માર્ટસિટી અંતર્ગત સિટી બસ સર્વિસના આયોજનના ભાગ રૂપે, સીટી બસ સર્વિસને આધુનિક સિસ્ટમોથી સજ્જ તેમજ સ્માર્ટ રીતે અપડેટ કરવી અત્યંત આવશ્યક જણાતા રાજ્યની અન્ય સિટી મુજબ પ્રતિ કી.મી ના દરના મોડલ અપનાવી વડોદરા શહેરમાં ૧૫૦ બસ ઓપરેટ કરવામાં આવે છે.

### ❖ પ્રગતિ હેઠળ ના કામો :

- ERP (Enterprise Resource Planning) – એક integrated Common Platform ઉપર સિસ્ટમ બનશે કે જેના થકી ડેટાનું ડુપ્લિકેશન અટકશે તથા તમામ ડીપાર્ટમેન્ટ Fully Computerised થશે, બધા પ્રકારની માહિતી ત્વરિત મળી શકશે તેમજ વડોદરા મહાનગરપાલિકાની સિસ્ટમની Security વધશે.
- Geographical Information System (GIS) ઓન સરફેસ, જેના થકી જમીનના રિઝર્વેશન, ફાળવણી, વિગેરે ની માહિતી તથા આપણી મિલ્કતો સંબંધિત Property Tax ની તમામ માહિતિ GIS દ્વારા ત્વરિત ઉપલબ્ધ થઇ શકશે તથા સ્ટ્રીટ લાઈટ, સ્ટ્રોમ વોટર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનું નિયમન ત્વરીત અને સચોટ રીતે થઈ શકશે. સદરહું કામગીરી ૯૫ ટકા પૂર્ણ થયેલ છે.

- સ્માર્ટસિટી અંતર્ગત Water SCADA પ્રોજેક્ટ અંગે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. વડોદરા શહેરના નાગરિકોને પાણીનું વિતરણ આધુનિક પ્રકારે અને સમાન રીતે મળી શકશે. પાણીનું કન્ટ્રોલીંગ અને વિતરણ રિયલ ટાઇમ તથા ઓટોમેટિક થશે.
- વિવિધ સ્થળે PPP ધોરણે ઈ–ટોઇલેટ બનાવવાની કામગીરી.
- Rooftop Solar Project ઇન્ફ્રાસ્ટ્રકચર તથા સોલાર પેનલના ઇન્સ્ટોલેશનનું કાર્ય ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. આ પોર્જેક્ટ પુર્ણતાને આરે છે.

❖ **<u>આયોજન હેઠળના મુખ્ય કામો</u> :**

- Underground, GIS (Geographical Information System) સર્વેની કામગીરી થી જમીનની નીચેની યુટીલીટી ની માહિતી ઉપલબ્ધ થશે. (રૂ. ૨૫ કરોડ)
- સ્માર્ટ સિટી અંર્તગત HMIS & Health Card પ્રોજેક્ટ અંગે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. (રૂ. ૨૦ કરોડ)
- ITMS પ્રોજેક્ટ શહેરના બસ સેવા માટે ICT Technology નો મહત્તમ ઉપયોગ કરીને બનાવામાં આવનાર છે. જેમાં Smart Bus station, Real Time Information Depo, LED Display, Driver Display Unit અને Transit portal with Mobile Application નો સમાવેશ થશે. જેથી બસની Real Information મળી શકશે. (રૂ. ૨૩ કરોડ)
- ફાયર સ્ટેશનનો ને અદ્યતન બનાવવા માટે ICT અદ્યતન ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવનાર છે. જેમાં ફાયરના કંટ્રોલ રૂમને સંલગ્ન ઉપકરણો Install કરવામાં આવનાર છે. (રૂ. ૮.૯૫ કરોડ)
- NMT (Non-motorised transport) ના ભાગરૂપે પબ્લિક બાઈસીકલ શેરિંગ પ્રોજેક્ટ કરવામાં આવશે. (અંદાજી કામની રકમ રૂ. ૫ કરોડ)
- સ્માર્ટ રોડ વીથ અન્ડર ગ્રાઉન્ડ કેબલ ડક્ટ પ્રોજેક્ટ : અંદાજીત કામની રકમ રૂ ૧૨૫ કરોડ.
- સ્માર્ટ વોટર ઓડીટ પ્રોજેકટ : અંદાજીત કામ ની રકમ રૂ ૮૬ કરોડ.
- સ્માર્ટ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વીથ ઈક્વીપમેન્ટ એન્ડ ટુલ્સ : અંદાજીત કામની રકમ રૂ ૬૦ કરોડ.
- સ્માર્ટ સ્ટ્રીટ લાઈટસ : અંદાજીત કામની રકમ રૂ ૫૫ કરોડ
- સ્માર્ટ અપગ્રેડેશન ઓફ વેસ્ટ વોટર પંપીગ સ્ટેશન, એફીસન્સી ઈમ્પ્રુવમેન્ટ, મોનીટરીંગ, કન્ટ્રોલ ઓફ : અંદાજીત કામની રકમ રૂ ૨૫ કરોડ.
- સ્માર્ટ અપગ્રેડેશન ઓફ વોટર પંપીગ સ્ટેશન, એફીસન્સી ઈમ્પ્રુવમેન્ટ, મોનીટરીંગ, કન્ટ્રોલ ઓફ "City Water Distribution Network : અંદાજીત કામની રકમ રૂ ૨૦કરોડ.
- સ્માર્ટ ઈલેકટ્રીક બસ : અંદાજીત કામની રકમ રૂ. ૧૨ કરોડ.
- ૨૪ x ૭ Water Supply & Smart Water Meters : અંદાજીત કામની રકમ રૂ ૧૩૭ કરોડ.
- S.T.P. અપગ્રેડેશન : અંદાજીત કામની રકમ રૂ ૩૦ કરોડ.

➢ **<u>અમૃત યોજના</u> :**

- અટલ મિશન ફોર રેજુવનેશન એન્ડ અર્બન ટ્રાન્સર્ફોમેશન(અમૃત) યોજના, દેશભરની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓનાં કાયાકલ્પ અર્થે (ભારત સરકાર દ્વારા) જાહેર કરવામાં આવેલ છે. અમૃત યોજનામાં નાગરિકોને પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ભુર્ગભ ગટર, વરસાદી ગટર, પ્રદૂષણ ઘટાડા અર્થે જાહેર પરિવહનનો મહતમ ઉપયોગ તથા બિન–મોટર ટ્રાન્સપોર્ટ (વોકિંગ, સાઇકલિંગ) માટે સુવિધા નિર્માણ તથા પાર્કસ–ગાર્ડન તથા મનોરંજન કેન્દ્રો બનાવવા માટે પ્રોજેકટ તૈયાર કરવામાં આવી રહેલ છે.

- સદર યોજના હેઠળ સને ૨૦૧૫ થી ૨૦૨૦ ના વર્ષ માટે કુલ રૂ. ૪૫૨.૪૫ કરોડ ના ખર્ચે કુલ ૧૩ (તેર) કામો મંજુર થયેલ છે.
- અમૃત યોજનાનો ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા ૩૩% કિમત અને તેની સરખામણીમાં રાજયસરકાર અને વડોદરા મહાનગરપાલિકાએ અનુક્રમે ૩૭% અને ૨૦% નાં પ્રમાણમાં ભોગવવાનો રહેશે.
- અમૃત યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ડી.પી.આર. મંજુર થયેથી સબંધિત પ્રોજેકટની આગળની કામગીરી હાથ ધરવામા આવી રહેલ છે.

❖ **પૂર્ણ થયેલ કામ (સને ૨૦૧૫-૧૬)**

- ટી.પી-૨, એફ.પી-૪૯ સયાજીપુરામાં ગાર્ડન બનાવવાનુ કામ (ગાર્ડન શાખા) રૂ. ૦.૪૫ કરોડ.
- હાઇ-વે સમાંતર દરજીપુરા કલ્વર્ટ થી વિશ્વામિત્રી તરફ વરસાદી ગટર બનાવવાનું કામ (વરસાદી ગટર શાખા) રૂ. ૩૪.૦૦ કરોડ

❖ **પૂર્ણ થયેલ કામ (સને ૨૦૧૬-૧૭)**

- રાજીવનગર ૭૮ એમ.એલ.ડી. એસ.ટી.પી. (ડ્રેનેજ શાખા) રૂ. ૯૦.૦૦ કરોડ
- જી.આઇ.ડી.સી. તેમજ વાસણામાં નેટવર્કીંગ તેમજ મીટરીંગની કામગીરી (વોટર સપ્લાય) રૂ. ૪૫.૦૦ કરોડ
- ટી.પી.-૧૩ (નગર નંદનવન) માં નર્મદા કેનાલને સમાંતરમા ગ્રીન-બેલ્ટ બનાવવાની તેમજ જોગીંગ ટ્રેક તેમજ પીકનીક સેન્ટર બનાવવાની કામગીરી (ગાર્ડન શાખા) રૂ. ૨.૦૦ કરોડ

❖ **પ્રગતિ હેઠળના કામો (સને ૨૦૧૬-૧૭)**

- પેડેસ્ટ્રેન ગ્રેડ સેપરેટડ ફેસેલીટીસ ઇન મીડીયમ ટ્રમ (અર્બન ટ્રાન્સપોર્ટ) રૂ. ૫.૦૦ કરોડ.

❖ **પ્રગતિ હેઠળના કામો (સને ૨૦૧૭-૨૦)**

- સીંધરોટ વિયરમાં ઇન્ટેક સ્ટ્રક્ચર, WTP ડબ્લ્યુ.ટી.પી. અને ટ્રાન્સમીશન વિગેરેની કામગીરી (વોટર સપ્લાય) રૂ. ૧૦૦.૦૦ કરોડ
- કપુરાઇ ખાતે નવિન એસ.ટી.પી. (૬૦ એમ.એલ.ડી.) બનાવવાની કામગીરી (ડ્રેનેજ શાખા) રૂ. ૯૦.૦૦ કરોડ
- ટ્રાફીક નિયમન અત્રે ટ્રાફિક ફર્નિચર, સાઇનેજીસ, ફુટપાથ (અર્બન ટ્રાન્સપોર્ટ) રૂ. ૩.૦૦ કરોડ
- બહુચરાજી નાગરવાડા કાંસના કિનારાવાળા ભાગમાં નવિન એ.પી.એસ. તેમજ રીટેઇનીંગ વોલ બનાવવાની કામગીરી (ડ્રેનેજ શાખા) રૂ.૧૦.૦૦ કરોડ

❖ **આયોજન હેઠળના કામો (સને ૨૦૧૭-૨૦)**

- ઇન્દ્રપુરી ખાતે આવેલ એ.પી.એસ. ઓગમેન્ટેશન કરવા સાથે નવિન પ્રેશર લાઇન નાંખવાનું કામ. (ડ્રેનેજ-વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ.૭.૧૫ કરોડ
- છાણી ખાતે ૫૦ એમ.એલ.ડી. સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સમા જૂના અને નવા એ.પી.એસ. તેમજ શાસ્ત્રી બ્રીજ એ.પી.એસ.ના અપગ્રેડેશન સહિત રાઇઝીંગ મેઇનની કામગીરી. (ડ્રેનેજ-વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ. ૭૧.૩૬ કરોડ
- ડેવલપમેન્ટ ઓફ ગાર્ડન્સ (ગાર્ડન શાખા) રૂ. ૫.૦૦ કરોડ

## ૧) ફ્યુચરીસ્ટીક પ્લાનીંગ સેલ :

વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિવિધ તળાવોની સ્વચ્છતા તથા સુંદરતા જળવાય અને તળાવો શહેરીજનો માટે પર્યટન અને મનોરંજન વિગેરે જેવી પ્રવૃત્તિઓના સ્થળ તરીકે વિકસાવી શકાય તે હેતુથી શહેરના ૧૪ તળાવોની કામગીરી પૂર્ણ કરેલ છે. અન્ય ૯ તળાવોની કામગીરી પ્રગતિ હેઠળ છે.

- શહેરના વર્ષો જુના સુરસાગર તળાવમાં વર્ષોથી હજારો મૂર્તિ વિસર્જનના કારણે POP ના મોટા થર જમા થયેલ હતા. જેની સફાઇની કામગીરી પૂર્ણ કરી ૧ લાખ ટન POP બહાર કાઢેલ છે તથા તેના બ્યુટીફીકેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- હેરીટેજ સ્થળ અને સ્થાપત્યોના પુનરૂત્થાનના ભાગરૂપે ઐતિહાસિક સ્મારક પાણીગેટ, માંડવી ગેટ, ચાંપાનેર ગેટ અને ગેંડીગેટ નું રીસ્ટોરેશન કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે. તથા ચાર દરવાજા વિસ્તારનું હેરીટેજ ડેવલોપમેન્ટ માટે ડીજીટલાઇઝડ સર્વેની કામગીરી પૂર્ણ કરી પ્લાનીંગ તબક્કે છે.
- વડોદરા સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. દ્વારા સ્માર્ટ સીટી અંતર્ગત વિવિધ પ્રોજેક્ટ્સ પૈકી શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં જન મહલ મલ્ટી મોડલ સીટી ટ્રાન્સપોર્ટ હબ (ફેઝ–૧) ની કામગીરી તથા ઉત્તર ઝોનમાં નિઝામપુરા ટ્રાન્સપોર્ટ હબ (ફેઝ–૧) ની કામગીરી PPP ધોરણે પ્રગતિ હેઠળ છે.
- ૪૦ નંગ પ્રી–ફેબ્રીકેટેડ આંગણવાડીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- શહેરના વિવિધ સ્થળે પ્રથમ તબક્કાના ૫૦ નંગ E–Toilet ઈન્સ્ટોલેશન ની કામગીરી પ્રગતિમાં છે.

## ૨) રેલ્વે/રીવર ઓવર બ્રીજ તથા ફલાય ઓવર :

વડોદરા શહેરના હદ વિસ્તારમાં ગત વર્ષે રૂ. ૩૦.૩૯ કરોડનાં ખર્ચે પોલીટેકનીક કોલેજ (પંડ્યા હોટેલ) પાસે બ્રીજ વાઇડનીંગ કરવાની કામગીરી તથા રૂ. ૦.૭૭ કરોડના ખર્ચે ડભોઇ રોડ રૂપારેલ કાંસ ઉપર આવેલ નાળુ પહોળુ કરવાનું કામ પુર્ણ કરી લોકાર્પણ કરવામાં આવેલ છે.

વડોદરા શહેરમાં CRRI દ્વારા વિવિધ મહત્વના જંકશનો ઉપર કરવામાં આવેલ ટ્રાફીક સર્વેના અહેવાલ મુજબ વડોદરા મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૨૨.૧૮ કરોડના ખર્ચે ગેંડા સર્કલ થી મનિષા ચોકડી સુધી કુલ–૭ જંકશન પર ફલાય ઓવર બ્રીજ, હયાત વિશ્વામિત્રી રેલ્વે સ્ટેશન પાસે આવેલ રેલવે ઓવર બ્રીજના વાઇડનીંગ ની કામગીરી રૂ. ૪૦.૦૦ કરોડના ખર્ચે, સમા–હરણીને જોડતા નવા ૩૦ મીટરના રસ્તા પર વિશ્વામિત્રી નદી પરના બ્રીજના સુપર સ્ટ્રક્ચર ની કામગીરી રૂ. ૬.૬૬ કરોડના ખર્ચે તથા સમા–હરણી બ્રીજ અને મોટનાથ મહાદેવને જોડતા રસ્તે કલ્વર્ટ બનાવવાનું કામ રૂ. ૨.૮૦ કરોડના ખર્ચે હાલ પ્રગતિ હેઠળ છે.

આગામી વર્ષના આયોજન પૈકી અટલાદરા માંજલપુર રોડ લાઇન ઉપર માંજલપુર દરબાર ચોકડી થી અટલાદરા જતાં ૩૬ મીટરની રોડ લાઇન પર મુંબઈ–અમદાવાદ B.G. રેલ્વે લાઇન ઉપર રેલ્વે ઓવર બ્રીજ બનાવવાના કામે આયોજનના ભાગરૂપે સર્વે તથા ડી.પી.આર. ની કામગીરી તથા નેશનલ હાઇવે નં.–૮ થી જામ્બુવા તરફ જતાં રસ્તા પર નાળુ રૂ. ૧૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આમ, શહેરમાં હાલ રીવર/રેલ્વે/ફલાય ઓવર બ્રીજના અંદાજીત રૂ. ૩૧.૧૬ કરોડના કામો પુર્ણ કરેલ છે તથા રૂ. ૨૭૧.૬૪ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. DFCCIL વિભાગ દ્વારા નાણાકીય સહાય ની બાંહેધરી આપ્યેથી માણેજા–મારેઠા ગામે આવેલ L.C. નં.–૨૨૮ પર નવીન રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવશે. જેનાથી નિશ્ચિત પણે શહેરના વિકાસમાં વધારો, ટ્રાફિકની અવર જવરમાં સરળતા, અક્સ્માતમાં ઘટાડો, પર્યાવરણની જાળવણી, ઇંધણમાં બચત, પુરની પરિસ્થિતિનું નિવારણ તથા શહેરના સાંસ્કૃતિક, ઔધોગીક, શૈક્ષણીક તેમજ વાણિજ્યક વિકાસ વિગેરે માં મુખ્ય રીતે મદદરૂપ થશે.

## ૩) રોડ પ્રોજેકટ શાખા :

વડોદરા શહેરના વધતા જતા શહેરીકરણ અને ટ્રાફિકની સુવિધા પુરી પાડવા રોડ પ્રોજેકટ શાખા દ્વારા શહેરના ૧૮.૦ મી. કે તેથી વધુ પહોળાઇના હયાત રસ્તાઓને આયોજન મુજબ પહોળા કરી તેના ઉપર કાર્પેટીંગ કરવાની તથા સેન્ટ્રલ ડીવાઇડર બનાવવાની કામગીરી કરવામાં આવે છે. તેમજ નવીન મંજુર થયેલ ટી.પી સ્કીમના ૧૮.૦ મીટર કે તેથી વધુ પહોળાઇના રસ્તાઓ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ પૈકી રસ્તાઓ આયોજન મુજબ વોલ ટુ વોલના ધોરણે સર્વિસ ટ્રેક તથા ફુટપાથ સહીત વિકસાવવામાં આવે છે.

વડોદરા મહાનગરપાલિકાના રોડ પ્રોજેકટ શાખા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માં રેવન્યુ કેપીટલ બજેટમાં લીધેલ કુલ ૧૨ કામો પૈકી ૪ (ચાર) કામો રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. તેમજ બાકીના ૮ કામો અંદાજે રૂ. ૩૩ કરોડના ખર્ચ પ્રગતિ હેઠળ છે.

શહેરના મુખ્ય રીંગ–રોડ પૈકી એરપોર્ટ સર્કલથી સરદાર એસ્ટેટ ચાર રસ્તા સુધી, વડસર બ્રિજ થી સુશેન સર્કલ સુધી અને સુશેન સર્કલ થી તરસાલી સર્કલ સુધીના ૪૦ મીટરના રીંગ રોડને અંદાજે રૂ. ૨૮ કરોડના ખર્ચે વાઇડનીંગ કરી વોલ ટુ વોલ કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

રાજય સરકારની વિવિધ ગ્રાન્ટના કામોમાં હાલ કુલ ૬૬ કામો પૈકી ૧૫ કામો રૂ. ૨૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. તેમજ બાકીના ૫૧ કામો રૂ. ૧૦૭ કરોડના ખર્ચ પ્રગતિ હેઠળ છે.

સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત વડોદરા શહેરના ફરતે આવેલ નેશનલ હાઇવે થી પ્રવેશતા મુખ્ય માર્ગો જેવા કે (૧) દુમાડ ચોકડી થી અમીતનગર (૨) આજવા ચોકડી થી સરદાર એસ્ટેટ (૩) કપુરાઇ ચોકડી થી સોમા તળાવ સુધીના માર્ગોને ડેવલોપ કરવાનું તથા શહેરના પશ્ચિમ વિસ્તારમાં અલકાપુરી ગરનાળા થી જી.ઇ.બી સર્કલ (આર.સી.દત્ત રોડ) માર્ગને ડેવલોપ કરવાનું રૂ. ૧૨૫.૦૦ કરોડના ખર્ચે આયોજન હાથ ધરેલ છે.

આ ઉપરાંત શહેરના રસ્તાઓ તેમજ ટ્રાફિક જંકશનો વિકસાવવાથી શહેરની ટ્રાફિકની અવર–જવરમાં સરળતા થશે. વાહન વ્યવહારની સુવિધા ઝડપી બનશે, તેમજ વાહનોની નિભાવણી ખર્ચ તેમજ ઇંધણમાં બચત થશે. નવીન વિકસીત વિસ્તારોને હયાત ટી.પી રસ્તા સાથે જોડી શહેરીજનો ને રસ્તાની સુવિધા પુરી પાડવામાં આવશે અને વાહનોથી વધતા પ્રદુષણમાં ઘટાડો થશે.

## ૪) બિલ્ડીંગ પ્રોજેકટ :

બિલ્ડીંગ પ્રોજેક્ટ દ્વારા સ્વ–ભંડોળ તથા રાજ્ય સરકારશ્રીની વિવિધ ગ્રાંટમાં UHC, UCHC તથા અતિથિ ગૃહ, ટાઉન હોલ, સ્વીમીંગ પુલ, ફાયર બ્રીગેડ ની ઓફિસ વિગેરે બનાવવાની કાર્યવાહી કરે છે. સદર નવીન ઇમારતોમાં પીવાલાયક પાણીનો વપરાશ ઓછો થાય તે માટે ડ્યુઅલ પ્લમ્બીંગ, ડ્યુઅલ ફ્લશીંગ તથા જમીનની અંદર પાણીના સ્તર ઊંચું લાવવા "રેઇન વોટર હાર્વેસ્ટીંગ" કરવામાં આવે છે તથા ઇલેક્ટ્રીક કન્ઝર્વેશન ના ભાગરૂપે "સોલર રૂફ ટોપ" પણ કરવામાં આવે છે.

### ❖ લોકાર્પણ થયેલ કામો :

- સયાજીપુરા, ટી.પી.–૨, ફા.પ્લોટ–૫૫ નાં વિસ્તારમાં રૂ. ૨૯.૯૨ કરોડનાં ખર્ચે નવીન ટાઉન હોલનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

- વહીવટી વોર્ડ નં.–૬ ની કચેરીની પાછળનાં ભાગે આવેલ ટી.પી.–૧, એફ.પી.–૨૪ માં નવીન પશ્ચિમ ઝોનની ઓફિસનું ૩. ૪.૭૫ કરોડનાં ખર્ચે લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા શહેરનાં ઉત્તર ઝોનમાં સમા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે બાળકોને સ્વીમીંગ માટેની સુવિધા મળી રહે તથા બાળકો માટે સ્વીમીંગને લગતી સ્પર્ધાઓનું આયોજન થઈ શકે તે હેતુ થી ૩. ૦.૪૬ કરોડના ખર્ચે નવિન બેબી સ્વીમીંગ પુલનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- અકોટા સ્ટેડિયમ ખાતે નવીન ટેનિસ કોર્ટ બનાવવાની કામગીરીનું ૩. ૦.૭૮ કરોડના ખર્ચે કામગીરીનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક અંતરે મળે તે હેતુસર વારસિયા ખાતે ૩. ૦.૯૦ કરોડના ખર્ચે નવીન અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા શહેરનાં છેલ્લા વર્ષોમાં થયેલા વિકાસને ધ્યાનમાં રાખી હાલની જરૂરિયાતો તથા ભવિષ્યની ઉપયોગિતા ધ્યાને લઈ નવીન સમા વિસ્તારમાં ટી.પી.–૧૧, એફ.પી.–૪૯૨ માં ૩. ૪.૭૪ કરોડનાં ખર્ચે ઉત્તર ઝોનની નવીન ઝોનલ કચેરીનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સરદાર એસ્ટેટ પાસે ટી.પી.–૫, એફ.પી.–૨૦૮ માં નવિન કોમ્યુનીટી હોલ ૩. ૩.૦૮ કરોડના ખર્ચે લોકાર્પણ કરવામાં આવેલ છે.

❖ **<u>પ્રગતિ હેઠળના કામો</u> :**

- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વોર્ડ કચેરીઓ પૈકી વહીવટી વોર્ડ–૧(એ) ની કચેરી તેમજ સેન્ટ્રલ સ્ટોર માટે નવીન કચેરી ૩. ૫.૬૭ કરોડના ખર્ચે બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક વડોદરા શહેરમાં દક્ષિણ ઝોનમાં આવેલ લાલબાગ ખાતે હયાત અતિથિગૃહને જમીન દોસ્ત કરી જાહેર જનતાની લોક સુવિધામાં વધારો કરવાનાં ભાગરૂપે નવીન અદ્યતન સુવિધાઓ સહનું અતિથિગૃહ ૩. ૨.૯૮ કરોડના ખર્ચે બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે.
- વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક અંતરે મળે તે હેતુસર ગોરવા, ગાજરાવાડી તથા બાવચાવાડ ખાતે ૩. ૧.૧૪ કરોડ ના ખર્ચે નવીન અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- અકોટા સ્ટેડિયમમાં આવેલા ટેનિસ કોર્ટ ખાતે આનુસાંગિક કામગીરીઓ I.O.C.L. ના CSR ફંડ પેટે ૩. ૦.૮૮ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

❖ **<u>આયોજન હેઠળના કામો</u> :**

- વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક સ્તરે મળે તે હેતુસર ઝોન દીઠ એક CHC છાણી/અટલાદરા/માંજલપુર/કિશનવાડી ખાતે નવીન CHC બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.
- વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક સ્તરે મળે તે હેતુસર કુલ ૩૪ અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ જે પૈકી Phase-I માં કુલ ૧૬ UHC નું લોકાર્પણ કરવામાં આવેલ છે તથા Phase-II માં નવીન કુલ–૦૬ નંગ UHC પૈકી દંતેશ્વર/કિશનવાડી/શિયાબાગ ખાતે નવીન અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે. આમ, સને ૨૦૧૯–૨૦ માં નાણાકીય વર્ષના અંત સુધીમાં કુલ–૨૨ UHC ની વડોદરા શહેરનાં નાગરિકોને સુવિધા મળશે.
- વડોદરા શહેરનાં નાગરિકોને અગ્નિશમન તથા તાત્કાલિક સેવાઓનો લાભ સત્વરે મળે તે હેતુસર નવિન વિકાસ પામતા વાસણા–ભાયલી રોડ ખાતે સ્વર્ણિમ ગ્રાંટના "આગવી ઓળખ"ના

ભાગરૂપે નવીન ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી અંદાજે રૂ. ૯.૦૦ કરોડના ખર્ચે આયોજન હેઠળ છે.

- વડોદરા શહેરનાં છેલ્લા વર્ષોમાં થયેલા વિકાસને ધ્યાનમાં રાખી હાલની જરૂરિયાતો તથા ભવિષ્યની ઉપયોગિતા ધ્યાને લઈ વોર્ડ નં.–૫ તથા ૧૨ ની નવીન કચેરીની બનાવવાની કામગીરી અંદાજે રૂ. ૪.૦૦ કરોડના ખર્ચે આયોજન હેઠળ છે.
- વડોદરા શહેરમાં પશ્ચિમ ઝોન વિસ્તારમાં નાગરિકોની સ્વીમીંગને લગતી સુવિધાઓનો લાભ મળે તે હેતુસર અકોટા ખાતે ટી.પી.–૧, એફ.પી.–૭૬ ખાતે નવીન સ્વીમીંગ પુલ બનાવવાની કામગીરી અંદાજે રૂ. ૧૬.૦૦ કરોડના ખર્ચે આયોજન હેઠળ છે.
- ખંડેરાવ માર્કેટ ખાતે દિવ્યાંગોને આવન–જાવનમાં સુગમતા રહે તે માટે "સુલભ પથ" (લીફ્ટ સહિત) બનાવવાનું કામ આયોજન હેઠળ છે.

## ૫) <u>એફોર્ડેબલ હાઉસીંગ સેલ અંતર્ગત B.S.U.P., R.A.Y., M.G.Y., P.M.A.Y. યોજનાઓ</u> :

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની આવાસ યોજનાઓમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરી ગરીબો અને ઘર–વિહોણાં માટે જુદીજુદી કેટેગરીમાં તમામ પાયાની સુવીધાઓ સહ આવાસ આપવા માટેના વિવિધ પ્રોજેક્ટ એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

### ❖ <u>રાજીવ આવાસ યોજના</u> :

- રાજીવ આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં સર્વ પ્રથમ રેન્ટેડ કમ ટ્રાન્ઝીટ હાઉસીંગ અંતગર્ત રૂ. ૧૯.૧૩ કરોડના ખર્ચે છાણી અને હરણી ખાતે કુલ ૩૬૬ આવાસોની કામગીરી પૂર્ણ કરેલ છે.
- રાજીવ આવાસ યોજના અંતર્ગત રૂ. ૧૨૦ કરોડનાં ખર્ચે કલ્યાણનગર, સયાજીપુરા અને તાંદલજા ખાતે ૧૪૬૦ આવાસોની કામગીરી પ્રગતિ હેઠળ છે.

### ❖ <u>મુખ્યમંત્રી ગૃહ યોજના</u> :

- મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (EWS) આવાસ યોજના, લોવર ઇન્કમ ગૃપ (LIG) આવાસ યોજના, મીડલ ઇન્કમ ગૃપ (MIG) આવાસ યોજના તેમજ ગુજરાત સ્લમ રીહેબીલીટેશન પોલીસી PPP–૨૦૧૩ હેઠળ જાહેર જમીનો પર આવેલ ઝુંપડપટ્ટીઓનું પુન:વસન કરવા માટેના પ્રોજેક્ટ હાથ ધરેલ છે.
- ગુજરાત સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૧૦૦૦ આવાસો બનાવવાના લક્ષ્યાંક પૈકી ૮૧૦૭ આવાસોની કામગીરીને સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી. જે પૈકી ૬૮૫૫ આવાસોની કામગીરી અત્રેથી શરૂ કરવામાં આવેલ હતી અને કુલ ૧૨૫૨ આવાસો અત્રેથી ડ્રોપ કરવામાં આવેલ છે.
- જે પૈકી ૫૬૦૧ આવાસોની કામગીરી પૂર્ણ કરેલ છે અને ૧૨૫૪ આવાસો હાલ પ્રગતિ હેઠળ છે.
- ડ્રો સિસ્ટમ દ્વારા EWS, LIG,MIG ના મળી કુલ ૪૧૫૬ આવાસોનું લોકાર્પણ કરેલ છે.

### ❖ <u>પ્રધાનમંત્રી આવાસ યોજના</u> :

- ભારત સરકાર દ્વારા "સૌના માટે ઘર" ના અભિગમ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના સને જુન–૨૦૧૫ માં લોન્ચ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) માં ચાર ઘટકોનો સમાવેશ કરેલ છે.

૧) <u>ઇન–સીટુ સ્લમ રી–હેબીલીટેશન (PPP)</u>

જમીનનો રીસોર્સ તરીકે ઉપયોગ કરી ખાનગી વિકાસકાર સાથે ભાગીદારી હેઠળ ઝુપડાંવાસીઓ માટે તે જ સ્થળે આવાસ બનાવવા અને જરૂરીયાત વાળી જગ્યાએ ખાનગી વિકાસકારોને

TDR/FSI/FAR નો લાભ આપી આવાસો બનાવવાનું આયોજન કરી શકાય છે.સદર ઘટક હેઠળ મહાનગરપાલિકાને પ્રીમીયમ/વધારાનાં આવાસો અને ઝુપડાંવાસીઓને વિનામુલ્યે તે જ સ્થળે આવાસોનો લાભ પ્રાપ્ત થશે. આ યોજના હેઠળ રૂ. ૩૮૧.૪૮ કરોડના ખર્ચે શહેરના જુદા જુદા વિસ્તારમાં આવાસો ઇન સીટુ સ્લમ ના ૬૫૩૩ આવાસો બનાવવાની મંજૂરી મળેલ છે.

૨) ક્રેડીટ લીંક સબસીડી (CLSS)

EWS અને LIG કેટેગરીમાં આવતાં અને સબસીડી મેળવવા ઇચ્છતા લાભાર્થીઓ સદર ઘટક હેઠળ ૬.૫% ના દર મુજબ રૂ. ૬.૦૦ લાખ સુધીની લોન પર વ્યાજ– સબસીડી સહાય મેળવી શકશે.

૩) એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (AHP)

ખાનગી વિકાસકાર દ્વારા બાંધવામાં આવેલ આવાસો માંથી ૩૫% આવાસો EWS કેટેગરીના હોય અથવા ઓછામાં ઓછાં ૨૫૦ આવાસો EWS કેટેગરી માટે બનાવવામાં આવે તો તથા મહાનગરપાલિકા દ્વારા બાંધવામાં આવતા EWS કેટેગરી ના આવાસો માટે આવાસ દીઠ કેન્દ્ર સરકારની રૂ. ૧.૫૦ લાખ અને રાજ્ય સરકારની રૂ. ૧.૫૦ લાખની સહાય મળી શકશે. આ યોજના હેઠળ કુલ ૬૬૪૬ EWS કેટેગરીના આવાસો પૈકી આશરે ૨૭૩૪ આવાસો બનાવવાના DPR ને અંદાજીત રૂ. ૧૮૩.૭૫ કરોડ્નાં ખર્ચે સરકારશ્રીમાં થી મંજૂરી મળેલ છે.

૪) બેનીફીશીયરી લેડ કંન્સ્ટ્રક્શન (BLC)

EWS કેટેગરીના ૨૫ ચો.મી. થી ઓછું સ્વમાલિકી ઘરાવતાં અને હયાત બાંધકામમાં વધારો/ફેરફાર કરવા ઇચ્છતા લાભાર્થીઓ સદર ઘટક હેઠળ કેન્દ્ર સરકારની રૂ. ૧.૫૦ લાખ સુધીની સહાય મેળવી શકશે તથા નવા બાંધકામમાં રાજ્યસરકાર તરફ થી રૂ. ૨.૦૦ લાખ અને રીનોવેશન માટે વધુમાં વધુ રૂ. ૧.૫૦ લાખ સુધીની સહાય મળી શકશે. આ યોજના હેઠળ ૫૬૯ આવાસો માટે વ્યકતીગત બાધકામ સબસીડી (BLC) ઘટક નો ડી.પી.આર ને નવિન બાંધકામ માટે રાજ્યસરકાર શ્રી માં મંજૂરી મળેલ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અન્વયે Housing For All Plan of Action (HFAPoA) ડીમાન્ડ સર્વે આધારે ૬૨,૨૪૨ આવાસો તથા વડોદરા શહેર ના ૨૩૨ ઝૂપડપટ્ટી ના ૩૩૮૭૪ આવાસોનો સયુક્ત રૂ. ૪૪૮૪.૦૬ કરોડનો પ્લાન રાજય સરકાર મારફતે મંજૂરી મળેવી કેન્દ્ર સરકાર ની મંજૂરી મળેલ છે.

**REDEVELOPEMENT OF EXISTING PUBLIC HOUSING – 2016**

ખાનગી વિકાસકાર દ્વારા અથવા સરકારશ્રી દ્વારા બાંધવામાં આવેલ આવાસો કે જે ૧૫ થી ૨૦ વર્ષ જુનાં અને જર્જરીત હાલતમાં હોય તેવાં આવાસોનાં પુન:નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા REDEVELOPEMENT OF EXISTING PUBLIC HOUSING THROUGH PPP SCHEME પ્રસિદ્ધ કરેલ છે જેમાં ખાનગી વિકાસકારને વધારાની FSI અને લાભાર્થીઓને નવીન આવાસો તે જ સ્થળે ઉપ્લબ્ધ કરી શકાશે.

## ૬) પાણી પુરવઠા :

વડોદરા શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા, જળ સેવાઓના વિકાસ, નિયમન અને નિયંત્રણ માટે પાણી પુરવઠા વિભાગ સતત કાર્યરત રહે છે. શહેરમાં ૨૯ ઊંચી ટાંકીઓ, ૫૫ ભૂગર્ભ સંપ, ૭ બુસ્ટીંગ સ્ટેશન અને અંદાજીત ૧૭૩૨ કીમી લંબાઇના પાઇપ નેટવર્કથી અંદાજીત ૯૫% વસ્તીનું અને ૯૦% વિસ્તારનું કવરેજ થયેલ છે.

**વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાનના મહત્વપૂર્ણ પૂર્ણ કામો :**

- અમૃત યોજના અંતર્ગત વાસણા–જી.આઇ.ડી.સી. નેટવર્કની કામગીરી રૂ. ૩૯.૫૬ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.
- સ્વર્ણિમ યોજના અંતર્ગત છાણી જકાતનાકા ઊંચી ટાંકી અને સંલગ્ન કામગીરી અને પાણીગેટ ખાતે ભૂગર્ભ સંપ રૂ. ૧૮.૦૨ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.
- રેવન્યુ બજેટ અંતર્ગત સયાજીપુરા ખાતે ભૂગર્ભ સંપ રૂ. ૩.૧૮ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે.
- વિવિધ સ્થળે પ્રેસર સુધારણા અર્થે રૂ. ૯.૭૩ કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવેલ છે.
- શહેરમાં ૨૪ x ૭ યોજના હેઠળ ૫ ટાંકીના કમાન્ડ વિસ્તારમાં ૨૮૦૦૦ નંગ મીટર લગાડવામાં આવેલ છે.
- રૂ. ૯૬.૮૦ લાખના ખર્ચે શહેરમાં ૧૪ ટ્યૂબવેલ ૩ માસમાં બનાવી ૧૪ MLD પાણીનો જથ્થો મેળવવામાં આવે છે.
- શહેરમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન અંદાજે રૂ. ૭૦.૪૯ કરોડના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

**મહત્વપૂર્ણ ચાલુ કામો :**

- અમૃત યોજના હેઠળ સિંધરોટ ખાતે મહીસાગર નદીમાં ઈન્ટેકવેલ બનાવી ૧૫૦ MLD ક્ષમતા ના WTP મારફતે શુધ્ધ પાણી ૧૬ કીમી લંબાઇમાં ટ્રાન્સમિશન લાઇન નાખી શહેર સુધી લાવવા અર્થે રૂ. ૧૬૫.૭૫ કરોડનો પ્રોજેક્ટ પ્રગતિમાં છે.
- નુર્મ યોજના અંતર્ગત રૂ. ૩૦ કરોડના ખર્ચે ફાજલપુર ખાતેની ટ્રાન્સમીશન લાઇન બદલવાનું કામ પ્રગતિમાં છે.
- સ્વર્ણિમ યોજના અંતર્ગત સમા વિસ્તારમાં ઊંચી ટાંકી અને સંલગ્ન કામગીરી રૂ. ૧૧.૪૨ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી અને બાપોદ ટાંકી ખાતે ભુગર્ભ સંપ અને પંપ હાઉસ રૂ. ૩.૦૬ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.
- રૂ. ૨૭.૯૨ કરોડના ખર્ચે સ્કાડા આધારીત સ્માર્ટ વોટર મેનેજમેન્ટ કરવાની કામગીરી પ્રગતિમાં છે.
- ખોડિયાર નગર વિસ્તારમાં રૂ. ૭.૬૯ કરોડના ખર્ચે બુસ્ટર બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

**વર્ષ ૨૦૧૯-૨૦ ના આગામી આયોજનો :**

- સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ વોટર ઓડિટ રૂ. ૮૬ કરોડ, સ્માર્ટ અપગ્રેડેશન ઓફ વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક રૂ. ૨૦ કરોડ અને ૨૪ x ૭ વોટર સપ્લાય વીથ સ્માર્ટ વોટર મીટર ની કામગીરી રૂ. ૧૩૭/– કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.
- સમગ્ર શહેરને ૨૪ x ૭ પાણી વિતરણ યોજના અંતર્ગત આવરી તબક્કાવાર અમલીકરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે, તેમજ વોટર મીટર પોલીસી અમલી બન્યેથી મીટર મુજબ બિલ બજવણી અને વસુલાત કરવામાં આવશે.
- શહેરમાં યોગ્ય પ્રેશરથી પાણી મળી રહે તે માટે હયાત નેટવર્કનો સર્વે, નેટવર્ક ડીઝાઇન તથા જરૂરીયાત જણાય ત્યાં નવિન ઊંચી ટાંકીઓ બનાવવા અંગે ૩૦ વર્ષના વસ્તી વધારાને ધ્યાને લઇ સોર્સ તથા નેટવર્ક અપગ્રેડેશનનાં કામે માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી કરવામાં આવશે.

આગામી વર્ષોમાં પાણીના વપરાશ પર નિયંત્રણ કરવા અને રિસાઇકલ પાણીનો ઉપયોગ વધારવાના સરકારશ્રીઓના ઉદ્દેશો છે. જેને સિદ્ધ કરવા પાલિકા દ્વારા જરૂરી નિયમો બનાવી પાલન કરવા શહેરીજનોને અનુરોધ કરવામાં આવશે. જે આ મુજબ છે.

- બાંધકામ અર્થે પીવાના પાણીના કનેક્શન આપવામાં આવશે નહીં.
- નવીન થનાર સોસાયટીના કોમન પ્લોટમાં કોમન સંપ બનાવવાનો ફરજીયાત અમલ કરવનો રહેશે અને આવી સોસાયટીમાં આતરીક પાણી ની વિતરણ વ્યવસ્થા સોસયટીના વહીવટ કરતા/ડેવલોપ દ્વારા કરવાની રહેશે
- નવા બાંધકામોમાં Dual Plumbing System એટલે કે અલગ સંપ તેમજ ઉંચી ટાંકી ની અલગ વિતરણ પીવાના પાણી માટે અને વપરાશના પાણી માટે પણ અલગ સંપ તેમજ ઉંચી ટાંકીની વ્યવસ્થા સ્થળે કરવાની રહેશે.
- કોમર્શિયલ કનેકશન માટે ફરજિયાત મીટર બેસાડવાનું અને ત્રિ–માસિક રીડીંગ મુજબ પાલિકા દ્વારા ઠરાવ્યા મુજબના ચાર્જ જમા કરવાનું રહેશે.
- ઇન્ડસ્ટ્રીયલ કનેકશન માટે રાજ્ય સરકારે ઠરાવેલ પોલીસી મુજબ મીટર બેસાડી રૂ. ૩૫/– કિલો લીટર થી ઓછુ નહીં તે મુજબના ચાર્જ જમા કરવાના રહેશે.
- એફેએસાઇ ૨૦,૦૦૦ ચો.મી. કરતા વધુ ઉપયોગ કરનાર ડેવલોપર્સ દ્વારા બનાવેલ આવા બાંધકામ યુનિટોમાં વપરાશ કરેલ પાણીને ઇન–હાઉસ–ટ્રીટમેન્ટ કરી રી–સાઇકલ પાણીનો ફરીથી ઉપયોગમાં લેવાય તે મુજબ વ્યવસ્થા કરી તેનો અમલ કરવાનો રહેશે.

## ૭) ડ્રેનેજ :

વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન રાજીવનગર ખાતે ૭૮ એમ.એલ.ડી. ક્ષમતાનો નવીન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ રૂ. ૮૮ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. સદર એસ.ટી.પી. બનવાથી શહેરના ઉત્તર તેમજ પૂર્વ વિસ્તારના મલિન જળના શુદ્ધિકરણની સુવિધા ઉપલબ્ધ થયેલ છે તેમજ ૪૦.૦ મી. રીંગ રોડ ઉપર આવેલ ડ્રેનેજ ટ્રંક લાઇન ઉપરનું ભારણ ઘટવાથી ઉત્તર અને પૂર્વ વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યાઓમાં મોટા પાયે રાહત મળેલ છે. બી.પી.સી. રોડ પર (ગોરવા એપીએસ થી સુધી) નવીન ૧૫૦૦/૧૬૦૦/૧૮૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ ગ્રેવીટી લાઇન માઇક્રોટનલીંગ પદ્ધતિથી નાંખવાનું કામ રૂ. ૯૫ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. જેનાથી ગોરવા એ.પી.એસ ના પમ્પીંગ નુ ભારણ ઘટવા ની સાથે સાથે એ.પી.એસ માંથી મલિનજળ નો ઝડપી નિકાલ થઇ રહેલ છે તેમજ ગ્રેવીટી લાઇન દ્વારા મલિન જળનો નિકાલ થવાને પરિણામે પ્રતિ માસ વીજ બીલમાં પણ બચત થઇ રહેલ છે.ઉપરાંત ગોરવા એ.પી.એસ ના સ્ત્રાવ ક્ષેત્રમાં ડ્રેનેજ લાઇન/મેનહોલ ઉભરાવાની તથા જૂની લાઇન પર અવારનવાર ભંગાણ પડવાની સમસ્યા માંથી કાયમી રાહત મળશે તેમજ જાહેર આરોગ્ય અને સલામતીમાં વધારો થશે. નવાયાર્ડ રોડ લાલપુરા થી શાસ્ત્રી બ્રિજ એ.પી.એસ. સુધી માઇક્રો ટનલીંગ પદ્ધતિથી નવિન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાનું કામ રૂ. ૧૪.૭૦ કરોડના ખર્ચે, મકરંદ દેસાઇ રોડ પર વોર્ડ નં–૧૧ ની ઓફિસ થી હરીનગર એ.પી.એસ. સુધી માઇક્રો ટનલીંગ પદ્ધતિથી નવિન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાનું કામ રૂ. ૧૩.૩૧ કરોડના ખર્ચે તથા હરણી મુખ્ય રસ્તા પર માણેકપાર્ક એ.પી.એસ. થી વડોદરા ઇન્ટરનેશનલ એરપોર્ટના ગેટ (P&T Colony) સુધી ટ્રેન્ચલેશ/માઇક્રો ટનલીંગ પધ્ધતિથી નવીન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાખવાનું કામ રૂ. ૮.૬૯ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. સદર કામગીરીના કારણે હાલની ડ્રેનેજ લાઇન જર્જરિત હોવાને કારણે વારંવાર થતા ડ્રેનેજ ભંગાણની સમસ્યા માંથી મુક્તિ મળશે તેમજ સદર લાઇનની આસપાસના વિસ્તારમાં નવિન ડ્રેનેજ લાઇનની સુવિધા મળી શકશે તેમજ પીક અવર્સ દરમ્યાન નીચાણ વાળા વિસ્તારમાં મેનહોલ ઉભરાવાની સમસ્યા માંથી મહદ અંશે રાહત થયેલ છે. તદ્ઉપરાંત તરસાલી બી.એસ.યુ.પી. નાં મકાનો અને લાલબાગ ખાતે આસપાસના વિસ્તારને આવરી લેતી ડ્રેનેજ વ્યવસ્થા સુધારણા માટે પંપીગ સ્ટેશન, પ્રેશર/ગ્રેવીટી નેટવર્કનું કામ અનુક્રમે રૂ. ૫.૪૭ કરોડ અને રૂ. ૫.૭૦ કરોડના ખર્ચે કામગીરી પૂર્ણ કરેલ છે. જેના કારણે સંલગ્ન વિસ્તારોમાં ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ થયેલ છે.

હાલમાં મુખ્યત્વે ડ્રેનેજ ઝોન–૨ વિસ્તારમાં આવેલ આજવા રોડથી  કપુરાઇ (ડભોઇ રોડ ચાર રસ્તા) સુધી નેશનલ હાઇ–વે નાં સમાંતરે નવિન ડ્રેનેજ નેટવર્ક, MPS તથા કપુરાઇ હયાત STP પાસે નવિન STP બનાવવાની કામગીરી રૂ. ૭૩.૧૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. જેનાથી શહેરના પૂર્વ વિસ્તારમાં વસતા નાગરિકોને તથા હરણી, સયાજીપુરા, આજવા રોડ, વાઘોડિયા રોડ, કિશનવાડી વિગેરે જેવા વિસ્તારને ડ્રેનેજ ના મલિનજળને શુદ્ધિકરણની સુવિધાનો લાભ આપી શકાશે. બહુચરાજી નાગરવાડા ખાતે રૂ. ૮.૫૦ કરોડના ખર્ચે નવિન APS, ડ્રેનેજ નેટવર્ક તેમજ પ્રેશર લાઇનની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના કારણે વિશ્વામિત્રી નદીમાં જતા સુવેઝને અટકાવી શકાશે.

છાણી ખાતે ૫૦ MLD ક્ષમતાનો નવિન એસ.ટી.પી., સમા એ.પી.એસ.–૧ અને એ.પી.એસ.–૨ નું અપગ્રેડેશન કરી પ્રેશર લાઇનની કામગીરી અંદાજીત રૂ. ૭૨ કરોડના ખર્ચે કરવા ભાવપત્રો મંગાવવામાં આવેલ છે.

ઝોન–૩ વિસ્તારમાં કન્સલ્ટન્ટના રીપોર્ટ મુજબ ભાયલી, તલસટ, કલાલી, શેરખી તથા અટલાદરા વિગેરે ખાતે APS/ STP તથા નવીન નેટવર્કના કામો તથા ઝોન–૧ (મુખ્યત્વે દક્ષિણ ઝોન) વિસ્તારમાં નવીન STP ની સુવિધાની કામગીરી આયોજન હેઠળ છે. જેનાથી પશ્ચિમ તથા દક્ષિણ વિસ્તારમાં ડ્રેનેજની સુવિધામાં વધારો થશે. જૂના પાદરા રોડ મલ્હાર પોઇન્ટ થી ઉર્મિ ચાર રસ્તા સુધીના ૧૮ મી. ના રસ્તે આવેલ હયાત જૂની ડ્રેનેજ ગ્રેવીટી લાઇનના સ્થાને નવિન લાઇન માઇક્રો ટનલીંગ પદ્ધતિથી નાખવાનું કામ અંદાજીત રૂ. ૧૫ કરોડના ખર્ચે હાથ ધરાશે તથા વહીવટી વોર્ડ–૧૦ માં ૩૦ મી. રસ્તે સુભાનપુરા હાઇટેન્શન થી રાજેશ ટાવર રોડ થઇ ગોત્રી હરીનગર પંપીંગ સ્ટેશનને મળતી હયાત જુની ડ્રેનેજ ગ્રેવીટી લાઇનના સ્થાને નવિન લાઇન માઇક્રો ટનલીંગ પદ્ધતિથી નાખવાનું કામ અંદાજીત રૂ. ૩૨ કરોડના ખર્ચે તેમજ પ્રેમ પ્રકાશ આશ્રમથી આર.ટી.ઓ એપીએસ સુધી ટ્રેન્ચલેસ પદ્ધતિ થી ડ્રેનેજ નળિકા નાખવાનું કામ અંદાજીત રૂ. ૮.૦૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. જેના કારણે હાલની ડ્રેનેજ લાઇન જર્જરિત હોવાને કારણે વારંવાર થતા ડ્રેનેજ ભંગાણની સમસ્યામાંથી મુક્તિ મળશે તથા તમામ વિસ્તારમાં ડ્રેનેજ નું નેટવર્ક વધુ સઘન રીતે કાર્યરત બનશે. વધુમાં, ડ્રેનેજ પ્રોજેક્ટ દ્વારા પર્યાવરણની જાળવણી થાય તેમજ પાણીની બચત થાય તે અંગે રાજ્ય સરકારશ્રી દ્વારા મે–૨૦૧૮ માં જાહેર કરવામાં આવેલ પોલીસી અંતર્ગત રૂ. ૭૦.૬૯ કરોડના ખર્ચે રાજીવનગર એસ.ટી.પી. થી તબક્કાવાર I.O.C.L. ને–૪૦ એમ.એલ.ડી. અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીસને–૧૫ એમ.એલ.ડી. મળી કુલ –૫૫ એમ.એલ.ડી. જેટલું ટ્રીટેડ વેસ્ટ વોટર (TWW) તેમજ છાણી ખાતે નવિન બનનાર ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના એસ.ટી.પી. થી તબક્કાવાર G.S.F.C. ને–૩૨ એમ.એલ.ડી., G.A.C.L. ને–૫ એમ.એલ.ડી., તેમજ G.I.P.C.L. ને–૫ એમ.એલ.ડી. મળી કુલ–૪૨ એમ.એલ.ડી. જેટલું TWW રૂ. ૧૨૬.૫૪ કરોડના ખર્ચે સપ્લાય કરવા રાજ્ય સરકારશ્રીમાં ડી.પી.આર. રજુ કરવામાં આવેલ છે, તેમજ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (G.S.E.C.L.) દ્વારા શિનોર ખાતે બનાવવામાં આવનાર ૨ x ૮૦૦ MW પાવર પ્લાન્ટમાં ૧૧૦ MLD ટ્રીટેડ સુએઝ વાપરવા માટે માંગણી કરવામાં આવેલ છે. જે અંગે પણ ભવિષ્યમાં કામગીરી હાથ ધરી શકાશે.

## ૮) ઇલે. મિકે., સુએઝ ડીસ્પોઝલ વર્ક્સ શાખા :

**સને ૨૦૧૭–૧૮ માં કરેલ નોંધપાત્ર કામગીરી :**

- ડભોઈ રોડ , વાસણા , ગોત્રી  અને  ગાજરાવાડી MPS સુએઝ પંપીંગ સ્ટેશનોમાં હયાત ઘણા જુના તેમજ ઘણી ઓછી એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ બદલી નવીન વધુ એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ લગાડી ઝડપથી અને વધુ મલીન જળ ઉલેચન કરી વીજ બચત કરવામાં આવે છે.

- સુવેઝ ડિસ્પોઝલ વર્કસ શાખાના વિવિધ પંપીંગ સ્ટેશનો ખાતે પંપીંગ મશીનરીનું ઓટોમાઇઝેશન કરવાનું કામ પૂર્ણતાના તબક્કાએ (રૂ. ૧૭૯ લાખ)

**સને ૨૦૧૮–૧૯ નું આગામી આયોજન :**

- સ્માર્ટ સીટી અંતર્ગત જુદા–જુદા પંપીગ સ્ટેશનોમાં વીજ કાર્યક્ષમ ન હોય, પંપીગ ક્ષમતા વધારવાની જરૂર હોય, તેવી પંપીગ મશીનરી જરૂરી એસેસરીઝ સહ બદલવાનું, CCTV લગાડવાનું, સેન્ટ્રલી મોનીટરીગ તેમજ ઓટોમાઇઝેશનનું કામ
- સયાજી ગાર્ડન STP નું 8.5 MLD થી 16 MLD માં Upgradation કરી Tertiary Treatment કરવાનું કામ રૂ. ૨૬.૭૫ કરોડ

**ફાયદા :**

- સયાજી ગાર્ડનમાં ટ્રીટેડ વોટરનો ઉપયોગ કરવામાં આવશે.
- જાહેર આરોગ્ય તથા જળચર જીવોના આરોગ્યનાં પશ્નોનું નિરાકરણ કરી શકાશે.
- જળ સંપતિ તથા તેના સ્ત્રોતની ઉપલબ્ધતા વધારી શકાશે.
- "Nature conservation" પોલીસી નું અમલીકરણ કરી શકાશે.

## ૯) વરસાદી ગટર પ્રોજેકટ શાખા :

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરીકો ની સુવિધા માટે કુલ ૩૬૪.૨૭ કી.મી. લંબાઇમાં પાઇપ/રેકટેંગ્યુલર ડ્રેઇન (કલોઝડ) નેટવર્ક તથા ૩૭.૯૦ કી.મી. જેટલાં લંબાઇમાં પાકા કાંસ મળી કુલ ૪૦૨.૯૧ કી.મી. લંબાઇમાં પાકી વરસાદી ગટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન જાહેર સલામતીને ધ્યાનમાં લઇ પૂર્વ ઝોન વિસ્તારમાં ઓડનગર થી રાજીવનગર નાળા સુધી અંદાજીત રૂ. ૫.૬૨ કરોડ ના ખર્ચે આર.સી.સી. કલોઝડ ચેનલ બનાવવાની કામગીરી, મશીયા કાંસ ઉપર બજાણીયાવાસ થી ભગત કોલોની સુધી અંદાજીત રૂ. ૨.૭૯ કરોડ ના ખર્ચે સ્લેબ ભરી કાંસને કવર્ડ કરવાની કામગીરી, લાલબાગ કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર કલ્વર્ટ થી એસ.આર.પી. કંપાઉન્ડ થઇ નવિન અંડર ગ્રાઉન્ડ સંપ સુધી હયાત કાંસવાળા ભાગમાં અંદાજીત રૂ. ૦.૮૨ કરોડ ના ખર્ચે પાકી કલોઝડ આર.સી.સી. વરસાદી ચેનલ બનાવવાની કામગીરી, ઘાઘરેટીયા, સોમા તળાવ વૈષ્ણવ કુટીર થી રેલ્વે કલ્વર્ટ જતાં રસ્તાના જંક્શન વાળા ભાગમાં અંદાજીત રૂ. ૦.૩૯ કરોડના ખર્ચે હયાત ખુલ્લી વરસાદી ગટર ઉપર ના આર.સી.સી સ્લેબ ને લંબાવવાની કામગીરી મળી કુલ રૂ. ૯.૬૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

હીરાવંતી થી સાધનાનગર બ્રીજ સુધીમાં અંદાજીત રૂ. ૬.૪૬ કરોડ ના ખર્ચે ખુલ્લા કાચા કાંસ વાળા ભાગમાં આર.સી.સી કલોઝડ ચેનલ બનાવવાની કામગીરી, આર.ટી.ઓથી વિધાનગર સોસાયટીથી સિંધુસાગર તળાવ પાસે અંદાજીત રૂ. ૬.૦૯ કરોડ ના ખર્ચે ખુલ્લી વરસાદી ગટર પર સ્લેબ ભરી બંધ કરવાની કામગીરી મળી અંદાજીત કુલ રૂ. ૧૨.૫૫ કરોડ ખર્ચ ની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. સદર કામો પૂર્ણ થવાથી નાગરિકોની જાહેર આરોગ્ય તથા સલામતી જળવાવની સાથે સાથે આજુ–બાજુના વિસ્તારમાંથી વરસાદી પાણીનો સરળ તથા ઝડપી નિકાલ થઇ શકશે.

વધુમાં, શહેરના પૂર્વ વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદી પાણી ભરાઇ રહેવાની વધુ માત્રામાં શહેરમાં વરસાદી પાણી પ્રવેશવાને લીધે વરસાદી પાણી ભરાઇ રહેવાની પરિસ્થિતિ અટકાવવા માટે સરકારશ્રીની AMRUT યોજના હેઠળ નેશનલ હાઇ–વે તરફથી પ્રવેશતાં વરસાદી પાણીને શહેર બહાર

વાળવા માટે હાઈ–વેને સમાંતર નવીન વરસાદી ગટર બનાવી વરસાદી પાણીનો નિકાલ સીધો જ વિશ્વામિત્રી નદીમાં થાય તે માટે હાઈ–વેને સમાંતર અંદાજીત રૂ. ૩૧.૦૦ કરોડના ખર્ચે નવિન વરસાદી ગટર બનાવવાની કામગીરી પણ ચાલુ નાણાંકીય વર્ષમાં પૂર્ણ કરેલ છે.

**મંજુરીની સાપેક્ષમાં હાથ ધરેલ આગામી નવિન આયોજન :**

- પરિવાર ચાર રસ્તાથી હાઈવે તરફ જતા રસ્તે વરસાદી ગટર નાખવાની અંદાજીત રૂ. ૮.૦૦ કરોડની કામગીરી.
- ગોત્રી ખાતે ઉંડેરા ગોત્રી કાંસ પર આર.સી.સી સ્લેબ ભરવાની અંદાજીત રૂ. ૬.૨૦ કરોડની કામગીરી.
- વડોદરા મહાનગરપાલિકાના ઉતર ઝોનમાં વહીવટી વોર્ડ નં.–૫ માં આવેલ અકોટા–દાંડિયા બજાર રોડ પર લકડી પુલ કાંસ કવર્ડ કરવાની અંદાજીત રૂ. ૪.૪૧ કરોડની કામગીરી.
- પાણીગેટ, ત્રિલોક નગર નાળાની ૨ x ૫ સ્ટ્રીમ આવેલ કાચો કાંસ પાકો કરવાની અંદાજીત રૂ. ૨.૧૩ કરોડની કામગીરી.
- એરફોર્સ કાંસ ઉપર આર.સી.સી સ્લેબ ભરવાની અંદાજીત રૂ. ૧.૫૪ કરોડની કામગીરી.

ઉપરોક્ત કામો પૂર્ણ થવાથી મુખ્યત્વે નાગરિકોની જાહેર સલામતી તથા જાહેર આરોગ્ય જળવાવની સાથે સાથે શહેરના વિવિધ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ઉકત સ્થળો તથા આજુ–બાજુના વિસ્તાર માંથી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો સરળ તથા ઝડપી નિકાલ થઇ શકશે તથા વરસાદી પાણીના ભરાવાના નિકાલની સમસ્યાનું નિરાકરણ થશે.

## ૧૦) સ્ટ્રીટલાઇટ વિભાગ :

**સને –૨૦૧૮–૧૯માં કરેલ નોંધપાત્ર કામગીરી :**

- સ્ટ્રીટલાઇટ વિભાગ દ્વારા લગાડવામાં આવેલ વડોદરા શહેરનાં હયાત કુલ ૯૦૦ કિ.મી. ACSR (Aluminum Conductor Steel Reinforcement) line ના સ્થાને ૩૩૫ કિ.મી. ABC (Aerial Bunched Cable) લગાડવાનું કામ.
- શહેરના કુલ ૧૦ કિ.મી. થી વધુનાં મુખ્ય રસ્તા પર સેન્ટ્રલ/સાઇડ લાઇટીંગ કરવાનું કામ.
- શહેરના જુદા–જુદા સ્થળો ઉપર લાગેલ ૨૦,૦૦૦ પ્રણાલિગત સોડીયમ ફીટીંગ્સને બદલી નવિન LED ફીટીંગ્સમાં રૂપાંતરીત કરવામાં આવેલ છે.

**પ્રગતિ હેઠળનાં કામો :**

- વધુ વીજ બચત તથા નિભાવણીખર્ચમાં બચત મેળવવાના ભાગરૂપે
- શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર તથા અન્ય સ્થળો ઉપર લાગેલ જુદી–જુદી ક્ષમતાના સોડીયમ ફીટીંગો બદલી LED ફીટીંગો લગાડવા.
- શહેરમાં કુલ ૨૦ કિ.મી. ના રસ્તા ઉપર ડીઝાઇન બેઇઝ્ડ સેન્ટ્રલ/સાઇડ લાઇટીંગ કરવાનું કામ.

**સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત શહેરનાં ABD વિસ્તાર તથા અન્ય વિસ્તારોનાં MGVCL નાં LT Cable ને Underground કરવાનું કામ. (ખર્ચ રૂ. ૧.૬૨ કરોડ) :**

- સ્માર્ટ સીટીનાં પ્રોજેક્ટ અંતર્ગત એમ.જી.વી.સી.એલ. તથા સ્ટ્રીટલાઈટનાં તમામ LT/HT કેબલોને Underground કરવાનું કામ.
- આ કામગીરી શહેરનાં ABD (Area Based Development) માં સમાવિષ્ટ વિસ્તાર તેમજ શહેરનાં હેરીટેજ વિસ્તાર જેવાકે માંડવી તથા ચાર દરવાજા વિસ્તારમાં શહેરની આગવી ઓળખ ઉભી કરવા હયાત MGVCL નાં LT/HT Network ને Underground કરવાનું કામ.

- સદર કામગીરી માં માંડવી થી ચાર દરવાજા ઉપરાંત, અરૂણોદય થી દિનેશ મિલ, દિનેશ મિલ થી મુંજમહુડા વિગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે.
- હાલમાં MGVCL દ્વારા LT/HT કેબલોને Underground કરવા અર્થે આયોજનમાં લેવામાં આવેલ કુલ ૧૧ રોડ પર Underground LT/HT કેબલો નાંખવા માટે કુલ રૂ. ૧.૬૨ કરોડનાં ખર્ચે HDPE DWC Pipe વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાંખવામાં આવશે.
- સદર કામગીરી પૂર્ણ થયા બાદ MGVCL દ્વારા તેઓનાં હયાત Over Head Cable Network ને દૂર કરી Underground HT/LT કેબલો નાંખવામાં આવશે.

**આયોજન :**

હેરીટેજ લાઈટીંગ

- વડોદરા શહેરનાં ઐતિહાસિક માંડવી બિલ્ડીંગ તથા ચાર દરવાજાનાં વિસ્તારમાં Heritage Lighting કરવાનું કામ. (ખર્ચ રૂ. ૧.૫ કરોડ)

સ્માર્ટ સીટી પ્રોજેક્ટનાં ઉપક્રમે

- વડોદરા શહેરનાં અકોટા–દાંડીયાબજાર બ્રિજ પરનાં હયાત Structure પર ૯૮૦કિ.વો. મહત્તમ ક્ષમતાનાં Ground Top Solar Power Plant બેસાડી ૨૦વર્ષ નિભાવણી તથા સંચાલન કરવાનું કામ. (ખર્ચ રૂ. ૬.૧ કરોડ)
- વડોદરા શહેરનાં મુખ્ય રસ્તા ઉપરનાં હયાત અંદાજીત કુલ ૧૨,૦૦૦ નંગ એનર્જી સેવર યુનિટ (Dimming તથા Staggering) સહનાં પ્રણાલીગત સોડીયમ ફિટીંગોનાં સ્થાને નવિન ટેકનોલોજી નાં Smart Controller Based LED Fittings (Upgradable) તથા હયાત નવિન મુખ્ય રસ્તાઓ પર કાર્યરત કુલ ૩,૦૦૦ નંગ LED ફિટીંગોને Smart Controller Based LED ફિટીંગોમાં રૂપાંતરીત કરી વડોદરા શહેરનાં City Command & Control Centre ખાતે Integration કરવા સહની કામગીરી સ્માર્ટ સિટી પ્રોજેક્ટનાં Infrastructure Project હેઠળ Smart Streetlight Project માં કરવામાં આવશે. (ખર્ચ રૂ. ૫૦ કરોડ)

**મળેલ સિદ્ધિઓ :**

- વડોદરા શહેરમાં ૮૨,૦૦૦ સ્ટ્રીટ લાઈટ પૈકી ૬૦,૦૦૦ સ્ટ્રીટ લાઈટનું LED માં રૂપાંતરણ કરવામાં આવેલ છે.
- સ્ટ્રીટ લાઈટમાં કાર્યક્ષમ મટીરીયલ વાપરી વધુ વીજ બચત મેળવવા લીધેલ પગલા બદલ રૂપાંતરીત કુલ ૬૦,૦૦૦ LED લાઈટ તથા સ્માર્ટ એનર્જી સેવર યુનિટ દ્વારા વાર્ષિક કુલ રૂ. ૪૦૦ લાખની વીજ બચત મેળવવામાં આવેલ છે.
- વીજ ચોરી તેમજ વીજ અક્સ્માત નિવારવાના ભાગરૂપે જુનો શહેરી વિસ્તાર તેમજ દરેક સ્લમ વસાહતોમાં ઓવરહેડ ખુલ્લા વીજ કંડક્ટર બદલી ઈન્સ્યુલેટેડ કંડક્ટર (ABC – Aerial Bunched Cable) લગાડવાનાં કારણે વીજ અક્સ્માતો તેમજ વીજ ચોરી રોકવામાં સફળતા મેળવેલ છે.

## ૧૧) મિકેનીકલ વિભાગ :

**સને ૨૦૧૮–૧૯ની સિધ્ધીઓ :**

- વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા ઝોન વાઈસ ચાર ટીમ દ્વારા ગેર કાયદેસર દબાણ દૂર કરવાની કામગીરીના અસરકારક આયોજનને ધ્યાનમાં લઈ ડાયરેકટરશ્રી (એન્ક્રોચમેન્ટ) ના સુચનને અનુલક્ષીને બે નંગ ટ્રક ખરીદવામાં આવેલ છે. વધુમાં ઢોર પાર્ટીની ૨૪ x ૭ ની કામગીરીને ધ્યાનમાં

લઈ રખડતા ઢોરોનો ત્રાસ દુર થાય તે હેતુથી હયાત બે નંગ ઉપરાંત વધુ નવિન–૦૨ નંગ લો–બેડ ટ્રેઇલર ખરીદવામાં આવેલ છે

- વધુમાં વડોદરા શહેરમાં રોપવામાં આવેલ છોડ–ઝાડની જાળવાણી કરવા માટે પાણીનો છંટકાવા કરવા ગાર્ડનશાખા માટે માનનીય સંસદસભ્ય ની ગ્રાન્ટ માંથી કુલ–૦૩ નંગ વોટર ટેન્કર ખરીદવામાં આવેલ છે અને માનનીય ધારાસભ્ય (સયાજીગંજ) ની ગ્રાન્ટ માંથી ૦૧–નંગ ઈ–રિક્ષાવોટર ટેન્કર ખરીદવામાં આવેલ છે.

**<u>સને ૨૦૧૯–૨૦ નુ આયોજન</u> :**

- આગામી વર્ષમાં કોર્પોરેશન ના જુદા જુદા વિભાગોની માંગણી તેમજ જરુરિયાત અનુસાર સ્માર્ટ સીટી અંતર્ગત ટ્રેકટર, બોલેરો જીપ, સ્ટાફ બસ, ટ્રક તેમજ વાઇબ્રેટરી રોલર,સુપર સકર મશીન, રોડ સ્વીપર મશીન, ગાર્બેજ કોમ્પેકટર, રિસાયક્લર મશીન વિગેરે ખરીદવાનુ આયોજન છે.

## ૧૨) <u>ટાઉન ડેવલપમેન્ટ</u> :

બાંધકામ પરવાનગી શાખા દ્વારા, બાંધકામ કરવા માટે શહેરી હદ વિસ્તારમાં બાંધકામની મંજૂરી તા.૧૨–૧૦–૨૦૧૭ પછીથી ઇનવર્ડ કેસો માટે કોમન જી.ડી.સી.આર.–૧૭ ના નિયમને આધીન મંજૂરી મળ્યેથી બાંધકામની લાગત વસુલ લઈ આપવામાં આવે છે. આમ, ગત ૨૦૧૭–૧૮ના વર્ષ માટે રૂ. ૭૧.૭૩ કરોડ વસુલ કરવામાં આવેલ હતા તથા વર્ષ : ૨૦૧૮–૧૯ માં નવેમ્બર–૨૦૧૮ સુધી રૂ. ૧૦૭.૨૭ કરોડ વસુલવામાં આવેલ છે. બાંધકામ નિયમ મુજબ અત્રેથી પ્લીંથ ચેક, કંમ્પલીશન સર્ટીફીકેટ તથા ઓકયુપેશન સર્ટીફીકેટ આપવામાં આવે છે. તેમજ ઇમ્પેકટ–ફી હેઠળ અત્યાર સુધી કુલ રૂા. ૪૮.૫૫ કરોડ જમા થયેલ છે. ઇમ્પેકટની સમયમર્યાદા હાલમાં પૂર્ણ થયેલ છે. પરંતુ સરકારશ્રી દ્વારા ભવિષ્યમાં આ પ્રકારની કોઇ યોજના જાહેર હશે તો તે પ્રમાણેની યોજનાનો અમલ અત્રેથી કરવામાં આવશે. તેમજ હાલમાં કોર્મશીયલ વિસ્તારમાં પાર્કીંગ થાય તે હેતુસર નડતરરૂપ દબાણો દૂર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરાવેલ છે અને પાર્કીંગ ન થવાના લીધે દંડ પેટે પેનલ્ટી પણ વસુલવામાં આવે છે.

ગત વર્ષથી પરવાનગી અરજી IFP Portal પર ઓનલાઇન (ફાયનાશીયલ પોર્ટલ) મારફતે રજુ કરવાની શરૂ કરેલ છે. ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૨–૧૦–૨૦૧૭ થી અમલમાં આવેલ નવીન કોમન જી.ડી.સી.આર.–૧૭ અંતર્ગતની પરવાનગીઓ હવેથી ઓનલાઇન પરીપત્ર થયેલ હોઇ Auto-DCR મારફતે ચકાસણી કરાવી આપવાની કાર્યપધ્ધતિ અમલમાં આવેલ હોઇ ઓનલાઇન પરવાનગીથી માનવક્ષતિ રહિત ચકાસણી થઈ પારદર્શિતાથી કામગીરી થઈ શકે. જે અંતર્ગત અત્રેથી IFP Portal થકી ઓનલાઇન પરવાનગીની પણ કામગીરી ચાલુ છે. દરમ્યાનમાં સરકારશ્રી દ્વારા આ સંદર્ભે સમયાંતરે અમલી બનેલ પરિપત્રો, ગેઝેટો મુજબ ઓફલાઇન પરવાનગી આપવાની કાર્યવાહી પણ કરવામાં આવશે અને સમય–મર્યાદામાં કામગીરી થઈ શકશે. વધુમાં ટાઉન ડેવલપમેન્ટ કચેરીનો કાયમી રાખવાપાત્ર રેકોર્ડ સ્કેનીંગ કરવાની કામગીરી હાથ ધરેલ છે.

સોસાયટીના આંતરીક રોડમાં થતા દબાણો દૂર કરવાની કામગીરી અગાઉ બાંધકામ પરવાનગી શાખામાંથી કરવામાં આવતી હતી. પરંતુ હવે વિકેન્દ્રી કરણના ભાગરૂપે સોસાયટીના આંતરીક રસ્તાના માર્જીન વિગેરે પ્રકારના બીનપરવાનગી બાંધકામ દૂર કરવાની કાર્યવાહી ઝોન કક્ષાએથી કરવામાં આવે છે. કોર્મશીયલ કોમ્પલેક્ષ, પાર્કીંગ, એપાર્ટમેન્ટ વિગેરેના દબાણો બાંધકામ પરવાનગી શાખાએથી દૂર કરવામાં આવે છે. અત્રેથી માર્જીન, પાર્કીંગ, કોમન પ્લોટના ભાગમાં થયેલા ગેરકાયદેસરના બાંધકામો વાધાં અરજી અંતર્ગત સ્થળ/દસ્તાવેજો ચકાસીને જી.પી.એમ.સી. એકટની કલમ મુજબ,

જી.ડી.સી.આર. ની જોગવાઇઓ, ટાઉન પ્લાનીંગ એકટ–૧૯૭૬ની જોગવાઇઓ તથા સમગ્ર સભા દ્વારા નકકી કરવામાં આવેલ નીતિ મુજબ જરૂરી નોટીસ આપવાની કાર્યવાહી કરી રીમુવલ ચાર્જ વસુલી બીનપરવાનગી બાંધકામ દૂર કરાવવાની કામગીરી કરવામાં આવે છે.

હાલમાં ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ૨૬ ટી.પી.સ્કીમો તૈયાર કરી મંજૂરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ હતી. જે પૈકી ૧૪ ટી.પી.સ્કીમ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે જેને આખરી કરવા નગર રચના અધિકારીશ્રીની નિમણૂક થયેલ છે તથા ૧૨ ટી.પી.સ્કીમ સુધારા માટે પરત આવેલ છે. પરત આવેલ ૧૨ ટી.પી. સ્કીમ પૈકી ૧ ટી.પી.સ્કીમ મંજૂરી અર્થે સરકારશ્રીમાં સાદર કરેલ છે. બાકી ટી.પી.સ્કીમોની સુધારાની કામગીરી ચાલુ છે જે ટુંક સમયમાં સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવામાં આવશે.

## ૧૩) પાર્ક્સ એન્ડ ગાર્ડન :

વડોદરા મહાનગરપાલિકાના આ વિભાગ દ્વારા વડોદરા શહેરને પ્રદૂષણ મુકત અને આરોગ્ય વર્ધક વાતાવરણ મળી રહે તે માટે શહેરમાં નાગરીકોને ઘરઆંગણે બાગ–બગીચાની સુવિધા મળી રહે તે હેતુસર કામગીરી કરવામાં આવે છે.

- શહેરથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલ આજવા બાગના નવિનીકરણ તેમજ બાકીના ભાગમાં આનંદ પ્રમોદના ઉપરકરણો સાથે (Recreational activity) વિકસાવવા બાબતે ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિ. (TCGL) ગુજરાત સરકાર દ્વારા DBOT (Design, Build, Operate & Transfer) ધોરણે બાગનો વિકાસ કરેલ છે. જેમાં આધુનિક મોડેલની વિવિધ રાઇડસનું ઇન્સ્ટોલેશન પૂર્ણ થઇ ગયેલ છે અને લેસર ફાઉન્ટેનની કામગીરી પણ પૂર્ણ થયેલ છે. જેનું લોકાર્પણ તા.૨૫–૧૨–૨૦૧૮ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ છે.
- વડસર ટ્રી પાર્ક :– વડોદરા શહેરમાંથી રોજેરોજ નીકળતો કચરો ડમ્પીંગ કરવાની લેન્ડ ફીલ્ડ સાઇટ વડસર ખાતે હતી જેમાં ઘનિષ્ઠ વનીકરણ કરી ટ્રી મ્યુઝીયમનાં નવતર પ્રયોગ તરીકે ૯૨ જેટલા જુદી જુદી જાતના વૃક્ષોનું પ્લાન્ટેશન કરી કુલ ૯૦૦૦ જેટલા ઝાડનું પ્લાન્ટેશન કરેલ છે.આ સાઇટને "ટ્રી મ્યુઝીયમ" તરીકે ઓળખાય છે.
- વડોદરા મહાનગરપાલિકાની ગ્રીનબેલ્ટ અને ઓપન સ્પેસની જગ્યામાં ચાલુ વર્ષે (વર્ષ:૨૦૧૮–૧૯) કુલ–૨૦ બગીચાઓ પૈકી કુલ–૦૩ બગીચાઓ બનાવી કામગીરી પૂર્ણ કરેલ છે જયારે ૧૭ બગીચાઓ માં સીવીલ કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ કુલ–૪૦ અર્બન ફોરેસ્ટ (શહેરી વન) પૈકી કુલ–૨૫ પ્લોટોમાં કામગીરી પૂર્ણ કરેલ છે અને બાકીના ૧૫ પ્લોટોમાં દબાણો હોઇ કામગીરી થઇ શકેલ નથી.
- વડોદરા મહાનગરપાલિકાની ગ્રીનબેલ્ટ અને ઓપન સ્પેસની જગ્યામાં આ વિભાગ દ્વારા
  ૧) પૂજા પાર્ક, પરીવાર ચાર રસ્તા પાસે, આજવા રોડ ખાતે.
  ૨) લાવતી હોસ્પીટલ પાસે, વારશીયા રોડ,
  ૩) તાહુરાપાર્ક–તાંદલજા
  ૪) શાંતમગ્રીન સોસાયટી પાસે, વાસણા
  ૫) સીંધુ સાગર તળાવ–વારશીયા
  ૬) અક્ષતા સોસાયટી
  ૭) નિમેટા ખાતે અર્બન ફોરેસ્ટ
  ૮) છણી પાણી ટાંકી ખાતે અર્બન ફોરેસ્ટ
  ૯) ઉત્તર ઝોન કચેરીની કચેરી ખાતે ગાર્ડન – એયપ્પા ગ્રાઉન્ડ પાસે, ન્યુ સમા રોડ વડોદરા.
  ૧૦) સ્નેહલ પ્રિંટીંગ પ્રેસ પાસે,
  ૧૧) ટી.પી.૦૧, ફા.પ્લોટ–૧૫૫, નક્ષત્ર પાર્ટી પ્લોટની બાજુમાં, હરણી

૧૨) ટી.પી.–૦૩, ફા.પ્લોટ–૯૯૨, પંચમ ડુપ્લેક્ષ– પરીવાર ચાર રસ્તા માં બ્યુટીફીકેશન કરી ગાર્ડનીંગ ની કામગીરી કરવામાં આવેલ છે.

- શહેરના જુદા જુદા બાગોમાં નાગરીકોના ફીટનેસના હેતુસર ફીઝીકલ ફીટનેસના સાધનો અને બાળકોના આનંદ પ્રમોદ માટે રમત–ગમતના સાધનો અંદાજે રૂ. ૬૫.૦૦ લાખના ખર્ચે લગાવવામાં આવેલ છે.

**પાર્કસ એન્ડ ગાર્ડન (પ્રગતિ હેઠળના કામો) :**

- હરણી સ્કલ્પચર પાર્ક

  વડોદરા મહાનગરપાલિકા દ્વારા જુદી જુદી કચેરીઓમાંથી અને દબાણ શાખા તરફથી સેન્ટ્રલ સ્ટોર અટલાદરા ખાતે જુદી જુદી પ્રકારના ભંગાર જમા કરાવવામાં આવે છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૨૦૧૭ માં આવા વેસ્ટ મટીરીયલ માંથી સ્કલ્પચર બનાવવા માટેનું આયોજન કરેલું. આયોજનના ભાગરૂપે MSU ના આર્ટસ ફેકલ્ટીનાં આર્ટીસ્ટોને એક જગ્યાએ ભેગા કરી વિવિધ પ્રકારના સ્કલ્પચરો બનાવવા માટેનો કેમ્પ/કાર્યશાળાનું આયોજન અકોટા સ્ટેડીયમ ખાતે કરેલું. આ કેમ્પમાં જાન્યુઆરી–૨૦૧૭ માં ૨૫ (સ્કલ્પટર) આર્ટીસ્ટોએ ભાગ લઈ અને એપ્રિલ–૨૦૧૭ માં ૪૮ સ્કલ્પચર પાર્ટીસીપેટ કરી કુલ–૭૩ સ્કલ્પચરો બનાવી વર્ષોથી પડી રહેલ Scrape નું સ્કલ્પચરમાં રૂપાંતર કરેલ છે. જે સ્કલ્પચરો હરણી તળાવની બાજુમાં વિશાળ ૭.૫૦ લાખ ફૂટ જેટલી વિશાળ જગ્યામાં સ્કલ્પચર પાર્ક બનાવી તેમાં સ્કલ્પચરો અગામી દિવસોમાં મુકવા સારૂ કામગીરી પ્રગતિ હેઠળ છે.

- તળાવો/સ્મશાનોનું બ્યુટીફીકેશન

  હાલ (૧) ભીમ તળાવ – કલાલી (૨) સયાજીપુરા તળાવ (૩) મસીયા તળાવ – માંજલપુર (૪) માણેજા તળાવ (૫) કલાલી તળાવ (૬) છાણી તળાવ (૭) મહાદેવ તળાવ (૮) કલાલી સ્મશાન (૯) જાગનાથ સ્મશાન (૧૦) અક્ષરધામ નાથીબાની બાજુનો પ્લોટ (૧૧) દિવ્ય ભાસ્કર કારેલીબાગ સામેનો પ્લોટ (૧૨) શાલીમાર સોસાયટી ખાતે બ્યુટીફીકેશન સાથે ગાર્ડનીંગની કામગીરી પ્રગતિ હેઠળ છે.

- પ્રગતિ હેઠળના બાગો

  (૧) અકોટા સ્મશાન ગાર્ડન (૨) અમન સોસાયટી, આજવા રોડ (૩) ટી.પી.–૦૪, ફા. પ્લોટ નં.–૩૨૧, નટવરનગર, વાઘોડીયા રોડ (૪) અમનપાર્ક – બાપોદ (૫) દારૂઉલમ – એહમદપાર્ક, તાંદલજા (૬) અક્ષરધામ, સવાદ, ટી.પી.–૦૭, ફા.પ્લોટ–૯૯ (૭) ટી.પી.–૦૫, ફા.પ્લોટ–૧૯૭, પારસ સોસાયટી–ઝંડા ચોક ખાતે ગાર્ડન બનાવવાની કામગીરી ચાલુ છે.

**પાર્કસ એન્ડ ગાર્ડન (અગામી આયોજન) :**

- કારેલીબાગ ગોવિંદનગર ખાતે આજુ બાજુની જગ્યામાં દબાણો દુર કરાવી પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. આગામી સમયમાં કુલ ૩૪,૫૫૫ ચો.મી. જગ્યામાં રૂ. ૧.૩૦ કોરડના ખર્ચે લોન અને પ્લાન્ટેશન કરી સુંદર બાગ બનાવવાનું આયોજન કરેલ છે.
- સમા તળાવ ફલેગ વાળા સ્થળે ઘનિષ્ઠ વૃક્ષા રોપણ કરી ગાર્ડન વિકસાવવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.
- જુની બાપોદ તળાવ ખાતે બ્યુટીફીકેશન કરી ગાર્ડન વિકસાવવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

- શહેરના અન્ય બાકી રહેલ બાગોમાં આગામી સમયમાં ફીઝીકલ ફીટનેસ અને રમત ગમતના સાધનો રૂ. ૭૦.૦૦ લાખના ખર્ચે લગાવવાનું આયોજન છે.

## ૧૪) સયાજીબાગ પ્રાણીસંગ્રહ સ્થાન :

વડોદરા મહાનગરપાલિકાના હસ્તકનું "શ્રી સયાજીબાગ પ્રાણીસંગ્રહસ્થાન" એ વડોદરા શહેર અને આસપાસના વિસ્તાર માટેનું એક મહત્વનું પર્યટન સ્થળ છે. સને–૧૮૭૯ માં વડોદરાના દીર્ઘ દ્રષ્ટા મહારાજા સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) દ્વારા બનાવવામાં આવેલ આપણા ઝુ આજે દેશના પ્રાચીન ઝુ માં સ્થાન ધરાવે છે. આપણો ઝુ આશરે ૪૦ એકર વિસ્તાર માં ફેલાયલો છે અને CZA ના વર્ગીકરણ મુજબ તે "મધ્યમ ઝુ" (Medium Zoo) ની કેટેગરીમાં આવે છે. વડોદરા ઝુ માં કુલ ૮૪ પ્રજાતિઓના પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપો, સહેલાણીઓને નીહાળવા માટે મુકાયેલા છે, જેની અંદાજીત સંખ્યા ૧,૦૭૦ જાનવરો ની છે. પરંતુ ઝુ ના મોટાભાગના હયાત પીંજરા, CZA ના નિતી–નિયમો મુજબ ન હોઈ, સંપુર્ણ ઝુ ના રિડિવેલપમેન્ટ ની ખૂબ જ જરૂર છે, તેના ભાગ રૂપે શ્રી સયાજીબાગ પ્રાણીસંગ્રહસ્થાન (ઝુ) ને Central Zoo Authority (CZA), નવી દિલ્હી ના નિતી–નિયમો મુજબ વિકસાવવાની કામગીરી હાથ પર લીધેલ છે.

### વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન થયેલ કામગીરી :

- ઝુ ના રિડિવેલપમેન્ટ અંતર્ગત રૂ. ૬.૩૬ કરોડના ખર્ચે વાઘ, સિંહ, દિપડા અને રીંછ માટેના કુલ પાંચ મોટા એનક્લોઝર તથા ઝુ ના પ્રાણીઓ માટે વેટરનરી હોસ્પિટલ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે.
- આપણા ઝુ માં પક્ષીઓની વૈવિધ્યતા અને સંખ્યાબળ ખુબ વધારે છે, જેથી ઝુ રિડિવેલ્પમેન્ટના બીજા તબક્કા અંતર્ગત રૂ. ૧૪.૫૦ કરોડ ના ખર્ચે એક વિશાળ વૉક–ઇન–એવિયરી બનાવવાની કામગીરી ચાલૂ છે. સદર એવિયરી દેશની સૌથી વિશાળ ઝુ એવિયરી બનશે. એવિયરી માટે ની ગ્રાંટ મુખ્યમંત્રી સ્વરણીમ જયંતી યોજના માથી ફાળવવામાં આવેલ છે.
- આજવા ખાતે જેતે વખતે ઝુ સ્થળાંતર માટે જે જગ્યા નકી કરેલ હતી, તેજ સ્થળ પર PPP ધોરણે આજવા નેચર સફારી પાર્ક નું આયોજન કરવામાં આવેલ છે. સદર સફારી પાર્ક માં પ્રથમ તબક્કે અંદાજીત રૂ. ૫૫ કરોડ નું કામ નું આયોજન છે.
- આજવા સફારી પાર્ક મુખ્યત્વે "Herbivore Safari Park" તરીકે વિકસાવવામાં આવશે જેમાં વિભિન્ન પ્રકારના ભારતીય તથા વિદેશી તૃણાહારી પ્રાણીઓ સહેલાણીઓને નિહાળવા માટે મુકવામાં આવશે. દા.ત. હાથી, ગેંડો, જિરાફ, ઝેબ્રા, ઇમ્પાલા ઈત્યાદી.

### વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન થનાર કામગીરી :

- ઝુ રિડિવેલપમેન્ટ ના ત્રીજા તબક્કા અંતર્ગત ઝુ માટે આકર્ષક અને નવીન એન્ટ્રી ગેટ તથા પ્રવેશ ટિકીટ બારીની કામગીરી હાથ ધરવામાં આવશે.
- ઝુ રિડિવેલપમેન્ટના ત્રીજા તબક્કા અંતર્ગત CZA દ્વારા મંજુર કરવામાં આવેલ Master Layout Plan મુજબ સર્પગ્રુહ (Serpentarium) તથા વાંદરાઓના નવિન પીંજરા (Monkey Island) બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
- CZA ના નીતિ–નિયમો મુજબ ઝુ માં પ્રાણીઓના પ્રજનન માટે બ્રીડિંગ સેન્ટરની વ્યવસ્થા ઉભી કરવાની હોય છે, આથી ઝુ માં આવેલ હાથીખાના વિસ્તારમાં પક્ષીઓ માટે પ્રજનનને અનુકુળ નવીન પીંજરા બનાવવામાં આવશે.
- ઝુ ના નવીનીકરણ અંતર્ગત ઉપરોક્ત તબક્કાઓ નું પ્લાનીંગ કનસલટન્ટ સાથે ચર્ચામાં છે, અને સને ૨૦૧૯–૨૦ માં CZA ની મંજૂરી સાથે કામગીરી હાથ પર લેવાની છે.

## ૧૫) આરોગ્ય વિભાગ :

- શહેરના અંતરીયાળ વિસ્તારોમાં તબીબી સેવા પુરી પાડવા PILOT RUN તરીકે કુલ–૦૨ TWO-WHEELER AMBULANCE ની સુવિધા.
- ગોત્રી વિસ્તારમાં આવેલ સ્મશાન ગૃહને "મુક્તિ ધામ" તરીકે વિકસાવવાનું કામ.
- શહેર વિસ્તારના બાળકોને Measles & Rubella (MR Campaign) હેઠળ રસીકરણ કામગીરી.
- હાલ કાર્યરત કુલ–૩૪ અર્બન હેલ્થ સેન્ટર્સ (UPHC) પૈકી કુલ–૧૭ UPHC નું નિર્માણકાર્ય પૂર્ણ, તમામ UPHC ને રૂ. ૪૬=૦૦ લાખના ખર્ચે ફર્નિચરથી સજ્જ.
- જાહેર માર્ગો ઉપર રખડતાં પશુઓ / ગાયોને ખાસવાડી, લાલબાગ ઢોર ડબ્બા ઉપરાંત ખટંબા ઢોર ડબ્બામાં પુરવાના હેતુસર તમામ ઢોર ડબ્બાઓને સુવિધા–સગવડોથી સજ્જ.
- Mobile Tablet થકી તમામ UPHC દ્વારા Family Health Survey ની કામગીરી.
- છાણી વિસ્તારમાં નવિન શાકમાર્કેટ.
- ગોરવા વિસ્તારમાં નવિન શાકમાર્કેટના ઓટલાઓની ફાળવણી.

### આરોગ્ય વિભાગ (પ્રગતિ હેઠળના કામો) :

- પદ્માવતીદેવી શોપિંગ સેન્ટર, ન્યાયમંદિર ખાતે Vaccination Center for International Travelers (Yellow Fever Vaccine Center) નું નિર્માણકાર્ય.
- ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO), વડોદરા તરફથી "મિશન ઈન્દ્રધનુષ અભિયાન" અંતર્ગત આંગણવાડી કેન્દ્રોની માતાઓ અને બાળકોને કુલ–૩૯૯ આંગણવાડી કેન્દ્રો ખાતે રૂ. ૬૩.૮૪ લાખની કિંમતની Vaccination Trolley અને રૂ. ૩૬.૮૦ લાખની કિંમતે કુલ–૮૦ આંગણવાડી કેન્દ્રોના બાળકો માટે રમતગમત અને મનોરંજન અર્થે Slides, Ladders અને Sea-Saw મેળવવાની કામગીરી.
- વધુ કુલ–૦૨ UPHC નું નિર્માણકાર્ય.
- મરેલા જાનવરોનો નિકાલ કરવા આધુનિક Incinerator પ્રસ્થાપિત કરવાનું કામ.
- "કુપોષણ–મુક્ત વડોદરા અભિયાન" અંતર્ગત ૦૬ માસથી ૦૫ વર્ષની વય સુધીના બાળકો પૈકી કુપોષણ સાથે સંકળાયેલ બાળમૃત્યુને રોકવાના હેતુસર અતિગંભીર કુપોષિત બાળકોની "બાલ અમૃતમ" (RUTF) દ્વારા અને મધ્યમ અતિ કુપોષિત બાળકોની "બાલ અમુલ" (RUSF) આપી સારસંભાળ.
- "એનીમીયા મુકત વડોદરા અભિયાન" અંતર્ગત વડોદરા શહેરની ૧૫ થી ૧૯ વર્ષની મહિલાઓમાં એનીમીયાના પ્રમાણ મુજબ National Iron Plus Initiative (NIPI) અંતર્ગત સગર્ભાધાત્રી (High Risk) માતાઓ–જેઓના લોહીના હીમોગ્લોબીનનું પ્રમાણ ≤ 10 gm % હોય તેવી માતાઓ આયર્નની ઉણપને દુર કરવા અંગે Ferric Carboxymaltose (FCM), Iron Sucrose (IS), Oral Ferrous Sulphate (OFS) અને Oral Ferrous Ascorbate (OFA) દ્વારા સારવાર માટેના કાર્યક્રમનું સુદ્રઢ અમલીકરણ.
- "સહજ સારવાર પ્રોજેક્ટ" અંતર્ગત ઝુંપડપટ્ટી જેવા રહેણાંક સ્થળોએ નાગરિકોને તેઓના રહેઠાણ નજીક, સ્થળ ઉપર જ પ્રાથમિક આરોગ્ય તપાસ, નિદાન અને સારવાર આપવાની કામગીરી.
- Animal Birth Control (ABC) Scheme અંતર્ગત રખડતાં – કરડતાં કુતરાંઓને નસબંધી (સ્ટરીલાઈઝેશન) કરી, હડકવા વિરોધી રસી (ARV) મુકી RFID Microchips Labelling કરવાની કામગીરી.

- શહેરમાં રખડતી ગાયો / પશુઓના પશુપાલકોના વસવાટ / પશુઓ રાખવામાં આવે છે તે માટે વોર્ડ વાઈઝ Door to Door Animal Tagging with Microchips લગાવવા અંગેની કામગીરી.
- ગોરવા સ્મશાન ગૃહને વિકસાવવાની કામગીરી.

**આરોગ્ય વિભાગ (નવિન આયોજન હેઠળના કામો) :**

- વધુ કુલ–૧૫ UPHC ના નિર્માણ–બાંધકામનું આયોજન.
- વાસણા અને ખાસવાડી સ્મશાન ગૃહને વિકસાવવાની કામગીરી.
- National Health Mission (NHM) Project હેઠળ ફેમીલી વેલ્ફેર બ્યુરો બિલ્ડીંગ અને છાણી આરોગ્ય કેન્દ્રને કુલ રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે "સામુહિક આરોગ્ય કેન્દ્ર" તરીકે વિકસાવવા, આધુનિક રેડીયોલોજી અને પેથોલોજી લેબોરેટરીની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન.
- કુલ–૦૮ (આઠ) નવિન UCHC વિકસાવવાનું આયોજન.
- PPP Model થી તરસાલી અને બાપોદ ખાતે નવિન શાકમાર્કેટનું આયોજન.

## ૧૬) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

**બાયોરેમેડીએશન પ્રોજેક્ટ :**

- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા અટલાદરા સ્થિત બાયોરેમીડિશન પ્રોજેક્ટ આશરે ૩ લાખ મેટ્રીક ટન જેટલો લેગસી વેસ્ટ બાયો રેમેડિએશન પ્રક્રિયા દ્વારા વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી હેઠળ લેગસી વેસ્ટના નિકાલ કર્યા બાદ અંદાજીત ૪ (ચાર) એકર જગ્યા ખુલ્લી કરી પૂર્વવત કરવામાં આવેલ છે.

**વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ :**

- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા વેસ્ટ–ટુ–એનર્જી પ્રોજેક્ટ હેઠળ ૧૦૦૦ ટન પ્રતિ દિન ઘન કચરાના નિકાલ દ્વારા રીન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરવામાં આવશે.

**ODF+ :**

- ઓડીએફ+ અંતર્ગત શહેરના નિયત કરેલ પબ્લીક ટોયલેટમાં સેનેટરી નેપકીન વેન્ડીંગ મશીન અને ઇનસીનેરેટર ની સુવિધા કરવામાં આવેલ છે.
- સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ ની માર્ગદર્શિકા તેમજ સ્વચ્છ ભારત મિશન દ્વારા ઓનસાઇટ કંપોસ્ટીંગ ઓફ ઓર્ગેનિક વેસ્ટ (નાશવંત ઘન કચરાનું સ્થળ પર જ ઓનસાઇટ કંપોસ્ટીંગ થકી ખાતરમાં રૂપાંતર) ઓનસાઇટ કંપોસ્ટીંગ કરવા ૧૦૦ Kg ની પ્રોસેસીંગ ક્ષમતા ધરાવતા ૨ નંગ મશીન તેમજ ૫૦૦ Kg પ્રોસેસીંગ ક્ષમતા ધરાવતા મશીન ઝોન દીઠ એક એમ કુલ–૪ મશીન મુકવામાં આવેલ છે.
- તા. ૯ ડીસેમ્બર–૨૦૧૮ ના રોજ માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીના અધ્યક્ષપણા હેઠળ મિટીંગ યોજાયેલ, જેમાં સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ પર ભાર મૂકવામાં આવેલ છે.
- શહેરનાં તમામ નોટિફાઇડ વાણિજ્યક વિસ્તારોમાં SWM રૂલ્સ ૨૦૧૬ મુજબ સુકા કચરા માટે ભુરા ડસ્ટબીન તેમજ ભીના કચરા માટે લીલા ડસ્ટબીન રોડ ની બંને બાજુ આશરે ૫૦૦ નંગ હેન્ગીંગ ટવીન ડસ્ટબીન મૂકવામાં આવેલ છે.
- ડોર–ટુ–ડોર વાહનો થકી સુકા અને ભીના કચરાનું ઉત્પતિ સ્થળે જ વર્ગીકૃત, કલેક્શન તથા ટ્રાન્સપોર્ટેશન થાય તે સુનિશ્ચિત કરેલ છે.

- શહેરના ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ (GVPs) નાબૂદ કરવાનું આયોજન તથા ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ (GVPs) ની રાઉન્ડ ધી કલોક સફાઇ થાય તે સુનિશ્ચિત કરેલ છે.
- કોમ્પેક્ટર દ્વારા દરેક રૂટની દિવસમાં ૩ વાર (રાત્રી સફાઇ) આવરી લઇ ભરેલા કન્ટેનર ઉપાડવાની કામગીરી તેમજ સિલ્વર કન્ટેનરોને રાત્રિ સમયે પણ લીફ્ટીંગ કરી આસપાસ સફાઇ કરવામાં આવે છે.
- શહેરના ગાર્ડન, રહેણાંક તથા વાણિજ્યિક જેવા એકમોમાંથી રોજેરોજ ઉતપન્ન થતો ગ્રીન વેસ્ટ સેપરેટ વાહન થકી કલેક્ટ કરી નિકાલ કરવામાં આવે છે.
- તા. ૫–જૂન–૨૦૧૮ ના "વિશ્વ પર્યાવરણ દિન–૨૦૧૮" ના રોજ મહાનગરપાલિકા નાં તમામ સ્ટાફ, એન.જી.ઓ, સેલ્ફ હેલ્પ ગૃપ્સ સાથે મળીને સયાજીબાગ ખાતે "રાજ્યવ્યાપી પર્યાવરણ અને સ્વચ્છતા સપ્તાહ અભિયાન" હેઠળ "વોકેથોન" જનજાગૃત્તિ રેલી યોજવામાં આવેલ. જનજાગૃતિનાં કાર્યક્રમો અન્વયે Information, Education & Communication (IEC) એક્ટીવીટીઝ અંતર્ગત શહેરનાં વિવિધ સ્થળોએ હોર્ડીંગ, પોસ્ટરો, શાળા કાર્યક્રમો, રેલી તથા પપેટ શો દ્વારા સ્વચ્છતા બાબતના કાર્યક્રમો દ્વારા નાગરીકોમાં જન–જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામા આવી રહેલ છે.
- તા. ૫–જૂન–૨૦૧૮ ના "વિશ્વ પર્યાવરણ દિન–૨૦૧૮" ના રોજ પ્લાસ્ટિક વેસ્ટ રૂલ્સ–૨૦૧૬ મુજબ ઓછી જાડાઇ વાળા પ્લાસ્ટિક ની ચીજ વસ્તુઓ પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. તેમજ કુલ ૮૦,૦૦૦ થી વધુનો વહીવટી ચાર્જ કલેકટ કરવામાં આવેલ છે.
- વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ બાયલોઝ મંજૂર કરવામાં આવેલ છે તેમજ પબ્લીક હેલ્થ બાયલોઝની મંજૂરી સરકારશ્રીમાં મોકલ્યેથી અમલ કરવામાં આવશે.
- વડોદરા મહાનગરપાલિકાને સરકારશ્રી દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા. ૦૫–૧૨–૨૦૧૮ ના રોજ ગાર્બેજ–ફ્રી સ્ટાર રેટીંગ હેઠળ "૨ સ્ટાર" જાહેર કરવામાં આવેલ છે.

**<u>સેનીટિશન સ્કવોડ</u> :**

- સ્વચ્છ ભારત મિશન હેઠળ શહેરમાં નાગરિકોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવાય તેમજ સ્વયંશિસ્ત જળવાય તે હેતુથી ૨ જી ઓક્ટોબર, ૨૦૧૮ થી વોર્ડ દીઠ સેનીટિશન સ્કવોડનું ગઠન કરવામાં આવેલ છે.

**<u>સેનીટિશન સ્કવોડ ને આપવામાં આવેલ સૂચના</u> :**

- કોમર્શીયલ વિસ્તારોમાં આવેલ તમામ મોલ્સ, શોપીંગ સેન્ટર દ્વારા તેઓની પ્રીમાઇસીસ ઉપરાંત મેઇન રોડ પરા પણ ડસ્ટબીન રાખવાના રહેશે.
- તમામ નાના દુકાનદારોએ/લારીધારકોએ ફરજીયાત જરૂરીયાત મુજબની સાઇઝના ડસ્ટબીન રાખવાના રહેશે.
- વાણિજ્યિક એકમો/મોલ્સ/દુકાનો બહાર પડેલ કચરા માટે તેઓને પેનલ્ટી સ્વરૂપે વહીવટી ચાર્જ ઉઘરાવવાનો રહેશે.
- પ્લાસ્ટિક વપરાશ ઘટે તે માટે તમામ મોલ્સ/દુકાનદારો, શાકભાજીની લારીઓ, ચાની લારીઓ, પ્લાસ્ટીકની થેલી ન રાખવા તથા પ્લાસ્ટીકના કપા ન રાખવા સૂચના આપવી તેમજ વહીવટી ચાર્જ વસૂલ કરવો.
- સીંગલ યુઝ પ્લાસ્ટિક જેવી કે, પ્લાસ્ટિક ડીશ, કપ, સ્ટ્રો વગેરેનો વપરાશ બંધ કરાવવા ઝુંબેશ સ્વરૂપે આવી તમામ ચીજો જપ્ત કરવી.
- સેનીટિશન સ્કવોર્ડ થકી અત્યાર સુધી ૨૧,૪૧૭ નોટીસો તેમજ અંદાજીત ૨૭ લાખ જેટલો વહીવટી ચાર્જ કલેક્ટ કરવામાં આવેલ છે.

## ૧૭) અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ :

**સને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં મેળવેલ સિદ્ધિઓ :**

- વડોદરા મહાનગરપાલિકા સંચાલિત અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગને અપગ્રેડ કરી અસરકારક સેવા આપવા વધુ સક્ષમ બનાવવા માટે નવીન એડવાન્સ વોટર ટેન્ડર ૧૨ નંગ ચેસીસ તથા ફેબ્રિકેશન ઓફ બોડી તથા સાધનો સહ ખરીદી કરી બિલનું ચુકવણું કરવામાં આવેલ છે.

**સને ૨૦૧૮–૧૯ ના વર્ષના હાથ પર લેવાયેલ કામો :**

- પુર પરીસ્થીતીના સમયે વિવિધ સ્થળ ઉપર બચાવ કામગીરી કરવા માટે ૦૨ નંગ નવીન એરબોટ ખરીદ કરવા, ૦૩ નંગ વોટર બાઉઝર, ૦૮ નંગ મીની ફાયરટેન્ડર આગ અકસ્માત સમયે તાત્કાલિક અને ટૂંક સમય માં આગ બુજવાવાની કામગીરી કરવા, ૦૩ નંગ સ્પેશ્યલ રીસ્પોન્સ ફાયર વ્હીકલ (એડવાન્સ હાઈ–ટેક સ્પેશ્યલ વ્હીકલ), કોન્વે દ્વારા સેવા પૂરી પાડવા માટે ૦૧ નંગ રેપીડ ઈન્ટરવેશન ફાયર વ્હીકલ ખરીદ કરવા, આગ હોનારત સમયે આગ ઓલવવામાં ઉપયોગી AFFF ૩% ફોમ કમ્પાઉન્ડ ૩૦,૦૦૦ લીટર ખરીદ કરવા, નવીન ૦૨–નંગ ધર્મ રથ (સબવાહીની) ખરીદ કરવાનું કામ, ડ્રાઈવર કમ ઓપરેટર સંખ્યા–૩૫ (D.C.O.) કોન્ટ્રાક્ટ મારફત લેવા કુલ લગભગ રૂ. ૧૯/– કરોડના ખર્ચે ખરીદ કરવાનું આયોજન કરેલ છે.
- બહુમાળી બિલ્ડીંગની ઉંચાઈની ક્ષમતા ૭૦ મીટર સુધી બાંધવા માટે વડોદરા મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તા મંડળ (વુડા) સાથે મળી કામગીરીની પરવાનગી મળેલ હોઈ ફાયર ફાઈટીંગની ક્ષમતાને પહોંચી વળવા રૂ. ૧૭,૨૯,૫૦,૦૦૦/– ના ખર્ચે ૯૦ મીટર હાઈડ્રોલીક એરીયલ લેડર પ્લેટફોર્મ ખરીદ કરવાની કામગીરીમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરેલ છે. હાલ, સદર કામ મંજુરી અર્થે રજુ કરેલ છે.

**સને ૨૦૧૯–૨૦ ના વર્ષમાં હાથ પર લેવાયેલ કામો :**

- વોટર સ્કુટર નંગ– ૦૨.
- કોન્વે વ્હીકલ (વી.વી.આઈ.પી) વીથ વોટર મીસ્ટ સિસ્ટમ.
- લાઈફ સેવિંગ જેકેટ – ૨૦૦ નંગ (વોટર રેસ્ક્યુ).
- સીઝર લેડર વીથ પ્લેટફોર્મ (ટ્રોલી માઉન્ટેડ હાયડ્રોલિક ઓપરેટેડ)– ૦૭ નંગ.
- શહેરના વિકસતા વિસ્તારને સહેલાઈથી ફાયર બ્રિગેડ ખાતાની સેવાઓ ઝડપી પુરી પાડવા માટે પૂર્વ આયોજન રૂપે ગાજરાવાડી ફાયર સ્ટેશનને સોમા તળાવ, લક્કડપીઠા મેદાનમાં શિફ્ટ કરવા તથા વાસણા ભાયલી રોડ ખાતે નવીન ફાયર સ્ટેશન બનાવવા માટેનું આયોજન.

## ૧૮) આઇ.ટી. ડીપાર્ટમેન્ટ :

**સને ૨૦૧૮–૧૯ દરમ્યાન થયેલ નોંધપાત્ર કામગીરીની વિગત :**

Geographical Information System (GIS) (20.5 Crore), Enterprise Resource Planning (ERP) (29.08 Crore), 'Vadodara Eye'- CCTV (44.51 Crore), City Wi–Fi and Intelligent Poles (200 Crore), City Command & Control Center (88.87 Crore) વિગેરે થઈને કુલ રૂ. ૩૮૨.૯૬ કરોડના Phase-1 ની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. સદરહું પ્રોજેક્ટસમાં Phase-2 ની કામગીરી ચલુ છે.

આઇ.ટી. શાખાની મુખ્ય કામગીરીમાં વડોદરામાં વડોદરા મહાનગરપાલિકા ખાતે કોમ્યુટરાઇઝેશનની કામગીરી સુઆયોજીત રીતે થાય તે અંગેની નીતિ નક્કી કરવાની રહે છે. આ નીતિ નક્કી કરવા બાબતે ખાતા દ્વારા વિવિધ વિભાગોની કોમ્પ્યુટરાઇઝેશનની જરૂરીયાત તેમજ ઉપલબ્ધ ટેકનોલોજી આધારે નિર્ણય કરીને તેનુ અમલીકરણ કરવાનું રહે છે. મહાનગરપાલિકાની વેબસાઇટનું મેનેજમેન્ટ કરવુ,

e-News Letter તૈયાર કરી વેબસાઈટ ઉપર મુકવા, પ્રોપર્ટી ટેક્ષની વસુલાત માટે વોર્ડ વાઈઝ બીલ પ્રોસેસ કરી પ્રીન્ટીંગ કરી વોર્ડ ઓફિસમાં પહોચાડવા. જરુરીયાત વાળી જગ્યાઓએ સર્વે કરી નવુ નેટવર્ક ઉભુ કરવું તથા જુના નેટવર્કનુ મેન્ટેનન્સની કામગીરી. રોજે રોજ સોફ્ટવેર પ્રોગ્રામમાં થતાં સુધારા કરવા તથા ઈન્ટરનેટ નેટવર્કનુ મેનેજમેન્ટ કરવું. મહાનગરપાલિકામાં આવેલ કોમ્પ્યુટર સબંધિત હાર્ડ્વેરના મેન્ટેનન્સની કામગીરી કરવામાંઆવે છે.

## ૧૯) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા :

વડોદરા શહેરના ભાવિ નાગરીકોનો વિકાસનો પાયો મજબુત કરવા શિક્ષણક્ષેત્રે પણ વડોદરા મહાનગરપાલિકા દ્વારા મહત્વની કામગીરી અવિરત ચાલુ રાખેલી છે. મહાનગરપાલિકા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં વિદ્યાર્થીઓને સારી સુવિધા સહ સારુ શિક્ષણ મળી રહે તે માટે વિવિધ કાર્યવાહી સને ૨૦૧૮–૧૯ માં કરવામાં આવી છે. તેમજ સને ૨૦૧૯–૨૦ માં પણ કરવામાં આવનાર છે.

વડોદરા મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા સંયુકત ઉપક્રમે સરકારશ્રી દ્વારા આયોજિત શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ જુન– ૨૦૧૮ માં નવુ શૈક્ષણિક સત્ર શરુ થતા તા.૨૧ થી ૨૨–જુન–૨૦૧૮ દરમ્યાન શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ નું સમિતિ હસ્તકની ૧૦૬ પ્રાથમિક શાળાઓમાં આયોજન કરવામાં આવેલ હતુ. સદર કાર્યક્રમમાં સરકારશ્રીએ નિયુકત કરેલ રાજ્યના મંત્રીશ્રીઓ, સાંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વડોદરા મહાનગરપાલિકાના મેયરશ્રી, કમિશનરશ્રી તેમજ ડે. કમિશનરશ્રી, આઇ.પી.એસ. તથા આઇ.એ.એસ. અધિકારીશ્રીઓ સમિતિની વિવિધ શાળાઓમાં ઉપસ્થિત રહ્યા હતા. નવિન પ્રવેશ મેળવનાર બાળકોને સદર મહાનુભાવો દ્વારા કંકુ તિલક કરી કોર્પો.કક્ષાએ ફાળવેલ રકમમાંથી સ્કુલબેગ, વોટર બેગ, શૈક્ષણિક કીટ (કંપાસબોક્ષ, પેન્સીલ રબર, નોટબુક) સાથેનું વિતરણ કરવામાં આવ્યું હતુ. સમિતિની શાળાઓમાં અંદાજે ૫૦૦૦ બાળકો એ નવિન પ્રવેશ મેળવેલ હતો. તેમજ સરકારશ્રી તરફથી મળતા વિવિધ લાભો જેવા પછાત વર્ગના બાળકોની શિષ્યવૃતિ, તેમજ વિદ્યાલક્ષ્મી બોન્ડ ના ચેક અર્પણ કરવામાં આવેલ હતા.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા માં ૭૦ બાલવાડીઓ આવેલ છે. વડોદરા મહાનગરપાલિકા તરફથી ફાળવેલ રકમ માંથી બાલવાડીઓના બાળકોને સ્વાસ્થ્ય પુર્ણ, આરોગ્યપ્રદ નાસ્તો જેવો કે સુખડી, થેપલા, જીરામીઠાવાળી પુરી, મગ વૈઢા, રાજમા મિક્ષ, ગાંઠીયા–બુંદી, પૌવા, સોયા બીસ્કીટ, સેવ–મમરા વગેરે વડોદરા મહાનગરપાલિકા તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુકત ઉપક્રમે રજાના દિવસો સિવાય ૭૦ બાલવાડીઓના ૪૦૦૦ બાળકોને આપવામાં આવે છે.

વડોદરા મહાનગરપાલિકા તરફથી સમિતિ હસ્તકની ૧૦૪ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને અત્યંત આધુનિક પધ્ધતિથી નિયમિત મધ્યાહન ભોજનનું પૌષ્ટીક શુધ્ધ અને સ્વાથ્ય વર્ધક ભોજન આપવામાં આવે છે.

સમિતિ ની બાલવાડીઓના ગરીબા મધ્યમવર્ગના બાળકો શહેરની ખાનગી બાલવાડીઓના બાળકોની જેમ હરીફાઇમાં રહી શકે તેમ ચાલુ વર્ષે વડોદરા મહાનગરપાલિકાના સમિતિના ફાળવેલ બજેટ માંથી સમિતિની ૭૦ બાલવાડીઓના નાના ભુલકાઓને આકર્ષક કલર કુલ યુનિફોર્મ (કુમારોને ચડ્ડી–બુશર્ટ) અને (કન્યાઓને પીનવાળા ફ્રોક) તથા બુટ–મોજા ખરીદીને આપવામાં આવેલ છે.

**શિક્ષક દિન :**

વડોદરા મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરાના સંયુકત ઉપક્રમે તા. ૫–સપ્ટેમ્બર–૨૦૧૮ ના રોજ ભારતના પુર્વ રાષ્ટ્રપતિ શ્રી ડો. સર્વપ્લ્લી રાધાકૃષ્ણ ના જન્મદિને સમિતિના નિવૃત થયેલા શિક્ષકો, શ્રેષ્ઠ શિક્ષકોનું રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીના વરદ હસ્તે વડોદરાના સર સયાજીરાવ ગાયકવાડ સભાગૃહમાં શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ હતુ. તેમજ શ્રેષ્ઠ શાળાઓ તથા બાલવાડીઓને પણ મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ હતુ. જેમાં શ્રી આત્માનંદ સરસ્વતીજી (બોટાદ) તથા શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, મા.મંત્રીશ્રી (અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય વિધાન સભા) તેમજ સાસંદશ્રી રંજનબેન ભટ્ટ વડોદરા લોકસભા તથા ધારાસભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના મેયરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, કોર્પોરેટરશ્રીઓ તથા સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ગણિત વિજ્ઞાન પ્રદર્શન :**

વડોદરા મહાનગરપાલિકા આયોજિત સમિતિની શાળાઓના બાળકો માટે ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન સમિતિની કવિ દુલાભાયા કાગ પ્રા. શાળા, હરણી વારસીયા રીંગ રોડ, વડોદરા ખાતે યોજવામાં આવેલ હતું. જેમાં સમિતિની વિવિધ શાળાઓના બાળકોએ ભાગ લઈ ગણિત વિજ્ઞાન પ્રદશર્ન ના પ્રોજેક્ટસ અને વિવિધ પ્રયોગો નું બાળકોએ ગણિત અને વિજ્ઞાન નાજ્ઞાન સાથે ગમ્મતની માહિતી મેળવી માહિતગાર થયા હતા.

સમિતિની શાળાઓમાં વર્ષો જુનો ડેડસ્ટોક ઉપર થી કમી થયેલ જુનો જર્જરીત લોખંડી અને લાકડી સામાન વડોદરા મહાનગરપાલિકાના સહકાર થી વડોદરા મહાનગરપાલિકાના સેન્ટ્રલ સ્ટોર ખાતે એકત્ર કરી વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર હરાજી કરાવી રૂ. ૧૧,૫૦,૦૦૦/– જેટલી માતબર રકમની ઉપજ કરાવી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરાને સહકાર આપેલ છે.

**બાળમેળો :**

સમિતિની શાળાઓનો બાળમેળો તા. ૨૫, ૨૬ અને ૨૭–જાન્યુઆરી–૨૦૧૮ ના રોજ ત્રિ–દિવસીય બાળમેળો વડોદરા શહેરના ખ્યાતનામ શ્રી સયાજીબાગ માં આયોજન કરવામાં આવેલ હતું, જેમાં સમિતિની શાળાઓના વિવિધ ગણિત, વિજ્ઞાન અને ભાષાકીય પ્રોજેકટસના સ્ટોલ્સ તથા સમિતિના બાળકો દ્વારા બનાવેલ વાનગીઓના ગરીબ બાળકોને પોષાય તેવા નજીવા દરે ખાણી પીણીના આનંદ બજારના સ્ટોલ્સ, બાળકોના આનંદ પ્રમોદ માટે એમ્ફી થીયેટરમાં સમિતિની શાળાઓના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળકોના શારીરિક શિક્ષણ માટે મલખમ, અંગ કસરતના બાળકો દ્વારા પ્રયોગો, પપેટ શો, શહેરની સંસ્થાઓ દ્વારા આનંદ પ્રમોદના સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ સદર બાળમેળા ના ઉદઘાટનનું સંચાલન તેમજ સમગ્ર બાળમેળા નું આયોજન સમિતિના બાળકો દ્વારા કરવામાં આવે છે. જેનો વડોદરા શહેરના ૪,૦૦,૦૦૦ જેટલા નાગરિકોએ ત્રણ દિવસમાં લાભ લીધેલ છે. આ બાળમેળો વડોદરા શહેર અને સમગ્ર ભારતનું નવલું નજરાણું છે.

## ૨૦) આકારણી વિભાગ :

- વોર્ડ ઓફિસના સંનિષ્ઠ પ્રયાસોથી તથા સમયાંતરે અઠવાડીક રીવ્યુના કારણે માહે નવેમ્બર–૨૦૧૮ સુધીમાં બજેટ લક્ષ્યાંક રૂ. ૪૬૦.૧૪ કરોડ સામે રૂ. ૩૯૮.૯૬ કરોડની આવક થયેલી છે જે ૮૬.૭૦% થાય છે.
- કરદાતા પ્રોપર્ટી ટેક્ષ બેન્ક ઓફ બરોડા, ICICI Bank, HDFC Bank, Yes Bank, Union Bank of India, Axis Bank અને ઇન્ડસઇન્ડ બેન્કની વડોદરા શહેરમાં આવેલી શાખાઓમાં ભરપાઇ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. વધુમાં, વડોદરા મહાનગરપાલિકાની ઓફિશીયલ વેબસાઇટ

www.vmc.gov.in / www.vmcegov.in પરથી ક્રેડીટ/ડેબીટ કાર્ડ/નેટ બેન્કીંગ થી પી.ઓ.એસ. મશીન, ઇ–વોલેટ, ઓનલાઇન ક્યુ.આર. કોડ લગાવી યુ.પી.આઇ. થી પણ પ્રોપર્ટી ટેક્ષ ભરી શકાય તેવી સુવિધા ચાલુ કરેલ છે.

- આજીવન વાહન કરની મહત્તમ વસુલાત થાય તે માટે વાહન વ્યવહાર વિભાગ–વડોદરાના સહયોગ થી આર.ટી.ઓ. કચેરી દ્વારા વાહન કરની પાવતી જોઇને જ નવા વાહનનું રજીસ્ટ્રેશન થાય તે પ્રકારનું સંકલન કરવામાં આવેલ છે અને આર.ટી.ઓ. કચેરી દ્વારા પણ આ કામે સંપૂર્ણ સહકાર આપવામાં આવે છે. વધુમાં કરદાતાઓની સુવિધા માટે તમામ વોર્ડ કચેરીઓમાં પણ વાહન કર ભરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સદર વ્યવસ્થાને કારણે આજીવન વાહન કરની વસુલાતમાં નોંધપાત્ર સિધ્ધી પ્રાપ્ત થયેલી છે. સને નવેમ્બર–૧૮ સુધીમાં રૂ. ૧૫.૬૦ કરોડ વસુલાત થયેલી છે.

## ૨૧) સામાન્ય વહીવટ વિભાગ :

- વડોદરા મહાનગરપાલિકાના વર્ગ–૧ તથા વર્ગ–૨ની મહત્વની અને જવાબદારીવાળી કાર્યપાલક ઇજનેર(સિવિલ)–૦૧, નાયબ કાર્યપાલક ઇજનેર (મીકે)–૦૨, ફુડ એનાલીસ્ટ–૦૧, જનસંપર્ક અધિકારી–૦૧, બાયોલોજીસ્ટ–૦૧ જગ્યા ઉપર પસંદગી પ્રક્રિયા કરી નિમણુંક કરવામાં આવેલ. તથા વર્ગ–૩ ની સબ ઓફીસર(ફાયર)–૦૯ અને સૈનિક (ફાયરમેન)–૨૭ ની વિવિધ ફીઝીકલ ટેસ્ટ તથા લેખિત પરીક્ષા કરી નિમણુંક કરવામાં આવેલ તેમજ ઉચ્ચક વેતનથી આરોગ્ય શાખામાં વાહક જન્ય રોગ તથા પાણીજન્ય રોગ નિયંત્રણ શાખા માટે પબ્લીક હેલ્થ વર્કર–૧૯૧ તથા ફિલ્ડ વર્કર–૩૮૪ ની નિમણુંક કરવામાં આવેલ.
- વર્ગ–૧ કાર્યપાલક ઇજનેર (મીકે), વર્ગ–૨ એન્વાયર્નમેન્ટલ એન્જીનીયર, આસી.ડાયરેકટર (પાર્કસ એન્ડ ગાર્ડન) તથા સ્કાડા આધારિત પાણી પુરવઠા શાખા માટે નાયબ કાર્યપાલક ઇજનેર (I&C) અને એડી.આસી.એન્જીનીયર (I&C) તથા ઓડીટ શાખા માટે સીની. ઓડીટર અને ઓડીટર તેમજ આસી.જનસંપર્ક અધિકારી તથા આરોગ્ય શાખા અંતર્ગત U-PHC, U-CHC આધારિત વર્ગ–૧ ની ગાયનેકોલોજીસ્ટ, પીડીયાટ્રીશીયન, વર્ગ–૨ ની મેડીકલ ઓફીસર તથા વર્ગ–૩ ની જુની. ફાર્માસીસ્ટ, એકસ–રે ટેકનીશીયન, લેબ આસીસ્ટન્ટ, સ્ટાફનર્સ, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની સીધી ભરતીની ઓનલાઇન અરજીઓ મંગાવી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.
- વર્ગ–૩ જુની. કલાર્ક ની આંતરિક ભરતીની અરજીઓ મંગાવવામાં આવેલ છે.
- વર્ગ–૧ કાર્યપાલક ઇજનેર(સિવિલ)–૦૨ તથા વર્ગ–૨ નાયબ કાર્યપાલક ઇજનેર (સિવિલ)–૦૩ જગ્યાઓ આંતિરક ભરતીથી ભરવામાં આવેલ.
- ભારત સરકાર દ્વારા નવીન ડીઝીટલાઇઝેશન યુગ તથા સ્કીલ ઇન્ડીયાની શરૂઆત કરવામાં આવેલ છે. વડોદરા મહાનગરપાલિકામાં ડીઝીટલાઇઝેશન તથા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઇ શકે તે માટે વર્તમાન સમયમાં હયાત મહેકમ શીડ્યુલની વિવિધ જગ્યાના કાર્યભારણ, ઉપયોગીતા, કાર્યક્ષેત્ર તથા શૈક્ષણિક પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો.
- શહેરમાં ગાર્ડનની સંખ્યામાં વધારો થતા તથા આજવા ખાતે નવીન ઝૂ બનાવવામાં આવતા આ વિભાગમાં નવીન કુલ–૦૬ જગ્યા ઉપસ્થિત કરવી.
- રાજયના યુવા વર્ગમાં શૈક્ષણિક લાયકાતમાં વધારો થવાથી ટેકનીકલ તથા નોન–ટેકનીકલ વર્ગ–૨ની કુલ–૧૧ જગ્યાની ભરતીની લાયકાતમાં સુધારો કરવાની કાર્યવાહી.
- વડોદરા મહાનગરપાલિકાના મેયરશ્રી તેમજ એડી.સીટી એન્જીનીયરશ્રી એમને Reinvented Toilet Expo અંતર્ગત તાલીમ માટે Beijing, China ખાતે મોકલવામાં આવેલ તથા તત્કાલીન મેયરશ્રી એમને International Mayor's Forum on Tourism અંતર્ગત Zhengzhou, China તથા અત્રેના ડે. મ્યુનિ. કમિશનર (વ.) અને CEO Smart city Project એમને Promoting Environmentally Sustainable Smart Cities અંતર્ગત Seoul, South Korea ખાતે મોકલવામાં આવેલ.

- તેમજ વિવિધ વિષય ઉપર સેમીનાર, વર્કશોપમાં તાલીમ અર્થે રાજયમાં વડોદરા, અમદાવાદ, ગાંધીનગર અને સુરત તેમજ રાજય બહાર ન્યુ દિલ્હી, મુંબઇ ખાતે કુલ–૩૨૫ અધિકારી/કર્મચારીઓ ને તાલીમ માટે મોકલવામાં આવેલ.
- વધુમાં આગામી વર્ષોમાં વડોદરા શહેરના નગરજનોની પાયાની મુળભૂત સેવાઓ સમય મર્યાદામાં મળી રહે તથા શહેરને સ્માર્ટ સીટી તરીકે વિકસાવવા માટે અગત્યની ટેકનીકલ તથા નોન ટેકનીકલ સંવર્ગની જગ્યા ભરવા આયોજન કરવામાં આવશે.

## ૨૨) યુ.સી.ડી. પ્રોજેક્ટ :

**દીનદયાળ અંત્યોદયયોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન**

૧) સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ

- સિદ્ધિ :
  એપ્રિલ–૨૦૧૮ થી ડિસેમ્બર–૨૦૧૮ સુધી કુલ ૧૫૭ સ્વ–સહાય જૂથોની રચના કરેલ છે. તથા અત્યાર સુધી કુલ ૫૮૫ સ્વ–સહાય જૂથોને ફરતા ભંડોળની સહાય આપવામાં આવેલ છે. સદર ઘટક હેઠળ કુલ રૂ. ૧૮.૦૯ લાખનો ખર્ચ થયેલ છે. વડોદરા માં કુલ ૮ શહેરી આજીવિકા કેન્દ્રની સ્થાપના કરવા વહીવટી મંજૂરી મેળવેલ છે. જેમાંથી હાલ, માંજલપુર અને નવાપુરા કોમ્યુનિટી હોલ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ હોઇ ટુંક સમયમાં મંજુર થયેલ સંસ્થાઓ દ્વારા કામગીરી વિસ્તારમાં શરૂ કરવામાં આવશે.
- આયોજન (વર્ષ ૨૦૧૯–૨૦) :
  સદર ઘટક હેઠળ નવા ૧૮૦ સ્વ–સહાય જૂથોની રચના કરવાનું તથા નવીન ૪ શહેરી આજીવિકા કેન્દ્રોની સ્થાપના કરવાનું આયોજન છે. તદુપરાંત માનનીય મુખ્યમંત્રી શહેરી આજીવિકા મિશન (MMSAY) યોજના અંર્તગત લાભાર્થી ના જૂથ બનાવી વધુથી વધુ લોકોને યોજનાનો લાભ આપવમાં આવશે.

૨) ક્ષમતા સંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર

- સિદ્ધિ :
  એપ્રિલ–૨૦૧૮ થી ડિસેમ્બર–૨૦૧૮ સુધી કુલ ૭૬૦ તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કરેલ છે. અને અત્યાર સુધી કુલ ૭૯૫ તાલીમાર્થીઓને રોજગારી/સ્વ–રોજગારી અપાવેલ છે. જ્યારે ૫૪૦ લાભાર્થીઓને પ્રમાણપત્ર આપેલ છે. સદર ઘટક હેઠળ કુલ રૂ. ૧૬.૫૭ લાખનો ખર્ચ થયેલ છે.
- આયોજન (વર્ષ ૨૦૧૮–૧૯) :
  નવીન ૨૭૫ તાલીમાર્થીઓને નામાંકન કરી તેઓને રોજગારી/સ્વ–રોજગારી અપાવવાનું આયોજન છે.

૩) સ્વ રોજગાર કાર્યક્રમ (Self Employment Program)

- સિદ્ધિ :
  એપ્રિલ–૨૦૧૮ થી ડિસેમ્બર–૨૦૧૮ સુધી કુલ ૩૮૦ અરજીઓ બેંક માં મોકલાવેલ છે, જેમાંથી ૨૦૦ અરજીઓ બેંક દ્વારા મંજૂર કરી લાભાર્થીઓને ૨.૦૦ લાખ સુધીની લોન આપેલ છે. સદર ઘટક હેઠળ કુલ રૂ. ૬.૨૬ લાખનો ખર્ચ થયેલ છે. સદર ઘટક હેઠળ એપ્રિલ–૧૮ થી અલ્હાબાદ પોર્ટલ મારફતે લાભાર્થીઓને વ્યાજુકી સહાય આપવામાં આવશે.

- આયોજન (વર્ષ ૨૦૧૯–૨૦) :
  નવિન ૩૫૦ અરજીઓ બેંકમાં મોકલાવી લાભાર્થીઓને વ્યાજુકી સહાય આપવાનું આયોજન છે.તદઉપરાંત માનનીય મુખ્યમંત્રી શહેરી આજીવિકા મિશન યોજના (MMSAY) અંર્તગત લાભાર્થીઓને બેંક ધિરાણ દ્વારા વ્યાજુકી સહાય આપી વધુથી વધુ લોકોને સદર ઘટકમાં આવરી લેવામાં આવશે.

૪) શહેરી ફેરિયાઓને સહાય (Support to Urban Street Vendors)

- સિદ્ધિ :
  વર્ષ ૨૦૧૭–૧૮ માં વડોદરા શહેરી વિસ્તારમાં શહેરી શેરી ફેરીયાઓના સર્વેની કામગીરીધી સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ–૨૦૧૪ હેઠળ ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર દ્વારા APARC એજન્સીને સોંપેલ. જેમાં વિવિધ પ્રકારની ફેરી કરનારા કુલ ૧૧૩૭૯ શહેરી શેરી ફેરીયાઓનો સર્વે થઇ ગયેલ છે અને તેઓને આઇ.ડી. કાર્ડ આપવાની કામગીરી તથા વેન્ડીંગ ઝોન માટે જ્યાં ટ્રાફિકની સમસ્યા ન હોય તેવા પહોળા રસ્તાઓ અને માર્કેટ માટે રીઝર્વ હોય તેવા પ્લોટ્સની પસંદગી કરી વેન્ડીંગ પ્લાન બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. તથા પ્રોવિઝનલ ટાઉન વેન્ડીંગ કમિટીની રચના કરવામાં આવેલ છે.
- આયોજન :
  વર્ષ ૨૦૧૯–૨૦ માં સર્વે થયેલ શહેરી શેરી ફેરીયાઓને વેન્ડીંગ ઝોનમાં જગ્યા ફાળવી આજીવિકા પૂરી પાડવાનું આયોજન છે.

૫) ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના (Scheme of Shelter for Urban Homeless)
હાલ, વડોદરા ખાતે કાર્યરત ૬ જગ્યા પર ૧૪ આશ્રયા સ્થાનોના સંચાલન અને વ્યવસ્થાપન (O&M) ની કામગીરી આધાર ફાઉન્ડેશન, માધુરી એજ્યુકેશન ટ્રસ્ટ તથા જય અંબે સેનેટરી માર્ટ સંસ્થાને સોંપવામાં આવેલ છે. વધુમાં હાલ વોર્ડ વાઇઝ શહેરી ઘર વિહોણા લોકોના સર્વે કામગીરી ચાલી રહેલ છે. તેમજ શેલ્ટર મેનેજમેન્ટ કમિટીની રચના કરવામાં આવેલ છે. ૦૨ નાઇટ શેલ્ટરના ફર્બીશમેન્ટ તથા સંચાલન–વ્યવસ્થાપનના ડીપીઆર GULM ગાંધીનગર ખાતે મંજુરી અર્થે મોકલાવેલ છે.

દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા આજ દિન સુધી કુલ રૂ. ૪.૨૭ કરોડની ગ્રાંન્ટ ફાળવેલ છે.જેમાંથી રૂ. ૩.૬૦ કરોડ માહે ડિસેમ્બર–૨૦૧૮ સુધી ખર્ચ થયેલ છે.

## ૨૩) આઇ.સી.ડી.એસ પ્રોજેક્ટમાં કોર્પોરેશન દ્વારા આપવામાં આવતી સેવાઓ :

**આંગણવાડીના બાળકોને ફોર્ટીફાઇડ મીલ્ક અને શિંગ લાડુ :**

આંગણવાડીના દરેક લાભાર્થી બાળકને આંગણવાડી કેન્દ્રમાં સોમવાર થી ગુરુવાર સુધી ૪ દિવસ ફોર્ટીફાઇડ મીલ્ક અને શુક્રવાર અને શનિવાર ૨ દિવસ શિંગલાડુ (મગફળી અને ગોળ) આપવામાં આવે છે.

**સી.યુ.જી. કનેકશન :**

તમામ આંગણવાડી કાર્યકર અને આઇ.સી.ડી.એસ. કચેરી સ્ટાફ (૪૩૫) ને રૂ. ૨૫૦/– સુધીના બીલની મર્યાદામાં સી.યુ.જી. કનેકશન આપવામાં આવેલ છે.

**પ્રિ–ફેબ્રીકેટેડ આંગણવાડી :**

સરકારશ્રીની ડીઝાઇન મુજબનુ આંગણવાડી બાંધકામ શક્ય ન હોય તેવા વિસ્તારમાં પ્રિ–ફેબ્રીકેટેડ આંગણવાડીનું નિર્માણ કરી મુકવામાં આવે છે, ૫૦ પ્રિ–ફેબ્રીકેટેડ આંગણવાડીનું આયોજન કરેલ છે તે પૈકી ૪૦ મુકાયેલ છે.

**આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટની કચેરી :**

આંગણવાડીઓના ભૌગોલીક વિસ્તાર મુજબના સિમાંકન થી નવિન સેજાઓનુ નિર્માણ, પ્રોગ્રામ ઓફિસરશ્રી (શહેરી) ની કચેરી, વોર્ડ–૦૬ ની કચેરીના પ્રથમ માળે કાર્યન્વિત કરેલ છે, અને ટુંક સમયમાં સી.ડી.પી.ઓ. ની કચેરીઓ ઝોન વાઇઝ કરવામાં આવશે.

❖ **સરકારશ્રીની યોજનાઓ/સેવાઓ**

**પુરક પોષણ :**

૧) ૬ માસ થી ૩ વર્ષના બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને કિશોરોઓને ટેક હોમ રેશન તરીકે ઘઉ, તેલ અને મગદાળ સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.

૨) ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો, કુપોષીત અને અતિ–કુપોષીત બાળકોને ઘરે લઇ જવા માટે ત્રીજા ભોજનમાં લાડુ મહિલા સહકારી મંડળી દ્વારા અને બપોરે ગરમ નાસ્તો સ્વૈચ્છિક સંસ્થા દ્વારા અને આપવામાં આવે છે

**ઉજવણી :**

૧) મહિનામાં એકવાર રશોઇ શો.

૨) દર મહિનાના ત્રીજા મંગળવારે અન્નપ્રાશન દિવસ.

૩) દર મહિને મમતા દિવસમાં સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ તેમજ બાળકોનું વજન કરવામાં, રસી આપવામાં, બાળકોને વિટામિન 'એ' પીવડાવવામાં, પોષક તત્વો અને રસીકણનું મહત્વ સમજાવવામાં આવે છે.

**પોષણ માહ :**

સપ્ટેમ્બર–૨૦૧૮ ને સરકારશ્રી દ્વારા પોષણ માહ તરીકે ઉજવવામાં આવેલ છે, જેમાં પોષણ દિવસ, પોષણ મેલા, પોષણ વોક, પ્રભાત ફેરી, વાનગી નિદર્શન, ગૃહ મુલાકાત, વાલી મીટીંગ, મહિલા મીટીંગ, શેરી નાટકો, ફોલ્ક શો, સાયકલ રેલી, રેડીયો પ્રોગ્રામ વગેરે જેવા કાર્યક્રમો કરેલ છે, અને પોષણ અંગે જન જાગૃતિ ફેલાવેલ છે.

**આંગણવાડી મોબાઇલવાન :**

શહેર હદ વિસ્તારમાં નાના પોકેટમાં ગરીબ અને ઝુપડપટ્ટી વિસ્તાર આવેલ છે, જયા કામ કરતા મજુરોના ૬ માસ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા/ધાત્રીમાતા અને કિશોરીઓ હોય તેની નોંધણી કરી જે ICDS ની સેવાથી વંચીત રહેતા હોય તેવા વિસ્તારોને આંગણવાડી મોબાઇલવાન દ્વારા ICDS સેવાઓથી આવરી લેવામાં આવે છે.

**માતા યશોદા એવોર્ડ :**

શ્રેષ્ટ કામગીરી બદલ આંગણવાડી કાર્યકર અને મદદનીશ બહેનને પારીતોષીક ઇનામો રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ તથા ઘટક કક્ષાએ આપવામાં આવે છે

**આંગણવાડી મકાન બાંધકામ :**

સ્વચ્છ અને હવા ઉજાસવાળુ સુવિધા યુકત આંગણવાડી ના પોતાનુ ૧૬૭ નંદઘર મકાન.

**ફાયર સેફ્ટી :**

સરકારશ્રી દ્વારા દરેક આંગણવાડી માં ફાયર સેફટી કીટ બેસાડવામાં આવી છે.

**વોટર પ્યુરીફાયર :**

બાંધેલી આંગણવાડીઓમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૯૩–વોટર પ્યુરીફાયર ડોનેશનથી મેળવેલ છે, અને ૫૫–વોટર પ્યુરીફાયર સરકારશ્રી માંથી આવેલ છે.

**સેટકોમ :**

સરકારશ્રી દ્વારા દર પહેલા અને ત્રીજા શનિવારે સેટકોમ કાર્યક્રમ દ્વારા તાલીમ, માર્ગદર્શન અને મોનીટરીંગ

**પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના :**

દંપતીના પહેલા સંતાનના જન્મ બદલ તેને પુરષ્કાર સ્વરૂપે રૂ. ૫૦૦૦/– ની સહાય (૩ તબ્બકામાં) ગુજરાતમાં તા.૦૧–૦૧–૨૦૧૭ થી અમલમાં મુકેલ છે.

**આંગણવાડી દત્તક :**

૧) પ્રકાશ કેમિકલ : એક સ્માર્ટ આંગણવાડી બનાવી અને ૧૦ આંગણવાડીઓમાં વિવિધ પ્રવૃતિઓ.
૨) L & T : ૧૦ આંગણવાડીઓ માં રમકડા, હાઇજીન કીટ અને વોલ ક્લોક, તેમજ આંગણવાડીઓ માં બહારની લોખંડની ગ્રીલ, રંગ રોગાન, ફીક્સચર અને ફર્નિચર.
૩) પ્રથમ ફાઉન્ડેશન એજ્યુકેશન બરોડા : ૧૨૦ આંગણવાડીઓમાં પ્રિ–સ્કુલ એજ્યુકેશન.
૪) સ્પ્રેડીંગ સ્માઇલ દ્વારા ૧૦ આંગણવાડીમાં આઉટડોર લપસણી આપેલ છે.

સને ૨૦૦૭–૦૮ થી ગુજરાત સરકારશ્રી દ્વારા ઓક્ટ્રોય નાબૂદ કરી  તે સામે ઓક્ટ્રોય વળતર ગ્રાંટ ફાળવવામાં આવે છે. ઓક્ટ્રોયની આવકના પ્રતિ વર્ષે થતા વધારા સામે ઓક્ટ્રોય વળતર ગ્રાંટમાં સને ૨૦૧૪ થી ગ્રાંટમાં ૧૫% તથા ૨૦૧૬ થી ૧૦% જેવો નજીવો વધારો કરવામાં આવેલ છે. જે ઓક્ટ્રોયની આવકના ૧૮.૬૫% ના વધારા સામે ઘણો નજીવો વધારો મળી રહેલ છે. સાતમા પગાર પંચ ના અમલથી રૂ.૧૫૦ કરોડનો વધારાનો મહેકમ ખર્ચ અને નિભાવણી ખર્ચમાં પણ વર્ષો વર્ષ વધી રહેલ રેવન્યુ ખર્ચ ની સામે રેવન્યુ આવકમાં વધારો નજીવો રહેલ છે. જેના લિધે ગત વર્ષે  મહાનગરપાલિકાની નાણાંકીય સ્થિતિ ઉપર થોડી અસર પડેલ. પરંતુ આ વર્ષે રેવન્યુ કેપીટલ બજેટ માં કવોટા, ફોડવારી ઉપરાંત પાણી, ડ્રેનેજ, વરસાદી ગટર અને અન્ય જરૂરી કામો જ કરવા અને મોટા કામો ને ગ્રાંટ થકી કરવાના નિર્ણય અને આ બાબતે બધાના સાથ સહકારના લિધે વડોદરા મહાનગરપાલિકાની નાણાંકીય સ્થિતિમાં સુધારો થયેલ છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા વિવિધ હેતુ માટે ગ્રાંટ મળવાના કારણે શહેરમાં ખૂબ મોટા પ્રમાણમાં વિકાસનાં કામો કરવામાં આવેલ છે. આવનારા દિવસોમાં આ કામોનો નિભાવણી ખર્ચ પણ કરવાનો થશે અને આ આવશ્યક જવાબદારી છે. સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ જેવી કે BSUP, NURM, MGY, RAY, PMAY, Smart City વિ. માં મહાનગરપાલિકાના મિશ્રિત ફાળા ઉપરાંત વધુ ફાળો આપવાનો થતો હોય છે. Smart City માં મહાનગરપાલિકા નો કુલ પાંચ વર્ષનો રૂ.૨૫૦.૦૦ કરોડ નો ફાળો ત્રણ વર્ષ માં ચુકવવાનો થાય છે. આમ વિવિધ યોજના હેઠળ મહાનગરપાલિકા ના ફાળા પેટે અંદાજે રૂ.૬૫૦ કરોડ આપવા પાત્ર થાય છે. આ તમામ કામો થકી વધી રહેલ ખર્ચને પહોંચી વળવા માટે તથા નાણાંકીય સધ્ધરતા ટકાવી રાખવા નીચે મુજબના પગલાં જરૂરી બને છે.

૧) ઓક્ટ્રોય વળતર ગ્રાંટમાં બજેટના વર્ષે ૧૫% નો વધારો મેળવવા જરૂરી રજૂઆત કરી ગ્રાન્ટ મેળવવામાં આવે અને દર વર્ષે આ પ્રમાણે નો વધારો કરવામાં આવે, જેથી આ અંગેની રજૂઆત ઉચ્ચ સ્તરે કરવી જરૂરી છે.

૨) મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ પાછળ થતા ખર્ચને પહોંચી વળવા જે તે સર્વિસના યુઝર ચાર્જમાં જરૂરી વધારો કરી તેની વસુલાત આવતા વર્ષે કરવા અંગેનો પણ નિતિ વિષયક નિર્ણય કરવો જરૂરી છે.

૩) મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતા મોટા પ્રોજેક્ટના કામો સરકારશ્રીની ગ્રાંટ મેળવી અથવા PPP ધોરણે અથવા રેવન્યુ બેઈજ મોડલ મુજબ કરવામાં આવે.

૪) સરકારશ્રીની ગ્રાંટ થકી નવિન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવામાં આવે છે તેના સપ્રમાણમાં નિભાવણી ખર્ચ માટે પણ પ્રતિ વર્ષ ગ્રાંટ ફાળવવામાં આવે તેવી રજુઆત પણ ઉચ્ચ સ્તરે કરવી જરૂરી છે.

૫) દર વર્ષે મહાનગરપાલિકા ની ટેક્સ સિવાયની આવકમાં વધારો થાય તે મુજબના કામો નું આયોજન કરવા જરૂરી છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં જરૂરી એવા ખર્ચને પહોંચી વળવા નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવામાં આવે તે જરૂરી બને છે. અગાઉ મંજૂર કરાયેલ રૂ.૩૦૦ કરોડની લોન સામે મહાનગરપાલિકા દ્વારા રૂ.૩૦૦ કરોડની લોન મેળવાયેલ છે. જે સામે ફક્ત રૂ.૧૨૦ કરોડ ચૂકવવાના બાકી રહે છે. બજેટના વર્ષ દરમ્યાન પણ લોન મેળવવી જરૂરી બનતી હોઇ હાલ બાકી રહેલ રકમ ઉપરની વધુ રૂ. ૪૦૦ કરોડની મર્યાદા લોન/બોન્ડ મેળવવા મંજૂરી મળવા વિનંતી છે. કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી દ્વારા મોટા પ્રોજેક્ટસના ગેપ ફંડીંગ ની રકમ બોંડ થકી ઉગવવા માટે પ્રોત્સાહીત કરી રહેલ છે. હાલમાં અમૃત યોજના હેઠળ મહાનગરપાલિકા ની ફાળા પેટેની રકમ જો બોંડ દ્વારા ઉગવવામાં આવે તો કેન્દ્ર સરકાર દ્વારા સબસીડી પણ આપવામાં આવે છે અને હાલના તબક્કે તે પ્રથમ ૧૦ સંસ્થાઓ માટે સિમિત છે. વડોદરા મહાનગરપાલિકા ને CRISIL તરફ થી A+ રેટીંગ મળેલ છે અને વડોદરા મહાનગરપાલિકાના છેલ્લા વર્ષોના નાણાકીય આંકડાઓ, લોન ભરપાઇ પેટર્ન તથા હયાત મિલકતો ને ધ્યાને વડોદરા મહાનગરપાલિકા બોંડ થકી નાણાં ઉગવવામાં સક્ષમ છે અને અમૃત યોજના ના ગેપ ફંડીંગ માટે રૂ. ૧૦૦ કરોડ ની રકમ નો બોંડ બહાર પાડવાની યોજના છે. જેની પણ મંજૂરી મળવા વિનંતી છે.

વધુમાં બી.એસ.યુ.પી. યોજના અંતર્ગત ફેઝ-૧ હેઠળ લાભાર્થી ફાળા પેટે અગાઉ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા થકી લાભાર્થીઓ ના નામે લોન મેળવવા પ્રયત્ન કરેલ પરંતુ KYC કારણે ફક્ત ૧૫૦ જેટલા લાભાર્થીઓ ની લોન મંજૂર થયેલ હતી. સદર બાબતે જે તે સમયે મા. કમીશનરશ્રી ના અધ્યક્ષ સ્થાને એક કમીટી ની રચના કરવામાં આવી અને કમીટી દ્વારા મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ડીપોઝીટ ફંન્ડ માંથી લાભાર્થી ના નામે લોન મેળવી, લાભાર્થીઓની સ્લીપ છૂપાવી, લોનની વસુલાત કરવા બાબતનો નિર્ણય લેવામાં આવેલ. આમ સદર નિર્ણય મુજબ હાલ ફેઝ-૧ ના લાર્થીઓ ના નામે આંતરિક ભંડોળથી લોન મેળવી લોનની વસુલાતની કાર્યવાહી હાથ ધરેલ છે. ફેઝ-૩ હેઠળ હુડકો સંસ્થા પાસેથી મહાનગરપાલિકાના ફાળાની ગેપ ફન્ડીગ લોન અને લાભાર્થી ફાળાની લોન મેળવેલ છે, જેની વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં બી.એસ.યુ.પી. ફેઝ-૨ હેઠળ તમામ મકાનોના અલોટમેન્ટ થઇ ગયેલ હોય ફેઝ-૧ મુજબ ભવિષ્યમાં આંતરિક ભંડોળ ઉપલબ્ધ થયેથી કાર્યવાહી કરવા તથા બી.એસ.યુ.પી. ફેઝ-૪ અને ફેઝ-૫માં હુડકો સંસ્થા તથા અન્ય સંસ્થા પાસેથી મહાનગરપાલિકાના ફાળાની ગેપ ફન્ડીગ લોન અને લાભાર્થી ફાળાની લોન મેળવવા અને કેટલાક કિસ્સાઓમાં જે તે સાઇટનું કામ અને એલોટમેન્ટ પુર્ણ ન થયેથી વિકાસ ની કામગીરી વિલંબ ન થાય તે માટે લોન લોવાની ફરજ પડે છે તે માટે લોન ના હપ્તાની વસુલાત સંપૂર્ણ અલોટમેટ થયેથી શરૂ કરવા જરૂરી મંજૂરી આપવા વિનંતી છે.

**<u>કર-દર પ્રસ્તાવના</u> :**

સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કર-દર વિનાનું બજેટ રજુ કરવામાં આવે છે.

સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત મિલકત વેરાના સરળીકરણના ભાગરૂપે રહેણાક મિલકત માટે ના ભોગવટા પરિબળમાં માલીક અને ભાડુઆતના ભારાંક જે હાલ જુદા જુદા

રાખવામાં આવેલા છે તેને બદલે ભોગવટા પરિબળ ભારાંક ૧.૦૦ કરવા સુચિત કરેલ છે. જેના કારણે મિલકત ધારક દ્વારા જે મિલકત ભાડે આપેલ હોવા છતાં જણાવવામાં આવતું નથી તેમજ રહેનાર વ્યક્તિ કુંટુંબના સભ્ય છે તેવી રજૂઆત કરવામાં આવે છે તે એકસરખો દર કરવાથી સદર સમસ્યાનું નિરાકારણ થશે, વાંધા અરજીની સંખ્યામાં ઘટાડો થશે અને ફાળવેલ મહેકમ પાસેથી અન્ય વાણિજ્યક મિલકતોની ચકાસણી કરી વેરામાં વધારો થાય તેવી કાર્યવાહી થઇ શકશે.

ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર જે હાલ ૩ વર્ષના સમય ગાળા માટે આપવામાં આવે છે. સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષ માટે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત પ્રથમ નોંધણી ૧ વર્ષ માટે અને ત્યાર બાદ રીન્યુઅલની કાર્યવાહી ૩ વર્ષ ના બદલે ૫ વર્ષ ની કરવામાં આવશે. જેના કારણે વ્યાપારી સંસ્થાઓને  નોંધણીની કાર્યવાહીમાં અનુકૂળતા રહેશે. ભવિષ્યમાં સરકાર દ્વારા ગુમાસ્તા ધારા નોંધણી પ્રમાણપત્ર આજીવન કરવામાં આવશે તો તે પ્રમાણે અમલીકરણ કરવામાં આવશે.

**સમાપન અને આભાર :**

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધીના અમારા કાર્યકાળ દરમિયાન સ્થાયી સમિતિના તમામ સભ્યો તથા ચેરમેનશ્રીનો સંપૂર્ણ સાથ સહકાર મળેલ છે. અને હવે પછી પણ સહકાર સાંપડશે તેવી અપેક્ષા સાથે સૌનો આભાર વ્યક્ત કરુ છુ.

વધુમાં મને જણાવતા વિશેષ આનંદ થાય છે કે, અત્યાર સુધીના અમારા કાર્યકાળ દરમિયાન મેયરશ્રી, ડે. મેયરશ્રી, અને ચેરમેનશ્રી પદે બિરાજેલ મહાનુભાવ તેમજ ચૂંટાયેલી પાંખના તમામ સભાસદશ્રીઓ તરફથી ઉત્તમ સહકાર મળી રહેલ છે. વહીવટ વિભાગ તરફથી મંજુરી અર્થે રજુ કરાતી દરખાસ્તો ઉપર ત્વરીત નિર્ણય લઇ મંજૂરી આપવાના હકારાત્મક અભિગમના કારણે આયોજન મુજબનાં વિકાસના કામોનો ખૂબ જ ઝડપી અમલ કરી શકાયો છે. આપ સૌના ઉત્તમ સહકાર તથા મારા સાથી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ ના ટીમ વર્ક થી કાર્યોને કાર્યાન્વિત કરવા ઉઠાવેલી જહેમત તથા શિસ્ત માટે હુ આભાર વ્યક્ત કરુ છુ, અને આ પ્રમાણે નો સહકાર આગામી સમયમાં પણ ચાલુ રહેશે તેવી અપેક્ષા રાખુ છુ. જેથી કરીને વિકાસના સમુચિત આયોજનનાં ધ્યેયને પ્રાપ્ત કરી શકાય. આવી અપેક્ષા રાખતા સને ૨૦૧૮–૧૯ નું રિવાઇઝ તથા સને ૨૦૧૯–૨૦ ના ડ્રાફ્ટ અંદાજપત્ર સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી અર્થે રજુ કરૂ છુ. જે આપ સૌ સહર્ષ સ્વીકારશો તેવી આશા રાખુ છું.

જય જય ગરવી ગુજરાત...

વડોદરા.
તા.૨૪–૦૧–૨૦૧૯.

અજય ભાદુ **(IAS)**
મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા
વડોદરા.

# વડોદરા મહાનગરપાલિકા

## સને ૨૦૧૯–૨૦નું

**એબ્સ્ટ્રેક્ટ જમા તથા ખર્ચ અને પત્રકો**

**A372**

## વડોદરા મહાનગરપાલિકા સને ૨૦૧૮–૧૯ રીવાઇઝ્ડ અંદાજપત્ર એબસ્ટ્રેકટ

(રકમ રૂ. લાખમાં)

| | સને ૨૦૧૮–૧૯ના રીવાઇઝ્ડ બજેટ | | | સને ૨૦૧૮–૧૯ના રીવાઇઝ્ડ બજેટ | | | સને ૨૦૧૮–૧૯ના રીવાઇઝ્ડ બજેટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કમિશનરશ્રીએ રજુ કરેલ અંદાજ | | | સ્થીયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | | | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ | | |
| | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ |
| **૧. રેવેન્યુ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૪૧૪૩.૪૬ | | ૪૧૪૩.૪૬ | ૪૧૪૩.૪૬ | | ૪૧૪૩.૪૬ | ૪૧૪૩.૪૬ | | ૪૧૪૩.૪૬ |
| આવક | ૧૦૫૩૯૮.૬૧ | ૯૩૪૨.૩૫ | ૧૧૪૭૪૦.૯૬ | ૧૦૫૩૯૮.૬૧ | ૯૩૪૨.૩૫ | ૧૧૪૭૪૦.૯૬ | ૧૦૫૩૯૮.૬૧ | ૯૩૪૨.૩૫ | ૧૧૪૭૪૦.૯૬ |
| કૂલ જમા | ૧૦૯૫૪૨.૦૭ | ૯૩૪૨.૩૫ | ૧૧૮૮૮૪.૪૨ | ૧૦૯૫૪૨.૦૭ | ૯૩૪૨.૩૫ | ૧૧૮૮૮૪.૪૨ | ૧૦૯૫૪૨.૦૭ | ૯૩૪૨.૩૫ | ૧૧૮૮૮૪.૪૨ |
| રેવન્યુ ખર્ચ | ૧૦૦૦૨૯.૨૩ | ૧૧૨૭૨.૩૨ | ૧૧૧૩૦૧.૫૫ | ૧૦૦૦૭૮.૨૩ | ૧૧૨૭૨.૩૨ | ૧૧૧૩૫૦.૫૫ | ૧૦૦૦૭૮.૨૩ | ૧૧૨૭૨.૩૨ | ૧૧૧૩૫૦.૫૫ |
| બાકી સિલક | ૯૫૧૨.૮૩ | -૧૯૨૯.૯૭ | ૭૫૮૨.૮૭ | ૯૪૬૩.૮૩ | -૧૯૨૯.૯૭ | ૭૫૩૩.૮૬ | ૯૪૬૩.૮૩ | -૧૯૨૯.૯૭ | ૭૫૩૩.૮૬ |
| કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ | ૫૦૦૦.૦૦ | | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | | ૫૦૦૦.૦૦ |
| બાકી સિલક/ખાધ | ૪૫૧૨.૮૩ | -૧૯૨૯.૯૭ | ૨૫૮૨.૮૭ | ૪૪૬૩.૮૩ | -૧૯૨૯.૯૭ | ૨૫૩૩.૮૬ | ૪૪૬૩.૮૩ | -૧૯૨૯.૯૭ | ૨૫૩૩.૮૬ |
| **૨. કેપીટલ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૩૬.૦૩ | | ૩૬.૦૩ | ૩૬.૦૩ | | ૩૬.૦૩ | ૩૬.૦૩ | | ૩૬.૦૩ |
| રેવેન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ | ૫૦૦૦.૦૦ | | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | | ૫૦૦૦.૦૦ |
| આવક | ૧૨૬૬૪.૦૦ | ૨૦૦.૦૦ | ૧૨૮૬૪.૦૦ | ૧૨૬૬૪.૦૦ | ૨૦૦.૦૦ | ૧૨૮૬૪.૦૦ | ૧૨૬૬૪.૦૦ | ૨૦૦.૦૦ | ૧૨૮૬૪.૦૦ |
| લોન | ૧૦૦૦૦.૦૦ | | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | | ૧૦૦૦૦.૦૦ |
| કૂલ જમા | ૨૭૭૦૦.૦૩ | ૨૦૦.૦૦ | ૨૭૯૦૦.૦૩ | ૨૭૭૦૦.૦૩ | ૨૦૦.૦૦ | ૨૭૯૦૦.૦૩ | ૨૭૭૦૦.૦૩ | ૨૦૦.૦૦ | ૨૭૯૦૦.૦૩ |
| ખર્ચ | ૨૪૫૮૮.૬૬ | ૨૭૮૬.૦૫ | ૨૭૩૭૪.૭૧ | ૨૪૫૮૩.૬૬ | ૨૭૮૬.૦૫ | ૨૭૩૬૯.૭૧ | ૨૪૫૮૩.૬૬ | ૨૭૮૬.૦૫ | ૨૭૩૬૯.૭૧ |
| બાકી સિલક/ખાધ | ૩૧૧૧.૩૭ | -૨૫૮૬.૦૫ | ૫૨૫.૩૨ | ૩૧૧૬.૩૭ | -૨૫૮૬.૦૫ | ૫૩૦.૩૨ | ૩૧૧૬.૩૭ | -૨૫૮૬.૦૫ | ૫૩૦.૩૨ |
| **૩. કેપીટલ ગ્રાંટ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૪૮૪૫૦.૦૦ | | ૪૮૪૫૦.૦૦ | ૪૮૪૫૦.૦૦ | | ૪૮૪૫૦.૦૦ | ૪૮૪૫૦.૦૦ | | ૪૮૪૫૦.૦૦ |
| આવક | ૭૫૬૭૬.૬૫ | | ૭૫૬૭૬.૬૫ | ૭૫૬૭૬.૬૫ | | ૭૫૬૭૬.૬૫ | ૭૫૬૭૬.૬૫ | | ૭૫૬૭૬.૬૫ |
| કૂલ જમા | ૧૨૪૧૨૬.૬૫ | | ૧૨૪૧૨૬.૬૫ | ૧૨૪૧૨૬.૬૫ | | ૧૨૪૧૨૬.૬૫ | ૧૨૪૧૨૬.૬૫ | | ૧૨૪૧૨૬.૬૫ |
| ખર્ચ | ૭૧૬૩૨.૦૩ | | ૭૧૬૩૨.૦૩ | ૭૧૬૩૨.૦૩ | | ૭૧૬૩૨.૦૩ | ૭૧૬૩૨.૦૩ | | ૭૧૬૩૨.૦૩ |
| બાકી સિલક/ખાધ | ૫૨૪૬૪.૬૨ | | ૫૨૪૬૪.૬૨ | ૫૨૪૬૪.૬૨ | | ૫૨૪૬૪.૬૨ | ૫૨૪૬૪.૬૨ | | ૫૨૪૬૪.૬૨ |
| **૪. JNNURM ગ્રાંટ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૩૫૧૮.૩૬ | | ૩૫૧૮.૩૬ | ૩૫૧૮.૩૬ | | ૩૫૧૮.૩૬ | ૩૫૧૮.૩૬ | | ૩૫૧૮.૩૬ |
| આવક | ૧૨૧૩૯.૧૪ | | ૧૨૧૩૯.૧૪ | ૧૨૧૩૯.૧૪ | | ૧૨૧૩૯.૧૪ | ૧૨૧૩૯.૧૪ | | ૧૨૧૩૯.૧૪ |
| કૂલ જમા | ૧૫૬૫૭.૫૦ | | ૧૫૬૫૭.૫૦ | ૧૫૬૫૭.૫૦ | | ૧૫૬૫૭.૫૦ | ૧૫૬૫૭.૫૦ | | ૧૫૬૫૭.૫૦ |
| ખર્ચ | ૫૮૨૧.૮૬ | | ૫૮૨૧.૮૬ | ૫૮૨૧.૮૬ | | ૫૮૨૧.૮૬ | ૫૮૨૧.૮૬ | | ૫૮૨૧.૮૬ |
| બાકી સિલક/ખાધ | ૯૮૩૫.૬૪ | | ૯૮૩૫.૬૪ | ૯૮૩૫.૬૪ | | ૯૮૩૫.૬૪ | ૯૮૩૫.૬૪ | | ૯૮૩૫.૬૪ |
| **૫. ફંડ અનામત બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૨૧૯૦૭.૬૧ | | ૨૧૯૦૭.૬૧ | ૨૧૯૦૭.૬૧ | | ૨૧૯૦૭.૬૧ | ૨૧૯૦૭.૬૧ | | ૨૧૯૦૭.૬૧ |
| આવક | ૧૪૭૫૬.૧૨ | | ૧૪૭૫૬.૧૨ | ૧૪૭૫૬.૧૨ | | ૧૪૭૫૬.૧૨ | ૧૪૭૫૬.૧૨ | | ૧૪૭૫૬.૧૨ |
| કૂલ જમા | ૩૬૬૬૩.૭૩ | | ૩૬૬૬૩.૭૩ | ૩૬૬૬૩.૭૩ | | ૩૬૬૬૩.૭૩ | ૩૬૬૬૩.૭૩ | | ૩૬૬૬૩.૭૩ |
| ખર્ચ | ૧૨૨૬૨.૪૫ | | ૧૨૨૬૨.૪૫ | ૧૨૨૬૨.૪૫ | | ૧૨૨૬૨.૪૫ | ૧૨૨૬૨.૪૫ | | ૧૨૨૬૨.૪૫ |
| બાકી સિલક/ખાધ | ૨૪૪૦૧.૨૮ | | ૨૪૪૦૧.૨૮ | ૨૪૪૦૧.૨૮ | | ૨૪૪૦૧.૨૮ | ૨૪૪૦૧.૨૮ | | ૨૪૪૦૧.૨૮ |
| **એકંદરે કૂલ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૭૮૦૫૫.૪૬ | | ૭૮૦૫૫.૪૬ | ૭૮૦૫૫.૪૬ | | ૭૮૦૫૫.૪૬ | ૭૮૦૫૫.૪૬ | | ૭૮૦૫૫.૪૬ |
| આવક | ૨૩૫૬૩૪.૫૩ | ૯૫૪૨.૩૫ | ૨૪૫૧૭૬.૮૮ | ૨૩૫૬૩૪.૫૩ | ૯૫૪૨.૩૫ | ૨૪૫૧૭૬.૮૮ | ૨૩૫૬૩૪.૫૩ | ૯૫૪૨.૩૫ | ૨૪૫૧૭૬.૮૮ |
| કૂલ જમા | ૩૧૩૬૮૯.૯૮ | ૯૫૪૨.૩૫ | ૩૨૩૨૩૨.૩૩ | ૩૧૩૬૮૯.૯૮ | ૯૫૪૨.૩૫ | ૩૨૩૨૩૨.૩૩ | ૩૧૩૬૮૯.૯૮ | ૯૫૪૨.૩૫ | ૩૨૩૨૩૨.૩૩ |
| ખર્ચ | ૨૧૯૩૩૪.૨૩ | ૧૪૦૫૮.૩૭ | ૨૩૩૩૯૨.૬૦ | ૨૧૯૩૭૮.૨૩ | ૧૪૦૫૮.૩૭ | ૨૩૩૪૩૬.૬૦ | ૨૧૯૩૭૮.૨૩ | ૧૪૦૫૮.૩૭ | ૨૩૩૪૩૬.૬૦ |
| બાકી સિલક/ખાધ | ૯૪૩૫૫.૭૪ | -૪૫૧૬.૦૨ | ૮૯૮૩૯.૭૩ | ૯૪૩૧૧.૭૫ | -૪૫૧૬.૦૨ | ૮૯૭૯૫.૭૩ | ૯૪૩૧૧.૭૫ | -૪૫૧૬.૦૨ | ૮૯૭૯૫.૭૩ |

## વડોદરા મહાનગર પાલિકા સને ૨૦૧૯–૨૦ ડ્રાફ્ટ અંદાજપત્ર એબસ્ટ્રેકટ

(રકમ રૂ. લાખમાં)

| | સને ૨૦૧૯–૨૦ના ડ્રાફ્ટ બજેટ | | | સને ૨૦૧૯–૨૦ના ડ્રાફ્ટ બજેટ | | | સને ૨૦૧૯–૨૦ના ડ્રાફ્ટ બજેટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કમિશનરશ્રીએ રજુ કરેલ અંદાજ | | | સ્થીયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | | | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ | | |
| | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ |
| **૧. રેવેન્યુ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૨૫૮૨.૮૭ | | ૨૫૮૨.૮૭ | ૨૫૩૩.૮૬ | | ૨૫૩૩.૮૬ | ૨૫૩૩.૮૬ | | ૨૫૩૩.૮૬ |
| આવક | ૧૦૯૧૯૩.૬૧ | ૯૩૪૨.૩૫ | ૧૧૮૫૩૫.૯૬ | ૧૦૯૧૯૩.૬૧ | ૯૩૪૨.૩૫ | ૧૧૮૫૩૫.૯૬ | ૧૦૯૧૯૩.૬૧ | ૯૩૪૨.૩૫ | ૧૧૮૫૩૫.૯૬ |
| કૂલ જમા | ૧૧૧૭૭૬.૪૮ | ૯૩૪૨.૩૫ | ૧૨૧૧૧૮.૮૩ | ૧૧૧૭૨૭.૪૮ | ૯૩૪૨.૩૫ | ૧૨૧૦૬૯.૮૩ | ૧૧૧૭૨૭.૪૮ | ૯૩૪૨.૩૫ | ૧૨૧૦૬૯.૮૩ |
| રેવન્યુ ખર્ચ | ૧૦૧૨૮૫.૦૩ | ૧૦૯૨૬.૦૯ | ૧૧૨૨૧૧.૧૨ | ૧૦૧૩૨૫.૧૩ | ૧૦૯૨૬.૦૯ | ૧૧૨૨૫૧.૨૨ | ૧૦૧૩૨૫.૧૩ | ૧૦૯૨૬.૦૯ | ૧૧૨૨૫૧.૨૨ |
| બાકી સિલક | ૧૦૪૯૧.૪૪ | −૧૫૮૩.૭૪ | ૮૯૦૭.૭૧ | ૧૦૪૦૨.૩૪ | −૧૫૮૩.૭૪ | ૮૮૧૮.૬૦ | ૧૦૪૦૨.૩૪ | −૧૫૮૩.૭૪ | ૮૮૧૮.૬૦ |
| કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ | ૪૦૦૦.૦૦ | | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ | | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ | | ૪૦૦૦.૦૦ |
| બાકી સિલક/ખાધ | ૬૪૯૧.૪૪ | −૧૫૮૩.૭૪ | ૪૯૦૭.૭૧ | ૬૪૦૨.૩૪ | −૧૫૮૩.૭૪ | ૪૮૧૮.૬૦ | ૬૪૦૨.૩૪ | −૧૫૮૩.૭૪ | ૪૮૧૮.૬૦ |
| **૨. કેપીટલ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૫૨૫.૩૨ | | ૫૨૫.૩૨ | ૫૩૦.૩૨ | | ૫૩૦.૩૨ | ૫૩૦.૩૨ | | ૫૩૦.૩૨ |
| રેવેન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ | ૪૦૦૦.૦૦ | | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ | | ૪૦૦૦.૦૦ | ૪૦૦૦.૦૦ | | ૪૦૦૦.૦૦ |
| આવક | ૧૬૬૭૩.૦૦ | ૩૦૦.૦૦ | ૧૬૯૭૩.૦૦ | ૧૬૬૭૩.૦૦ | ૩૦૦.૦૦ | ૧૬૯૭૩.૦૦ | ૧૬૬૭૩.૦૦ | ૩૦૦.૦૦ | ૧૬૯૭૩.૦૦ |
| લોન | ૧૦૫૦૦.૦૦ | | ૧૦૫૦૦.૦૦ | ૧૦૫૦૦.૦૦ | | ૧૦૫૦૦.૦૦ | ૧૦૫૦૦.૦૦ | | ૧૦૫૦૦.૦૦ |
| **કૂલ આવક** | ૩૧૬૯૮.૩૨ | ૩૦૦.૦૦ | ૩૧૯૯૮.૩૨ | ૩૧૭૦૩.૩૨ | ૩૦૦.૦૦ | ૩૨૦૦૩.૩૨ | ૩૧૭૦૩.૩૨ | ૩૦૦.૦૦ | ૩૨૦૦૩.૩૨ |
| ખર્ચ | ૨૯૪૮૨.૯૦ | ૨૪૩૧.૦૫ | ૩૧૯૧૩.૯૫ | ૨૯૪૦૫.૯૦ | ૨૪૩૧.૦૫ | ૩૧૮૩૬.૯૫ | ૨૯૪૦૫.૯૦ | ૨૪૩૧.૦૫ | ૩૧૮૩૬.૯૫ |
| બાકી સિલક/ખાધ | ૨૨૧૫.૪૨ | −૨૧૩૧.૦૫ | ૮૪.૩૭ | ૨૨૯૭.૪૨ | −૨૧૩૧.૦૫ | ૧૬૬.૩૭ | ૨૨૯૭.૪૨ | −૨૧૩૧.૦૫ | ૧૬૬.૩૭ |
| **૩. કેપીટલ ગ્રાંટ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૫૨૪૯૪.૬૨ | | ૫૨૪૯૪.૬૨ | ૫૨૪૯૪.૬૨ | | ૫૨૪૯૪.૬૨ | ૫૨૪૯૪.૬૨ | | ૫૨૪૯૪.૬૨ |
| આવક | ૯૩૫૧૭.૩૬ | | ૯૩૫૧૭.૩૬ | ૯૩૫૧૭.૩૬ | | ૯૩૫૧૭.૩૬ | ૯૩૫૧૭.૩૬ | | ૯૩૫૧૭.૩૬ |
| કૂલ જમા | ૧૪૬૦૧૧.૯૯ | | ૧૪૬૦૧૧.૯૯ | ૧૪૬૦૧૧.૯૯ | | ૧૪૬૦૧૧.૯૯ | ૧૪૬૦૧૧.૯૯ | | ૧૪૬૦૧૧.૯૯ |
| ખર્ચ | ૧૦૪૦૬૩.૭૬ | | ૧૦૪૦૬૩.૭૬ | ૧૦૪૦૬૩.૭૬ | | ૧૦૪૦૬૩.૭૬ | ૧૦૪૦૬૩.૭૬ | | ૧૦૪૦૬૩.૭૬ |
| બાકી સિલક/ખાધ | ૪૧૯૪૮.૨૩ | | ૪૧૯૪૮.૨૩ | ૪૧૯૪૮.૨૩ | | ૪૧૯૪૮.૨૩ | ૪૧૯૪૮.૨૩ | | ૪૧૯૪૮.૨૩ |
| **૪. JNNURM ગ્રાંટ બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૯૮૩૫.૬૪ | | ૯૮૩૫.૬૪ | ૯૮૩૫.૬૪ | | ૯૮૩૫.૬૪ | ૯૮૩૫.૬૪ | | ૯૮૩૫.૬૪ |
| આવક | ૧૦૬૦૫.૧૫ | | ૧૦૬૦૫.૧૫ | ૧૦૬૦૫.૧૫ | | ૧૦૬૦૫.૧૫ | ૧૦૬૦૫.૧૫ | | ૧૦૬૦૫.૧૫ |
| કૂલ જમા | ૨૦૪૪૦.૭૯ | | ૨૦૪૪૦.૭૯ | ૨૦૪૪૦.૭૯ | | ૨૦૪૪૦.૭૯ | ૨૦૪૪૦.૭૯ | | ૨૦૪૪૦.૭૯ |
| ખર્ચ | ૧૪૯૮૯.૫૫ | | ૧૪૯૮૯.૫૫ | ૧૪૯૮૯.૫૫ | | ૧૪૯૮૯.૫૫ | ૧૪૯૮૯.૫૫ | | ૧૪૯૮૯.૫૫ |
| બાકી સિલક/ખાધ | ૫૪૫૧.૨૪ | | ૫૪૫૧.૨૪ | ૫૪૫૧.૨૪ | | ૫૪૫૧.૨૪ | ૫૪૫૧.૨૪ | | ૫૪૫૧.૨૪ |
| **૫. ફંડ અનામત બજેટ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૨૪૪૦૧.૨૮ | | ૨૪૪૦૧.૨૮ | ૨૪૪૦૧.૨૮ | | ૨૪૪૦૧.૨૮ | ૨૪૪૦૧.૨૮ | | ૨૪૪૦૧.૨૮ |
| આવક | ૧૧૪૮૦.૧૨ | | ૧૧૪૮૦.૧૨ | ૧૧૪૮૦.૧૨ | | ૧૧૪૮૦.૧૨ | ૧૧૪૮૦.૧૨ | | ૧૧૪૮૦.૧૨ |
| કૂલ જમા | ૩૫૮૮૧.૪૦ | | ૩૫૮૮૧.૪૦ | ૩૫૮૮૧.૪૦ | | ૩૫૮૮૧.૪૦ | ૩૫૮૮૧.૪૦ | | ૩૫૮૮૧.૪૦ |
| ખર્ચ | ૮૬૧૦.૧૨ | | ૮૬૧૦.૧૨ | ૮૬૧૦.૧૨ | | ૮૬૧૦.૧૨ | ૮૬૧૦.૧૨ | | ૮૬૧૦.૧૨ |
| બાકી સિલક/ખાધ | ૨૭૨૭૧.૨૮ | | ૨૭૨૭૧.૨૮ | ૨૭૨૭૧.૨૮ | | ૨૭૨૭૧.૨૮ | ૨૭૨૭૧.૨૮ | | ૨૭૨૭૧.૨૮ |
| **એકંદરે કૂલ** | | | | | | | | | |
| પુંરાત બાકી | ૮૯૮૩૯.૭૩ | ૦.૦૦ | ૮૯૮૩૯.૭૩ | ૮૯૭૯૫.૭૩ | ૦.૦૦ | ૮૯૭૯૫.૭૩ | ૮૯૭૯૫.૭૩ | ૦.૦૦ | ૮૯૭૯૫.૭૩ |
| આવક | ૨૫૫૯૬૯.૨૪ | ૯૬૪૨.૩૫ | ૨૬૫૬૧૧.૫૯ | ૨૫૫૯૬૯.૨૪ | ૯૬૪૨.૩૫ | ૨૬૫૬૧૧.૫૯ | ૨૫૫૯૬૯.૨૪ | ૯૬૪૨.૩૫ | ૨૬૫૬૧૧.૫૯ |
| કૂલ જમા | ૩૪૫૮૦૮.૯૭ | ૯૬૪૨.૩૫ | ૩૫૫૪૫૧.૩૨ | ૩૪૫૭૬૪.૯૭ | ૯૬૪૨.૩૫ | ૩૫૫૪૦૭.૩૨ | ૩૪૫૭૬૪.૯૭ | ૯૬૪૨.૩૫ | ૩૫૫૪૦૭.૩૨ |
| ખર્ચ | ૨૬૨૪૩૧.૩૬ | ૧૩૩૫૭.૧૪ | ૨૭૫૭૮૮.૫૦ | ૨૬૨૩૯૪.૪૬ | ૧૩૩૫૭.૧૪ | ૨૭૫૭૫૧.૬૦ | ૨૬૨૩૯૪.૪૬ | ૧૩૩૫૭.૧૪ | ૨૭૫૭૫૧.૬૦ |
| બાકી સિલક/ખાધ | ૮૩૩૭૭.૬૧ | −૩૭૧૪.૭૯ | ૭૯૬૬૨.૮૨ | ૮૩૩૭૦.૫૧ | −૩૭૧૪.૭૯ | ૭૯૬૫૫.૭૨ | ૮૩૩૭૦.૫૧ | −૩૭૧૪.૭૯ | ૭૯૬૫૫.૭૨ |

## પત્રક અ

- Smart Up-gradation of water pumping stations, efficiency improvement, monitoring & Control of City Water Distribution Network: સ્માર્ટ સિટી

**A553**

મિશનનો એક મુખ્ય ઉદ્દેશ તેની કામગીરીમાં Energy efficiency ને પ્રોત્સાહન આપવાનો છે. અપગ્રેડેશન થી પમ્પિંગ મશિનરીની કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે અને બદલામાં કામગીરી અને જાળવણીના ખર્ચમાં બચત થશે.

- Smart Water Audit Project : પાણી પુરવઠાના પાણી વિતરણના નેટવર્કના ગ્રાઉન્ડ સ્ટોરેજ રિઝર્વેર્સ (જીએસઆર), ઓવર હેડટાંકીઓ (ઓએચટી), પમ્પ હાઉસ અને બૂસ્ટર પમ્પથી પાણીના વિતરણ નેટવર્કમાં બટર ફ્લાય વાલ્વ, ફ્લોમીટર, પ્રેશર ટ્રાન્સમિટર વગેરે લગાડી SCADA Phase-2 અંતર્ગત સંપુર્ણ વોટર ઓડીટ કરવાનું કામ.

## ➢ અમૃત યોજના :

- અટલ મિશન ફોર રેજુવનેશન એન્ડ અર્બન ટ્રાન્સર્ફોમેશન(અમૃત) યોજના, દેશભરની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓનાં કાયાકલ્પ અર્થે (ભારત સરકાર દ્વારા) જાહેર કરવામાં આવેલ છે.
- અમૃત યોજનામાં નાગરિકોને પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ભુર્ગભ ગટર, વરસાદી ગટર, પ્રદૂષણ ઘટાડા અર્થે જાહેર પરિવહનનો મહતમ ઉપયોગ તથા બિન–મોટર ટ્રાન્સપોર્ટ (વોકિંગ, સાઈકલિંગ) માટે સુવિધા નિર્માણ તથા પાર્કસ–ગાર્ડન તથા મનોરંજન કેન્દ્રો બનાવવા માટે પ્રોજેકટ તૈયાર કરવામાં આવી રહેલ છે.
- સદર યોજના હેઠળ સને ૨૦૧૫ થી ૨૦૨૦ ના વર્ષ માટે કુલ રૂ.૪૫૨.૪૫ કરોડ ના ખર્ચે કુલ–૧૩ (તેર) કામો મંજુર થયેલ છે.
- અમૃત યોજનાનો ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા ૩૩% કિમત અને રાજયસરકાર અને વડોદરા મહાનગર પાલિકાએ અનુક્રમે ૩૭% અને ૨૦%નાં પ્રમાણમાં ભોગવવાનો રહેશે.
- અમૃત યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ડી.પી.આર. મંજુર થયેથી સબંધિત પ્રોજેકટની આગળની કામગીરી હાથ ધરવામા આવી રહેલ છે.

### ❖ પૂર્ણ થયેલ કામ (સને ૨૦૧૫–૧૬)

- ટી.પી ૨ એફ.પી ૪૯ સયાજીપુરામાં ગાર્ડન બનાવવાનુ કામ (ગાર્ડન શાખા) રૂ.૦.૪૫ કરોડ.
- હાઇ–વે સમાંતર દરજીપુરા કલ્વર્ટ થી વિશ્વામિત્રી તરફ વરસાદી ગટર બનાવવાનું કામ (વરસાદી ગટર શાખા) રૂ.૩૪.૦૦ કરોડ.

### ❖ પૂર્ણ થયેલ કામ (સને ૨૦૧૬–૧૭)

- રાજીવનગર ૬૮ એમ.એલ.ડી એસ ટી પી. (ડ્રેનેજ–વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ.૯૦.૦૦ કરોડ
- જી.આઇ.ડી.સી. તેમજ વાસણામાં નેટવર્કીંગ તેમજ મીટરીંગની કામગીરી(વોટર સપ્લાય) રૂ.૪૫.૦૦ કરોડ
- ટી.પી ૧૩ (નગર નંદનવન) માં નર્મદા કેનાલને સમાંતરમા ગ્રીન બેલ્ટ બનાવવાની તેમજ જોગીંગ ટ્રેક તેમજ પીકનીક સેન્ટર બનાવવાની કામગીરી (ગાર્ડન શાખા) રૂ.૨.૦૦ કરોડ.
- પેડેસ્ટ્રેન ગ્રેડ સેપેરેટડ ફેસેલીટીસ ઇન મીડીયમ ટ્રમ (અર્બન ટ્રાંન્સપોર્ટ) રૂ.૫.૦૦ કરોડ.

### ❖ પ્રગતિ હેઠળના કામો (સને ૨૦૧૭–૨૦)

- સીંધરોટ વિયરમાં ઇન્ટેક સ્ટ્રક્ચર, ડબ્લ્યુ.ટી.પી. અને ટ્રાન્સમીશન વિગેરેની કામગીરી (વોટર સપ્લાય) રૂ.૧૦૦.૦૦ કરોડ
- કપુરાઇ ખાતે નવિન એસ ટી પી (૬૦ એમ એલ ડી) બનાવવાની કામગીરી (ડ્રેનેજ–વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ.૯૦.૦૦ કરોડ
- ટ્રાફીક નિયમન અત્રે ટ્રાફિક ફર્નિચર, સાઇનેજીસ, ફુટ્પાથ (અર્બન ટ્રાન્સપોર્ટ) રૂ.૩.૦૦ કરોડ.

**A554**

- બહુચરાજી નાગરવાડા કાંસના કિનારાવાળા ભાગમાં નવિન એ પી એસ તેમજ રીટેઇનીગ વોલ બનાવવાની કામગીરી (ડ્રેનેજ–વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ.૧૦.૦૦ કરોડ
- ડેવલોપમેન્ટ ઓફ ગાર્ડન્સ (ગાર્ડન શાખા) રૂ ૫.૦૦ કરોડ.
- ઇન્દ્રપુરી ખાતે આવેલ એ.પી.એસ. ઓગમેન્ટેશન કરવા સાથે નવિન પ્રેશર લાઇન નાંખવાનું કામ. (ડ્રેનેજ–વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ.૮.૬૩ કરોડ (બચત પેટે)
- છાણી ખાતે ૫૦ એમ.એલ.ડી. સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સમા જૂના અને નવા એ.પી.એસ. તેમજ શાસ્ત્રીબ્રીજ એ.પી.એસ. ના અપગ્રેડેશન સહિત રાઇઝીંગ મેઇનની કામગીરી.
- (ડ્રેનેજ–વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ.૬૮.૦૦ કરોડ
- અમીતનગર ખાતે નવિન એ.પી.એસ. બનાવી માઇક્રોટનલીંગ પદ્ધતિથી નવિન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાનું કામ. (ડ્રેનેજ–વરસાદી ગટર પ્રોજેક્ટ શાખા) રૂ.૧૪.૯૪ કરોડ ડી.પી.આર. (બચત પેટે)

## ૧) ફ્યુચરીસ્ટીક પ્લાનીંગ સેલ :

વડોદરા મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વિવિધ તળાવોની સ્વચ્છતા તથા સુંદરતા જળવાય અને તળાવોશહેરીજનો માટે પર્યટન અને મનોરંજન વિગેરે જેવી પ્રવૃત્તિઓના સ્થળ તરીકે વિકસાવી શકાય તે હેતુથી શહેરના ૨૧ તળાવોની કામગીરી પૂર્ણ કરેલ છે. અન્ય ૦૩ તળાવોની કામગીરી પ્રગતિ હેઠળ છે.વર્ષ ૨૦૨૦–૨૧ માં ૦૪ તળાવોનીનવીનીકરણની આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- સુરસાગર તળાવમાં મુખ્યત્વે ઘાટ,ગાર્ડનીંગ,રેલીંગ, હેન્ડીકેપ રેમ્પ,વ્યુઅર્સગેલેરી, વોક–વે તથા M.S., રેલીંગની કામગીરી કરેલ છે. સદર કામગીરી પૂર્ણતાના આરે છે.
- વડોદરા શહેરમાં આવેલ તળાવોનું પાણી બારે માસ શુદ્ધ અને ચોખ્ખુ રહે,આજુબાજુનો વિસ્તાર સ્વચ્છ અને દુર્ગંધ રહિત રહે,તળાવોની જીવ સૃષ્ટિની સારી રીતે જાળવણી થાય અને ઉત્તરોત્તર વધારો થાય, તળાવના પાણીમાં B.O.D અને C.O.D ની માત્રામાં ઘટાડો થાય અને તળાવમાં ઉત્પન્ન થતી જંગલી વનસ્પતિઓનો નાશ થાય તે માટે કેમીકલ રહીત “Aeration and Bioremediation Treatment” ગોત્રી અને સુરસાગર તળાવમાં કામગીરી કરવાનું આયોજન કરેલ છે. ગોત્રી તળાવની “Aeration and Bioremediation Treatment” માટે I.O.C.L. ના CSR ફંડમાંથી રૂ.૫૯,૮૮,૫૦૦/– ની સહાય મળનાર છે.
- માનનિય મુખ્યમંત્રી સાહેબશ્રી સહ ની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ વિશ્વામિત્રી નદીની શરૂઆત થી અંત સુધીની નદીની લંબાઇમાંવિશ્વામિત્રી પ્રોજેક્ટની કામગીરી કરવાની છે જે માટે ડી.પી.આર. બનાવવાની કામગીરી અંગે સલાહકારશ્રીની નિમણૂંક કરવાની તથા આ મુજબ કામગીરી માટે વિશ્વામિત્રી નદી સાથે સંકળાયેલ સિંચાઇ વિભાગ અને વુડા સંસ્થા સાથેના સંકલન અંગેની કાર્યવાહી શરૂ કરેલ છે.

## ૨) રેલ્વે/રીવર ઓવર બ્રીજ તથા ફલાય ઓવર :

- વડોદરા શહેરના હદ વિસ્તારમાં ગત વર્ષે સમા–હરણીને જોડતા નવા ૩૦મીટરના રસ્તા પર વિશ્વામિત્રી નદી પરના બ્રીજના સુપર સ્ટ્રક્ચરની કામગીરી રૂ.૬.૬૬ કરોડના ખર્ચે તથા સમા–હરણી બ્રીજ અને મોટનાથ મહાદેવને જોડતા રસ્તે કલ્વર્ટ બનાવવાનું કામ રૂ.૨.૮૦કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.
- હયાત વિશ્વામિત્રી રેલ્વે સ્ટેશન પાસે આવેલ રેલ્વે ઓવર બ્રીજના વાઇડનીંગની કામગીરી રૂ.૪૦.૦૦ કરોડના ખર્ચે હાલ પુર્ણતાના આરે છે, જે આગામી જાન્યુઆરી માસમાં પુર્ણ કરવામાં આવશે.
- વડોદરા શહેરમાં CRRI દ્વારા વિવિધ મહત્વના જંકશનો ઉપર કરવામાં આવેલ ટ્રાફીક સર્વેના અહેવાલ મુજબ વડોદરા મહાનગર પાલિકા દ્વારા રૂ.૨૨૨.૧૮ કરોડના ખર્ચે ગેંડા સર્કલ થી મનિષા ચોકડી સુધી કુલ ૭ જંકશન પર ફલાય ઓવર બ્રીજ, છાણી તળાવના ઓવરફ્લો માટે નવિન કલ્વર્ટ

**A555**

બનાવવાનું કામ રૂ.૧.૦૮ કરોડના ખર્ચે, અટલાદરા માંજલપુર બ્રીજના રોડ સાઇડમાં સ્ટ્રેનઘર્નીંગની કામગીરી રૂ.૯.૩૪ કરોડના ખર્ચે તથા મકરપુરા થી જાંમ્બુવા ગામ તરફ જતા નદી પર બ્રીજ બનાવવાની કામગીરી રૂ.૫.૪૦ કરોડ ખર્ચે હાલ પ્રગતિ હેઠળ છે.

- આગામી વર્ષના આયોજન પૈકી અટલાદરા માંજલપુર રોડ લાઇન ઉપર માંજલપુર દરબાર ચોકડીથી અટલાદરા જતાં ૩૬મીટરની રોડલાઇન પર મુંબઇ–અમદાવાદ B.G. રેલ્વે લાઇન ઉપર રેલ્વે ઓવર બ્રીજની કામગીરીનું તથા વ્રૂંદાવન ચાર રસ્તા, ખોડિયાર નગર ચાર રસ્તા, સરદાર એસ્ટેટ, સંગમ ચાર રસ્તા, વાસણા રોડ ચાર રસ્તા, સમા તળાવ પાસે આવેલ તમામ ૬ (છ) જંક્શન ઉપર નવીન ફલાય ઓવર બ્રીજની કામગીરીનું આયોજન અત્રેથી હાથ ધરવામાં આવેલ છે.

આમ, શહેરમાં હાલ રીવરઓવર બ્રીજ/ કલ્વર્ટના અંદાજીત રૂ. ૯.૪૬ કરોડના કામો પુર્ણ કરેલ છે, કુલ રૂ. ૨૭૮ કરોડના કામો પ્રગતિ હેઠળ છે તથા કુલ રૂ. ૩૧૫ કરોડના ખર્ચે નવીન રેલ્વે / રીવર / ફલાય ઓવર બ્રીજો બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે. જેનાથી નિશ્ચિત પણે શહેરના વિકાસમાં વધારો, ટ્રાફિકની અવર જવરમાં સરળતા, અક્સ્માતમાં ઘટાડો, પર્યાવરણની જાળવણી, ઇંધણમાં બચત, પુરની પરિસ્થિતિનુ નિવારણ તથા શહેરના સાંસ્કૃતિક, ઔધોગીક, શૈક્ષણીક તેમજ વાણિજ્યક વિકાસ વિગેરેમાં મુખ્ય રીતે મદદરૂપ થશે.

## ૩) <u>રોડ પ્રોજેકટ શાખા :</u>

વડોદરા શહેરના વધતા જતા શહેરીકરણ અને ટ્રાફિકની સુવિધા પુરી પાડવા રોડ પ્રોજેકટ શાખા દ્વારા શહેરના ૧૮.૦ મી કે તેથી વધુ પહોળાઇના હયાત રસ્તાઓને આયોજન મુજબ પહોળા કરી તેના ઉપર કાર્પેટીંગ કરવાની તથા સેન્ટ્રલ ડીવાઇડર બનાવવાની કામગીરી કરવામાં આવે છે. તેમજ નવીન મંજુર થયેલ ટી.પી સ્કીમના ૧૮.૦ મીટર કે તેથી વધુ પહોળાઇના રસ્તાઓ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ પૈકી રસ્તાઓ આયોજન મુજબ વોલ ટુ વોલના ધોરણે સર્વિસ ટ્રેક તથા ફુટપાથ સહીત વિકસાવવામાં આવે છે.

વડોદરા મહાનગરપાલિકાના રોડ પ્રોજેકટ શાખા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦૨૦ માં રેવન્યુ કેપીટલ બજેટમાં લીધેલ કૂલ ૨ કામો પૈકી ૨ કામો રૂ. ૫.૭૫ કરોડના ખર્ચે કરેલ છે.

શહેરના મુખ્ય રીંગરોડ પૈકી એરપોર્ટ સર્કલથી સરદાર એસ્ટેટ ચાર રસ્તા સુધી , વડસર બ્રિજથી સુશેન સર્કલ સુધી અને સુશેન સર્કલથી તરસાલી સર્કલ સુધીના ૪૦ મીટરના રીંગરોડને અંદાજે ₹I. ૨૮કરોડના ખર્ચે વાઇડનીંગ કરી વોલ ટુ વોલ કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

રાજય સરકારની વિવિધ ગ્રાન્ટના કામોમાં હાલ કુલ ૪૧ કામો પૈકી ૨ કામો ₹I ૨ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. તેમજ ૫ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને બાકીના ૩૫ કામો ₹I૫૪કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત વડોદરા શહેરના ફરતે આવેલ નેશનલ હાઇવેથી પ્રવેશતા મુખ્ય માર્ગો જેવા કે (૧) દુમાડ ચોકડીથી અમીતનગર (૨) આજવા ચોકડી થી સરદાર એસ્ટેટ (૩) કપુરાઇ ચોકડી થી સોમા તળાવ સુધીના માર્ગોને ડેવલોપ કરવાનું(૪) વૃદાવન ચોકડીથી નેશનલ હાઇવે તરફ માર્ગને ડેવલોપ કરવાનું રૂ.૬૬ કરોડના ખર્ચે હાથ ધરેલ છે.

આ ઉપરાંત શહેરના રસ્તાઓ તેમજ ટ્રાફિક જંકશનો વિકસાવવાથી શહેરની ટ્રાફિકની અવરજવરમાં સરળતા થશે. વાહનવ્યવહારની સુવિધા ઝડપી બનશે, તેમજ વાહનોની નિભાવણી ખર્ચ તેમજ ઇંધણમાં બચત થશે. નવીન વિકસીત વિસ્તારોને હયાત ટી.પી રસ્તા સાથે જોડી શહેરીજનોને રસ્તાની સુવિધા પુરી પાડવામાં આવશેઅને વાહનોથી વધતા પ્રદુષણમાં ઘટાડો થશે.

**A556**

## ૪) બિલ્ડીંગ પ્રોજેકટ :

બિલ્ડીંગ પ્રોજેક્ટ દ્વારા સ્વભંડોળ તથા રાજ્ય સરકારશ્રીની વિવિધ ગ્રાંટમાં UHC, UCHC તથા અતિથિગૃહ, ટાઉનહોલ, સ્વીમીંગપુલ, ફાયરબ્રીગેડની ઓફિસ વગેરે બનાવવાની કાર્યવાહી કરે છે. સદર નવીન ઈમારતોમાં પીવા લાયક પાણીનો વપરાશ ઓછો થાય તે માટેડ્યુઅલ પ્લમ્બીંગ, ડ્યુઅલફ્લશીંગ તથા જમીનની અંદર પાણીના સ્તર ઊંચું લાવવા રેઈન વોટર હાર્વેસ્ટીંગ કરવામાં આવે છે તથા ઈલેક્ટ્રીક કન્ઝર્વેશન ના ભાગરૂપે સોલર રૂફટોપની કામગીરી પણ કરવામાં આવે છે.

### ❖ લોકાર્પણ થયેલ કામો

- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક વડોદરા શહેરમાં દક્ષિણ ઝોનમાં આવેલ લાલબાગ ખાતે હયાત અતિથિગૃહને જમીનદોસ્ત કરી રૂ.૨.૯૪ કરોડના ખર્ચે નવીન અદ્યતન સુવિધાઓ સહનાં અતિથિગૃહનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક અંતરે મળે તે હેતુસર રૂ.૧.૧૪ કરોડના ખર્ચે ગોરવા તથા ૧.૦૮ કરોડના ખર્ચે યમુના મીલ (ગાજરાવાડી) નવીન અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વોર્ડ કચેરીઓ પૈકી વ.વોર્ડ–૧(એ) ની કચેરી તેમજ સેન્ટ્રલ સ્ટોર માટે નવીન કચેરી નું રૂ.૫.૨૧કરોડના ખર્ચે લોકાર્પણ કરવામાં આવેલ છે.
- અકોટા સ્ટેડિયમમાં આવેલા ટેનિસ કોર્ટ ખાતે આનુસાંગિક કામગીરીઓ IOCL ના CSR ફંડ પેટે રૂ.૦.૮૮ કરોડના લોકાર્પણ કરવામાં આવેલ છે.
- ખંડેરાવ માર્કેટ ખાતે દિવ્યાંગોને આવન–જાવનમાં સુગમતા રહે તે માટે "સુલભપથ"(લીફ્ટ સહિત ) બનાવવાનું રૂ.૨૭ લાખ ના ખર્ચે લોકાર્પણ કરવામાં આવેલ છે.

### ❖ પ્રગતિ હેઠળના કામો

- વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક અંતરે મળે તે હેતુસર બાવચાવાડ ખાતે રૂ.૧.૩૭ કરોડ,દંતેશ્વર ખાતે ૧.૧૧ કરોડના ખર્ચે અને કિશનવાડી ખાતે ૧.૨૯ કરોડના ખર્ચે નવીન અર્બન હેલ્થ સેન્ટર અને છાણી, અટલાદરા અને માંજલપુર ખાતેકૂલ રૂ. ૧૨.૮૪ કરોડના ખર્ચે UCHC ની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- વડોદરા શહેરનાં પશ્ચિમ ઝોનમાં આવેલ સર સયાજીરાવ નગરગૃહનું રૂ.૪.૨૬ કરોડનાં ખર્ચે રીનોવેશન કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

### ❖ આયોજન હેઠળના કામો

- વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગના શહેરીજનોને સ્વાસ્થ્ય સંબંધિત સુવિધા સ્થાનિક સ્તરે મળે તે હેતુસર કુલ ૩૪ અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ જે પૈકી Phase-Iમાં કુલ ૧૬ UHC નું લોકાર્પણ કરવામાંઆવેલ છે તથા Phase-II માંનવીન કૂલ ૦૨ UHC નું લોકાર્પણ કરવામાં આવેલ છે  તથા ૦૩ UHC ની કામગીરી પ્રગતિ હેઠળ છેતથા ૦૧ UHC ની કામગીરી આયોજન હેઠળ છે. Phase-III અંતર્ગત ૧૨નવીન અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે. અને કિશનવાડી અને તરસાલી ખાતે નવીન UCHC બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.
- વડોદરા શહેરનાં નાગરિકોને અગ્નિશમન તથા તાત્કાલિક સેવાઓનો લાભ સત્વરે મળે તે હેતુસર નવિન વિકાસ પામતા વાસણા–ભાયલી રોડ ખાતે વ્યવસાય વેરા ગ્રાંટ ના ભાગરૂપે અંદાજે રૂ.૯.૦૦ કરોડના તથા ઉત્તર ઝોનના કારેલીબાગ વિસ્તારમાં સ્વર્ણિમ ગ્રાંટનાં ભાગરૂપે નવીન ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી અંદાજે રૂ.૫.૦૦ કરોડના ખર્ચે આયોજન હેઠળ છે.

**A557**

- વડોદરા શહેરમાં પશ્ચિમઝોન વિસ્તારમાં નાગરિકોનીસામાજીકપ્રસંગોએકોમ્યુનિટીહોલની સુવિધાઓ નો લાભ મળે તે હેતુસર મકરપુરા ખાતે આવેલ રે.સ. નં–૧૫૯ માં નવિન કોમ્યુનિટી હોલ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.
- નિઝામપુરા ખાતે આવેલ જર્જરીત અતિથિગૃહને ડિમોલીશ કરી તે સ્થાને નવીન અતિથિગૃહ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.
- વડોદરા મહાનગરપલિકાની વિવિધ શાખાની જરૂરિયાત મુજબ જૂની વોર્ડ નં–૧૦ ની કચેરીમાં સૈની પાર્ક પાસે આવેલ પ્રેસ શાખાની બિલ્ડીંગ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.
- છાણી ખાતે નવીન શોપીંગ સેન્ટર બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.
- ગોત્રી વિસ્તારમાં નવીન ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.

## ૫) એફોર્ડેબલ હાઉસીંગ સેલ અંતર્ગત B.S.U.P., R.A.Y., M.G.Y., P.M.A.Y. યોજનાઓ :

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની આવાસ યોજનાઓમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરી ગરીબો અને ઘર–વિહોણાં માટે જુદીજુદી કેટેગરીમાં તમામ પાયાની સુવીધાઓ સહ આવાસ આપવા માટેના વિવિધ પ્રોજેક્ટ એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

### ❖ રાજીવ આવાસ યોજના:

- રાજીવ આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં સર્વ પ્રથમ રેન્ટેડ કમ ટ્રાન્ઝીટ હાઉસીંગ અંતગર્ત રૂ.૧૯.૧૩ કરોડના ખર્ચે છાણી અને હરણી ખાતે કુલ ૩૬૬ આવાસોની કામગીરી પૂર્ણ કરેલ છે.
- રાજીવ આવાસ યોજના અંતર્ગત અંદાજીત રૂ.૧૧૫ કરોડનાં ખર્ચે કલ્યાણનગર, સયાજીપુરા અને તાંદલજા ખાતે કુલ ૧૪૬૦ મંજુર આવાસો પૈકી ૧૧૬૦ આવાસોની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ૩૦૦ આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે.

### ❖ મુખ્યમંત્રી ગૃહ યોજના:

- મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (EWS) આવાસ યોજના, લોવર ઈન્કમ ગૃપ (LIG) આવાસ યોજના, મીડલ ઈન્કમ ગૃપ (MIG) આવાસ યોજનાના પ્રોજેક્ટ હાથ ધરેલ છે.
- મહાનગર પાલિકા દ્વારા આ યોજના હેઠળ કુલ ૬૮૫૫ આવાસોની કામગીરીને સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી. જે પૈકી ૫૬૦૧ આવાસોની કામગીરી પૂર્ણ કરેલ છે અને કુલ ૧૨૫૪ આવાસોની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.
- ડ્રો સિસ્ટમ દ્વારા EWS, LIG,MIG ના મળી કુલ ૫૫૯૫ આવાસોનું લોકાર્પણ કરેલ છે.

### ❖ પ્રધાનમંત્રી આવાસ યોજના:

ભારત સરકાર દ્વારા "સૌના માટે ઘર" ના અભિગમ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના સને જુન– ૨૦૧૫ માં લોન્ચ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) માં ચાર ઘટકોનો સમાવેશ કરેલ છે.

#### ૧) ઈન–સીટુ સ્લમ રી–હેબીલીટેશન (PPP)

સદર ઘટક હેઠળ મહાનગરપાલિકાને પ્રીમીયમ/વધારાનાં આવાસો અને ઝુપડાંવાસીઓને વિનામુલ્યે તે જ સ્થળે આવાસોનો લાભ પ્રાપ્ત થશે. આ યોજના હેઠળ રૂ. ૨૫૯.૦૩ કરોડના ખર્ચે શહેરના જુદા જુદા વિસ્તારમાં આવાસો ઈન સીટુ સ્લમ ના ૪૫૪૮ આવાસો બનાવવાની મંજૂરી મળેલ છે. જે પૈકી ૧૧૮૦ આવાસો પૂર્ણ કરી લોકાર્પણ કરેલ છે. અને ૧૯૪૦ આવાસો પ્રગતિ હેઠળ છે.

**A558**

**૨) ક્રેડીટ લીંક સબસીડી (CLSS)**

CLSS ઘટક હેઠળ સબસીડી મેળવવા ઇચ્છતા લાભાર્થીઓને લોન પર વ્યાજ– સબસીડી સહાય મેળવી શકશે.

**૩) એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (AHP)**

AHP ઘટક હેઠળ મહાનગર પાલિકા દ્વારા બાંધવામાં આવતા EWS કેટેગરી ના આવાસો માટે આવાસ દીઠ કેન્દ્ર સરકારશ્રીની રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકારશ્રીની રૂ.૧.૫૦ લાખની સહાય મળી શકશે. આ યોજના હેઠળ ૮૭૩૮ આવાસો બનાવવાના DPR ને અંદાજીત રૂ. ૭૨૧.૦૦ કરોડ્નાં ખર્ચે સરકારશ્રીમાં થી મંજૂરી મળેલ છે. જે પૈકી ૧૧૩૯ આવસો પ્રગતિ હેઠ્ળ છે , ૪૩૯૭ આવાસો ટેન્ડર તથા વર્ક ઓર્ડર લેવલે છે અને ૩૨૦૨ આવાસોના કામો સ્થગિત છે.

**૪) બેનીફીશીયરી લેડ કંન્સ્ટ્રક્શન (BLC)**

EWS કેટેગરીના ૨૫ ચો.મી. થી ઓછું સ્વમાલિકી ઘરાવતાં અને હયાત બાંધકામમાં વધારો/ફેરફાર કરવા ઇચ્છતા. લાભાર્થીઓ સદર ઘટક હેઠળ કેન્દ્ર સરકારની રૂ.૧.૫૦ લાખ સુધીની સહાય મેળવી શકશે તથા નવા બાંધકામમાં રાજ્યસરકાર તરફ થી રૂ.૨.૦૦ લાખ અને રીનોવેશન માટે વધુમાં વધુ રૂ.૧.૫૦ લાખ સુધીની સહાય મળી શકશે. આ યોજના હેઠળ ૬૪૯ આવાસો માટે વ્યકતીગત બાધકામ સબસીડી (BLC) ઘટક નો ડી.પી.આર ને નવિન બાંધકામ માટે રાજ્યસરકાર શ્રી માં મંજૂરી મળેલ છે.

## ૬) <u>પાણી પુરવઠા :</u>

વડોદરા શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા, જળ સેવાઓના વિકાસ, નિયમન અને નિયંત્રણ માટે પાણી પુરવઠા વિભાગ સતત કાર્યરત રહે છે. શહેરમાં ૨૯ ઊંચી ટાંકીઓ, ૬૫ ભૂગર્ભ સંપ, ૮ બુસ્ટીંગ સ્ટેશન અને અંદાજીત ૧૭૩૨ કીમી લંબાઇના પાઇપ નેટવર્કથી અંદાજીત ૯૯% વસ્તીનું પોપ્યુલેશન વાઇસ કવરેજ થયેલ છે.

❖ **વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાનના મહત્વનાં પૂર્ણ કરેલ કામો:**

- નુર્મ યોજના અંતર્ગત રૂ ૩૨.૬૪ કરોડના ખર્ચે ફાજલપુરથી સીટી બાઉન્ડ્રી સુધી ૧૦૦૦ મી.મી. વ્યાસની ડી.આઇ. નળિકા નાખવાનુ કામ.
- રૂ. ૨૭.૯૨ કરોડના ખર્ચે સ્કાડા આધારીત સ્માર્ટ વોટર મેનેજમેન્ટ કરવાની કામગીરી.
- સ્વર્ણિમ યોજના અંતર્ગત ખોડિયાર નગર બુસ્ટીંગ સ્ટેશન રૂ ૭.૫૮ કરોડના ખર્ચે ઇલે/મિકે સહની કામગીરી.
- આજવા ડેમ ખાતે પોન્ટુન બેઇઝ કામગીરી રૂ ૫.૭૮ કરોડ ના ખર્ચે કરવામા આવેલ છે.
- શહેરમાં ૨૪x૭ યોજના હેઠળ ૫ ટાંકીના કમાન્ડ વિસ્તારમાં ૨૮૦૦૦ નંગ મીટર લગાડવામાં આવેલ છે.
- શહેરમાં વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન અંદાજે રૂ. ૭૦.૪૯ કરોડ ના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

❖ **વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાનના મહત્વનાં ચાલુ કામો:**

- અમૃત યોજના હેઠળ સિંઘરોટ ખાતે મહીસાગર નદીમાં ઇન્ટેકવેલ બનાવી ૧૫૦ MLD ક્ષમતા ના WTP મારફતે ૧૬ કીમી લંબાઇમાં ટ્રાન્સમિશન લાઇન નાખી શુધ્ધ પાણી શહેર સુધી લાવવા અર્થે રૂ.૧૬૫.૭૫ કરોડનો પ્રોજેક્ટ પ્રગતિમાં છે.
- સ્વર્ણિમ યોજના અંતર્ગત સમા વિસ્તારમાં ઊંચી ટાંકી અને સંલગ્ન કામગીરી રૂ.૧૧.૪૨ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી અને બાપોદ ટાંકી ખાતે ભુગર્ભ સંપ અને પંપ હાઉસ રૂ.૩.૦૬ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

**A559**

- કપુરાઇ ટાંકી ખાતે રૂ ૯૪.૫૬ લાખના ખર્ચે ૩૦ લાખ લીટરના નવિન સંપ બનાવવાની કામગીરી પ્રગતિમા છે.
- દરજીપુરા ખાતે નવિન બૂસ્ટર બનાવવાની કામગીરી પ્રગતિમા છે.
- શહેરના પશ્ચિમ વિસ્તારની ૪ ટાંકીઓ માટે ખાનપુર ખાતે ૭૫ MLD ક્ષમતા ધરાવતા નવિન વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમા વધારાના નવિન મોટર પંપ બેસાડી સંપને અપગ્રેડ કરી પાંણી માંજલપુર ટાંકી સુધી પહોંચાડવાની કામગીરી પ્રગતિમા છે.

❖ **વર્ષ ૨૦૨૦ – ૨૧ ના આગામી આયોજનો:**

- રાજય સરકારશ્રીની વિવિધ ગ્રાંટ હેઠળ રાયકા, દોડકા, ફાજલપુર તથા પોઇચા ખાતે Standby Vertical Turbine(VT) પ્રકારનાં પંપ ખરીદવાનું તથા કપુરાઈ નવીન ભૂગર્ભ સંપ માટે જરૂરી પંપીંગ મશીનરી અપગ્રેડેશનનું કામ હાથ ધરવામાં આવશે.
- નિમેટા ખાતે રૂ ૬૪.૫૦ કરોડના ખર્ચે નવિન ૫૦ MLD ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી ઉપરાંત જાંબુળીયાપુરા(બાપોદ) વિસ્તારમા નવિન ઉંચી ટાંકી,ભુગર્ભ સંપ અને તેને સંલગ્ન ઈલે/મિકેની કામગીરી હાથ ધરવામાં આવશે.
- શહેરનાં વિવિધ વિસ્તારમાં માસ્ટર પ્લાન/તજજ્ઞનાં અભિપ્રાય અનુસાર પ્રેશર સુધારણા અર્થે નેટવર્ક અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.
- શહેરમાં વારંવાર અને મોટા પ્રમાણમાં (Mass Contamination) આવતા કોન્ટામીનેશન ની સમસ્યાને ધરમૂળમાંથી નાબુદ કરવાની કામગીરી કરવામાં આવશે. જેમાં પછાત વિસ્તારમાં આવતા દુષિત પાણી અંગે ફોલ્ટી કનેક્શનો MDPE પાઇપથી કોર્પોરેશનના ખર્ચે બદલી આપવામાં આવશે.

## ૭) <u>ડ્રેનેજ :</u>

❖ **પૂર્ણ કામો :**

વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ટી.પી–૧૩ નવાયાર્ડ વિસ્તારના ડ્રેનેજના પ્રશ્ન સંબંધિત એ.પી.એસ. ડ્રેનેજ ગ્રેવીટી, પ્રેસરલાઇનની કામગીરી રૂ.૩.૨૧ કરોડ, સરદાર એસ્ટેટ પમ્પીંગ સ્ટેશન થી રાજીવનગર એસ.ટી.પી.ની ડ્રેનેજ ગ્રેવીટી લાઇનના ડ્રોપ ચેમ્બર સુધી નવિન પ્રેશર લાઇન નાંખવાનું કામ રૂ. ૧.૪૦ કરોડ, સરદાર એસ્ટેટ ચાર રસ્તાથી પાણીની ટાંકી પાસે મુકેલ ટેમ્પરરી પમ્પ દૂર કરવા માટે નવિન ડ્રેનેજ નળિકા સીંકીંગ/પુશીંગ પદ્ધતિથી નાખવાનું કામ રૂ.૦.૫૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. સદર તમામ કામગીરીથી સબંધીત વિસ્તારમાં ડ્રેનેજના પ્રશ્નો હલ થયેલ છે.

❖ **પ્રગતિ હેઠળના કામો :**

બી.પી.સી. રોડ પર (ગોરવા એ.પી.એસ. થી શ્રેણિક પાર્ક ચાર રસ્તા સુધી) ડ્રેનેજ લાઇનનું કામ માઇક્રોટનલીંગ પધ્ધતિથી નાંખેલ નવિન લાઇન સંબંધિત બાયલાઇન અંદાજીત રૂ.૩૧.૩૦ કરોડ, વોર્ડ નં. ૧૦ ની ઓફીસથી હરિનગર એ.પી.એસ. સુધી માઇક્રોટનલીંગ પદ્ધતિથી નવિન ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ અંદાજીત રૂ.૨૫.૮૩ કરોડ, જુના પાદરા રોડ રાજલક્ષ્મી થી મલ્હાર પોઇન્ટ થઇ ઉર્મી સર્કલ સુધી માઇક્રોટનલીંગ પદ્ધતિથી નવિન ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ ૧૯.૫૦ કરોડ, સ્વાગત ડુપ્લેક્ષ તરફના રસ્તાના જંકશન તરફથી રાજવી ટાવર જુના પાદરા રોડ જંક્શન સુધી તાંદલજા રોડ પર નવિન ડ્રેનેજ ગ્રેવિટી લાઇન માઇક્રોટનલિંગ પધ્ધતિથી નાંખવાનું કામ અંદાજીત રૂ.૬ કરોડ, હરીનગર એ.પી.એસ. થી વ.પોર્ડ નં.૧૧ ની કચેરી થઇ ૩૦ મી.ના રસ્તે નેસ્ટ જંકશન ડ્રોપ ચેમ્બર સુધી નવિન પ્રેશર લાઇન નાંખવાનું કામ અંદાજીત રૂ.૩.૫૭ કરોડ ના ખર્ચે પ્રગતિ હેઠળ છે. સદર કામો પૂર્ણ થવાથી સંલગ્ન વિસ્તારમાં હયાત જુની લાઇન પર વારંવાર ભંગાણો પડવાની તથા ડ્રેનેજ લાઇનો ઉભરાવાની સમસ્યામાં રાહત મળશે તથા સુવેજનો ઝડપી નિકાલ થશે.

**A560**

❖ **આગામી નવિન આયોજનના કામો :**

તરસાલી ખાતેના હયાત ૫૨ એમ.એલ.ડી. એસ.ટી.પી ને તોડીને નવિન ૧૦૦ એમ.એલ.ડી, એસ.ટી.પી. બનાવવાની કામગીરી અંદાજીત રૂ. ૧૧૫ કરોડ તથા,મહાનગરપાલિકાની હદમાં નવિન સમાવિષ્ટ વિસ્તાર માં ડ્રેનેજ સુવિધા પુરી પાડવા માટે વેમાલી ખાતે નવિન STP તથા નવિન નેટવર્કના બનાવવાનું કામ અંદાજીત રૂ. ૨૫.૦૦ કરોડના તથા નવિન સમાવિષ્ટ અન્ય વિસ્તારમાં નવિન એ.પી.એસ, ડ્રેનેજ નેટવર્ક ની સુવિધા આપવાના અંદાજિત રકમ રૂ. ૧૫.૦૦ કરોડના ખર્ચની કામગીરી આયોજન હેઠળ છે.

વધુમાં, ડ્રેનેજ પ્રોજેક્ટ દ્વારા પર્યાવરણની જાળવણી થાય તેમજ પાણીની બચત થાય તે અંગે રાજ્ય સરકારશ્રી દ્વારા મે–૨૦૧૮ માં જાહેર કરવામાં આવેલ પોલીસી અંતર્ગત રૂ. ૧૨૭.૬૩ કરોડના ખર્ચે રાજીવનગર STP થી તબક્કાવાર IOCL ને ૪૦ MLD અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીસને ૨૦ MLD મળી કુલ ૬૦ MLD જેટલું ટ્રીટેડ વેસ્ટ વોટર (TWW) સપ્લાય કરવા રાજ્ય સરકારશ્રીમાં રજુ કરેલ ડી.પી.આર. ને મંજૂરી મળેલ હોઇ ભાવપત્રો મંગાવી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. છાણી ખાતે નવિન બનનાર ૫૦ MLD ક્ષમતાના STP થી તબક્કાવાર GSFC ને ૩૨ MLD, GACL ને ૫ MLD તેમજ GIPCL ને ૫ MLD મળી કુલ ૪૨ એમ.એલ.ડી. જેટલું TWW રૂ. ૧૨૬.૫૪ કરોડના ખર્ચે સપ્લાય કરવા અર્થે રાજ્ય સરકારશ્રીમાં ડી.પી.આર.મંજૂરી મળેલ છે. અને હાલમાં સદર કામગીરી માટે SPV બનાવવા માટેની મંજૂરી સ્થાયી સમિતિ દ્વારા આપવામાં આવેલ છે. હાલમાં TWW નો વપરાશ ઇરીગેશન માટે તેમજ ડ્રેનેજ સફાઇ માટેના સાધનોમાં ઉપયોગ કરવામાં આવે છે.

## ૮) ઇલે. મિકે., સુએઝ ડીસ્પોઝલ વર્ક્સ શાખા :

❖ **સને ૨૦૧૮–૧૯ માં કરેલ નોંધપાત્ર કામગીરી**

- સુએઝ પંપીંગ સ્ટેશનોમાં હયાત ઘણા જુના તેમજ ઘણી ઓછી એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ બદલી નવીન વધુ એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ લગાડી ઝડપથી અને વધુ મલીન જળ ઉલેચન કરી વીજ બચત કરવામાં આવે છે.
- સુવેઝ ડિસ્પોઝલ વર્કસ શાખાના કુલ:– ૪૫ પંપીંગ સ્ટેશન ખાતે પંપીંગ મશીનરીનું ઓટોમાઇઝેશન તેમજ ઓનલાઈન મોનીટરીંગ કરવામાં આવે છે.

❖ **સને ૨૦૧૯–૨૦ ના પ્રગતિ હેઠળના કામો**

- સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત રૂ. ૩૩.૧૨ કરોડના ખર્ચે સયાજી ગાર્ડન STP નું 8.5 MLD થી 16 MLD માં UPGRADATION કરી TERTIARY TREATMENT કરવાનું કામ પ્રગતિ હેઠળ છે.
- ફાયદા
  - Tertiary ટ્રીટમેન્ટ કરયા બાદના ટ્રીટેડ પાણીનો ઉપયોગ બાગમાં કરી શકાશે.
  - જાહેર આરોગ્ય તથા જળચર જીવોના આરોગ્યનાં પશ્નોનું નિરાકરણ કરી શકાશે.
  - જળ સંપતિ તથા તેના સ્ત્રોતની ઉપલબ્ધતા વધારી શકાશે.
  - " Nature conservation પોલીસી નું અમલીકરણ કરી શકાશે.

❖ **સને ૨૦૨૦–૨૧ નું આગામી આયોજન**

- સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત રૂ. ૨૬ કરોડના ખર્ચે જુદા જુદા પંપીગ સ્ટેશનોમાં Smart energy efficient up-gradation અને monitoring કરવાનું કામ .
- ફાયદા:– Smart energy efficient up-gradation કરવાથી વીજ બચત કરી શકાશે.
  - ઓનલાઈન મોનીટરીગ કરી શકાશે.

**A561**

## ૯) વરસાદી ગટર પ્રોજેકટ શાખા :

વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરના નાગરીકો ની સુવિધા માટે કુલ ૩૬૪.૨૭ કી.મી. લંબાઇમાં પાઇપ/રેકટેંગ્યુલર ડ્રેઇન (કલોઝડ) નેટવર્ક તથા ૩૮.૬૬ કી.મી. જેટલાં લંબાઇમાં પાકા કાંસ મળી કુલ ૪૦૨.૯૩ કી.મી. લંબાઇમાં પાકી વરસાદી ગટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

❖ **પૂર્ણ કામો:**

- ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન જાહેર સલામતીને ધ્યાનમાં લઇ હીરાવંતી થી સાઘનાનગર બ્રીજ સુધીમાં અંદાજીત રકમ રૂ.૪.૯૭ કરોડ ના ખર્ચે આર.સી.સી. કલોઝડ ચેનલ બનાવવાની કામગીરી, આર.ટી.ઓથી વિઘાનગર સોસાયટીથી સિંધુસાગર તળાવ પાસે અંદાજીત રકમ રૂ. ૩.૭૮ કરોડ ના ખર્ચે ખુલ્લી વરસાદી ગટર પર સ્લેબ ભરી બંધ કરવાની કામગીરી, ઉત્તર ઝોનમાં વ.વોર્ડ નં. ૫ માં આવેલ અકોટા–દાંડીયા બજાર રોડ પર લકડીપુલ કાંસમાં અંદાજીત રકમ રૂ. ૦.૧૭ કરોડ ના ખર્ચે ૯૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. પાઇપ નાંખવાની કામગીરી મળી કુલ રકમ રૂ. ૮.૯૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

❖ **પ્રગતિ હેઠળના કામો:**

- ગોત્રી ખાતે ઉંડેરા–ગોત્રી કાંસ પર અંદાજીત રકમ રૂ. ૦.૭૧ કરોડ ના ખર્ચે આર.સી.સી સ્લેબ ભરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર કામ પૂર્ણ થવાથી નાગરિકોની જાહેર આરોગ્ય તથા સલામતી જળવાવાની સાથે સાથે આજુ–બાજુના વિસ્તારમાંથી વરસાદી પાણીનો સરળ તથા ઝડપી નિકાલ થઇ શકશે.

❖ **આગામી નવિન આયોજનના કામો:**

- પૂર્વ ઝોનમાં રાજીવનગર નાળા થી ઓડનગર નાળા તરફ પ્રમુખપ્રિત પાર્ક સોસાયટી સુધી જુની વરસાદી ગટરના સ્થાને નવિન વરસાદી ગટર બનાવવાની અંદાજીત રકમ રૂ.૪.૫૦ કરોડ ની કામગીરી.

ઉપરોક્ત કામો પૂર્ણ થવાથી મુખ્યત્વે નાગરિકો ની જાહેર સલામતી તથા જાહેર આરોગ્ય જળવાવવાની સાથે સાથે શહેરના વિવિધ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ઉપરોક્ત જણાવેલ સ્થળો તથા આજુ–બાજુના વિસ્તારમાંથી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો સરળ તથા ઝડપી નિકાલ થઇ શકશે તથા વરસાદી પાણીના ભરાવો તથા નિકાલ ન થવાની સમસ્યાનું નિરાકરણ થશે.

## ૧૦) સ્ટ્રીટલાઇટ વિભાગ :

❖ **સને ૨૦૧૯–૨૦માં કરેલ નોંધપાત્ર કામગીરી :**

- સ્ટ્રીટલાઇટ વિભાગ દ્વારા લગાડવમાં આવેલ વડોદરા શહેરના હયાત કુલ ૧૨૦૦ કિ.મી ACSR (Aluminum Conductor Steel Reinforcement) line ના સ્થાને ૧૨૦૦ કિ.મી ABC(Aerial Bunched Cable) કરી કામગીરી પુર્ણ કરેલ છે.
- શહેરના કુલ ૧૫કિ.મી થી વધુના મુખ્ય રસ્તા પર LED LIGHT સાથે સેન્ટ્રલ/સાઇડ લાઇટીંગ કરવાનું કામ.
- વડોદરા શહેરના જુદા જુદા સ્થળોએ આવેલ તળાવોના બ્યુટીફિકેશનના ભાગ રુપે ડેકોરેટીવ લાઇટીંગ કરવાનું કામ.

❖ **પ્રગતિ હેઠળનાં કામો:**

- શહેરના કુલ ૨૦ કિ.મી.ના રસ્તા ઉપર રૂ ૦૫ કરોડના ખર્ચે ડીઝાઇન બેઇઝડ સેન્ટ્રલ/સાઇડ લાઇટીંગ કરવાનું કામ.

**A562**

- વડોદરા શહેરના મધ્યભાગે આવેલ સુરસાગર તળાવ પર રૂ ૦૪ કરોડના ખર્ચે બ્યુટીફિકેશનના ભાગ રુપે ડેકોરેટીવ લાઈટીંગ કરવાનું કામ.

❖ **આયોજન:**

- સ્ટ્રીટલાઈટ વિભાગ દ્વારા લગાડવમાં આવેલ વડોદરા શહેરના હયાત કુલ ૧૨૫ કિ.મી ACSR (Aluminum Conductor Steel Reinforcement) line ના સ્થાને ABC(Aerial Bunched Cable)નુંકામ (રૂ. ૧ કરોડ)

## ૧૧) મિકેનીકલ વિભાગ :

❖ **સને ૨૦૧૯-૨૦ની સિધ્ધીઓ**

વડોદરા મહાનગર પાલિકાની દબાણ શાખા દ્વારા ઝોન વાઈસ ચાર ટીમ દ્વારા ગેર કાયદેસર દબાણ દૂર કરવાની કામગીરીની અસરકારક આયોજનને ધ્યાનમાં લઈ ડાયરેકટર શ્રી (એન્ક્રોચમેન્ટ) ના સુચનને અનુલક્ષીને બે નંગ ટ્રક ખરીદવામાં આવેલ છે. રખડતા ઢોરોનો ત્રાસ દુર થાય તે હેતુથી સ્માર્ટસીટી અંતગર્ત નવિન ૦૪ નંગ લો બેડ ટ્રેઈલર ખરીદવામાં આવેલ છે.

❖ **સને ૨૦૨૦-૨૧ નુ આયોજન**

આગામી વર્ષમાં કોર્પોરેશન ના જુદા જુદા વિભાગોની માંગણી તેમજ જરુરિયાત અનુસાર બોલેરો જીપ, એફ.સી., હાઇ પ્રેશર જેટીંગ મશીન, સકશન મશીન, તેમજ સ્માર્ટ્સીટી અંતગર્ત નાના રોડ સ્વીપર મશીન અને સ્કીડ સ્ટીર એસ્કેવેટર મશીન વિગેરે ખરીદવાનું આયોજન છે.

## ૧૨) ટાઉન ડેવલપમેન્ટ :

બાંધકામ પરવાનગી શાખા દ્વારા, બાંધકામ કરવા માટે શહેરી હદ વિસ્તારમાં બાંધકામની મંજૂરી તા.૧૨.૧૦.૨૦૧૭ પછીથી ઈનવર્ડ કેસો માટે કોમન સી.જી.ડી.સી.આર.-૧૭ના નિયમને આધીન મંજૂરી મળ્યેથી બાંધકામની લાગત વસુલ લઈ આપવામાં આવે છે. આમ, ગત ૨૦૧૮-૧૯ના વર્ષ માટે રૂ. ૧૯૬.૯૧ કરોડ વસુલ કરવામાં આવેલ હતા તથા વર્ષ:૨૦૧૯-૨૦માં નવેમ્બર-૨૦૧૯ સુધી રૂ. ૧૪૪.૬૦ કરોડ વસુલવામાં આવેલ છે. બાંધકામ નિયમ મુજબ અત્રેથી પ્લીંથ ચેક, કંમ્પલીશન સર્ટીફીકેટ તથા ઓકયુપેશન સર્ટીફીકેટ આપવામાં આવે છે.

સને-૨૦૧૮થી બાંધકામ પરવાનગીની અરજી IFP Portal (ઓનલાઇન Investor Fasilator Portal) પર કરી પરવાનગી આપવાનું શર્તે કરેલ છે. જે અંતર્ગત નવેમ્બર-૨૦૧૯ સુધી કુલ ૫૬૨૭ અરજીઓ ઓનલાઈન મારફતે અત્રે રજુ થયેલ છે, જેમાંથી કુલ-૩૬૩૫ કેસ મંજુર થયેલ છે. તથા મંજુર થયેલ પરવાનગીથી સને-૨૦૧૬થી નવેમ્બર-૧૯ સુધી કુલ રૂ.૭૨.૫૯ રકમની આવક થયેલ છે. વધુમાં ટાઉન ડેવલપમેન્ટ કચેરીનો કાયમી રાખવાપાત્ર રેકોર્ડ સ્કેનીંગ કરવાની કામગીરી હાથ ધરેલ છે.

બાંધકામ પરવાનગી શાખા દ્વારા જી.પી.એમ.સી.એકટની કલમ મુજબ, જી.ડી.સી.આર.ની જોગવાઈઓ, ટાઉન પ્લાનીંગ એકટ-૧૯૭૬ની જોગવાઈઓ તથા સમગ્ર સભા દ્વારા નકકી કરવામાં આવેલ નીતિ મુજબ જરૂરી નોટીસ આપવાની કાર્યવાહી કરી રીમુવલ ચાર્જ વસુલી બીનપરવાનગી બાંધકામ દૂર કરાવવાની કામગીરી કરવામાં આવે છે. વધુમાં વિકેન્દ્રી કરણના ભાગરૂપે સોસાયટીના આંતરીક રસ્તાઓ પરના દબાણો દુર કરવા સંબંધિત ઝોન/વોર્ડ કક્ષાએથી કરવા અંગે પણ પરીપત્ર કરવામાં આવેલ છે.

સને ૨૦૧૪-૧૫માં ટાઉન પ્લાનીંગ શાખા, વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૬ ટી.પી.સ્કીમો તેમજ સરકારશ્રી નિયુકત ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રીઓ દ્વારા ૨૦ ટી.પી.સ્કીમો તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ હતી. જે પૈકી ૧૪ ટી.પી.સ્કીમ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે જેને આખરી કરવા નગર રચના અધિકારીશ્રીની નિમણૂક થયેલ છે તથા ૧૨ ટી.પી.સ્કીમ

**A563**

સુધારા માટે પરત આવેલ છે. પરત આવેલ ૧૨ ટી.પી. સ્કીમ પૈકી ૩ ટી.પી.સ્કીમ મંજૂરી અર્થે સરકારશ્રીમાં સાદર કરેલ છે. જે પૈકી ૧ ટી.પી. સરકારશ્રી દ્વારા તા.૧૦–૦૬–૨૦૧૯થી રીફયુઝ કરેલ છે તથા ૨ ટી.પી. મંજુરી અર્થે સરકારશ્રીમાં બાકી છે તથા બાકી ટી.પી.સ્કીમોની સુધારાની કામગીરી ચાલુ છે, જે ટુંક સમયમાં સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવામાં આવશે.

## ૧૩) પાર્કસ એન્ડ ગાર્ડન :

વડોદરા મહાનગરપાલિકાના આ વિભાગ દ્વારા વડોદરા શહેરને પ્રદૂષણ મુકત અને આરોગ્યવર્ધક વાતાવરણ મળી રહે તે માટે શહેરમાં નાગરીકોને ઘરઆંગણે બાગ– બગીચાની સુવિધા મળી રહે તે હેતુસર કામગીરી કરવામાં આવે છે.

### ❖ પૂર્ણ કામો

હરણી તળાવની બાજુમાં વિશાળ ૭.૫૦ લાખ ફૂટ જેટલી વિશાળ જગ્યામાં ૩. ૭૫ લાખ લાખના ખર્ચે સ્કલ્પચર પાર્ક બનાવી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તેમજ અમન સોસાયટી પાસેનો બાગ – આજવા રોડ, કલાલી તળાવ બાગ, ભીમ તળાવ બાગ – કલાલી, સયાજીપુરા તળાવ બાગ, મસીયા તળાવ બાગ – માંજલપુર અને માણેજા તળાવ બાગ ખાતે કૂલ ૩. ૧૮૦ લાખના ખર્ચે બ્યુટીફીકેશન કરી ગાર્ડનીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

### ❖ પ્રગતિ હેઠળના કામો

ગોત્રી તળાવ ખાતેનો બાગ, નાની બાપોદ તળાવ ખાતેનો બાગ અને સમા તળાવ ખાતેના બાગનો ૩.૧૧૦ લાખના ખર્ચે બ્યુટીફીકેશન સાથે ગાર્ડનીંગની કામગીરી પ્રગતિ હેઠળ છે તેમજ નિમેટા બાગનું નવિનીકરણ ૩. ૧૨૦ લાખના ખર્ચે કરવાની પ્રગતિ હેઠળ છે.

### ❖ આગામી આયોજન

- કારેલીબાગ ગોવિંદ નગર ખાતે આજુ બાજુની જગ્યામાં દબાણો દુર કરાવી આગામી સમયમાં કુલ– ૩૪,૫૫૫ ચો.મી જગ્યામાં ૩. ૧૩૦ લાખના લોન અને પ્લાન્ટેશન કરી સુંદર બાગ બનાવવાનું આયોજન કરેલ છે.
- છાણી તળાવ ખાતે લોન અને પ્લાન્ટેશન કરી ૩. ૧૦૦ લાખના બ્યુટીફીકેશન કરવાની કામગીરીનું આયોજન કરેલ છે.
- ખોડીયાર નગર તળાવ લોન અને પ્લાન્ટેશન કરી ૩. ૧૦૦ લાખના ખર્ચે બ્યુટીફીકેશન કરવાની કામગીરીનું આયોજન કરેલ છે.
- સયાજીપુરા ટી.પી.૦૬, એફ.પી.૧૮૩ વિશ્વકર્મા સોસાયટી પાસે તથા ટી.પી. ૦૬, એફ.પી.૧૬૩ બકોરનગર આવેલ પ્લોટમાં ૩.૨૨૫ લાખના ખર્ચે નવીન ગાર્ડન બનાવવાનું આયોજન કરેલ છે.

## ૧૪) સયાજીબાગ પ્રાણીસંગ્રહ સ્થાન :

વડોદરા મહાનગરપાલિકાના હસ્તક "શ્રી સયાજીબાગ પ્રાણીસંગ્રહસ્થાન"ગુજરાત રાજ્ય અને વડોદરા શહેર માટે નું એક મહત્વનું પર્યટન સ્થળ છે. વડોદરા ના દીર્ઘ દ્રષ્ટા મહારાજા સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) દ્વારા બનાવવામાં આવેલ આપણો ઝુ આજે દેશ ના પ્રાચીન ઝુ મા સ્થાન ધરાવે છે. આપણા ઝુ ની સ્થાપના સન ૧૮૭૯માં થયેલ હતી અને આપણું ઝુ આશરે ૭૫ એકર વિસ્તારમાં ફેલાયેલ છે.Central Zoo Authority (CZA) ના વર્ગીકરણ મુજબ આપણું ઝુ "મધ્યમ ઝુ – Medium Zoo" ની કેટેગરીમાં આવે છે. ઝુ માં કુલ ૮૭ પ્રજાતિઓના પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપ છે. જેની અંદાજીત સંખ્યા ૧૨૭૧ જાનવરોની છે.શ્રી સયાજીબાગ પ્રાણી સંગ્રહસ્થાન (ઝુ) એ Central Zoo Authority (CZA), નવી દિલ્હી ના નિતી–નિયમો મુજબ પુનઃ વિકસાવવાની કામગીરી હાથ પર લીધેલ છે.

**A564**

❖ **વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન થયેલ કામગીરી**

- ઝુ રિડેવલપમેન્ટના પ્રથમ તબક્કા અંતર્ગત રૂ. ૬.૭૫ કરોડના ખર્ચે વાઘ, સિંહ, દિપડા અને રીંછ માટેના કૂલ પાંચ મોટ એનક્લોઝર અને ઝુ માટે વેટરનરી હોસ્પિટલ બનાવવાની કામગીરી પૂર્ણ થવાના આરે છે, જે ૩૧ માર્ચ સુધીમાં પૂર્ણ થશે.
- આપણા ઝુ માં પક્ષીઓની વૈવિધ્યતા અન સંખ્યાબળ ખુબ જ વધારે છે, જેથી ઝુ રિડેવલપમેન્ટના બીજા તબક્કા અંતર્ગત રૂ.૧૪.૨૧ કરોડના ખર્ચે વૉક ઈન એવિયરી (પક્ષીઘર) અને અલગ અલગ પ્રજાતિ પક્ષીઓ માટે નવીન આકર્ષક પીંજરાઓ બનાવવાની કામગીરી ચાલુ છે.
- આજવા ખાતેજ્યાં અગાઉ ઝુ સ્થળાંતરની જગ્યા નક્કી કરેલ હતી, તેજ સ્થળ પર PPP ધોરણે આજવા સફારી પાર્કનું આયોજન કરવામાં આવેલ છે. સદર સફારી પાર્કમાં પ્રથમ તબક્કે અંદાજીત રૂ. ૫૫ કરોડનું કામનું આયોજન છે. હાલ આજવા (ઝુલોજીકલ) સફારી પાર્ક ખાતે ચાર જાતના હરણો, (અંદાજીત સંખ્યા ૨૦૦ જાનવરો)પાંચ અલગ–અલગ પીંજરાઓમાં રાખવામાં આવેલ છે. તથા કંપાઉન્ડ વોલની કામગીરી ચાલુ છે.
- આજવા સફારી પાર્ક મુખ્યત્વે "Herbivore Safari Park"તરીકે વિકસાવવામાં આવશે જેમાં વિભિન્ન પ્રકારના ભારતીય તથા વિદેશી તૃણાહારી પ્રાણીઓ સહેલાણીઓને નિહાળવા માટે મુકવામાં આવશે. દા.ત. હાથી, ગેંડો, જિરાફ, ઝેબ્રા, ઈમ્પાલા ઈત્યાદી.

❖ **વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન થનાર કામગીરી**

- ઝુ ના રિડેવલપમેન્ટના ત્રીજા તબક્કા અંતર્ગત ઝુ માટે આકર્ષકનવીન એન્ટ્રી ગેટ તથા ઝુ પ્રવેશ ટિકીટ બારીની કામગીરી હાથ ધરવામાં આવશે. જેની ડિઝાઈન બનાવવાની કામગીરી હાથ પર છે.
- નવીન બની રહેલ એવીયરીના આકર્ષણમાં ઉમેરો કરવારૂ. ૫૦ લાખ ના ખર્ચે વિભિન્ન પ્રકારના વિદેશી પક્ષીઓ તબક્કાવાર ખરીદ કરવામાં આવશે.
- ઝુ ના રિડિવેલપમેન્ટના ત્રીજા તબ્બકા અંતર્ગત CZA દ્વારા મંજુર કરવામાં આવેલ Master Layout Plan મુજબ સર્પગ્રુહ (Serpentarium) અને નિશાચર પ્રાણીઓના પીંજરા (Nocturnal Section) બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
- CZA ના નીતિ–નિયમો મુજબ ઝુ માં પ્રાણીઓના પ્રજનન માટે બ્રીડિંગ સેન્ટરની વ્યવસ્થા ઉભી કરવી જરૂરી હોય છે, આથી ઝુ માં આવેલા હાથીખાના અને હરણખાના વિસ્તારમાં પક્ષીઓ માટે પ્રજનનને અનુકુળ નવીન પીંજરા બનાવવામાં આવશે.
- ઝુ ના પ્રાણી–પક્ષીઓ માટે CZA ના નિયમ મુજબ આધુનિક સુવિધાઓ ધરાવતુ કુડ સ્ટોર અને રસોડુ બનાવામાં આવશે.
- ઝુ ના નવીનીકરણ અંતર્ગત ઉપરોક્ત તબક્કાઓ નું પ્લાનીંગ કન્સલ્ટન્ટ સાથે ચર્ચામાં છે, અને સને ૨૦૨૦–૨૧ માં CZA ની મંજૂરી સાથે કામગીરી હાથ પર લેવાની રહેશે.

## ૧૫) આરોગ્ય વિભાગ :

❖ **પૂર્ણ કામો**

- તમામ UPHC દ્વારા Mobile Tablet થકી Family Health Survey અને પ્રદાન કરેલ માતૃત્વ અને બાળ કલ્યાણ સેવાઓની કામગીરી.
- શહેર વિસ્તારના બાળકોને " મિશન ઈન્દ્રધનુષ " હેઠળ રસીકરણ કામગીરી.
- જાહેર માર્ગો ઉપર રખડતાં પશુઓ / ગાયોને ખાસવાડી, લાલબાગ ઢોર ડબ્બા ઉપરાંત ખટંબા ઢોર ડબ્બામાં પુરવાના હેતુસર તમામ ઢોર ડબ્બાઓને સુવિધા–સગવડો થી સજ્જ.
- હાલ કાર્યરત કુલ–૩૪ અર્બન હેલ્થ સેન્ટર્સ (UPHC) પૈકી કુલ–૨૧ UPHC નું નિર્માણ કાર્ય પૂર્ણ.

**A565**

❖ **પ્રગતિ હેઠળના કામો**

- મરેલા જાનવરોનો નિકાલ કરવા આધુનિક Animal Shredderપ્રસ્થાપિત કરવાનું કામ.
- "સહજ સારવાર પ્રોજેક્ટ " અંતર્ગત ઝુંપડપટ્ટી જેવા રહેણાંક સ્થળોએ નાગરિકોને તેઓના રહેઠાણ નજીક, સ્થળ ઉપર જ પ્રાથમિક આરોગ્ય તપાસ, નિદાન અને સારવાર આપવાની કામગીરી.
- પદમાવતી દેવી શોપિંગ સેન્ટર, ન્યાયમંદિર ખાતે Vaccination Center for International Travelers (Yellow Fever Vaccine Center)નું નિર્માણ કાર્ય.
- શહેરમાં રખડતી ગાયો / પશુઓના પશુપાલકોના વસવાટ / પશુઓ રાખવામાં આવે છે તે માટે વોર્ડ વાઈઝ Door to Door Animal Tagging with Microchips લગાવવા અંગેની કામગીરી.
- વધુ કુલ–૦૬ UPHC નું નિર્માણકાર્ય.
- ગોરવા સ્મશાનગૃહને વિકસાવવાની કામગીરી.
- Animal Birth Control (ABC) Scheme અંતર્ગત રખડતાં – કરડતાં કુતરાંઓને નસબંધી (સ્ટરીલાઈઝેશન) કરી, હડકવા વિરોધી રસી (ARV) મુકી RFID Microchips Labelling કરવાની કામગીરી.
- કુલ–૦૪ (ચાર) નવિન UCHC વિકસાવવાનું કામ.

❖ **આગામી આયોજન**

- વધુ કુલ–૦૭ UPHC ના નિર્માણ–બાંધકામનું આયોજન.
- PPP Model થી તરસાલી અને બાપોદ ખાતે નવિન શાકમાર્કેટનું આયોજન.
- વાસણા અને ખાસવાડી સ્મશાનગૃહને વિકસાવવાની કામગીરી.
- કુલ–૦૪ (ચાર) નવિન UCHC વિકસાવવાનું આયોજન.

## ૧૬) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

❖ **CSR અંતર્ગત પ્રવૃતિઓ:**

- સ્વચ્છ ભારત મિશન હેઠળ CSR અંતર્ગત ONGC દ્વારા વિવિધ સ્થળોએ ઓનસાઈટ કંમ્પોસ્ટીંગ અંતર્ગત ૨ નંગ –૧૦૦ kg કેપેસીટીના, IOCL દ્વારા ૪ નંગ – ૫૦૦ kg કેપેસીટીના, સ્માર્ટ સીટી હેઠળ ૪ નંગ – ૫૦૦ kg કેપેસીટીનાં, Power Gird Corporation of India limited દ્વારા ૪ નંગ ૫૦૦ kg કેપેસીટીનાં ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીનો મૂકવામાં આવેલ છે. અને Power Gird Corporation of India limited દ્વારા ૧૦૦ લીટરના ૫૦૦ નંગ હેંગીગ ટ્વીન ડ્રસ્ટબીન લગાવેલ છે
- સ્વચ્છ ભારત મિશન હેઠળ CSR અંતર્ગત Vadodara Gas Ltd. દ્વારા શાળાની વિધાર્થીઓને સેનેટરી નેપકીન સહેલાઈથી ઉપલબ્ધ થાય તથા તેના ઉપયોગ અને સાયન્ટીફીક ડીસ્પોઝલ બાબતે જાગૃતિ કેળવવાના હેતુથી CSR અંતર્ગત શહેરની કુલ ૧૦૦ શાળાઓમાં સેનેટરી નેપકીન વેન્ડીંગ મશીન અને ઈન્સીનેરેટર મશીન લગાવવામાં આવેલ છે.
- સ્વચ્છ ભારત મિશન હેઠળ CSR અંતર્ગત 91.1 FM RADIO CITY દ્વારા જૂના કંન્ટેનર સ્ક્રેપમાંથી સ્કલપ્ચર બનાવવામાં આવેલ છે. અને ભીમનાથ ત્રણ રસ્તાં પાસે મૂકવામાં આવેલ છે.

❖ **સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પ્રવૃતિઓ:**

- **IEC (INFORMATION EDUCATION AND COMMUNIVATION) :**
  - તા.૫ જૂન ૨૦૧૯ ના "વિશ્વ પર્યાવરણ દિન ૨૦૧૯" ના રોજ મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ દ્વારા જનજાગૃતિ રેલીનું આયોજન કરેલ, તેમજ "પ્લાસ્ટીક ફ્રી સીટી"અંતર્ગત ૫૦ માઇક્રોનથી ઓછી જાડાઇના સીંગલ યુઝ પ્લાસ્ટીકનો વપરાશ ન કરવા પર ભાર મૂકવામાં આવેલ તેમજ શપથ, હોર્ડીંગ્સ, બેનર, રેલી Information, Education & Communication (IEC) એક્ટીવીટીઝ દ્વારા જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામા આવી રહેલ

છે. તેમજ તા.૫ જૂન ૨૦૧૯ ના "વિશ્વ પર્યાવરણ દિન ૨૦૧૯" ના રોજ "બીટ એર પોલ્યુશન–સ્વચ્છતા સપ્તાહ" નો પ્રારંભ કરવામાં આવેલ.

- "આત્મીય સ્વચ્છતા અભિયાન" અન્વયે મહાનગરપાલિકા તથા યોગી ડીવાઇન સોસાયટી, હરીધામ સોખડા દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જનજાગૃતિના ભાગરૂપે પર્યાવરણની જાળવણીના હેતુથી તા.૦૫/૧૨/૨૦૧૯ ના રોજ "શ્રમદાન કાર્યક્રમ" તેમજ તા.૦૪/૦૧/૨૦૨૦ ના રોજ સ્વચ્છતા રેલીનું આયોજન કરેલ.
- વોલ–પેઇન્ટીંગ શહેરના ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ (GVPs) નાબૂદ કરવાનું આયોજન તથા ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ(GVPs)ની રાઉન્ડ ધી કલોક સફાઇ થાય તે સુનિશ્ચિત કરેલ છે. તેમજ સદર વોર્ડ–વાઇઝ GVP પોઇન્ટ પર વોલ–પેઇન્ટીંગ કરવામાં આવેલ છે.
- IEC એક્ટીવીટીઝ હેઠળ જનજાગૃત્તિ માટે રેડિયો જીંગલ, લીફલેટ વિતરણ તથા ડોર ટુ ડોર વાહનોના સ્પીકર સીસ્ટમ દ્વારા હોર્ડીંગ્સ, બેનર, રેલી, ફ્લાય ઓવર હોર્ડીંગ્સ, ફ્લેક્સ બેનર, પ્લે કાર્ડ, LED Screen, પોસ્ટર દ્વારા પ્રચાર–પ્રસાર.

- **JET (JET ENFORCEMENT TEAM) :**
  - વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન થકી JET (JET ENFORCEMENT TEAM) જુન–૨૦૧૯ થી શરૂ કરી ગંદકી કરનાર પાસેથી પબ્લીક હેલ્થ બાયલોઝ તથા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ હેઠળ પ્રતિબંધિત પ્લાસ્ટિક ની જપ્તી તેમજ દંડની કાર્યવાહી કરવામાં આવેલ છે. અત્યાર સુધી ૩ લાખ જેટલો ચાર્જ વસૂલવામાં આવેલ છે, તેમજ ૮૦૦ જેટલી નોટીસ ફટકારવામાં આવેલ છે.

❖ **પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ–૨૦૧૬:**

- પ્લાસ્ટિક રીસાયક્લીંગ ફેસીલીટી : પ્લાસ્ટિક રીસાયક્લીંગ ફેસીલીટી માટે મે. ઈકો વિઝન સુરત દ્વારા જુન–૨૦૧૯ થી પ્લાસ્ટિક વેસ્ટ ફેસીલીટી ની કામગીરી શરૂ કરેલ છે. અત્યાર સુધી ૫૯.૮૩ મેટ્રીક ટન સીંગલ યુઝ પ્લાસ્ટીક કલેક્શન કરી અને રીસાઇકલ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના "પ્લાસ્ટિક ફ્રી ભારત અભિયાન" અંતર્ગત વડોદરા શહેરને "પ્લાસ્ટીક ફ્રી સીટી" બનાવવા હેતુ જાહેર કાર્યક્રમો તેમજ સ્થળોએ સિંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું તા.૧૩/૦૯/૧૯, PRO NO. -૩૯૪ થી પ્રસિધ્ધ થયેલ, જેમાં કોઇ ઇસમ/સંસ્થા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વપરાશ થતો જણાશે તો કાયદેસરની કાર્યવાહી થશે. તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટીકની જગાએ ઇકો–ફ્રેંડલી ચીજ–વસ્તુઓના વપરાશ કરવા જણાવેલ.

❖ **વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ:**

- વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ ની માર્ગદર્શિકા તથા ગુજરાત વેસ્ટ ટુ એનર્જી પોલિસી ૨૦૧૬ હેઠળ ૧૦૦૦ ટન પ્રતિ દિન ક્ષમતાનો વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ (પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ મોડ હેઠળ) વિકસાવવાનું આયોજન કરેલ છે. સદર પ્રોજેકટના કારણે ખુબ મોટા પ્રમાણમાં ઇકો–ફ્રેન્ડલી પ્રોસેસિંગ અને ઘન કચરાના નિકાલ દ્વારા રીન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરવામાં આવશે. પ્રોજેક્ટથી ઉત્પન્ન થનાર વીજળી બાબતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. સાથે ૧૩/૦૪/૨૦૧૯ ના રોજ પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. હાલમાં રે.સ.નં.–૩૪૬, મકરપુરા નવેમ્બર–૨૦૧૮ થી ખાતે પ્રી–પ્રોસેસીંગ પ્લાન્ટ કાર્યરત છે.

❖ **બાયોરેમેડીએશન પ્રોજેક્ટ:**

- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા અટલાદરા સ્થિત બાયોરેમીડિશન પ્રોજેક્ટ આશરે ૩.૦૦ લાખ મેટ્રીક ટન જેટલો લેગસી વેસ્ટ બાયોરેમેડિએશન પ્રક્રિયા દ્વારા વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી હેઠળ આશરે ૩.૦૦ લાખ જેટલો લેગસી વેસ્ટના નિકાલ કર્યા બાદ અંદાજીત ૧૭ એકર જગ્યા ખુલ્લી કરી પૂર્વવત કરવામાં આવેલ છે.

**A567**

❖ **અન્ય પ્રવૃતિઓ:**

- હોટલ કીચન વેસ્ટ : સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ અંતર્ગત વેસ્ટના પ્રોસેસીંગ કરી નિકાલ કરવાના ભાગરૂપે વડોદરા શહેર વિસ્તારમાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટ/ખાણીપીણી ધંધાવાળાઓ/કેન્ટીનો/મોલ વિગેરેનો કિચન વેસ્ટના આખરી નિકાલ કરવાના કામ માટે સ્થાયી સમિતિ ઠરાવ અંક ૩૬૪, તા.૧૦/૦૧/૨૦૧૯ થી મંજૂર કરી એજન્સી સ્નેલ બાયોસાયન્સ ને સોંપવમાં આવેલ છે. તેમજ બિનઅધિકૃત રીતે કીચન વેસ્ટના એકત્રિત કે નિકાલ કરતી કોઇ સંસ્થા કે ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં અવશે જેનું જાહેરનામું પી.આર.ઓ. નં.–૪૧૯, તા.૨૫/૦૯/૨૦૧૯ થી બહાર પાડવામાં આવેલ છે.

❖ **મેળવેલ સિધ્ધીઓ**

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે વડોદરા મહાનગરપાલિકા દ્વારા "પ્લાસ્ટીક મુક્ત ભારત" – ૫૬૭૦૦ થી વધારે ખૈલેયાઓએ મળીને યુનાઇટેડ વે ના ગરબા ગ્રાઉન્ડ પર "સિંગલ યુઝ પ્લાસ્ટીક" નો વપરાશ નહીં કરવા અર્થે શપથ લઇ વર્લ્ડ રેકોર્ડ યોજેલ.

## ૧૭) અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ :

❖ **સને ૨૦૧૯–૨૦ ના વર્ષના હાથ પર લેવાયેલ કામો :**

આગ અકસ્માત સમયે તાત્કાલિક અને ટુક સમયમાં આગ બુઝાવવાની કામગીરી થઇ શકે તથા હાઇ પ્રેશરથી ફાયર ફાઇટીંગ કરવા તેમજ ૨૦ થી ૨૫ મીટર ઉપરથી ૩૬૦ ડીગ્રી ફરી શકે તેવા ૦૩ નંગ સ્પેશ્યલ રીસ્પોન્સ ફાયર વ્હીકલ (એડવાન્સ હાઇ–ટેક સ્પેશ્યલ વ્હીકલ) વાહન ખરીદી કરવા તથા V.I.P અને V.V.I.P મહાનુભાવોને એરપોર્ટ/ હેલીપેડની સાથે સાથે સભા સ્થળ સુધી લાવવા–લઇ જવા માટે અત્યંત જરૂરી એવા કોન્વે વ્હીકલ ૦૧-નંગ રેપીડ ઇન્ટરવેશન ફાયર વ્હીકલ ખરીદ કરવા કુલ લગભગ રૂ. ૧૨/- કરોડના ખર્ચે નવીન વાહનો ખરીદ કરવાનું આયોજન હાથ ધરાયેલ છે.

❖ **સને ૨૦૨૦–૨૧ ના વર્ષમાં હાથ પર લેવાનાર કામો :**

વડોદરા શહેરની વસ્તી અને વિસ્તારને ધ્યાનમાં રાખી તેમજ આજુબાજુના ઓધોગિક એકમોમાં ફાયર બ્રિગેડ ખાતાની આવશ્યક સેવાઓ ઝડપથી અને સરળતાથી પૂરી પાડી શકાય તે માટે ૦૪ નંગ મલ્ટીફંકશનલ ફાયર ફાઇટીંગ કમ રેસ્ક્યુ કોન્વે વ્હીકલ, પુર પરિસ્થિતિમાં પુરગ્રસ્તોને બચાવવા માટે ૧૫ નંગ ફાયબર બોટ ઓ.બી.એમ. અને ૩૦૦ નંગ યામાહા લાઇફ સેવિંગ જેકેટ ખરીદ કરવા તથા અકસ્માત/બચાવ કામગીરી કરવા માટે ૦૬ નંગ જીપ ટોઇંગ વાન ખરીદ કરવા કુલ લગભગ રૂ. ૧.૫ કરોડના ખર્ચે નવીન વાહનો/સાધનો ખરીદ કરવાનું આયોજન હાથ ધરવામાં આવશે. શહેરના વિકસતા વિસ્તારને સહેલાઇથી ફાયર બ્રિગેડ ખાતાની સેવાઓ પુરી પાડવા માટે કારેલીબાગ, પાણીની ટાંકી સામે નવીન ફાયર સ્ટેશન બનાવવા માટેનું આયોજન.

## ૧૮) આઇ.ટી. ડીપાર્ટમેન્ટ :

આઇ.ટી. શાખાની મુખ્ય કામગીરીમાં વડોદરામાં વડોદરા મહાનગરપાલિકા ખાતે કોમ્યુટરાઇઝેશનની કામગીરી સુઆયોજીત રીતે થાય તે અંગેની નીતિ નક્કી કરવાની રહે છે. આ નીતિ નક્કી કરવા બાબતે ખાતા દ્વારા વિવિધ વિભાગોની કોમ્પ્યુટરાઇઝેશનની જરૂરીયાત તેમજ ઉપલબ્ધ ટેકનોલોજી આધારે નિર્ણય કરીને તેનુ અમલીકરણ કરવાનું રહે છે. મહાનગરપાલિકામાં આવેલ કોમ્પ્યુટર સબંધિત હાર્ડવેરના મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવે છે. જરુરીયાત વાળી જગ્યાઓએ સર્વે કરી નવુ નેટવર્ક ઉભુ કરવું તથા જુના નેટવર્કનુ મેન્ટેનન્સની કામગીરી. રોજે રોજ સોફ્ટવેર પ્રોગ્રામમાં થતાં સુધારા કરવા તથા

**A568**

ઇન્ટરનેટ નેટવર્કનુ મેનેજમેન્ટ કરવું. મહાનગરપાલિકાની વેબસાઇટનું મેનેજમેંટ કરવુ,e-News Letter તૈયાર કરી વેબસાઇટ ઉપર મુકવા, પ્રોપર્ટી ટેક્ષની વસુલાત માટે વોર્ડ વાઇઝ બીલ પ્રોસેસ કરી પ્રીન્ટીંગ કરી વોર્ડ ઓફિસમાં પહોચાડવા. આ ઉપરાંત પ્રોપર્ટી ટેક્ષ અને અન્ય વેરાનું ઓનલાઇન મોનીટરીંગ કરવાની કામગીરી કરવામાં આવે છે. અને રાજ્ય સરકારના સેવા સેતુની કામગીરીમાં સપોર્ટની કામગીરી કરવામાં આવે છે.

## ૧૯) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ :

વડોદરા મહાનગરપાલિકા વડોદરા શહેર માં વસવાટ કરતા મધ્યમ ગરીબ કુટૂંબના બાળકોના સર્વાંગિ વિકાસ માટે શૈક્ષણિક,શારીરિક,બૌધ્ધિક વિકાસ ક્ષમતાને અનુલક્ષીને શિક્ષણ સમિતિમાં અભ્યાસ કરતા બાળકો માટે ૧૦૦% ગ્રાન્ટ ફાળવી શાળાકિય સુવિધાઓ અને બાળકોને ધ્યાન માં રાખી બાળઉપયોગી સાધન સામગ્રી ખરીદી,સાંસ્કૃતિક કાર્યક્રમો સ્પર્ધાઓ,રમતોત્સવો,પ્રવેશોત્સવો,બાળમેળાઓ, વિજ્ઞાન મેળાઓ,શાળા સ્વચ્છ્તા અભિયાન, બાળકોના સ્વાસ્થય અંતર્ગત ટોયલેટ,પાણીની સુવિધાઓ, ફાયર સેફટીની સુવિધાઓ,નવીન ટેકનોલોજીને અનુલક્ષીને અભ્યાસ માટે નોટબુકો, સ્વાધ્યાયપોથીઓ,લેશન ડાયરીઓ, વગેરેની જરુરીયાતો અગાઉના વર્ષોમાં પોતાની જવાબદારી સમજી અને બાળકોના વિકાસમાં પ્રયત્નો કરવામાં આવેલા છે. જેનો પુરેપુરો લાભ શિક્ષણ સમિતિના ગરીબ બાળકોને આપવામાં આવેલો છે. અને આવતા વર્ષોમાં સમિતિના બાળકોનું શિક્ષણ સ્તર વધુ ને વધુ ઉંચુ લાવવા માટે મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે.

વડોદરા મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા સંયુકત ઉપક્રમે સરકારશ્રી દ્વારા આયોજિત શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ જુન– ૨૦૧૯ માં નવુ શૈક્ષણિક સત્ર શરુ થતા જુન–૨૦૧૯ દરમ્યાન કોર્પો. કક્ષાએ ફાળવેલ રકમ માંથી નવિન પ્રવેશ મેળવનાર બાળકોને સ્કુલબેગ, વોટરબેગ, શૈક્ષણિક કીટ(કંપાસબોક્ષ,પેન્સીલ રબર, નોટબુક) સાથેનું વિતરણ કરવામાં આવ્યું હતુ. સમિતિની શાળાઓમાં અંદાજે ૪૫૦૦ બાળકો એ નવિન પ્રવેશ મેળવેલ હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા માં ૭૦ બાલવાડીઓ આવેલ છે. વડોદરા મહાનગર સેવા સદન તરફથી ફાળવેલ રકમ માંથી બાલવાડીઓના બાળકોને સ્વાસ્થ્યપુર્ણ, આરોગ્યપ્રદ નાસ્તો જેવોકે સુખડી, થેપલા, જીરા મીઠાવાળી પુરી, મગવૈઢા, રાજમા મિક્ષ, ગાંઠીયા–બુંદી, પૌઆ, સોયા બીસ્કીટ, સેવ મમરા વગેરે વડોદરા મહાનગરપાલિકા તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુકત ઉપક્રમે રજાના દિવસો સિવાય ૭૦ બાલવાડીઓના ૪૦૦૦ બાળકોંને આપવામાં આવે છે.

મહાનગરપાલિકા તરફથી રીપેરીંગ કામ તેમજ શાળાઓની દુરસ્તી અને પ્રાથમિક સુવિધાઓ કરવામાં આવેલી છે. તેમજ. શાળાઓની સફાઇ અને સ્વચ્છ્તા માટે સ્ટાન્ડર્ડ કંપનીના સેનેટરીના સાધનો આપવામાં આવેલ છે. બાળકોના બૌધ્ધિક વિકાસ માટે શાળાઓ માટેશાળા લાયબ્રેરીના પુસ્તકો ખરીદીને શાળાઓની લાયબ્રેરી અપગ્રેડ કરવામાં આવેલ છે. શાળાઓને સી.સી. ટી.વી. કેમેરા, કોમ્પ્યુટર તથા સોફ્ટવેર, વિડીયો કોન્ફરન્સ સિસ્ટમ, બાયોમેટ્રીક સીસ્ટમ થી શાળાઓને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવેલ છે.

શાળાઓમાં વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. બાળકો ને પ્રવાસ ખર્ચ માં રાહત આપીને સમિતિ દ્વારા વિવિધ સ્થળોના પ્રવાસો કરાવવામાં આવે છે. વિવિધ સ્પર્ધાઓ તેમજ વિવિધ પરીક્ષાઓમાં ઉતિર્ણ થનાર બાળકોને ઇનામો આપવામાં આવે છે. ખાનગી શાળાઓમાં આપવામાં આવે છે તે પ્રમાણે સમિતિની શાળાઓના બાળકો ને ફોટા સાથેના આઇ કાર્ડ (ઓળખ કાર્ડ ) વિના મુલ્યે આપવામાં આવે છે. વડોદરા મહાનગરપાલિકા ના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ માં સમિતિની શાળાઓના બાળકોનો રમતોત્સવ યોજવામાં આવે છે. જેમાં સમિતિની તમામ શાળાઓના બાળકો ઉત્સાહભેર ભાગ લે છે. શાળાઓના બાળકોના પીવાના પાણીની સ્વચ્છતા માટે સમિતિની તમામ શાળાઓની પીવાના પાણી ની અન્ડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ ટાંકીઓની સફાઇ કેમીકલ હીટ ટ્રીટમેંટ થી સફાઇ કરાવવામાં આવે છે. મધ્યાહન ભોજન તરફથી મળતુ ભોજન વ્યવસ્થિત રીતે જમી શકે તે માટે શાળાઓના બાળકો

**A569**

ને સ્ટીલની ખાનાવાળી ડીશો આપવામાં આવે છે. શાળાઓના બાળકો શાળા મેદાનમાં રમી શકે તે માટે હિંચકા, લપસણી, સી.સો. મેરી ગો રાઉન્ડ, જંગલ જિમ, જેવા સાધનો શાળાઓના મેદાન માં મુકવામાં આવે છે. સમિતિની શાળાઓના બાળકો નું શારીરીક સૌષ્ઠવ વધે,તેમજ બૌદ્ધિક વિકાસ થાય તે માટે જીમ્નાસ્ટીક, મલખમ, રોપ મલખંભ વગેરે ના સાધનો ખરીદી તે અંગે તજજ્ઞો અને ટ્રેઈનરો તરફથી તાલિમ આપવામાં આવે છે. સમિતિની શાળાઓ ની સુરક્ષા માટે ફાયર સેફટીના સાધનો મુકવામાં આવેલ છે. શાળાઓના બાળકો શહેર,રા જ્ય અને દેશ વિદેશના સમાચારો થી વાકેફ થાય તે માટે શાળાઓમાં ન્યુઝ પેપર ખરીદીને આપવામાં આવે છે.

## ૨૦) આકારણી વિભાગ :

- વોર્ડ ઓફિસના સંનિષ્ઠ પ્રયાસોથીતથાસમયાંતરેઅદ્યતનકરીવ્યુના કારણે માહે નવેમ્બર–૨૦૧૯ સુધીમાં બજેટ લક્ષ્યાંક રૂ.૪૭૭.૨૪ કરોડ સામે રૂ.૩૩૮.૭૨ કરોડની આવક થયેલી છે જે ૭૦.૯૭ % થાય છે.
- કરદાતા પ્રોપર્ટીટેક્ષ બેંક ઓફ બરોડા,ICICI બેંક,HDFC Bank, Yes Bank, Union Bank of India, Axis Bank અને ઈન્ડ્સઈન્ડબેંકની વડોદરા શહેરમાં આવેલી શાખાઓમાંભરપાઈ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે વધુમાં,વડોદરામહાનગરપાલીકાનીઓફીશીયલ વેબસાઈટ www.vmc.gov.in / www.vmcegov.inપરથી ક્રેડીટ/ડેબીટ કાર્ડ/નેટ બેંકીંગથી,યુપીઆઈથી પણ પ્રોપર્ટીટેક્ષ ભરી શકાય તેવી સુવિધા ચાલે છે.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આજીવન વાહન કરની મહત્તમ વસુલાત થાય તે માટે વાહન વ્યવહાર વિભાગ–વડોદરાના સહયોગ થી આરટીઓ કચેરી દ્વારા વાહનકરની પાવતી જોઈને જ નવા વાહનનુરજીસ્ટ્રેશન થાય તે પ્રકારનુ સંકલન કરવામાં આવેલ છે અને આરટીઓ કચેરી દ્વારાપણ આ કામે સંપુર્ણ સહકાર આપવામાં આવે છે.વધુમાંકરદાતાઓની સુવિધા માટે તમામ વોર્ડ કચેરીઓમાં પણ વાહનકર ભરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સદરવ્યવસ્થાને કારણે આજીવન વાહન કરનીવસુલાતમાં નોંધપાત્ર સિધ્ધી પ્રાપ્ત થયેલી છે. નવેમ્બર –૨૦૧૯ સુધીમાં રૂ.૧૪.૫૧ કરોડ વસુલાત થયેલી છે.
- આધારે વડોદરા મહાનગરપાલીકાના હદ વિસ્તારમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર ના નોટીફીકેશન નં. KV/26/2019/VMN/ 902016/2275/P તા.૦૫–૦૨–૧૯ થી બાપોદ, તરસાલી, કલાલી, ગોરવા, સમા અને હરણી ગામો ના બાકીનાતમામ રેવન્યુ સર્વે નંબરોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ તમામ ગામોની અંદાજીત કૂલ ૧૫૯૦૦ જેટલી મિલકતો છે જેની આકારણી કરી વેરાબીલો તૈયાર કરવાની કામગીરી હાથ ઉપર છે.સદરબીલો બજવણી થયેથી અંદાજીત રૂ.૫.૦૦ કરોડ જેટલી આવક વધવાની શક્યતા છે.

## ૨૧) સામાન્ય વહીવટ વિભાગ :

- વડોદરા મહાનગરપાલિકાના અગ્નિ શમન અને તાત્કાલીક વિભાગ માટે સબ ઓફીસર(ફાયર) બઢતીથી નિમણુંક કરવામાં આવેલ છે.
- જાહેરાત દ્વારા સીધી ભરતીથી વોર્ડ ઓફીસર –૦૪, જમીન મિલ્કત અમલદાર – ૦૧, આસી. જમીન મિલ્કત અમલદાર – ૦૧, એજયુકેશન ઓફીસર (ઝૂ) – ૦૧, બાયોલોજીસ્ટ (ઝૂ) – ૦૧, વેટરનરી ડોકટર (ઝુ) – ૦૧, આસી. વેટરનરી ડોકટર (ઝુ) – ૦૧, સર્વર નેટવર્ક એડમીનીસ્ટ્રેટર – ૦૨, આસી.મશીનમેન – ૦૧, આસી. કેમીસ્ટ (PHL) – ૦૧, આસી. ડાયરેકટર (પાર્કસ એન્ડ ગાર્ડન) – ૦૨, ડે.ચીફ એકાઉન્ટન્ટ – ૦૧, સીની. ઓડીટર – ૦૨, ફુડ સેફટી ઓફીસર – ૦૪, જનસંપર્ક અધિકારી – ૦૧, સ્ટેશન ઓફીસર – ૦૪, હોટમીક્ષ પ્લાન્ટ ઓપરેટર –૦૨, ઢોર પાર્ટી ઈન્સ્પેકટર – ૦૧, એન્ક્રોચમેન્ટ ઈન્સ્પેકટર – ૦૪,આસી. મશીનમેન–૦૧, એનીમલ કીપર – ૧૫ ની જાહેરાત આપવામાં આવેલ હતી. જે પૈકી સીનીયર ઓડીટર – ૦૨, વોર્ડ ઓફીસર – ૦૪, એજયુકેશન

**A570**

ઓફીસર (ઝૂ) – ૦૧, બાયોલોજીસ્ટ (ઝુ) – ૦૧ તથા સ્ટેશન ઓફીસર (ફાયર)–૦૨ ની નિમણુંક કરવામાં આવેલ. તેમજ ડે.ચીફ ઓફીસર (ફાયર)–૦૧ આંતરીક ભરતીથી નિમણુંક કરવામાં આવેલ તથા સર્વર નેટવર્ક એડમીનીસ્ટ્રેટર ની લેખિત પરીક્ષા યોજવામાં આવેલ છે તથા અન્ય જગ્યાઓની સ્ક્રુટીની, લેખિત પરીક્ષા યોજવા અંગેની ઇન્ટરવ્યુ પ્રક્રિયા હાથ પર છે.

- ઓડીટ શાખા માટે સીની. ઓડીટરની ૦૨ જગ્યા ભરવા માટે લેખિત પરિક્ષા યોજી ઇન્ટરવ્યુ પ્રક્રિયા પૂર્ણ કરી પસંદગી યાદી ઓડીટ શાખા તરફ નિમણુંક અર્થે મોકલવામાં આવેલ.
- આ ઉપરાંત આસી.ડાયરેકટર (પાર્કસ એન્ડ ગાર્ડન) – ૦૧ તથા સ્કાડા આધારિત પાણી પુરવઠા શાખા માટે નાયબ કાર્યપાલક ઇજનેર(I&C) – ૦૨ અને એડી.આસી.એન્જીનીયર (I&C) – ૦૨ લેખિત પરીક્ષા યોજી નિમણુંક આપવામાં આવેલ.
- પરીપત્ર દ્વારા કાર્યપાલક ઇજનેર(મીકે.) – ૦૨, ના.કા.ઇ. (સીવીલ) – ૦૪, ઓટો ઓફસેટ પ્રીન્ટર – ૦૧, આસી. ડાયરેકટર – ૨ ની અરજીઓ મંગાવવામાં આવેલ.
- વર્ગ–૨ એન્વાયર્નમેન્ટલ એન્જીનીયર, તેમજ આસી.જનસંપર્ક અધિકારી તથા આરોગ્ય શાખા અંતર્ગત U-PHC, U-CHC અંતર્ગત વર્ગ–૨ ની મેડીકલ ઓફીસર તથા વર્ગ–૩ ની જુની. ફાર્માસીસ્ટ, એકસ–રે ટેકનીશીયન, લેબ આસીસ્ટન્ટ, સ્ટાફનર્સ, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની સીધી ભરતીની ઓનલાઇન અરજીઓ મંગાવી લેખિત પરીક્ષા યોજવામાં આવેલ છે.
- સ્ટેશન ઓફિસર ૦૨ જગ્યાઓ માટે ફેર જાહેરાત આપવામાં આવેલ છે. જેની સ્ક્રુટીની પ્રક્રિયા હાથ પર છે.
- વર્ગ–૩ જુની.કલાર્કની ૨૧ જગ્યા માટે આંતરિક ભરતીની અરજીઓ મંગાવી લેખિત પરીક્ષા યોજી નિમણુંક આપવામાં આવેલ છે. તેમજ આગામી વર્ષમાં જુની. કલાર્કની વય નિવૃત્તીની સંખ્યા તેમજ હેડ કલાર્ક અને સીની. કલાર્કની જગ્યા ઉપર બઢતી આપ્યા બાદ ખાલી પડતી જુની. કલાર્કની સંખ્યાને ધ્યાને લઇ જુની. કલાર્કની સીધી ભરતીથી આશરે ૩૫૦ જગ્યા ભરવાપાત્ર થતી હોઇ તે માટે લાયકાત સુધારવા અંગે દરખાસ્ત મોકલવામાં આવેલ છે.
- રાજયના યુવા વર્ગમાં શૈક્ષણિક લાયકાતમાં વધારો થવાથી ટેકનીકલ તથા નોન–ટેકનીકલ વર્ગ–૨ની કુલ–૧૧ જગ્યાની ભરતીની લાયકાતમાં સુધારો કરવાની કાર્યવાહી કરવામાં આવી.
- ૨૦૧૯–૨૦૨૦ દરમ્યાન વડોદરા મહાનગરપાલિકાના મેયરશ્રી દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે " ન્યુ ઇન્ડીયા, રાઇઝીંગ ઇન્ડીયા " અંતર્ગત સમારોહમાં સ્પેશ્યલ ગેસ્ટ તરીકે લંડન (યુકે) ભાગ લેવા વિદેશ પ્રવાસ કરવામાં આવેલ છે.
- મહાનગરપાલિકાના મેયરશ્રી તેમજ મ્યુનિ. કમિશ્નરશ્રી દ્વારા "Twin City Agreement" અંતર્ગત ઇજરાયેલનો વિદેશ પ્રવાસ કરવામાં આવેલ છે.
- મહાનગરપાલિકાના કુલ–૮૭ અધિકારીઓને રાજયમાં અમદવાદ રાજય બહાર ન્યુ દિલ્હી, હૈદરાબાદ, મથુરા, અને મુંબઇ ખાતે વિવિધ વિષયો આધારીત તાલીમ જેવી કે કલાઇમેટ સ્માર્ટ સીટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્ક, કેપેસીટી બિલ્ડીંગ–ટ્રેનીંગ ઇન અર્બન હેલ્થ કોન્ટેકસ્ટ, નેશનલ વર્કશોપ કમ એકઝીબીશન ઓન સસ્ટેનેબલ સેનીટેશન એનર્જી એફીસીયંટ ટેકનોલોજીસ ફોર વોટર એન્ડ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ, ટ્રાન્સપરંસી એન્ડ એકાઉન્ટીબીલીટી ઇન ગર્વમેન્ટ ફાઇન્સીયલ મેનેજમેન્ટ, વેટેરનરી ઇન્ટર્નલ એન્ડ પ્રિવેન્ટીવ મેડીસીન, એડવાન્સમેન્ટ ઇન વેટરનરી સાયન્સીસ ફોર વાઇલ્ડ લાઇફ કન્સર્વેશન, એફોર્ડેબલ હાઉસીંગ સમિટ, ડેવલોપમેન્ટ ઓફ ગ્રીન સ્પેસ એન્ડ પાર્કસ અંડર અમૃત અને પ્રધાનમંત્રી આવાસ યોજના (પી.એમ.એ.વાય) અર્થે મોકલવામાં આવેલ છે.

**A571**

## ૨૨) યુ.સી.ડી. પ્રોજેક્ટ :

**દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન(DAY-NULM)**

**૧. સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ:**

***સિદ્ધિ:*** એપ્રિલ–૨૦૧૯ થી ડિસેમ્બર–૨૦૧૯ સુધી કૂલ ૧૮૨ સ્વ–સહાય જૂથોની રચના કરેલ છે. તથા અત્યાર સુધી કૂલ ૮૨૪ સ્વ–સહાય જૂથોને ફરતા ભંડોળની સહાય આપવામાં આવેલ છે. સદર ઘટક હેઠળ કૂલ ૩.૧૪.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. વડોદરા માં કૂલ ૮ શહેરી આજીવિકા કેન્દ્ર ની સ્થાપના કરવા વહીવટી મંજૂરી મેળવેલ છે. જેમાંથી હાલ, માંજલપુર અને નવાપુરા કોમ્યુનિટી હોલ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ હોઈ કેન્દ્રની કામગીરી વિસ્તારમાં શરૂ કરવામાં આવશે.

***આયોજન (વર્ષ ૨૦૨૦–૨૧):*** સદર ઘટક હેઠળ નવા ૨૪૦ સ્વ–સહાય જૂથોની રચના કરવાનું તથા નવીન ૪ શહેરી આજીવિકા કેન્દ્રોની સ્થાપના કરવાનું આયોજન છે.

**૨. ક્ષમતા સંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર(Employment Through Skill Training & Placement):**

***સિદ્ધિ:*** એપ્રિલ–૨૦૧૯ થી ડિસેમ્બર–૨૦૧૯ સુધી કૂલ ૪૫૮ તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કરેલ છે. અને અત્યાર સુધી કૂલ ૫૦ તાલીમાર્થીઓને રોજગારી / સ્વ–રોજગારી અપાવેલ છે.જ્યારે ૮૭ લાભાર્થી ને પ્રમાણપત્ર આપેલ છે. સદર ઘટક હેઠળ કૂલ ૩.૧૦.૧૮ લાખનો ખર્ચ થયેલ છે.

***આયોજન (વર્ષ ૨૦૨૦–૨૧):*** નવીન ૬૦૦ તાલીમાર્થીઓને નામાંકન કરી તેઓને રોજગારી / સ્વ–રોજગારી અપાવવાનું આયોજન છે.

**૩. સ્વ રોજગાર કાર્યક્રમ (Self Employment Program):**

***સિદ્ધિ:***એપ્રિલ–૨૦૧૯ થી ડિસેમ્બર–૨૦૧૯ સુધી કૂલ ૪૧૩ અરજીઓ બેંક માં મોકલાવેલ છે, જેમાંથી ૨૦૦ અરજીઓ બેંક દ્વારા મંજૂર કરી લાભાર્થીઓને ૨.૦૦ લાખ સુધીની લોન આપેલ છે. સદર ઘટક હેઠળ કૂલ ૩.૧૯,૧૮૫/–નો ખર્ચ થયેલ છે. સદર ઘટક હેઠળ એપ્રિલ–૧૮ થી અલ્હાબાદ પોર્ટલ મારફતે લાભાર્થીઓને વ્યાજુકી સહાય આપવામાં આવશે.

***આયોજન (વર્ષ ૨૦૨૦–૨૧):*** નવિન ૩૫૦ અરજીઓ બેંકમાં મોકલાવી લાભાર્થીઓને વ્યાજુકી સહાય આપવાનું આયોજન છે. સ્મોલ ફાયનાન્સ બેંક તરફથી મળતી અરજીઓના લાભાર્થીને એનયુએલએમ યોજનામાંથી વ્યાજુકી સબસીડીની સહાય આપવાનું આયોજન છે.

**૪. શહેરી ફેરિયાઓને સહાય (Support to Urban Street Vendors)**

***સિદ્ધિ:*** વડોદરા શહેરી વિસ્તારમાં શહેરી શેરી ફેરીયાઓના સર્વેની કામગીરી ધી સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ–૨૦૧૪ હેઠળ ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર દ્વારા APARC એજન્સીને સોંપેલ. જેમાં વિવિધ પ્રકારની ફેરી કરનારા કુલ ૧૧૩૭૯ શહેરી શેરી ફેરીયાઓનો સર્વે થઇ ગયેલ છે અને તેઓને આઇ.ડી. કાર્ડ આપવાની કામગીરી તથા વેન્ડીંગ ઝોન માટે જ્યાં ટ્રાફિકની સમસ્યા ન હોય તેવા પહોળા રસ્તાઓ અને માર્કેટ માટે રીઝર્વ હોય તેવા પ્લોટ્સની પસંદગી કરી વેન્ડીંગ પ્લાન બનાવવાની કામગીરી હાથ ઘરેલ છે. તથા પ્રોવિઝનલ ટાઉન વેન્ડીંગ કમિટીની રચના કરવામાં આવેલ છે.

***આયોજન (વર્ષ ૨૦૨૦–૨૧):*** સર્વે થયેલ શહેરી શેરી ફેરીયાઓને વેન્ડીંગ ઝોનમાં જગ્યા ફાળવી આજીવિકા પૂરી પાડવાનું આયોજન છે.

**૫. ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના (Scheme of Shelter for Urban Homeless)**

હાલ,વડોદરા ખાતે કાર્યરત ૬ જગ્યા પર ૧૪ યુનિટમાં આશ્રયસ્થાનોના સંચાલન અને વ્યવસ્થાપન(O&M)ની કામગીરી આધાર ફાઉન્ડેશન, માધુરી એજ્યુકેશન ટ્રસ્ટ તથા જય અંબે સેનેટરી માર્ટ સંસ્થાને સોંપવામાં આવેલ છે. ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા BSST સંસ્થા દ્વારા શહેરી ઘરવિહોણા લોકોના સર્વેની કામગીરી પુર્ણ કરેલ છે. જેમાં ઓળખાયેલ કુલ ૪૫૩૬ ઘરવિહોણા લોકોને

**A572**

આશ્રયસ્થાન પુરૂં પાડવા માટે અંદાજીત ૨૦૦૦ જેટલા ઘરવિહોણા લોકોને આશ્રય આપી શકાય તેવા આશ્રયસ્થાનો બનાવવાનું આયોજન કરેલ છે અને આયોજન અનુસાર DPR GULM ગાંધીનગર ખાતે મંજુરી અર્થે મોકલવાની કામગીરી ચાલુ છે.

**દીનદયાળ અંત્યોદય યોજના** – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા આજ દિન સુધી કૂલ ૩. ૪.૭૪ કરોડની ગ્રાંન્ટ ફાળવેલ છે.જેમાંથી ૩. ૪.૧૮ કરોડ માહે ડિસેમ્બર–૨૦૧૯ સુધી ખર્ચ થયેલ છે.

## ૨૩) આઇ.સી.ડી.એસ પ્રોજેકટમાં કોર્પોરેશન દ્વારા આપવામાં આવતી સેવાઓ :

**આંગણવાડીના બાળકોને ફોર્ટીફાઇડ મીલ્ક અનેશિંગ લાડુ:** આંગણવાડીના દરેક લાભાર્થી બાળકને આંગણવાડી કેન્દ્રમાંસોમવારથી ગુરુવાર સુધી ૦૪ દિવસ ફોર્ટીફાઇડ મીલ્ક અને શુક્રવાર અને શનિવાર ૦૨ દિવસ શિંગલાડુ (મગફળી અને ગોળ) આપવામાં આવે છે.

**સી.યુ.જી. કનેકશન:** તમામ આંગણવાડી કાર્યકર અને આઇ.સી.ડી.એસ. કચેરી સ્ટાફ (૪૩૫) નેરૂ. ૧૨૧/– સુધીના બીલની મર્યાદામાં સી.યુ.જી કનેકશન આપવામાં આવેલ છે.

**પ્રિ–ફેબ્રીકેટેડ આંગણવાડી:** સરકારશ્રીનીડીઝાઇન મુજબનુ આંગણવાડી બાંધકામ શક્ય ન હોય તેવા વિસ્તારમાં પ્રિ–ફેબ્રીકેટેડ આંગણવાડીનુ નિર્માણ કરી મુકવામાં આવે છે, ૫૦ પ્રિ–ફેબ્રીકેટેડનુ આયોજન કરેલ છે તે પૈકી ૪૦ મુકાયેલ છે.

આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટની કચેરી:આંગણવાડીઓના ભૌગોલીક વિસ્તાર મુજબના સિમાંકનથી નવિન સેજાઓનુ નિર્માણ,પ્રોગ્રામ ઓફિસરશ્રી (શહેરી) ની કચેરી વોર્ડ–૦૬ ની કચેરીના પ્રથમ માળે કાર્યન્વિત કરેલ છે, અને ટુંક સમયમાં ૦૪ સિ.ડી.પી.ઓની કચેરીઓ ઝોન વાઇઝ કરવામાં આવશે.

**સરકારશ્રીની યોજનાઓ/સેવાઓ**

**પુરક પોષણ:** ૧)૦૬ માસ થી ૦૩ વર્ષના બાળકોને બાલ શક્તિ, સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને માતૃ શક્તિ અને કિશોરોઓને પૂર્ણા શક્તિ ટેક હોમ રેશન તરીકે સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.૨)૦૩ થી ૦૬ વર્ષના બાળકોનેસવારનો ગરમ નાસ્તો, કુપોષીત અને અતિકુપોષીત બાળકોને ઘરે લઇ જવા માટે ત્રીજા ભોજનમાં લાડુ ૦૩ મહિલા સહકારી મંડળીઓ પાસેથી અને બપોરે ગરમ નાસ્તો અક્ષયપાત્ર ફાઉન્ડેશન પાસેથી સરકારશ્રીના નક્કી કરેલા મેનુ મુજબ મેળવી આપવામાં આવે છે

**ઉજવણી:** ૧)આંગણવાડી ખાતે દર મહિને સુપોષણ સંવાદમાં પોષણ અંગે જન સમુદાયમાં લોક જાગૃતિ, બાળ તુલા દિવસમાં બાળકોનુ વજન અને વર્ગીકરણ,રશોઇ શોમાં વાનગી નિદર્શન, બાળ દિવસ અને અન્નપ્રાશન દિવસ,અન્ન વિતરણ દિવસમાં તમામ લાભાએથીઓને ટેક હોમ રેશનનુ વિતરણ, પૂર્ણા દિવસમાં કિશોરીઓને માર્ગદર્શન અને આઇ.એફ.એ. ગોળીનુ વિતરણ, મમતા દિવસમાં સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ તેમજ બાળકોનું વજન કરવામાં, રસી આપવામાં,બાળકોને વિટામિન 'એ' પીવડાવવામાં,પોષક તત્વો અને રસીકણનું મહત્વ સમજાવવામાં આવેછે.૨) તિથી ભોજનમાં વિસ્તારના દાતાઓ દ્વારા ભોજન આપવામાં આવે છે. ૩) ઉપરાંત દર વર્ષે સ્તનપાન સપ્તાહ, પોષણ માસ વગેરેની ઉજવણી કરવામાં આવે છે.

પોષણ માહ:સપ્ટેમ્બર માસને સરકારશ્રી દ્વારા પોષણ માહ તરીકે ઉજવવામાં આવેલ છે, જેમાં પોષણ દિવસ, પોષણ મેલા, પોષણ વોક, પ્રભાત ફેરી, વાનગી નિદર્શન, ગૃહ મુલાકાત, વાલી મીટીંગ, મહિલા મીટીંગ,શેરી નાટકો,ફોલ્ક શો, સાયકલ રેલી, રેડીયો પ્રોગ્રામ વગેરે જેવા કાર્યક્રમો કરેલ છે, અને પોષણ અંગે જન જાગૃતિ ફેલાવેલ છે.

**આંગણવાડી મોબાઇલવાન:** શહેર હદ વિસ્તારમાં નાના પોકેટમાં ગરીબ અને ઝુપડપટ્ટી વિસ્તાર આવેલ છે,જયા કામ કરતા મજુરોના ૬ માસ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા / ધાત્રીમાતા અને કિશોરીઓ હોય તેની નોંધણી કરી જે ICDSનીસેવાથી વંચીત રહેતા હોય તેવા વિસ્તારોને આંગણવાડી મોબાઇલવાન દ્વારા ICDS સેવાઓથી આવરી લેવામાં આવે છે.

**A573**

**માતા યશોદા એવોર્ડ:** શ્રેષ્ટ કામગીરી બદલ આંગણવાડી કાર્યકર અને મદદનીશ બહેનને પારીતોષીક ઇનામો રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ તથા ઘટક કક્ષાએ આપવામાં આવે છે

**આંગણવાડી મકાન:** ૧)સ્વચ્છ અને હવા ઉજાસવાળુ સુવિધાયુકત આંગણવાડીના પોતાનુ ૧૭૧નંદઘરમકાનછે, ૨)સરકારશ્રી દ્વારા દરેક આંગણવાડીમાં ફાયર સેફટી કીટ બેસાડવામાંઆવી છે, ૩)બાંધેલી આંગણવાડીઓમાં ૯૩ વોટર પ્યુરીફાયર ડોનેશનથી મેળવેલ છે, અને ૫૫ વોટર પ્યુરીફાયર સરકારશ્રીમાંથી આવેલ છે.

**સેટકોમ:** સરકારશ્રી દ્વારા દર પહેલા અને ત્રીજા શનિવારે સેટકોમ કાર્યક્રમ દ્વારા તાલીમ, મર્ગદર્શન અને મિનીટરીંગ.

**પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના:** દંપતીના પહેલા સંતાનના જન્મ બદલ તેને પુરષ્કાર સ્વરૂપે રૂ.૫૦૦૦/– ની સહાય (૩ તબ્બકામાં) ગુજરાતમાં તા:૦૧/૦૧/૨૦૧૭ થી અમલમાં મુકેલ છે.

**આંગણવાડી દત્તક:** ૧)સન ફાર્મા: ૦૧ સ્માર્ટ આંગણવાડી બનાવેલ છે, અને ૦૨ સ્માર્ટ આંગણવાડી બનાવવાનુ પ્લાનીંગ છે,૨)પ્રકાશ કેમિકલ: એક સ્માર્ટ આંગણવાડી બનાવી અને ૧૦ આંગણવાડીઓમાં વિવિધ પ્રવૃતિઓ, ૩) એલ. એન્ટી ટી.: ૧૦ આંગણવાડીઓમાં રમકડા, હાઇજીન કીટ અને વોલ ક્લોક, તેમજ આંગણવાડીઓમાં બહારની લોખંડની ગ્રીલ, રંગ રોગાન, ફીક્સચર અને ફર્નીચર૪) પ્રથમ ફાઉન્ડેશન એજ્યુકેશન બરોડા.: ૧૨૦ આંગણવાડીઓમાં પ્રિ–સ્કુલ એજ્યુકેશન, ૫)સ્પ્રેડીંગ સ્માઇલ દ્વારા ૧૦ આંગણવાડીમાં આઉટડોર લપસણી આપેલ છે

ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૭ ઓકટ્રોય થી નાબૂદ કર્યા બાદ તેની સામે ઓકટ્રોય વળતર ગ્રાંટ આપવામાં આવે છે. નાબૂદી પહેલા ના વર્ષોમાં ઓકટ્રોયની આવકના સરેરાંશ થતા વધારા સામે ઓકટ્રોય વળતર ગ્રાંટમાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૭ માં ક્રમશ: ૧૫% અને ૧૦% જેવો નજીવો વધારો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. જે ઓકટ્રોયની આવકના અગાઉના સરેરાંશ ૧૮.૬૫% ના વધારા સામે ઘણો નજીવો છે. પગાર પંચ ના અમલથી મહેકમ ખર્ચ અને નિભાવણી ખર્ચમાં પણ વર્ષો વર્ષ વધી રહેલ રેવન્યુ ખર્ચ ની સામે રેવન્યુ આવકમાં વધારો નજીવો રહેલ છે. વધતા જતા રેવન્યુ ખર્ચ અને મોટા પ્રમાણમાં વિકાસના કામો પાછળ ખર્ચ થવાના લીધે ગત વર્ષોમાં મહાનગરપાલિકાની નાણાંકીય સ્થિતિ ઉપર થોડી અસર પડેલ. પરંતુ સમયસર ફાયનાંસીયલ કંટ્રોલ અંગેના કેટલાંક જરૂરી પગલા લેતા, જેમ કે રેવન્યુ કેપીટલ બજેટ માં કપોટા, ફોડવારી ઉપરાંત પાણી, ડ્રેનેજ, વરસાદી ગટર અને અન્ય જરૂરી કામો જ કરવા અને મોટા કામો ને ગ્રાંટમાં કરવાના નિર્ણય અને આ બાબતે બધાના સાથ સહકારના લિધે વડોદરા મહાનગરપાલિકાની નાણાંકીય સ્થિતિમાં સુધારો થયેલ છે. પરંતુ હજી પણ આ નિર્ણયો ને વળગી રહેવાની હજી પણ જરૂર જણાય છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા વિવિધ હેતુ માટે ગ્રાંટ મળવાના કારણે શહેરમાં ખૂબ મોટા પ્રમાણમાં વિકાસનાં કામો કરવામાં આવેલ છે. આવનારા દિવસોમાં આ કામોનો નિભાવણી ખર્ચ પણ કરવાનો થશે અને આ આવશ્યક જવાબદારી છે. સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ જેવી કે AMRUT, BSUP, NURM, MGY, RAY, PMAY, Smart City વિ. માં મહાનગરપાલિકાના મિશ્રિત ફાળા ઉપરાંત ટેન્ડર પ્રિમિયમ, મહેકમ, કન્સલટન્સી તથા અન્ય ખર્ચઓના લીધે વધુ ફાળો આપવાનો થતો હોય છે. વિવિધ યોજના હેઠળ મહાનગરપાલિકા ના ફાળા પેટે અંદાજે રૂ.૫૫૦ કરોડ આપવા પાત્ર થાય છે. આ તમામ કામો થકી વધી રહેલ ખર્ચને પહોંચી વળવા માટે તથા નાણાંકીય સધ્ધરતા ટકાવી રાખવા નીચે મુજબના પગલાં જરૂરી બને છે.

૧) ઓકટ્રોય વળતર ગ્રાંટમાં દર વર્ષે ૧૫% નો વધારો દર વર્ષે આ પ્રમાણે નો વધારો કરવામાં આવે, તેવી રજુઆત અગાઉ રાજય સરકાર સમક્ષ કરેલ છે અને આ અંગેની રજૂઆત ઉચ્ચ સ્તરે કરવી જરૂરી છે.

૨) મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ પાછળ થતા ખર્ચને પહોંચી વળવા જે તે સર્વિસના યુઝર ચાર્જમાં જરૂરી વધારો કરી તેની વસુલાત આવતા વર્ષે કરવા અંગેનો પણ નિતિ વિષયક નિર્ણય કરવો જરૂરી છે.

**A574**

૩) મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતા મોટા પ્રોજેક્ટના કામો સરકારશ્રીની ગ્રાંટ મેળવી અથવા PPP ધોરણે અથવા રેવન્યુ બેઇજ મોડલ મુજબ કરવામાં આવે.

૪) સરકારશ્રીની ગ્રાંટ થકી નવિન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવામાં આવે છે તેના સપ્રમાણમાં નિભાવણી ખર્ચ માટે પણ પ્રતિ વર્ષ ઇલાયદા ગ્રાંટ ફાળવવામાં આવે તેવી રજુઆત પણ ઉચ્ચ સ્તરે કરવી જરૂરી છે.

૫) દર વર્ષે મહાનગરપાલિકા ની ટેક્સ સિવાયની આવકમાં પણ વધારો થાય તે મુજબના કામો નું આયોજન કરવા જરૂરી છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં જરૂરી એવા કેપીટલ ખર્ચને પહોંચી વળવા નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવામાં આવે તે જરૂરી બને છે. અગાઉ મંજૂર કરાયેલ રૂ.૩૦૦ કરોડની લોન સામે મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૦ વર્ષ રૂ.૩૦૦ કરોડની લોન મેળવાયેલ છે. જે સામે આજની તારીખે ફક્ત રૂ.૮૯ કરોડ ચૂકવવાના બાકી રહે છે. વિકાસના કામોની ગતિ અટકે નહીં તથા કેંદ્ર / રાજ્ય સરકારશ્રી ની પ્રાયોજીત વિવિધ યોજનાઓ માં મહાનગરપાલિકાના ફાળા ની રકમ આપવા માટે રૂ. ૩૦૦ કરોડ ની નવિન લોન લેવાની તથા અમૃત યોજના ના ગેપ ફંડીંગ માટે રૂ. ૧૦૦ કરોડ ની રકમ બોંડ બહાર પાડી ઉગવવા અંગેની દરખાસ્ત ને ગત વર્ષની બજેટમાં મંજૂરી મળેલ છે. મ્યુનિસિપલ બોંડ થકી નાણાં ઉગવવા તથા બેંક / નાણાકીય સંસ્થાઓ પાસે થી લોન મેળવવા માટે રાજ્ય સરકારશ્રી ની પૂર્વ મંજૂરી ની જરૂર હોય છે. બોંડ અને લોન માટે ની મંજૂરી અંગેની દરખાસ્ત હાલ રાજ્ય સરકાર સમક્ષ પેન્ડીંગ છે. બોંડ અન્વયે રાજ્ય સરકાર તરફ થી કેટલીક પુર્તતા કરવા અત્રે ને જાણ કરવામાં આવેલ, જેની પુર્તતા ની કાર્યવાહી હાલ હાથ ઉપર છે. રાજ્ય સરકારની બોંડ ની મંજૂરી માટે બે નામાંકીત ક્રેડીટ રેટીંગ એજન્સી તરફ થી ક્રેડીટ રેટીંગ, નામાંકીત લો ફર્મ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓફર ડોક્યુમેટ્સ, છેલ્લા ૪ વર્ષ ની ઓડીટેડ બેલેસ શીટ, એસ્ક્રો, ટ્રસ્ટીઓ, રજીસ્ટ્રાર વિગેરે ની વિગતો રજુ કરી પુર્તતા કરવા જણાવેલ. રાજ્ય સરકાર તરફ થી માંગવામાં આવેલ પુર્તતા કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે વિવિધ એજન્સીઓની નિમણુંક ની દરખાસ્ત ને સ્થાયી સમિતિ ની મંજૂરી મળેલ છે. મળેલ મંજૂરી આધારે પ્રથમ જરૂરી ૪–૫ એજન્સીઓની નિમણુંક કરવામાં આવેલ છે અને કાર્યવાહી હાથ ઉપર છે. રાજ્ય સરકાર તરફ થી લોન/બોંડ ની મંજૂરી મળ્યા બાદ અગાઉ મળેલ મંજૂરી મુજબ અમૃત યોજના હેઠળ ની ગેપ ફંડીંગ ની રકમ રૂ. ૧૦૦ કરોડ મ્યુનિસિપલ બોંડ બહાર પાડી ઉગવવામાં આવશે. વધુમાં બોંડ થકી રૂ. ૧૦૦ કરોડ ઉગવ્યા બાદ જો ઓછા દરે બોંડ સબસ્કાઇબ થાય તો વડોદરા મહાનગરપાલિકા ગેપ ફંડીંગ ની રકમ પણ મ્યુનિસિપલ બોંડ થકી ઉગવવા જોઇએ. આમ ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ ગત વર્ષે ગેપ ફડીંગ ની રકમ રૂ. ૪૦૦ કરોડ લોન / બોંડ દ્વારા ઉગવવાની મંજૂરી મળેલ હતી, તેને આવનાર વર્ષ માટે પણ માન્ય રાખી મ્યુનિસિપલ બોંડ રૂ. ૨૦૦ કરોડ ની મર્યાદા અથવા તો લોન અને બોંડ પૈકી જે વિકલ્પમાં રકમ ઓછા દરે મળે તે થકી ગેપ ફંડીંગ ની રકમ ઉગવવા જરૂરી મંજૂરી મળવા વિનંતી છે.

વધુમાં બી.એસ.યુ.પી. યોજના અંતર્ગત ફેઝ–૧ હેઠળ લાભાર્થી ફાળા પેટે અગાઉ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા થકી લાભાર્થીઓ ના નામે લોન મેળવવા પ્રયત્ન કરેલ પરંતુ KYCના કારણોસર ફક્ત ૧૫૦ જેટલા લાભાર્થીઓ ની લોન મંજૂર થયેલ હતી. સદર બાબતે જે તે સમયે મા. કમીશનરશ્રી ના અધ્યક્ષ સ્થાને એક કમીટી ની રચના કરવામાં આવી અને કમીટી દ્વારા મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ડીપોઝીટ ફંડ માંથી લાભાર્થીના નામે લોન મેળવી, લાભાર્થીઓની સ્લીપ છપાવી, લોનની વસુલાત કરવા બાબતનો નિર્ણય લેવામાં આવેલ. આમ સદર નિર્ણય મુજબ હાલ ફેઝ–૧ ના લાભાર્થીઓના નામે આંતરિક ભંડોળથી લોન મેળવી લોનની વસુલાતની કાર્યવાહી હાથ ધરેલ છે. ફેઝ–૩ હેઠળ હુડકો સંસ્થા પાસેથી મહાનગરપાલિકાના ફાળાની ગેપ ફન્ડીગ લોન અને લાભાર્થી ફાળાની લોન મેળવેલ છે, જેની વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં બી.એસ.યુ.પી. ફેઝ–૨ હેઠળ તમામ મકાનોના અલોટમેન્ટ થઇ ગયેલ હોય ફેઝ–૧ મુજબ ભવિષ્યમાં આંતરિક ભંડોળ ઉપલબ્ધ થયેથી કાર્યવાહી કરવા તથા બી.એસ.યુ.પી. ફેઝ–૩(પાર્ટ), ફેઝ–૪ અને ફેઝ–૫માં હુડકો સંસ્થા તથા અન્ય સંસ્થા પાસેથી મહાનગરપાલિકાના ફાળાની ગેપ ફન્ડીગ લોન અને લાભાર્થી ફાળાની લોન મેળવવા અને કેટલાક કિસ્સાઓમાં જે તે સાઇટનું કામ અને એલોટમેન્ટ પુર્ણ ન થયેથી વિકાસ ની કામગીરી વિલંબ ન થાય તે માટે લોન લોવાની ફરજ પડે છે તે માટે લોન ના હપ્તાની વસુલાત સંપૂર્ણ અલોટમેટ થયેથી શરૂ કરવા જરૂરી મંજૂરી આપવા વિનંતી છે. બી.એસ.યુ.પી. ફેઝ–૧, ૨, ૩, ૪ અને ૫ ના તમામ લાભાર્થીઓના લોન

**A575**

ની રકમ ભલે હજુ લેવાની બાકી છે. પરંતુ આ તમામ ફેઝના જેટલા મકાનો એલોટ થઇ ગયેલ છે તે તમામ પાસે થી લોન ની રકમ ૧૦ વર્ષ માં વસુલ કરવા માટેની પદ્ધતિ નક્કી કરી, આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાં તેના ૧૨૦ માસિક હપ્તાના સ્વરૂપે જમાં કરાવવા માટે ની બારકોડ વાળી સ્લીપ તૈયાર કરાવી એફોર્ડેબલ હાઉસીંગ સેલમાં આપેલ છે. ઉપરોક્ત હકીકત ધ્યાન મા લઇ બી.એસ.યુ.પી. ફેઝ– ૩ (પાર્ટ) , ૪ અને ૫ લાભાર્થીઓની લોન તેમના વતિ હુડકો, બેંક અથવા તો નાણાકીય સંસ્થા પાસે ઉપર જણાવેલ મર્યાદામાં લોન લેવા, અને કોઇ કારણસર લોન ન મળે તો બી.એસ.યુ.પી. ફેઝ–૧ અને ૨ ના લાભાર્થી લોન ફાળા ની રકમ જે રીતે આંતરીક ભંડોળ માંથી વ્યવસ્થા કરેલી હતી તે રીતે બાકી ની રકમ ની વ્યવસ્થા કરવા જરૂરી મંજૂરી મળવા વિનંતી છે.

**કર–દર પ્રસ્તાવના :**

વડોદરા શહેરના વિકાસની ગતિને આગળ ધપાવવા માટે તેમજ વિકાસના કામોના લક્ષાંક પાર પાડવા વિકાસના કામો પીપીપી થી કરવા તથા વધારાની નાણાકીય જરૂરિયાત આંતરીક ભંડોળ કે બાહ્ય સંસ્થાઓ અને બેન્કો પાસેથી લોન મેળવીને પુરી પાડવાનું આયોજન કરવામાં આવશે. જેથી બજેટના વર્ષે શહેરીજનો પર કોઇ પણ જાતના કર–દર વધારવાના સૂચન કરવામાં આવેલ નથી.

**સમાપન અને આભાર :**

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધીના અમારા કાર્યકાળ દરમિયાન સ્થાયી સમિતિના તમામ સભ્યો તથા ચેરમેનશ્રીનો સંપૂર્ણ સાથ સહકાર મળેલ છે. અને હવે પછી પણ સહકાર સાંપડશે તેવી અપેક્ષા સાથે સૌનો આભાર વ્યક્ત કરુ છુ.

વધુમાં મને જણાવતા વિશેષ આનંદ થાય છે કે, અત્યાર સુધીના અમારા કાર્યકાળ દરમિયાન મેયરશ્રી, ડે. મેયરશ્રી, અને ચેરમેનશ્રી પદે બિરાજેલ મહાનુભાવ તેમજ ચૂંટાયેલી પાંખના તમામ સભાસદશ્રીઓ દ્વારા જે સાથ સહકાર અને માર્ગદર્શન સાપડ્યા છે તેનુ હું ઋણ સ્વીકાર કરુ છુ અને આગામી વર્ષ દરમ્યાન પણ આજ પ્રકારે તેઓ સૌનો સાથ સહકાર અને માર્ગદર્શન મળતું રહેશે. વહીવટ વિભાગ તરફથી મંજુરી અર્થે રજુ કરાતી દરખાસ્તો ઉપર ત્વરીત નિર્ણય લઇ મંજૂરી આપવાના હકારાત્મક અભિગમના કારણે આયોજન મુજબનાં વિકાસના કામોનો ખૂબ જ ઝડપી અમલ કરી શકાયો છે. મારા સાથી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ ના ટીમ વર્ક થી કાર્યોને કાર્યાન્વિત કરવા ઉઠાવેલી જહેમત તથા શિસ્ત માટે હું આભાર વ્યક્ત કરુ છુ, અને આ પ્રમાણે નો સહકાર આગામી સમયમાં પણ મળી રહેશે તેવી અપેક્ષા રાખુ છુ. જેથી કરીને વિકાસના સમુચિત આયોજનનાં ધ્યેયને પ્રાપ્ત કરી શકાય. આવી અપેક્ષા રાખતા સને ૨૦૧૯–૨૦ નું રિવાઇઝ તથા સને ૨૦૨૦–૨૧ ના ડ્રાફ્ટ અંદાજપત્ર સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી અર્થે રજુ કરૂ છુ. જે આપ સૌ સહર્ષ સ્વીકારશો તેવી આશા રાખુ છું.

જય જય ગરવી ગુજરાત...

**વડોદરા**
**તા. ૨૩–૦૧–૨૦૨૦**

**નલિન ઉપાધ્યાય** IAS
**મ્યુનિસિપલ કમિશનર**
**મહાનગરપાલિકા**
**વડોદરા.**

**A576**

## પત્રક અ

## રેવન્યુ બજેટ

(₹ લાખમાં)

| અનું. નં | | સદરો | સને ૨૦૧૭–૧૮ ખરે ખર | સને ૨૦૧૮–૧૯ ખરે ખર | સને ૨૦૧૯–૨૦ મંજુર અંદાજ | સને ૨૦૧૯–૨૦ રિવાઇઝ અંદાજ | સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ | સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ સ્ટેંડિગ | સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ સામાન્ય સભા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | પુરાંત બાકી | ૨૭૬૩.૭૩ | ૪૧૪૩.૪૬ | ૨૫૩૩.૮૬ | ૯૯૨૫.૬૪ | ૬૩૪૨.૩૮ | ૬૩૪૨.૩૮ | ૬૩૪૨.૩૮ |
| (અ) | | **રેવન્યુ આવક** | | | | | | | |
| | ૧ | મિલકત વેરા તથા | ૩૯૮૭૫.૦૦ | ૪૪૦૯૪.૨૬ | ૪૩૭૮૯.૮૧ | ૪૪૫૧૫.૮૧ | ૪૫૧૬૬.૮૧ | ૪૫૧૬૬.૮૧ | ૪૫૧૬૬.૮૧ |
| | ૨ | સરકાર મદદ | ૪૯૧૬૭.૦૦ | ૪૭૨૭૨.૭૮ | ૫૦૨૫૨.૫૦ | ૪૬૫૬૦.૨૫ | ૫૦૭૮૫.૯૯ | ૫૦૭૮૫.૯૯ | ૫૦૭૮૫.૯૯ |
| | ૩ | ખાસ કાયદા મુજબ | ૭૦૯૪.૦૦ | ૧૭૧૩૧.૦૧ | ૧૨૯૩૩.૭૪ | ૧૮૩૪૧.૫૦ | ૧૮૩૫૯.૦૦ | ૧૮૩૫૯.૦૦ | ૧૮૩૫૯.૦૦ |
| | ૪ | મ્યુનિસિપલ મિલકત માંથી વ્યાજ તથા ભાડું | ૬૦૫૨.૦૦ | ૬૩૮૭.૮૪ | ૭૭૦૯.૯૦ | ૭૯૭૭.૮૦ | ૮૩૨૮.૪૦ | ૮૩૨૮.૩૦ | ૮૩૨૮.૩૦ |
| | ૫ | અન્ય આવક | ૨૪૮૩.૨૦ | ૩૧૯૦.૦૨ | ૩૮૫૦.૦૧ | ૨૬૪૦.૫૦ | ૩૧૨૮.૯૦ | ૩૧૨૭.૮૦ | ૩૧૨૭.૮૦ |
| | | | | | | | | | |
| | | **રેવન્યુ આવકનુ કુલ** | **૧૦૪૬૭૧.૨૦** | **૧૧૮૦૭૫.૯૧** | **૧૧૮૫૩૫.૯૬** | **૧૨૦૦૩૫.૮૬** | **૧૨૫૭૬૯.૧૦** | **૧૨૫૭૬૭.૯૦** | **૧૨૫૭૬૭.૯૦** |
| | | **પુરાંત સહનું કુલ** | **૧૦૭૪૩૪.૯૩** | **૧૨૨૨૧૯.૩૭** | **૧૨૧૦૬૯.૮૨** | **૧૨૯૯૬૧.૫૦** | **૧૩૨૧૧૧.૪૮** | **૧૩૨૧૧૦.૨૮** | **૧૩૨૧૧૦.૨૮** |
| | | **રેવન્યુ ખર્ચ** | | | | | | | |
| | ૧ | મહેકમ ખર્ચ | ૫૬૯૨૫.૦૦ | ૫૭૨૧૩.૧૮ | ૬૧૪૧૯.૯૬ | ૫૯૪૨૯.૯૦ | ૬૪૭૯૭.૯૫ | ૬૪૭૯૭.૯૫ | ૬૪૭૯૭.૯૫ |
| | ૨ | નિભાવણી ખર્ચ | ૨૩૭૭૧.૬૪ | ૨૪૬૭૧.૧૯ | ૨૯૧૧૧.૨૧ | ૩૪૫૪૮.૦૦ | ૩૦૮૨૦.૨૧ | ૩૦૮૯૫.૯૬ | ૩૦૮૯૫.૯૬ |
| | ૩ | લોન ચાર્જિસ | ૪૫૯૫.૪૬ | ૪૪૧૦.૬૨ | ૫૬૩૫.૮૦ | ૬૧૭૦.૦૦ | ૫૮૭૦.૦૦ | ૫૮૭૦.૦૦ | ૫૮૭૦.૦૦ |
| | ૪ | પ્રાથમિક શિક્ષણ | ૧૨૬૬૬.૩૯ | ૧૪૨૭૬.૨૩ | ૧૫૬૩૫.૦૦ | ૧૫૦૫૦.૦૦ | ૧૯૦૧૮.૦૦ | ૧૯૦૧૮.૦૦ | ૧૭૬૦૦.૦૦ |
| | ૫ | વહિવટી ખર્ચ | ૨૯૦.૦૦ | ૨૫૭.૯૩ | ૪૪૯.૨૫ | ૪૨૧.૨૨ | ૪૩૭.૧૦ | ૪૩૭.૧૦ | ૪૩૭.૧૦ |
| | | **રેવન્યુ ખર્ચનુ કુલ** | **૯૮૨૪૮.૪૯** | **૧૦૦૮૨૯.૧૫** | **૧૧૨૨૫૧.૨૨** | **૧૧૫૬૧૯.૧૨** | **૧૨૦૯૪૩.૨૬** | **૧૨૧૦૧૯.૦૧** | **૧૧૯૬૦૧.૦૧** |
| | | કેપીટલ બજેટમાં તબદીલ | ૮૫૩૩.૩૨ | ૫૨૧૧.૮૩ | ૪૦૦૦.૦૦ | ૮૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | **કુલ ખર્ચ** | **૧૦૬૭૮૧.૮૧** | **૧૦૬૦૪૦.૬૮** | **૧૧૬૨૫૧.૨૨** | **૧૨૩૬૧૯.૧૨** | **૧૨૫૯૪૩.૨૬** | **૧૨૬૦૧૯.૦૧** | **૧૨૪૬૦૧.૦૧** |
| | | બજેટ સિવાયની અસામાન્ય આવક–જાવકની ચોખ્ખી વધ–ઘટ | ૩૪૯૦.૩૪ | ૬૨૫૨.૭૫ | | | | | |
| | | **બાકી રેવન્યુ સિલક/ખાધ** | **૪૧૪૩.૪૬** | **૯૯૨૫.૬૪** | **૪૮૧૮.૬૦** | **૬૩૪૨.૩૮** | **૬૧૬૮.૨૨** | **૬૦૯૧.૨૭** | **૭૫૦૯.૨૭** |

## પત્રક બ

## કેપીટલ બજેટ

(₹ લાખમાં)

| અ.નં | | સદરો | સને ૨૦૧૭–૧૮ ખરે ખર | સને ૨૦૧૮–૧૯ ખરે ખર | સને ૨૦૧૯–૨૦ મંજુર અંદાજ | સને ૨૦૧૯–૨૦ રિવાઇઝ અંદાજ | સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ | સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ સ્ટેંડિગ | સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ સામાન્ય સભા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | | |
| | | કેપીટલ પુરાંત બાકી | ૩૫૧.૨૬ | ૩૬.૦૩ | ૫૩૦.૩૨ | ૭૨૮.૦૨ | ૨૪૬૯.૪૮ | ૨૪૬૯.૪૮ | ૨૪૬૯.૪૮ |
| **(બ)** | | **કેપીટલ આવક** | | | | | | | |
| | ૧ | જમીન વેચાણની આવક | ૧૨૧.૦૦ | ૭૫૧.૯૫ | ૧૩૩૦૦.૦૦ | ૧૪૧૫૦.૦૦ | ૧૫૧૫૦.૦૦ | ૧૫૧૫૦.૦૦ | ૧૫૧૫૦.૦૦ |
| | ૨ | લોનની આવક | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૫.૦૦ | ૫૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| | ૩ | રેવન્યુ બજેટમાંથી તબદીલ કરેલ/કરવાપાત્ર રકમ | ૮૫૩૩.૩૨ | ૫૨૧૧.૮૩ | ૪૦૦૦.૦૦ | ૮૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | ૪ | અન્ય કેપીટલ આવક | ૭૪૬.૧૭ | ૪૨૭૮.૧૫ | ૧૪૦૬૮.૦૦ | ૨૮૬૦.૦૦ | ૨૮૨૨.૫૦ | ૨૮૨૨.૫૦ | ૨૮૨૨.૫૦ |
| | | **કેપીટલ આવકનનુ કુલ** | **૯૪૦૦.૪૯** | **૧૦૨૪૧.૯૩** | **૩૧૪૭૩.૦૦** | **૩૦૦૧૦.૦૦** | **૩૨૯૭૨.૫૦** | **૩૨૯૭૨.૫૦** | **૩૨૯૭૨.૫૦** |
| | | **પુરાંત સહનું કુલ** | **૯૭૫૧.૭૫** | **૧૦૨૭૭.૯૬** | **૩૨૦૦૩.૩૨** | **૩૦૭૩૮.૦૨** | **૩૫૪૪૧.૯૮** | **૩૫૪૪૧.૯૮** | **૩૫૪૪૧.૯૮** |
| | | | | | | | | | |
| | | **કેપીટલ ખર્ચ** | | | | | | | |
| | ૧ | કેપીટલ ખર્ચ | ૧૫૮૬૬.૪૯ | ૧૦૧૦૪.૨૭ | ૩૧૮૩૬.૯૫ | ૨૮૨૬૮.૫૪ | ૩૨૫૬૭.૭૫ | ૩૨૭૭૧.૭૫ | ૩૨૭૭૧.૭૫ |
| | | **કેપીટલ ખર્ચનું કુલ** | **૧૫૮૬૬.૪૯** | **૧૦૧૦૪.૨૭** | **૩૧૮૩૬.૯૫** | **૨૮૨૬૮.૫૪** | **૩૨૫૬૭.૭૫** | **૩૨૭૭૧.૭૫** | **૩૨૭૭૧.૭૫** |
| | | **બાકી સિલક/ખાધ** | **-૬૧૧૪.૭૪** | **૧૭૩.૬૯** | **૧૬૬.૩૭** | **૨૪૬૯.૪૮** | **૨૮૭૪.૨૩** | **૨૬૭૦.૨૩** | **૨૬૭૦.૨૩** |
| | | બજેટ સિવાયની અસામાન્ય આવક- | ૬૧૫૦.૭૭ | ૫૫૪.૩૩ | | | | | |
| | | **બાકી કેપીટલ સિલક/ખાધ** | **૩૬.૦૩** | **૭૨૮.૦૨** | **૧૬૬.૩૭** | **૨૪૬૯.૪૮** | **૨૮૭૪.૨૩** | **૨૬૭૦.૨૩** | **૨૬૭૦.૨૩** |

## પત્રક ક

## સને ૨૦૧૯–૨૦ રીવાઇઝ્ડ અંદાજ તથા સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ મુજબ કેપીટલ કામોનું કુલ

(₹ લાખમાં)

| અ.નં. | સદરો | સને ૨૦૧૯–૨૦ રિવાઇઝ અંદાજ | | | | સને ૨૦૨૦–૨૧ ડ્રાફ્ટ અંદાજ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઓન સોર્સ | ગ્રાંટ | JNNURM ગ્રાંટ | કુલ | ઓન સોર્સ | ગ્રાંટ | JNNURM ગ્રાંટ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | મિલકત લેન્ડ એકવીઝીશન | ૧૫૧૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫૧૦.૦૦ | ૩૦૧૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૦૧૦.૦૦ |
| ૨ | વી.એમ.એસ.એસ. ફાળો | ૧૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫૦૦૦.૦૦ | ૧૧૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧૦૦૦.૦૦ |
| ૩ | પાણી પુરવઠા | ૯૪૨.૪૦ | ૯૫૦૦.૦૦ | ૨૧૨૫.૨૦ | ૧૨૫૬૭.૬૦ | ૧૮૩૧.૦૦ | ૧૪૭૦૦.૦૦ | ૫૯૫૧.૨૩ | ૨૨૪૮૨.૨૩ |
| ૪ | ડ્રેનજ | ૨૪૫૪.૮૦ | ૮૫૦૦.૦૦ | ૩૫૦.૦૦ | ૧૧૩૦૪.૮૦ | ૨૭૫૫.૦૦ | ૧૨૬૮૫.૧૩ | ૭૬૮.૬૦ | ૧૬૨૦૮.૭૩ |
| ૫ | રોડ | ૧૩૦૯.૭૩ | ૧૦૪૦૦.૦૦ | ૦.૦૦ | ૧૧૭૦૯.૭૩ | ૩૦૫૭.૦૦ | ૧૦૩૫૫.૦૦ | ૦.૦૦ | ૧૩૪૧૨.૦૦ |
| ૬ | પુલો | ૭૦૦.૦૦ | ૫૫૦૦.૦૦ | ૧૦૨૪.૭૦ | ૭૨૨૪.૭૦ | ૧૭૫૦.૦૦ | ૭૦૦૦.૦૦ | ૭૪૭.૨૦ | ૯૪૯૭.૨૦ |
| ૭ | કુવા, તલાવ | ૧૯૬.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૯૬.૦૦ | ૨૦૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦૫.૦૦ |
| ૮ | વરસાદી ગટર | ૪૫૬.૯૬ | ૧૮૭૬.૪૦ | ૧૦૦૦.૦૦ | ૩૩૩૩.૩૬ | ૧૪૭૫.૦૦ | ૩૨૫૦.૮૮ | ૪૦૮૬.૮૬ | ૮૮૧૨.૭૪ |
| ૯ | સોલીડ વેસ્ટ મેનેજમેંટ | ૨૦.૦૦ | ૨૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૩૦૨૦.૦૦ | ૨૦.૦૦ | ૩૫૦૦.૦૦ | ૪૨૬.૨૪ | ૩૯૪૬.૨૪ |
| ૧૦ | બિલ્ડીગ હાઉસીંગ / બી.એસ.યુ.પી. | ૧૫૫૦.૧૬ | ૨૧૦૬૦.૭૩ | ૪૫૯૧.૫૧ | ૨૭૨૦૨.૪૦ | ૪૯૧૯૧.૭૨ | ૪૯૧૯૧.૭૨ | ૪૪૮૧.૫૭ | ૫૬૦૨૫.૨૯ |
| | બિલ્ડીગ / હાઉસીંગ | ૧૫૫૦.૧૬ | ૩૦૦૦.૦૦ | ૦.૦૦ | ૪૫૫૦.૧૬ | ૨૩૫૨.૦૦ | ૫૧૯૭.૫૨ | ૦.૦૦ | ૭૫૪૯.૫૨ |
| | MGY | | ૧૨૦૦૦.૦૦ | ૦.૦૦ | ૧૨૦૦૦.૦૦ | | ૧૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૧૫૦૦૦.૦૦ |
| | RAY | | ૨૨૦૦.૦૦ | ૦.૦૦ | ૨૨૦૦.૦૦ | | ૩૫૨૪.૨૦ | ૦.૦૦ | ૩૫૨૪.૨૦ |
| | PMAY | | ૩૮૬૦.૭૩ | ૦.૦૦ | ૩૮૬૦.૭૩ | | ૨૫૪૭૦.૦૦ | ૦.૦૦ | ૨૫૪૭૦.૦૦ |
| | બી.એસ.યુ.પી. | | ૦.૦૦ | ૪૫૯૧.૫૧ | ૪૫૯૧.૫૧ | | ૦.૦૦ | ૪૪૮૧.૫૭ | ૪૪૮૧.૫૭ |
| ૧૧ | પાર્ક્સ એન્ડ ગાર્ડ્ન | ૩૪૩.૨૫ | ૧૫૦૦.૦૦ | ૦.૦૦ | ૧૮૪૩.૨૫ | ૭૭૭.૨૫ | ૨૫૯૮.૭૬ | ૦.૦૦ | ૩૩૭૬.૦૧ |
| ૧૨ | માર્કેટ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૬૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૬૫.૦૦ |
| ૧૩ | જન્મ મરણ | ૯૪.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૪.૦૦ | ૯૯.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૯.૦૦ |
| ૧૪ | કોમ્પુટરાઇઝેશન | ૫૬.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૬.૫૦ | ૨૫૧.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૫૧.૫૦ |
| ૧૫ | સ્ટ્રીટ લાઈટ | ૯૪.૦૦ | ૨૧૨૯.૧૨ | ૦.૦૦ | ૨૨૨૩.૧૨ | ૨૪૬.૦૦ | ૩૬૮૮.૭૨ | ૦.૦૦ | ૩૯૩૪.૭૨ |
| ૧૬ | ફાયર | ૧૮૦.૦૦ | ૧૦૨૬.૫૧ | ૦.૦૦ | ૧૨૦૬.૫૧ | ૪૬૦.૦૦ | ૧૭૭૮.૪૩ | ૦.૦૦ | ૨૨૩૮.૪૩ |
| ૧૭ | આરોગ્ય | ૧૭૫.૦૦ | ૨૦૦૦.૦૦ | ૦.૦૦ | ૨૧૭૫.૦૦ | ૩૬૦.૦૦ | ૨૭૦૦.૦૦ | ૦.૦૦ | ૩૦૬૦.૦૦ |
| ૧૮ | સભાસદ શ્રીઓની સ્વવિવેક ગ્રાંટ હેઠળ ના વિકાસના કમો | ૨૯૭૮.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૯૭૮.૦૦ | ૨૮૦૩.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૮૦૩.૦૦ |
| ૧૯ | ઈતર કમો | ૧૦૭.૭૪ | ૧૩૯૪.૩૪ | ૧૫૦.૫૦ | ૧૬૫૨.૫૮ | ૧૫૫.૦૦ | ૧૫૦૦.૦૦ | ૨૧૮.૨૫ | ૧૮૭૩.૨૫ |
| | **કુલ** | **૨૮૨૬૮.૫૪** | **૬૭૩૮૭.૧૦** | **૯૭૪૧.૯૧** | **૧૦૫૩૯૭.૫૫** | **૩૨૭૭૧.૭૫** | **૧૧૨૯૪૮.૬૪** | **૧૬૬૭૯.૯૫** | **૧૬૨૪૦૦.૩૪** |

# JNNURM પત્રક – ૬

રકમ રૂ. લાખમાં

(અ) મંજૂર થયેલ ડી.પી.આર.

| બજેટ કોડ | | સર્વિસીઝ | ડી.પી.આર. રકમ | રેલવેનો ફાળો | ટેન્ડર વેલ્યુ | ભારત સરકાર ૫૦ % | ગુજરાત સરકારનો ફાળો ૨૦% | મહાનગરપાલિકાનો ફાળો | | | ૩૧–૦૩–૧૯ સુધી થયેલ ખર્ચ | ૩૦–૧૧–૧૯ સુધી થયેલ ખર્ચ | ૩૦–૧૧–૧૯ સુધી થયેલ કુલ ખર્ચ | સને ૨૦૧૯–૨૦ માં થનાર કુલ ખર્ચ | સને ૨૦૨૦–૨૧ માં થનાર કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મૂળ ફાળો ૩૦% | વધુ ફાળો | કુલ ફાળો | | | | | |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૪ | ૪.૧ | પાણી પુરવઠા ડી.પી.આર. નં ૧ | ૪૧૦૪.૮૮ | | ૫૬૬૭.૯૭ | ૨૦૫૨.૪૪ | ૮૨૦.૬૮ | ૧૨૩૧.૪૬ | ૧૫૬૩.૦૯ | ૨૭૬૪.૫૫ | ૫૬૧૭.૧૬ | ૦.૦૦ | ૫૬૧૭.૧૬ | ૨૫.૨૦ | ૦.૦૦ |
| ૪ | ૪.૨ | પાણી પુરવઠા ડી.પી.આર. નં ૨ (આજવા પ્રતાપપુરા સ્ટ્રેંધનીંગ) | ૨૮૭૦.૦૦ | | ૩૦૪૨.૧૭ | ૧૪૩૫.૦૦ | ૫૭૪.૦૦ | ૮૬૧.૦૦ | ૧૭૨.૧૭ | ૧૦૩૩.૧૭ | ૨૬૧૧.૪૩ | ૦.૦૦ | ૨૬૧૧.૪૩ | ૨૫૦.૦૦ | ૨૩૮.૦૬ |
| ૪ | ૪.૩ | પાણી પુરવઠા ડી.પી.આર. નં ૩ (સોર્સ ઓગમેન્ટેશન ફેઝ ૨) | ૩૬૮૮.૦૦ | | ૩૮૮૦.૮૦ | ૧૮૪૪.૦૦ | ૭૩૭.૬૦ | ૧૧૦૬.૪૦ | ૧૬૨.૮૦ | ૧૨૬૬.૨૦ | ૩૫૦૬.૮૫ | ૦.૦૦ | ૩૫૦૬.૮૫ | ૧૫૦.૦૦ | ૨૨૮.૫૦ |
| ૪ | ૪.૪ | પાણી પુરવઠા (૨૪×૭) નો પાયલોટ પ્રોજેક્ટ ડી.પી.આર. નં. ૪ | ૬૩૪૫.૭૦ | | ૧૧૪૭૦.૬૧ | ૩૧૭૨.૮૫ | ૧૨૬૯.૧૪ | ૧૬૦૩.૭૧ | ૫૧૨૪.૬૧ | ૭૦૨૮.૬૨ | ૮૮૧૮.૧૭ | ૦.૨૪ | ૮૮૧૮.૪૧ | ૩૦૦.૦૦ | ૨૪૫૪.૬૦ |
| ૪ | ૪.૫ | પાણી પુરવઠાનો સપ્લીમેન્ટરી ડી.પી.આર. નં. ૫ | ૨૦૫૯.૨૬ | | ૩૭૩૭.૨૬ | ૬૦૫.૫૦ | ૨૪૨.૨૦ | ૧૨૧૧.૫૬ | ૧૬૭૮.૦૦ | ૨૮૮૯.૫૬ | ૨૩૮૯.૬૭ | ૧૬૬.૨૫ | ૨૫૮૬.૨૨ | ૪૦૦.૦૦ | ૬૪૭.૨૬ |
| ૫ | ૫.૧ | સુએરેઝ ડી.પી.આર. નં. ૧ | ૧૦૫૧૪.૬૩ | | ૧૫૧૫૩.૭૨ | ૫૨૫૭.૪૭ | ૨૧૦૨.૬૮ | ૩૧૫૪.૪૮ | ૪૬૩૮.૭૬ | ૭૭૬૩.૨૭ | ૧૩૨૩૦.૬૧ | ૦.૦૦ | ૧૩૨૩૦.૬૧ | ૫૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | ૫.૨ | સુએરેઝ ડી.પી.આર. નં. ૨ | ૬૦૫૫.૭૪ | | ૬૦૫૫.૭૪ | ૩૦૨૭.૮૭ | ૧૨૧૧.૧૫ | ૧૮૧૬.૭૨ | ૦.૦૦ | ૧૮૧૬.૭૨ | ૪૬૮૭.૧૪ | ૧૬૬.૪૬ | ૫૧૫૩.૬૩ | ૩૦૦.૦૦ | ૭૬૮.૬૦ |
| ૭ | ૭.૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ડી.પી.આર. નં. ૧ | ૩૦૬૮.૫૪ | | ૩૩૬૪.૬૫ | ૧૫૪૬.૨૭ | ૬૧૬.૭૧ | ૬૨૬.૫૬ | ૨૬૬.૧૧ | ૧૨૨૫.૬૭ | ૨૪૬૮.૪૬ | ૦.૦૦ | ૨૪૬૮.૪૬ | ૫૦૦.૦૦ | ૪૨૬.૨૪ |
| ૧૨ | ૧૨.૧ | બી.એસ.યુ.પી. ડી.પી.આર. નં. ૧ (૫૩૬૨ મકાનો) | ૭૩૫૦.૪૮ | | ૬૨૨૮.૧૬ | ૩૩૬૬.૩૩ | ૧૩૫૮.૫૩ | ૧૩૭૨.૬૩ | ૦.૦૦ | ૧૩૭૨.૬૩ | ૮૭૩૭.૬૨ | ૦.૧૫ | ૮૭૩૮.૦૭ | ૫૮૧.૮૮ | ૦.૦૦ |
| ૧૨ | ૧૨.૨ | બી.એસ.યુ.પી. ડી.પી.આર. નં. ૨ (ફેઝ ૨–૫૬૬૪ મકાનો) | ૧૧૪૭૭.૭૯ | | ૧૩૮૦૪.૫૭ | ૫૫૭૧.૭૭ | ૨૨૨૮.૭૦ | ૧૮૨૬.૬૦ | ૦.૦૦ | ૧૮૨૬.૬૦ | ૧૩૩૦૩.૦૦ | ૦.૦૦ | ૧૩૩૦૩.૦૦ | ૨૦૦.૦૦ | ૩૦૧.૫૭ |
| ૧૨ | ૧૨.૩ | બી.એસ.યુ.પી. ડી.પી.આર. નં. ૩ (ફેઝ ૩–૬૦૬૬ મકાનો) | ૧૫૫૨૪.૦૨ | | ૨૪૪૧૬.૦૪ | ૭૪૮૨.૬૦ | ૩૦૩૫.૬૦ | ૨૪૬૮.૦૨ | ૦.૦૦ | ૨૪૬૮.૦૨ | ૨૦૧૫૫.૪૭ | ૬૬૮.૧૪ | ૨૧૧૫૩.૬૧ | ૨૭૭૦.૦૦ | ૧૪૮૦.૦૦ |
| ૧૨ | ૧૨.૫ | બી.એસ.યુ.પી. ડી.પી.આર. નં. ૪ (ફેઝ ૪–૨૩૩૬ મકાનો) | ૬૨૮૩.૫૬ | | ૧૦૮૧૬.૫૮ | ૪૪૧૫.૩૭ | ૨૧૬૨.૬૨ | ૧૨૬૨.૨૭ | ૦.૦૦ | ૧૨૬૨.૨૭ | ૮૬૪૪.૩૨ | ૮.૪૩ | ૮૬૫૨.૭૫ | ૫૫૦.૦૦ | ૧૩૦૦.૦૦ |
| ૧૨ | ૧૨.૭ | બી.એસ.યુ.પી. ડી.પી.આર. નં. ૫ (ફેઝ ૫–૨૨૦૮ મકાનો) | ૮૭૮૭.૦૫ | | ૧૦૨૩૮.૬૧ | ૪૧૨૧.૨૧ | ૨૧૦૩.૬૧ | ૧૨૨૬.૦૮ | ૦.૦૦ | ૧૨૨૬.૦૮ | ૮૩૪૩.૭૬ | ૬.૩૫ | ૮૩૫૩.૧૧ | ૪૧૦.૦૦ | ૧૪૦૦.૦૦ |
| ૧૨ | ૧૨.૬ | સપ્લીમેન્ટરી ડી.પી.આર. બી.એસ.યુ.પી ફેઝ I (૧૫ આંગણવાડી તથા સાત કમ્પાઉન્ડ વોલ કરવા ) ડી.પી.આર. નં. ૫ | ૧૩૧.૩૭ | | ૧૬૫.૦૮ | ૬૩.૭૭ | ૩૮.૨૬ | ૪૨.૦૬ | ૫૦.૬૬ | ૬૩.૦૫ | ૧૧૫.૪૫ | ૦.૦૦ | ૧૧૫.૪૫ | ૭૬.૬૩ | ૦.૦૦ |
| ૧૨ | ૧૨.૪ | સોશ્યો ઇકોનોમિક સર્વે (U.S.H.A Project) | ૭.૦૦ | | ૬૩.૮૧ | ૦.૦૦ | ૮.૬૮ | ૦.૦૦ | ૫૪.૮૩ | ૫૪.૮૩ | ૬૩.૮૧ | ૦.૦૦ | ૬૩.૮૧ | ૦.૫૦ | ૦.૦૦ |
| ૧૩૦૧ | ૧૩૦૧ | રેલવે ઓવર બ્રીજ (જેતલપુર–દિનેશ મીલ) ડી.પી.આર. નં. ૧ | ૧૬૬૮.૦૦ | | ૨૬૭૨.૬૦ | ૬૮૪.૦૦ | ૩૬૩.૬૦ | ૫૬૦.૪૦ | ૭૦૪.૬૦ | ૧૨૬૫.૩૦ | ૨૦૧૬.૭૬ | ૦.૦૦ | ૨૦૧૬.૭૬ | ૩૩૭.૨૧ | ૩૧૮.૬૦ |
| ૧૩૦૧ | ૧૩૦૧ | રેલવે ઓવર બ્રીજ (નવાયાર્ડ ડી– કેબિન) ડી.પી.આર. નં. ૨ | ૧૩૬૬.૦૦ | | ૧૮૫૩.૦૦ | ૬૬૮.૦૦ | ૨૭૬.૨૦ | ૪૧૮.૮૦ | ૪૫૭.૦૦ | ૮૭૫.૮૦ | ૧૪૧૫.૫૫ | ૦.૦૦ | ૧૪૧૫.૫૫ | ૨૩૦.૫૪ | ૨૦૬.૬૧ |
| ૧૩૦૧ | ૧૩૦૧ | રેલવે ઓવર બ્રીજ (લાલબાગ) ડી.પી.આર. નં. ૧ | ૪૫૭૨.૦૦ | ૪૬૭.૦૦ | ૫૫૭૧.૧૬ | ૨૨૮૬.૦૦ | ૬૧૪.૪૦ | ૧૩૭૧.૬૦ | ૫૦૨.૧૬ | ૧૮૭૩.૭૬ | ૫૩૦૬.૫૪ | ૨.૪૧ | ૫૩૦૮.૬૫ | ૧૦૦.૦૦ | ૨૨૧.૩૬ |
| ૧૩૦૧ | ૧૩૦૧ | રેલવે ઓવર બ્રીજ (કલાલી રેલવે ક્રોસીંગ) ડી.પી.આર. નં. ૩ | ૪૪૩૫.૦૦ | | ૫૮૫૬.૦૦ | ૨૨૧૭.૫૦ | ૮૮૭.૦૦ | ૧૩૩૦.૫૦ | ૧૪૨૧.૦૦ | ૨૭૫૧.૫૦ | ૫૪૬૬.૦૬ | ૦.૦૦ | ૫૪૬૬.૦૬ | ૩૫૬.૬૫ | ૦.૦૦ |
| ૧૩૦૩ | ૧૩૦૩ | વરસાટી ગટર ડી.પી.આર. નં. ૧ | ૧૪૫૬૪.૫૬ | | ૨૩૬૦૮.૨૩ | ૭૨૬૭.૨૮ | ૨૬૧૮.૬૧ | ૪૩૭૮.૩૭ | ૬૩૧૩.૬૭ | ૧૩૬૬૨.૦૪ | ૨૨૨૬૬.૦૭ | ૦.૦૦ | ૨૨૨૬૬.૦૭ | ૫૦૦.૦૦ | ૧૧૪૨.૧૭ |
| ૧૩૦૩ | ૧૩૦૩ | વરસાટી ગટર ડી.પી.આર. નં. ૨ (રીહેબીલીટેશન ઓફ કાંસ) | ૧૦૪૪૪.૭૬ | | ૧૦૪૪૪.૭૬ | ૫૨૨૨.૪૦ | ૨૦૮૮.૬૬ | ૩૧૩૩.૪૪ | ૦.૦૦ | ૩૧૩૩.૪૪ | ૭૦૦૦.૧૦ | ૧૧૬.૭૬ | ૭૧૧૬.૮૬ | ૫૦૦.૦૦ | ૨૬૪૪.૬૬ |
| ૨૨ | ૨૨ | ઓગામેન્ટેશન ઓફ વોટર સપ્લાય સિસ્ટમ | ૧૨૩૮૫.૩૨ | | ૧૩૭૮૭.૦૫ | ૬૧૬૨.૬૬ | ૨૪૭૭.૦૬ | ૩૭૧૫.૬૦ | ૧૪૦૧.૭૩ | ૫૧૧૭.૩૩ | ૧૦૭૦૪.૫૮ | ૫૪૬.૭૨ | ૧૧૨૫૪.૩૦ | ૧૦૦૦.૦૦ | ૨૦૮૨.૪૮ |
| | | | ૧૪૧૦૬૪.૦૨ | ૪૬૭.૦૦ | ૧૮૫૨૬૫.૨૩ | ૬૮૮૬૩.૫૬ | ૨૮૪૭૩.૪૬ | ૩૫૪૧૧.૮૬ | ૨૭૫૭૨.૧૨ | ૬૨૬૮૪.૦૧ | ૧૫૭૫૦૫.૫૧ | ૨૦૫૦.૬૪ | ૧૫૬૫૫૬.૪૫ | ૬૫૬૧.૬૧ | ૧૬૪૬૧.૭૦ |
| | | (બ) અન્ય ખર્ચની વિગત | | | | | | | | | | | | | |
| | | કન્સલ્ટન્સી ચાર્જીસ | ૦.૦૦ | | ૩૫૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | | | ૩૫૦૦.૦૦ | ૩૩૬૫.૬૬ | ૦.૦૦ | ૩૩૬૫.૬૬ | ૧૦.૦૦ | ૭૦.૫૮ |
| | | મહેકમ તથા વહીવટી ચાર્જીસ | ૦.૦૦ | | ૨૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | | | ૨૦૦૦.૦૦ | ૨૬૪૧.૬૭ | ૬૧.૧૬ | ૨૭૩૩.૧૩ | ૧૪૦.૦૦ | ૧૪૭.૬૭ |
| | | કુલ (ક) | ૦.૦૦ | | ૫૫૦૦.૦૦ | | | | ૦.૦૦ | ૫૫૦૦.૦૦ | ૬૦૩૭.૬૩ | ૬૧.૧૬ | ૬૧૨૬.૦૬ | ૧૫૦.૦૦ | ૨૧૮.૨૫ |
| | | કુલ (અ) +(બ) | ૧૪૧૦૬૪.૦૨ | ૪૬૭.૦૦ | ૧૬૦૭૬૫.૨૩ | ૬૮૮૬૩.૫૬ | ૨૮૪૭૩.૪૬ | ૩૫૪૧૧.૮૬ | ૨૭૫૭૨.૧૨ | ૬૮૪૮૪.૦૧ | ૧૬૩૫૪૩.૪૪ | ૨૧૪૨.૧૦ | ૧૬૫૬૮૫.૫૪ | ૬૭૪૧.૬૧ | ૧૬૬૭૬.૬૫ |



A580

# વડોદરા મહાનગરપાલિકા

## સને ૨૦૨૦–૨૧

**કર દરની દરખાસ્ત**

**A581**

## કર દરની દરખાસ્ત

- **આકારણી :**

**કર દર**

વડોદરા મહાનગર પાલિકા દ્વારા ક્ષેત્રફળ અધારિત આકારણી પધ્ધતિનો અમલ સને ૨૦૦૩–૦૪ ના વર્ષથી કરવામાં આવેલ છે જેના અમલીકરણ ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧(બી) ની જોગવાઈ અનુસાર હાલમાં સામાન્ય કરના દર, રહેણાક મિલકત માટે પ્રતિ ચો. મી. દીઠ ₹ ૧૬/– તથા રહેણાક સિવાયની મિલકત માટે પ્રતિ ચો. મી. દીઠ ₹ ૩૦/– છે. જે યથાવત રાખવા અભિપ્રાય છે.

## ભોગવટાનું પરિબળ

સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે રહેણાક મિલકત તથા રહેણાક સિવાયની મિલકતો માટેના ભોગવટા પરિબળ ના ભારાંક નીચે મુજબ યથાવત રાખવા અભિપ્રાય છે.

| ભોગવટાનુ પરિબળ | રહેણાંક | રહેણાંક સિવાય |
|---|---|---|
| માલીક | ૧.૦૦ | ૧.૦૦ |
| ભાડુઆત | ૧.૦૦ | ૨.૦૦ |

- **પાણી કર**

### પરિશિષ્ટક

ધી ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ની કલમ ૪૫૫(૧) અંતર્ગત અનુસચિ "ક" ના પ્રકરણ ૮ અંતર્ગત કલમ ૧૪૧ એએ(એ) અનુસારના કાર્પેટ એરિયા આધારિત લઘુત્તમ પાણી કરની વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલી છે.

શહેરમાં આવેલી રહેણાંક ઈમારતો માટે સામાન્ય કરના ૩૦% (ત્રીસ ટકા) તેમેજ રહેણાંક સિવાયની ઈમારતો માટે પાણી કર, સામાન્ય કરના ૪૦% (ચાલીસ ટકા) પ્રમાણે લેવામાં આવશે.

પરંતુ જે મિલ્કતો પાણી કનેકશન સાથે જોડાયેલી હશે તેવી મિલ્કતો માટે નીચે જણાવ્યા મુજબ પાણી કરની ઓછામાં ઓછી રકમ મંજૂર કરવાની ભલામણ ને રાજ્ય સરકાર શ્રી એ મંજૂરી આપેલી છે. જે ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે યથાવત રાખવા અભિપ્રાય છે.

| અ. નં. | મિલકતનો પ્રકાર | | મીનીમમ(લઘુત્તમ) પાણી કર ₹ |
|---|---|---|---|
| | **તમામ પ્રકારની રહેણાંક મિલ્કતો માટે** | | |
| ૧ | ૧ | તમામ પ્રકારના ઝુંપડા, ચાલી અને ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૮૫૦ |
| | ૨ | ૩૦.૦૧ થી ૫૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૦૦૦ |
| | ૩ | ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૨૦૦ |
| | ૪ | ૧૦૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | **તમામ પ્રકારની બિનરહેણાંક મિલ્કતો માટે** | | |
| | ૧ | ૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૦૬૩ |
| | ૨ | ૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૨૦૦૦ |
| | ૩ | ૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે | ₹ ૩૦૦૦ |
| ૩ | **તમામ પ્રકારની ઔધોગિક મિલકતો માટે** | | |
| | ૧ | ૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૧૫૦૦ |
| | ૨ | ૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલકતો માટે | ₹ ૨૫૦૦ |
| | ૩ | ૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે | ₹ ૩૦૦૦ |

પરંતુ જો, જે તે મિકલ્કતમાં ૧/૨ ઇંચ ઉપરાંતનું પાણી કનેક્શન આપવામાં આવેલ હશે તો પાણી કર નીચે જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકમાં ગણવામાં આવશે.

| **પાણી કનેક્શનની સાઇઝ** | **વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકની ગણત્રી** |
|---|---|
| ૧/૨ ” | ૧ |
| ૩/૪” | ૨.૨૫ |
| ૧” | ૪ |
| ૧.૫” | ૯ |
| ૨” | ૧૬ |
| ૩” | ૩૬ |
| ૪” | ૬૪ |
| ૫” | ૧૦૦ |
| ૬” | ૧૪૪ |
| ૭” | ૧૯૬ |
| ૮” | ૨૫૬ |
| ૯” | ૩૨૪ |
| ૧૦” | ૪૦૦ |
| ૧૨” | ૫૭૬ |

પરંતુ એપાર્ટમેન્ટ, બહુમાળી મકાનો માં આપેલ પાણી કનેકશન ના પાણી કર ની રકમ ઉપરોક્ત ગણત્રી પ્રમાણે ગણતાં જે તે મિલ્કતના કુલ યુનીટ સાથે ભાગાકાર કરતાં જો પ્રતિ યુનિટ પાણી કર ની રકમ ઓછી થતી હશે તો, મીનીમમ પાણી કરની રકમ મુજબ વસુલ કરવામાં આવશે.

પરંતુ જો મિલ્કત ધારક ૧/૨” ઉપરાંતનું પાણી કનેક્શનમાં વધારો કે ઘટાડો કરાવશે તો તેવા કિસ્સામાં જે તે પાણી કનેક્શનની સાઈઝની વોલ્યુમેટ્રીક ગણત્રી મુજબ ગણવામાં આવશે અને તે મુજબ પાણી કર વસુલ કરવાનો અધિકાર કોર્પોરેશનને રહેશે.

ઉપરોક્ત વિગતોને બાધ આવ્યા સિવાય કોર્પોરેશન કોઇપણ મિલ્કત ધારકને મીટર થી પાણી કનેકશન ફાળવશે (જો મિલ્કત ધારકની માંગણી અધારે અથવા તે સિવાય) તો તેવા સંજોગોમાં વપરાશ મુજબ નક્કી થનાર ચાર્જ આધારે તેમજ ઠરાવેલ શરતો ને આધીન પાણીનો ચાર્જ કોર્પોરેશન વસૂલ કરી શકશે.

## ➢ પાણી ચાર્જ:

ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એ એ (એ) મુજબ પાણી કર દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલો છે જેના અનુસંધાને સરકારશ્રી તરફથી આપેલ મંજૂરી અનુસાર લઘુતમ દર મુજબ પાણી કર વસુલ કરવામાં આવશે જ્યારે રહેણાંક સિવાયની ઈમારતો, ઔદ્યોગિક વપરાશ માટેની મિલકતો અને કોલેજ, હોસ્ટેલ, શાળા, બાલમંદિર, ધર્મ સ્થાનો, અનાથ આશ્રમ વિગેરે માટે, આવી મિલકતો જે પાણી કનેક્શન સાથે જોડાયેલી હોય તેવી મિલકતો માટે પાણી ચાર્જ નીચે દર્શાવેલ ધોરણે લેવા અભિપ્રાય છે.

| અ.નં. | કનેક્શનની સાઈઝ | બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમ વિગેરે માટે (રકમ ₹) | કોલેજ, હોસ્ટેલ, શાળાઓવિગેરે માટે (રકમ ₹) | બિનરહેણાંક (ઔદ્યોગિક હેતુઓ સિવાય) વપરાશ માટે (રકમ ₹) | ઔદ્યોગિક વપરાશ માટે (રકમ ₹) |
|---|---|---|---|---|---|
| ૧ | ૧/૨ ” | ૩૯૦૦ | ૪૮૭૫ | ૮૦૦૦ | ૧૬૦૦૦ |
| ૨ | ૩/૪ ” | ૮૭૭૫ | ૧૦૯૬૮ | ૧૮૦૦૦ | ૩૬૦૦૦ |
| ૩ | ૧ ” | ૧૫૬૦૦ | ૧૯૫૦૦ | ૩૨૦૦૦ | ૬૪૦૦૦ |
| ૪ | ૧.૫ ” | ૩૫૧૦૦ | ૪૩૮૭૫ | ૭૨૦૦૦ | ૧૪૪૦૦૦ |
| ૫ | ૨ ” | ૬૨૪૦૦ | ૭૮૦૦૦ | ૧૨૮૦૦૦ | ૨૫૬૦૦૦ |
| ૬ | ૩ | ૧૪૦૪૦૦ | ૧૭૫૫૦૦ | ૨૮૮૦૦૦ | ૫૭૬૦૦૦ |
| ૭ | ૪ ” | ૨૪૯૬૦૦ | ૩૧૨૦૦૦ | ૫૧૨૦૦૦ | ૧૦૨૪૦૦૦ |
| ૮ | ૫ ” | ૩૯૦૦૦૦ | ૪૮૭૫૦૦ | ૮૦૦૦૦૦ | ૧૬૦૦૦૦૦ |
| ૯ | ૬ ” | ૫૬૧૬૦૦ | ૭૦૨૦૦૦ | ૧૧૫૨૦૦૦ | ૨૩૦૪૦૦૦ |
| ૧૦ | ૮ ” | ૯૯૮૪૦૦ | ૧૨૪૮૦૦૦ | ૨૦૪૮૦૦૦ | ૪૦૯૬૦૦૦ |
| ૧૧ | ૯ ” | ૧૨૬૩૬૦૦ | ૧૫૭૯૫૦૦ | ૨૫૯૨૦૦૦ | ૫૧૮૪૦૦૦ |
| ૧૨ | ૧૦ ” | ૧૫૬૦૦૦૦ | ૧૯૫૦૦૦૦ | ૩૨૦૦૦૦૦ | ૬૪૦૦૦૦૦ |
| ૧૩ | ૧૨ ” | ૨૨૪૬૪૦૦ | ૨૮૦૮૦૦૦ | ૪૬૦૮૦૦૦ | ૯૨૧૬૦૦૦ |

સને ૨૦૧૯–૨૦ થી શહેરમાં આવેલ તમામ બિનરહેણાંક કોમર્શીયલ ઔદ્યોગિક મિલકતો માટે ૩/૪“ અને તેનાથી મોટી સાઈઝના પાણી કનેક્શનો પર વોટર મીટર બેસાડી મહાનગરપાલીકા દ્વારા નિયત કરેલ નીચે દર્શાવ્યા મુજબના દરો વસુલવામાં આવશે.

| **પ્રતિમાસ પાણીનો વપરાશ** | **કોમર્શીયલ કનેક્શનો માટેના ૧૦૦૦ લીટર દીઠના રેટ(રૂ.માં)** | |
|---|---|---|
| | **બિન રહેણાંક (ઔદ્યોગિક હેતુ સિવાય) વપરાશ માટે** | **ઔદ્યોગિક વપરાશ માટે** |
| ૧.૦૦ થી ૨૦ કિ.લી.સુધી પ્રતિ માસ | ૧૩.૫૦ | ૩૬ |
| ૨૦.૦૧ કિ.લી. થી ૩૦ કિ.લી. | ૧૫.૦૦ | ૪૦ |
| ૩૦.૦૧ કિ.લી. થી ૪૫ કિ.લી. | ૧૯.૫૦ | ૫૦ |
| ૪૫.૦૧ કિ.લિ. થી ૬૦ કિ.લી. | ૨૨.૫૦ | ૫૫ |
| ૬૦.૦૧ કિ.લી. થી ૯૦ કિ.લી. | ૨૪.૦૦ | ૬૦ |
| ૯૦.૦૧ કિ.લી. થી વધુ | ૨૫.૫૦ | ૬૫ |

પરંતુ જો રહેણાક સિવાયની ઉપર જણાવ્યા પ્રમાણે ની મિલ્કતના પાણી ચાર્જ ની રકમ તથા પાણી કર ની ટકાવારી મુજબ થતી કર ની રકમ, ત્રણ પૈકી જે વધુ થતી હશે તે કર ચાર્જ વસૂલ કરવામાં આવશે.

- **વોટર મીટર પોલીસી**:

પાણી પુરવઠા પ્રોજેક્ટ દ્વારા તા.૨૬-૦૩-૨૦૧૮ ના રોજ વોટર મીટર પોલીસી મંજૂરી માટેની પુરવણી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરતા સ્થા.સ.ઠરાવ અંક : ૭૩, તા.૧૭-૦૫-૧૮ થી આખરી નિર્ણય માટે સામાન્ય સભામાં સાદર કરવામાં આવેલ છે. આ પોલીસી નો સંપૂર્ણપણે અમલ સામાન્ય સભાના ઠરાવ બાદ જ કરવાનો રહેશે.

- **વડોદરા શહેરની હદ બહાર આપેલ બિન રહેણાંક હેતુ માટેના પાણી કનેક્શનો અંગેનો દર:**

હદ બહારના બિન રહેણાક હેતુ માટેના કનેકશનો માટેના પાણીના દરો શહેરમાં ના ઘંઘાકીય હેતુ અંગે ના કનેકશનો માટેના સૂચિત પાણીના દરો ના ત્રણ ગણા લેવાનુ હાલનુ ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે તેમજ હદ બહાર આવેલ કોલેજ, હોસ્ટેલ, શાળાઓ, બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમોને અપાયેલા કનેક્શનો માટેના પાણીના દરો શહેરમાં ના આવી સંસ્થા ઓ અંગે ના કનેક્શનો માટેના પાણીના દરોના દોઢ ગણા લેખે લેવાનુ હાલનુ ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે.

- **વડોદરા શહેર હદ બહાર અપાયેલ પાણી કનેક્શન માટે:**

વડોદરા શહેર હદ બહાર આપેલ રહેણાંક હેતુ માટે પાણી કનેક્શન ના દર:

| કનેક્શન સાઈઝ | મીનીમમ ચાર્જની રકમ |
|---|---|
| ૧/૨" | ૨૬૦૦ |

૧/૨" થી વધુની સાઈઝ માટે ઉપર જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતિના ગુણાંકમાં થતી રકમ મુજબ પાણી ચાર્જ વસુલ કરવામાં આવશે.

- **વડોદરા શહેરની હદ બહાર આવેલ રહેણાંક સિવાયના હેતુ માટેના કનેક્શનના દર:**

વડોદરા શહેર ની હદ બહાર આપેલ બિન રહેણાક હેતુ સિવાયના હેતુ માટેના કનેક્શન નો દર, શહેરમાં રહેણાક સિવાયની ઈમારતો માટેના દર ના ત્રણ ગણા લેખે વસૂલ કરવા અભિપ્રાય છે.

- **કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ:**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમન/૮૦૨૦૦૭/૪૪૨૪/પી તા.૧૬-૫-૨૦૦૮ થી કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષના દરોને સરકાર શ્રી ની મંજુરી મળેલ છે.

ગુજરાત એક્ટ નં.૨/૨૦૦૭ ની કલમ ૧૪૧ એએ (બી) અન્વયે કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ નીચે મુજબના ધોરણોએ લેવા મંજુરી મળેલ છે. આ દરો ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે યથાવત રાખવા અભિપ્રાય છે.

| અ.નં | કન્ઝરવન્સી અને સુએરેઝ ટેક્ષ પાત્ર મિલ્કત | સામાન્ય કર પર ટકાવારી |
|---|---|---|
| ૧. | ઝુંપડા | વાર્ષિક ઓછામાં ઓછા દર |
| ૨. | ૨૫ મીટર સુધીના રહેઠાણની મિલ્કત અને ચાલી | ૧૫ % |
| ૩. | ઉત્પાદન તેમજ ઔદ્યોગિક હેતુ માટે ઈમારત, બેન્ક, પેટ્રોલડીઝલ પંપ, ગેસ સ્ટેશન, રાજય સરકાર કેન્દ્ર સરકારની ઓફીસ, કોમર્શીયલ ઓફિસ, મોબાઈલ ફોન ટાવર, પેજર એન્ટેના, ડીશ એન્ટેના, તદઉપરાંત તમામ પ્રકારની દુકાન, તમામ પ્રકારના માર્કેટ, ગોડાઉન, વેરહાઉસીસ, તમામ પ્રકારની હોટેલ, રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન, ગેરેજ, શોરૂમ, હેલ્થ સેન્ટર, જીમ્નેશીયમ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ, ટ્રેનીંગ અને વોકેશનલ ગાઈડન્સ સંસ્થાઓ, આનંદપ્રમોદ અને મનોરંજનના હેતુ માટે વપરાતી ઈમારત, મેરેજ હોલ, કોમ્યુનીટી હોલ, વાડી, પાર્ટી પ્લોટ, કલબ પ્લોટ, પ્રદર્શન મેદાન, સિનેમાગૃહ, કલબ હાઉસ, મલ્ટીપ્લેક્ષ થીયેટર, ઓપન એર થીયેટર, જીમખાના, સ્પોર્ટસ સ્ટેડીયમ વિગેરે | ૩૫% |
| ૪. | ૨૫ મીટરથી વધુ ક્ષેત્રફળવાળા રહેઠાણની મિલ્કત અને ઉપર જણાવ્યા સિવાયની બિન રહેઠાણની તમામ મિલ્કત | ૨૫ % |
| ૫. | ઓછામાં ઓછા વાર્ષિક દર (એકટમાં નિર્દિષ્ટ કર્યા મુજબ) | ₹ ૨૪ |

**<u>વડોદરા શહેરની હદ બહાર અપાયેલા ડ્રેનેજ કનેકશનો ઉપર લેવાપાત્ર કન્ઝરવન્સી સુએરેઝ ટેક્ષ અંગેનું ઘોરણઃ</u>**

મહાનગરપાલિકા હદ બહારના મકાનો માટે ડ્રેનેજ કનેકશન માટે ડ્રેનેજ કનેકશન દીઠ વાર્ષિક ₹ ૧૦૦૦/– લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ઘોરણ ગ્રાહ્ય રાખવા અભિપ્રાય છે. બહુમાળી મકાનોનાં કેસમાં દર યુનીટ દીઠ ચાર્જ ગણવા અભિપ્રાય છે.

**<u>હદ બહારના બિનઘરગથ્થું ડ્રેનેજ કનેકશનો અંગેનું ઘોરણઃ</u>**

મ્યુનિસિપલ હદ બહારના બિન ઘરગથ્થું મકાનો માટે પ્રતિ કનેકશન દીઠ વાર્ષિક હાલના દરે ₹ ૩૫૦૦/– લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ઘોરણ મંજૂર કરવા અભિપ્રાય છે.

**<u>વડોદરા શહેરીની હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો અંગેનું ઘોરણઃ</u>**

હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો માટેના દરો પ્રતિ કનેકશન દીઠ હાલના દરે ₹ ૫૦૦૦/– લેખે લેવાનું ઘોરણ મંજુર રાખવા અભિપ્રાય છે.

➢ **<u>ફાયર ટેક્ષ :</u>**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૬–૭–૦૫ ના ઠરાવ ક્રમાંક : વમન–૮૦૨૦૦૦–૫૦૭૪– પી. થી ફાયર ટેક્ષના નિયમોની મંજુરી મળેલ છે.
સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર નીચે જણાવ્યા મુજબના દરે યથાવત રાખવા ભલામણ છે.

| અ.નં. | વિગત | દર |
|---|---|---|
| ૧. | ફેકટરીની ઈમારતો અને જમીન તેમજ અન્ય મિલકત અને જમીનો કે જે ઔદ્યોગિક હેતુ માટે વપરાતી હોય | સામાન્ય કરના ૫% |
| ૨. | હાઈરાઈઝ ઈમારતો કે જેની ઉંચાઈ ૧૮ મીટરથી વધુ હોય તેવી જમીન અને ઈમારતો | સામાન્ય કરના ૭% |

## ➢ શિક્ષણ ઉપકર (સરચાર્જ) :

તા.૧૬ માર્ચ, ૨૦૦૬ના ગુજરાત રાજ્ય પત્ર (અસાધારણ)ના પ્રસિધ્ધ થયેલા સને ૨૦૦૬ના ગુજરાત વિધેયક ક્રમાંક–૧૩ અનુસાર શિક્ષણ ઉપકર (સરચાર્જ) વસૂલ કરવાનું ઠરાવેલું છે. શિક્ષણ ઉપકર (સર ચાર્જ)ની ગણતરી નીચે મુજબ કરવાની છે. તે મુજબ ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે હાલનું ઘોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે.

૧) ક. કોઇ મકાન અથવા જમીનનો રહેણાંકના હેતુ માટે અથવા વેપાર, વાણિજ્ય અથવા ઉધોગ અથવા વ્યવસાય અથવા ધંધો ચલાવવા સિવાયના કોઇ હેતુથી ઉપયોગ થતો હોય ત્યારે –

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના પાંચ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દશ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના પંદર ટકા ના દરે.

૧) ખ. કોઇ મકાન અથવા જમીનનો વેપાર, વાણિજ્ય અથવા ઉધોગના અથવા વ્યવસાય અથવા ધંધો કરવાનો હેતુ માટે ઉપયોગ થતો હોય ત્યારે

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દસ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના વીસ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના ત્રીસ ટકાના દરે.

૨) કોઇ જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ ઉપર અલગ સામાન્ય કર આકારવામાં આવ્યો હોય, પણ પેટા કલમ (૧) માં જણાવેલા બે અથવા વધારે હેતુઓ માટે એકી સાથે ઉપયોગમાં લેવાતા હોય ત્યારે આ કલમ હેઠળનો સરચાર્જ તે જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ જે હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા હોય તે પૈકી કોઇ હેતુઓ સંબંધમાં લાગુ પડતા ઉંચા દરે લેવાનો રહેશે.

## ➢ સફાઇ ચાર્જ:

ભારત સરકારશ્રી ના પર્યાવરણ જાળવણી અધિનિયમના પ્રકરણ–૨૫ ના ફકરા ક્રમાંક ૫.૩.૪.૨૫ માં કોસ્ટ રીકવરી અને ૪.૩.૪ લેવી ઓફ સેનીટેશન ટેક્ષ મીટ એડ કોસ્ટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસીઝ અંતર્ગત સોલીડ વેસ્ટની જે સર્વિસ પુરી પાડવામાં આવે છે. સદર નિયમ અંતર્ગત સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે સફાઇ ચાર્જ નીચે મુજબના ઘોરણે વસુલ લેવા અભિપ્રાય છે.

| સફાઈ ચાર્જ | | હાલનો દર | |
|---|---|---|---|
| ૧. | રહેણાંક મિલકતો માટે | (૧) ૫૦.૦૦ ચો.મી. થી ઓછુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૨૫૦ |
| | | (૨) ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો.મી. સુધીનું માપ ધરાવતી મિલકત માટે | ₹ ૫૦૦ |
| | | (૩) ૧૦૦.૦૧ થી વધુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૭૫૦ |
| ૨ | રહેણાંક સિવાયની મિલકતો માટે | ૧) ૫૦.૦૦ ચો.મી. થી ઓછુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૧૦૦૦ અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે |
| | | (૨) ૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો.મી. સુધીનું માપ ધરાવતી મિલકત માટે | ₹ ૧૮૦૦ અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે |
| | | (૩) ૧૦૦.૦૧ થી વધુ માપ ધરાવતી મિલકત માટે | ₹ ૨૫૦૦ અથવા સામાન્ય કરના ૧૦% બે માંથી જે વધુ થાય તે |

- **દિવાબત્તી વેરો :**

વડોદરા મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં આવેલ ઈમારતો અને મિલ્કતો ઉપર લાઈટીંગ ટેક્ષ નાખવાં કરવામાં આવેલી દરખાસ્તને સમગ્ર સભા ઠરાવ અંક ૩૪૨/ તા. ૧૯–૨–૨૦૦૩ થી મંજુરી મળેલી છે સદર મંજુરી અન્વયે લાઈટીંગ ટેક્ષ નાખવા અંગે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલી જેને સરકારશ્રીના શ. વિ. અને શ. ગૃ. વિ. ઠરાવ અંક વમન ૮૦૨૦૦૩/૧૮૭૩/પી. તા. ૨૫–૯–૨૦૦૩ થી મંજુરી મળેલી છે. સદર મંજુરીમાં "લાઈટીંગ ટેક્ષ" ના બદલે "દિવાબત્તી વેરો" (સ્ટ્રીટ લાઈટ ટેક્ષ) એ મતલબના સુધારા સહિત મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને કામચલાઉ મંજુરી મળેલી છે.

સદર મંજુરી આધારે વડોદરા મહાનગર પાલિકા હદમાં આવેલ ઈમારતો અને મિકલ્કતો ઉપર દિવાબત્તી વેરો નાંખવા અંગેના નિયમોને સમગ્ર સભા. ઠરાવ અંક ૨૨૩/તા. ૨૦–૩–૧૩ થી મંજુરી મળેલી સદર મંજુરી આધારે ધી જી.પી. એમ. સી. એક્ટની કલમ ૪૫૫ (૧) મુજબ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી વાંધાસુચનો મંગાવવામાં આવેલા હતા અને સદર વાંધા સુચનો ઉપર આખરી નિર્ણય કરવા અંગેની દરખાસ્ત મુક./સંકલન/આકારણી/એસ./જી.બી/૨૫/૨૦૧૩–૧૪ તા. ૧૦–૦૪–૨૦૧૩ થી રજુ કરવામાં આવેલી છે. જેના વાંધા સુચનો ની સુનાવણી ખાસ સમીતી દ્વારા કરવામાં આવેલી છે પરંતુ તે અંગેનો ઠરાવ અનિર્ણીત છે. જેનો નિર્ણય થયે રાજ્ય સરકારશ્રીની છેવટની મંજુરી મેળવી અમલીકૃત કરવામાં આવશે.

નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્ટ્રીટલાઈટ વેરા નો દર સામાન્ય કરના ૧૦% અથવા સદર નાણાંકીય વર્ષ માટે પ્રતિ યુનિટ ૧૫૦/– બે માંથી જે વધુ હોય તે લાગુ કરવા અભિપ્રાય છે.

## ➢ વાહન ઉપરનો કર (આજીવન વાહન કર):

આજીવન વાહન કર હાલ ઘી જી.પી.એમ.સી એકટ ૧૯૪૯ હેઠળ વસુલ કરવામાં આવે છે. તે સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે નીચે મુજબના હાલના દર યથાવત રાખવા અભિપ્રાય છે.

| અ.નં. | વિગત | દર |
|---|---|---|
| ૧. | સ્કુટર, મોટર સાયકલ, અને થ્રીચક્રી વાહનો (બેટરી ઓપરેટેડ સહિત) | બેઝીક પ્રાઇઝના ૧.૨૫% |
| ૨. | ઓટોરીક્ષા | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |
| ૩. | લોડીંગ રીક્ષા | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |
| ૪. | મોટરકાર તથા જીપ માટે (બેઝીક પ્રાઇઝ) | |
| | (એ) ₹. ૨,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઇઝના ૧.૨૫% |
| | (બી) ₹. ૩,૦૦,૦૦૦ થી ૪,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઇઝના ૧.૭૫% |
| | (સી) ₹. ૫,૦૦,૦૦૦ થી ૯,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઇઝના ૨.૦૦% |
| | (ડી) ₹. ૧૦,૦૦,૦૦૦ થી ૨૪,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઇઝના ૨.૨૫% |
| | (ઇ) ₹. ૨૫,૦૦,૦૦૦ થી ઉપર | બેઝીક પ્રાઇઝના ૨.૫૦% |
| ૫. | મેટાડોર, મીનીબસ | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |
| ૬. | ટ્રક તથા મોટી બસ (તમામ પ્રકારની) તથા અન્ય તમામ પ્રકારના વાહનો જેનો સમાવેશ અનુક્રમ નં. ૧ થી ૫ માં ના હોય | બેઝીક પ્રાઇઝના ૧.૫૦% |

આ ઉપરાંત વાહન દીઠ ટોકન ₹. ૧૦૦/– વસૂલ કરવાનું યથાવત રાખવા અભિપ્રાય છે.

## ➢ થીયેટર ટેક્ષ :

ગુજરાત સરકારના પંચાયત અને આરોગ્ય ખાતાના ઠરાવ અંક – બી.એમ.સી/૪૪૭૪/૨૦૮૬/પી./ /તા.૨૧–૩–૧૯૭૫ થી મંજુર કરેલા થીયેટર ટેક્ષ અંગેના નિયમો મુજબ અને ગુજરાત સરકારનાં પંચાયત હાઉસીંગ અને અર્બન ડેવલપમેન્ટના ઠરાવ અંક–બી.પી.એમ.સી./૪૪૭૬/૪૫૭૬ /પી. /તા.૧૨–૦૮–૧૯૭૬ અને બી.પી.એમ.સી./૪૪૭૬/૬૫૬૭/પી. તા.૧૮–૧૦–૧૯૭૬ થી વી.એમ.એન./૧૯૭૯/૭૧૫૧/પી./તા.૨૭–૧૨–૧૯૭૯ થી મંજુર કર્યા પ્રમાણે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : જીએફસી ૧૧૨૦૦૦/૨૫૦૫/૨/તા.૯–૨–૨૦૦૧ અનુસાર તેમજ સ.સ.ઠ.અંક: ૧૪૯/તા. ૧૭–૮–૨૦૦૧ મુજબ સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે લેવા અભિપ્રાય છે.

## ➢ પાર્કીંગચાર્જ:

પાર્કીંગ ચાર્જ(જમીન વાપર પરવાના ફી) ભારે વાહનો (ટ્રક, ટ્રેલર, લક્ઝરી બસ વિગેરે) વાર્ષિક ₹. ૧૦૦૦/– પ્રતિ વાહન દિઠ ચાર્જ લેવામાં આવે છે તે ચાલુ રાખવા અભિપ્રાય છે. તે સિવાયના વાહનો ઉપર ચાર્જ લેવાનો નથી.

## ➢ **વ્યવસાય વેરો :**

વડોદરા મહાનગરપાલિકાની હદમાં વ્યવસાય કરતાં નીચે જણાવેલ પરિશિષ્ટ મુજબના વ્યવસાયકારો તથા પરિશિષ્ટ–૧ ની એન્ટ્રી–૧ માં દર્શાવેલ વેતનદારો પૈકી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, પંચાયત, કેન્ટોનમેંન્ટ વિસ્તાર તથા જાહેર સાહસના એકમના વેતનદાર સિવાયના વેતનદારોએ ભરવાપાત્ર વ્યવસાય વેરો વસુલ કરવાની સત્તા રાજ્ય સરકારશ્રી તરફથી તથા નોટીફીકેશન નં. GHN(૯) PFT૨૦૦૮S.૨(aa)(૧)TH તા.૧–૪–૨૦૦૮ થી વડોદરા મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલી છે. તેમજ કાયદાની જોગવાઈ અનુસાર લઘુતમ અને મહત્તમ દરની મર્યાદા મુજબ દર નક્કી કરવાની સત્તાઓ સુપ્રત થયેલી છે.
સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે વ્યવસાય વેરાના દર નીચે જણાવેલ અનુસુચિ–૧ મુજબ હાલના દરે લેવા અભિપ્રાય છે.

અનુસૂચિ - ૧
[જુઓ કલમ ૩ અને કલમ ૫ની પેટા કલમ(૩)]
વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર ઉપરના વેરાનો દર.

| **અ.નં.** | **વ્યક્તિઓનો વર્ગ** | | **વ્યવસાય વેરાનો માસિક દર ₹.** |
|---|---|---|---|
| **૧** | **૨** | | **૩** |
| ૧. | (ક) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, રાજ્ય અને કેન્દ્ર સરકારના જાહેરક્ષેત્રના ઉપક્રમો અને ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓ સિવાયના પગારદારો અને વેતનદારો જેનો માસિક પગાર અથવા વેતન | | |
| | ૧. | ₹.૬૦૦૦ થી ઓછો | શુન્ય |
| | ૨. | ₹.૬૦૦૦ અથવા તેથી વધુ પણ ₹.૯૦૦૦ થી ઓછો | ₹ ૮૦ |
| | ૩. | ₹.૯૦૦૦ અથવા તેથી વધુ પણ ₹.૧૨૦૦૦ થી ઓછો | ₹ ૧૫૦ |
| | ૪. | ₹.૧૨૦૦૦ અથવા તેથી વધુ. | ₹ ૨૦૦ |
| | સ્પષ્ટીકરણ ૧-કોઇ મહિના સિવાયની કોઇ મુદત માટે કોઇ પગાર અથવા વેતનઆપવાનું હોય ત્યારે, માસિક પગાર અથવા વેતન, આ નોંધના હેતુ માટે કોઇ મહિના માટે આપેલ અથવા આપવાના પગાર અથવા વેતનની ખરેખર રકમના આધારે ગણવામાં આવશે. | | |
| | સ્પષ્ટીકરણ.૨- કોઇ વ્યક્તિ કોઇ મહિનાના અંત પહેલાં પગાર અથવા વેતન મેળવનાર તરીકે બંધ થાય, ત્યારે તે મહિનાનો વેરો ભરવાની તેની જવાબદારી પ્રમાણસર રીતે ઘટાડવામાં આવશે. | | |
| | | | **વ્યવસાય વેરાનો વાર્ષિક દર ₹.** |
| ૨. | (ક) | સોલીસીટરો અને નોટરી પબ્લીક સહિત કાયદા વ્યવસાયીઓ | ₹ ૨૦૦૦ |
| | (ખ) | તબીબી સલાહકારો(કન્સલ્ટન્ટો) અને દંત ચિકિત્સકો(ડેન્ટીસ્ટો) સહિત તબીબી વ્યવસાયીઓ. | ₹ ૨૦૦૦ |
| | (ગ) | આર્કીટેકટો, એન્જીનીયરો, આરસીસી કન્સલ્ટન્ટો, ટેક્ષ કન્સલ્ટન્ટો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, વીમાશાસ્ત્રીઓ અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટો સહિત ટેકનિકલ અને પ્રોફેશનલ કન્સલ્ટન્ટો. | ₹ ૨૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| | (ઘ) | વીમા અધિનિયમ, ૧૯૩૮(સન ૧૯૩૮ના ૪થા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા લાઈસન્સ ધરાવતા ચીફ એજન્ટો, પ્રિન્સીપાલ એજન્ટો, સ્પેશિયલ એજન્ટો,ઇન્સ્યોરન્સ એજન્ટો અને સર્વેયરો અથવા લોસ એસેસરો. | ₹ ૨૦૦૦ |
| | (ચ) | બિલ્ડીંગ કોન્ટ્રાકટરો સિવાયના તમામ કોંટ્રાકટરો. | ₹ ૨૦૦૦ |
| | (છ) | કમિશન એજન્ટો, દલાલો અને એસ્ટેટ બ્રોકરો સિવાયના બ્રોકરો. | ₹ ૨૦૦૦ |
| | (જ) | ઓટોમોબાઈલ બ્રોકર્સ | ₹ ૨૦૦૦ |
| | (ઝ) | ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજન્ટ | ₹ ૨૦૦૦ |
| | (ટ) | કેબલ ટી.વી. ઓપરેટર્સ | ₹ ૨૦૦૦ |
| | (ઠ) | ફિલ્મ વિતરકો | ₹ ૨૦૦૦ |
| | (ડ) | વિજ્ઞાપન એજન્સીઓના માલિકો | ₹ ૨૦૦૦ |
| | (ઢ) | ટ્યુશન ક્લાસીસ અથવા ટ્યુટોરીયલ ઈન્ટીટ્યુશન્સના માલિકો | ₹ ૨૦૦૦ |
| | (ત) | કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક મારફત ઓનલાઈન ઈન્ફોર્મેશન અને ડેટા બેઝ સર્વિસમાં રોકાયેલી સંસ્થાના માલિકો અથવા સેવા પુરી પાડનારાઓ. | ₹ ૨૦૦૦ |
| | (થ) | ડ્રાઈવીંગ સ્કુલના માલિકો | ₹ ૨૦૦૦ |
| | (દ) | મેરેજ હોલ અને પાર્ટી પ્લોટના માલિકો | ₹ ૨૦૦૦ |
| | (ધ) | આંગડીઆ અથવા કુરીયર સેવા પુરી પાડનારા | ₹ ૨૦૦૦ |
| | (ન) | હેલ્થ ક્લબ અને મનોરંજન ક્લબના માલિકો. | ₹ ૨૦૦૦ |
| ૩. | (૧) | વાયદા-સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૨ (સને ૧૯૫૨ના ૭૪ મા) હેઠળ માન્ય થયેલા એસોસીએશનનાં સભ્યો. | ₹ ૨૦૦૦ |
| | (૨) | સીક્યોરીટી સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ (સને ૧૯૫૬ના ૪૨મા) હેઠળ માન્ય થયેલા સ્ટોક એક્સચેન્જ સભ્યો. | ₹ ૨૦૦૦ |
| | (૩) | ઓઈલ પમ્પો અને સર્વિસ સ્ટેશનોનાં માલિકો અને કોઈપણ તેવા પટે લેનારાઓ.૦.૦૧ થી વધુ ચો.,મીટર સુધીની મિલકત માટે. | ₹ ૨૦૦૦ |
| | (૪) | મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના ૭૯મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે લાઈસન્સ ધરાવતા વિદેશી દારુ વેચનારા અને નિવાસી હોટલો અને થિયેટરોના માલિકો. | ₹ ૨૦૦૦ |
| | (૫) | ચીટ ફંડોનું સંચાલન કરતી વ્યક્તિઓ અથવા સંસ્થાઓ | ₹ ૨૦૦૦ |
| | (૬) | બેંકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯(સને ૧૯૪૯ના ૧૦મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની બેંકિંગ કંપનીઓ. | ₹ ૨૦૦૦ |
| | (૭) | ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) હેઠળ રજીસ્ટર થયેલી અથવા રજીસ્ટર થયેલ હોવાનું ગણાતી સહકારી સોસાયટીઓ. | ₹ ૨૦૦૦ |
| | | (ક) કોઈપણ વ્યવસાય, વ્યાપાર ધંધામાં રોકાયેલી રાજ્ય સ્તરની મંડળીઓ અને જીલ્લા સ્તરની મંડળીઓ. | ₹ ૨૦૦૦ |
| | | (ખ) સહકારી સુગર ફેક્ટરીઓ અને સહકારી સ્પીનીંગ મિલો. | ₹ ૨૦૦૦ |
| | (૮) | એસ્ટેટ એજન્ટો અથવા એસ્ટેટ બ્રોકર્સ અથવા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો | ₹ ૨૦૦૦ |
| | (૯) | વિડીયો પાર્લર્સ અથવા વિડીયો લાઈબ્રેરી અથવા તે બન્નેના માલિકો અથવા તે બન્ને ભાડા પટે આપેલ હોય ત્યારે તેને ભાડા પટે રાખનાર. | ₹ ૨૦૦૦ |
| ૪ | કોઈપણ વ્યવસાય, વ્યાપાર આવા ધંધામાં રોકાયેલી ભારતીય ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સને ૧૯૩૨ના ૯મા) હેઠળ રજિસ્ટર થયેલી પેઢી ઓ. | | ₹ ૨૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના ૬૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કંપની નાં ભોગવટે દારો. | | ₹ ૨૦૦૦ |
| ૬ | મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના આશરે પાંચથી વધુ કર્મચારીઓ કામે રાખેલા હોય તેવી સંસ્થાના માલિકો. | | ₹ ૨૦૦૦ |
| ૭ | ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને ૨૦૦૫ના ૧લા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારી ઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓ નું કૂલ વાર્ષિક ટર્ન ઓવર | | |
| | (૧) | ₹ ૨,૫૦,૦૦૦ થી વધુ ન હોય તો | શૂન્ય |
| | (૨) | ₹ ૨,૫૦,૦૦૦ થી વધુ હોય પણ ₹ ૫,૦૦,૦૦૦ થી વધુ ન હોય તો. | ₹ ૫૦૦ |
| | (૩) | ₹ ૫,૦૦,૦૦૦ થી વધુ હોય પણ ₹ ૧૦,૦૦,૦૦૦ થી વધુ ન હોય તો. | ₹ ૧૨૫૦ |
| | (૪) | ₹ ૧૦,૦૦,૦૦૦ થી વધુ હોય તો. | ₹ ૨૪૦૦ |
| | સ્પષ્ટીકરણ : આ નોંધના હેતુ માટે, "વર્ષ" એ શબ્દનો અર્થ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને–૨૦૦૫ના ગુજરાતના ૧લા) ની કલમ ૨ના ખંડ(૩૬) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વર્ષ એવો થશે. | | |
| ૮ | મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સને ૧૯૮૮ના ૫૯મા) હેઠળ ભાડાની અથવા બદલાની રકમ લઈને વપરાતા અથવા વાપરવા માટે અનુકુળ બનાવેલા ટ્રાન્સપોર્ટ વાહનો, બસો, ટેક્ષીઓ, ટ્રકો અથવા ત્રણ પૈંડાવાળા મોટર વાહનોની પરમીટ ધરાવતી હોય ત્યારે. | | ₹ ૨૦૦૦ |
| | સ્પષ્ટીકરણ : એકજ કુટુંબના સભ્યો તરીકે સાથે રહેતી અને અલગ પરમીટો ધરાવતી વ્યક્તિઓ, આ નોંધના હેતુઓ માટે એક જ વ્યક્તિ તરીકે ગણાશે. | | |
| ૯ | મુંબઈ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ,૧૯૪૬ કરનારાઓ (સને ૧૯૪૭ના ૩૧મા) હેઠળ લાયસન્સ આપેલા નાણાંની ધીરધાર | | ₹ ૨૦૦૦ |
| ૧૦ | આગળની કોઈ નોંધમાં ઉલ્લેખેલી ન હોય તેવી, વ્યવસાય, વ્યાપાર, ધંધો અથવા રોજગાર કરતી અને કલમ ૩ની પેટા કલમ(૨) ના ચોથા પરંતુક હેઠળ જેના સંબંધમાં જાહેરનામું બહાર પાડેલું હોય તેવી વ્યક્તિઓ. | | ₹ ૨૦૦૦ |

**વડોદરા**
**તા. ૨૩-૦૧-૨૦૨૦**

**નલિન ઉપાધ્યાય**$_{IAS}$
**મ્યુનિસિપલ કમિશનર**
**મહાનગરપાલિકા**
**વડોદરા.**

# વડોદરા મહાનગરપાલિકા

## સને ૨૦૨૦–૨૧નું

**એબ્સ્ટ્રેક્ટ જમા ખર્ચ**

**A593**

## વડોદરા મહાનગરપાલિકા સને ૨૦૧૯–૨૦ રીવાઇઝ્ડ અંદાજપત્ર એબસ્ટ્રેકટ

(રૂ. લાખમાં)

| | સને ૨૦૧૯–૨૦ના રીવાઇઝ્ડ બજેટ | | | સને ૨૦૧૯–૨૦ના રીવાઇઝ્ડ બજેટ | | | સને ૨૦૧૯–૨૦ના રીવાઇઝ્ડ બજેટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કમિશનરશ્રીએ રજુ કરેલ અંદાજ | | | સ્થાયી સમિતિએ મંજુર કરેલ અંદાજ | | | સમગ્ર સભાએ મંજુર કરેલ અંદાજ | | |
| | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ | મહેસુલી | પાણી પુરવઠા | કૂલ |
| **૧. રેવેન્યુ બજેટ** | | | | | | | | | |
| પુરાંત બાકી | ૯૯૨૫.૬૪ | | ૯૯૨૫.૬૪ | ૯૯૨૫.૬૪ | | ૯૯૨૫.૬૪ | ૯૯૨૫.૬૪ | | ૯૯૨૫.૬૪ |
| આવક | ૧૧૦૩૨૧.૨૧ | ૯૭૧૫.૩૫ | ૧૨૦૦૩૬.૫૬ | ૧૧૦૩૨૦.૬૧ | ૯૭૧૫.૨૫ | ૧૨૦૦૩૫.૮૬ | ૧૧૦૩૨૦.૬૧ | ૯૭૧૫.૨૫ | ૧૨૦૦૩૫.૮૬ |
| કૂલ જમા | ૧૨૦૨૪૬.૮૫ | ૯૭૧૫.૩૫ | ૧૨૯૯૬૨.૨૦ | ૧૨૦૨૪૬.૨૫ | ૯૭૧૫.૨૫ | ૧૨૯૯૬૧.૫૦ | ૧૨૦૨૪૬.૨૫ | ૯૭૧૫.૨૫ | ૧૨૯૯૬૧.૫૦ |
